વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૩મું
માર્ચ - ૨૦૧૮
અંક : ૪૭૮



શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org

# 'નવનીત'નાં
## જનરલ નોલેજ માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો

શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોલીય, બ્રહ્માંડીય / વૈશ્વિક – તમામ વિષયો માટે 'ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી નીવડશે!

દરેક બુકસેલરને ત્યાં મળે છે.




NAVNEET®

## NAVNEET EDUCATION LIMITED

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380 052, India.
**Phone :** (079) 6630 5000 • 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**e-mail :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

# શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૩૧-૩-૧૯૪૧
રંગૂન (માંડવી)

દેહ વિલય
તા. ૨૦-૩-૨૦૧૭
અમદાવાદ

## સ્વ. ધનસુખલાલ મોતીલાલ શાહ

દિવસો વીત્યા, મહિના વીત્યા, વીતી ગયું એક વર્ષ
હસતા એ લાગણીસભર ચહેરાની યાદ રહી ગઈ બસ.
પ્રેમાળ એવા સ્મિતથી આવકારતા હોંશભેર,
શિક્ષણ અને માનવધર્મની આપી પ્રસાદી.
નમન કરીએ પ્રેમાદર ભાવથી,
ગૂંજતી રહેશે સદાય આપની યાદી.

આપની.... દક્ષા ધનસુખભાઈ શાહ

હીરેન ધનસુખભાઈ શાહ — ડૉ. લીના હીરેન શાહ
નિશા મિલનભાઈ સતિયા — ડૉ. મિલન સી. સતિયા
અલ્પા મેહુલભાઈ શાહ — મેહુલ દિનેશભાઈ શાહ

મૈત્રેયી, કાંચી, અંશુલ, વિશુ, આર્જવ

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- તંત્રી લેખ ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮

**લેખ વિભાગ**

**કચ્છની રસધાર**

- મેરીનો વેશ ........ **દુલેરાય કારાણી** ........ ૯

**કચ્છી કથા**

- સોન કંસારી ........ **સ્વામી સચ્ચિદાનંદ** ........ ૧૭

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઇ – (૧૭)
  રતનને સંજોગોએ હરાવી ........ **હંસરાજ સાંખલા** ........ ૧૯

**ગૌરવ**

- કાજલ નામની કન્યા ........ **ગૌરવ શુક્લ** ........ ૨૪

**વાર્તા**

- ફેરો ........ **પ્રજ્ઞા પટેલ** ........ ૨૫
- બંગડીઓ ........ **ગિરિમા ઘારેખાન** ........ ૩૦
- સિગ્નલ વગરની જિંદગી ........ **સમીરા પાત્રાવાલા** ........ ૩૩
- ફરીથી મળવું ........ **આશા વીરેન્દ્ર** ........ ૩૫
- મન મને ભીંજવે તું ........ **નેહા ભાવેશ પારેખ** ........ ૩૮

**વિભૂતિ વંદના**

- અમૃતા પ્રીતમ : પ્યાસ કા યહ સફરનામા ........ **ડૉ. પન્ના ત્રિવેદી** ........ ૪૦

**પર્વ**

- નારી : મમતા, સમતા અને ક્ષમતાની મૂર્તિ!
  ૮મી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિન
  નારી મુક્તિ અને નારી સંઘર્ષનો ગૌરવવંતો દિવસ ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ........ ૪૮

**નિબંધ**

- ભીંતને પણ કાન હોય છે! ........ **વર્ષા તન્ના** ........ ૫૧
- અનુભૂતિ અને જ્ઞાન પ્રાપ્તિનો આનંદ એટલે પ્રવાસ ........ **પ્રા. પૃથ્વી શાહ** ........ ૫૩

**પુસ્તક પરિચય**

- 'પરાત્પર' : પ્રમુખ સ્વામી મહારાજ અને
  અબ્દુલ કલામજીનો જીવનપ્રેરક સંદેશ ........ **મહેન્દ્ર નાઈ** ........ ૫૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આસ્વાદ

● મને ગમતા પાંચ શ્રેષ્ઠ પુસ્તકો ..... **માવજી કે. સાવલા** ..... ૫૮

## સમાજ ચિંતન

● આદર્યાં અધૂરાં રહ્યાં ..... **ઇલા કે. શાહ** ..... ૬૨

## પ્રેરણા

● વિશ્વાસપાત્ર એક જ શબ્દ : આત્મવિશ્વાસ ..... **શ્વેતા શરદકુમાર ચૌહાણ** ..... ૬૩

## જ્ઞાન વિજ્ઞાન

● ભારતમાં આધુનિક વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતનું યોગદાન ..... **કમલનયન ન. જોશીપુરા** ..... ૬૫

## શિક્ષણ

● ઉચ્ચ શિક્ષણમાં વિલુપ્ત કડી : મૂલ્ય શિક્ષણ ..... **ડૉ. મમતા શર્મા** ..... ૬૭

## પર્યાવરણ

● પાણી બચતના નાના નુસખાના મોટા પરિણામો ..... **વાસ્યાંગ ડાંગર** ..... ૬૯

## રેખાચિત્ર

● પુરુષોત્તમ પોસ્ટમેન ..... **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૭૨

## સાહિત્ય

● કચ્છના રણમાં સિંધી સાહિત્યનું ઉપવન ..... **પ્રો. રમેશ લુહાણા** ..... ૭૩

## સંશોધન

● કચ્છના રણમાં મીઠી વીરડીની સંભાવના ..... **દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ)** ..... ૭૫

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું ..... **ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૭૬
● આંજો કાગર ..... ૭૭
● અન્ય સંસ્થાના સમાચાર ..... ૭૭
● જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૮
● *Nano Nine* શબ્દ રમત-૧૩૮ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૯
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૫) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૮૧
● વલોવતન ..... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૮૨
● સમાજ દર્પણ ..... ૮૫
● સંસ્થા સમાચાર ..... ૮૬
● ઊડતી નજરે ..... ૯૨

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

માર્ચ માસનો આગવો મહિમા છે. એ વસંત ઋતુનો મધુમાસ છે. ગ્રેગરિયન કેલેન્ડર પૂર્વે પશ્ચિમમાં દસ માસનું વરસ ગણાતું અને એનો પ્રારંભ માર્ચથી થતો. એટલે જ સપ્ટેમ્બર ત્યારે સાતમો મહિનો હતો, ઑક્ટોબર આઠમો, નવેમ્બર નવમો અને ડિસેમ્બર દસમો. એ મહિનાઓનાં નામકરણ પણ સંખ્યા આધારિત હતાં અને બાર માસનું વરસ ગણવાનું શરૂ થયું તે પછી પણ એ નામો યથાવત જ રહ્યાં છે. માર્ચ બીજી ઘણી રીતે પણ મહત્ત્વપૂર્ણ મહિનો છે. આ મહિનાને આર્થિક વર્ષનો અંતિમ મહિનો ગણવાની પ્રથા છે. આ જ મહિનામાં બોર્ડની પરીક્ષાઓ યોજાય છે. એ દૃષ્ટિએ તે કારકિર્દીની કસોટીનો મહિનો છે. ઘણાં વર્ષોની મહેનતનું ફળ માર્ચમાં યોજાતી પરીક્ષામાં કરેલા દેખાવ — 'પરફોરમન્સ'ના આધારે પ્રાપ્ત થતું હોય છે. સપનાં ફળે પણ ખરાં અને ટળે પણ ખરાં. આ તબક્કે એવા સ્વપ્નશીલ કિશોરો અને તરુણોને પણ — તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને અંતઃકરણની શુભાશિષ પાઠવીએ. વધુ એક મહત્ત્વની બાબત એ છે કે માર્ચમાં જ હોળી - ધુળેટીનાં રંગપર્વો આવે છે. ઉત્તર ભારત આખું હોળી પાછળ ઘેલું થઈ જાય છે. સામાન્ય સંજોગોમાં જળવાતી મર્યાદાઓ અને લક્ષ્મણરેખાઓ ઓળંગી હોળી ધુળેટીના રંગો માનવીને એના પ્રાકૃત સ્વરૂપમાં રજૂ થવાની અદ્‌ભુત તક પૂરી પાડે છે. મજાક-મશ્કરી, ફટાણાં, કાદવ-કીચડ : બસ, બધાનો એક જ ખુલાસો : 'હોલી હૈ!' હોલિકાદહન એ દાનવવૃત્તિનું દહન છે. ઈશ્વર ગમે તે સ્વરૂપે પ્રગટ થઈ એના ભક્તોની વહાર કરે છે. એ સંદર્ભે આ અખંડ શ્રદ્ધાનું પર્વ છે.

માર્ચની આઠમી તારીખનો દિવસ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઊજવાય છે. મહિલા જગત માટે જ નહીં બલકે સમસ્ત માનવ સૃષ્ટિ માટે આ મહત્ત્વનું પર્વ ગણાવું જોઈએ. આદમ અને ઈવ હોય કે મનુ અને શતરૂપા : સ્ત્રી વગર પુરુષ અધૂરો છે અને બેઉના સંયોગ વગર સૃષ્ટિ સંભવિત નથી. શિવ-પાર્વતી જગતનાં આદિ માવતર ગણાયાં છે. મહાપુરુષો પાછળ પણ સ્ત્રીનું સમર્પણ પડેલું છે. રાધા વગરના કૃષ્ણની કે સીતા વગરના રામની કલ્પના થઈ શકે ખરી? બલકે સ્વામી વિવેકાનંદ જેવી વિશ્વવિભૂતિ પાછળ પણ ભગિની નિવેદિતાનું સમર્પણ વરતાશે. માતાજી વગરના શ્રી અરવિંદ કે કસ્તુરબા વગરના મહાત્મા ગાંધીની કલ્પના જ ન થઈ શકે. સ્ત્રી કરુણામૂર્તિ છે. એ પ્રેમ, ત્યાગ અને તિતિક્ષાની પ્રતિકૃતિ છે. એ છે તો સૃષ્ટિ છે. વિવિધ રૂપે સ્ત્રી જગતની જીવનરેખા બનીને મહોરી છે. એ લાડકી કન્યા છે, પ્રેમાળ ભગિની છે, સમર્પિત જીવનસંગિની છે, કરુણામયી માતા છે. આપણા મહાન દેશમાં પંડિતા ગાર્ગી અને આત્રેયીથી લઈ અનસૂયા, અહલ્યા, સીતા અને દ્રૌપદી જેવી મહિલાઓ પાકી છે. નજીકના ભૂતકાળમાં આપણે ઈંદિરા ગાંધી સ્વરૂપે હાજરાહજૂર દુર્ગાના દર્શન કર્યાં છે. પાકિસ્તાનની આખેઆખી એક પાંખ તોડી નાખવાનું બીજા કોઈનું ગજું નહોતું. કલ્પના ચાવલાએ અંતરિક્ષમાં જ બલિદાન આપ્યું અને સુનીતા વિલિયમ્સ તો છ માસ અંતરિક્ષમાં રહી હેમખેમ પાછા ફર્યાં. પુરુષો માટે અનામત ગણાયેલાં ક્ષેત્રોમાં પણ મહિલાઓએ સફળતાપૂર્વક પ્રવેશ કર્યો છે. કિરણ બેદી એનું જ્વલંત ઉદાહરણ છે તો વળી ઉદ્યોગ ક્ષેત્રે ઈન્દ્રા નૂયીને પણ કેમ ભુલાય? એ જ મુદ્દો આપણા કચ્છી જૈન સમાજ સંદર્ભે વિચારીએ તો આપણા સમાજે સુશ્રી પન્ના મોમાયા જેવાં પોલીસ અધિકારી કે મનીષા ગાલા જેવાં નવલકથાકારથી લઈ ફાલ્ગુની હીરેન શાહ (દેઢિયા) અને કાજલ ગાલા જેવાં કલાકારો આપ્યાં છે. માર્ચનો અર્થ જ 'કૂચ' થાય છે. આ તમામ નારી શક્તિની દીવાદાંડી સમી બહેનોને આ તબક્કે શુભકામના પાઠવીએ : તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈં! આ અંક આપણી મહિલા લેખિકાઓને સમર્પિત છે! ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● મંગળવાર, તા. ૧૩-૩-૨૦૧૮ બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | 'હેલ્પ એજ ઇન્ડિયા'ના સાથ સહકારથી એક કાર્યક્રમ. |
| ● શનિવાર, તા. ૧૭-૩-૨૦૧૮ સવારે ૮.૦૦ વાગ્યાથી | | વયસ્ક સમિતિ | રાજભવન ખાતે રાજ્યપાલશ્રીની મુલાકાત, મહાત્મા મંદિર ખાતે દાંડી કૂચ અંગે પ્રદર્શન, સરદાર સ્મારક - શાહીબાગની મુલાકાત. |
| ● શનિવાર, તા. ૧૭-૩-૨૦૧૮ રાત્રે ૮.૩૦ વાગ્યાથી | બેઝમેન્ટ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | 'સોચ મત, સાકાર કર, તું અપને કર્મો સે પ્યાર કર' ટોચ પર પહોંચવા માટે ફોક્સ ક્યાં અને કેવી રીતે કરવું? – શ્રી કિરણ પટેલનો સેમિનાર |
| ● શુક્રવાર, તા. ૨૩-૩-૨૦૧૮ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | ચાલો, Tech-savvy થઈએ સ્માર્ટ ફોનની Apps વાપરતા શીખવતો કાર્યક્રમ. |
| ● એપ્રિલ-૨૦૧૮ (પ્રથમ અઠવાડિયાના ૫ દિવસ) | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | માર્ચ-૨૦૧૮માં પરીક્ષા આપેલ હોય તેવા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે કરિયર ગાઇડન્સ વર્કશોપ |
| ● એપ્રિલ-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | ગર્ભવતી બહેનો માટે ગર્ભસંસ્કારનો કાર્યક્રમ. |
| ● તા. ૭-૫-૨૦૧૮થી તા. ૧૬-૫-૨૦૧૮ | મનાલી | યુવા વિકાસ સમિતિ | સમાજના ૧૧ વર્ષથી ઉપરના બાળકો / યુવાનો / યુવતીઓ માટે મનાલી ટ્રેકિંગ કેમ્પનો કાર્યક્રમ. |
| ● મે-૨૦૧૮ એન્ડ અથવા જૂન-૨૦૧૮ની શરૂઆતમાં | બાલી | વયસ્ક સમિતિ | બાલી ખાતેનો વિદેશ પ્રવાસ. |
| ● જૂન-૨૦૧૮ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | યોગનો કાર્યક્રમ અથવા સ્ત્રી સ્વ-રક્ષણનો કાર્યક્રમ. |
| ● જુલાઈ-૨૦૧૮ | | યુવા વિકાસ સમિતિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | ભવ્ય અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

## મૈં ભી બનિયા હૂં!

ગાંધીજી મુંબઈમાં હોય ત્યારે સાંજની પ્રાર્થના માટે રૂંગટા હાઉસમાં આવતા. અમે સ્વયં સેવક તરીકે વ્યવસ્થા માટે જતા. એકવાર પ્રાર્થના પૂરી થયા પછી મેં એક અત્યંત પ્રભાવશાળી વ્યક્તિને વાંસની આડશ ઓળંગીને દાખલ થતી જોઈ. પણ એને અટકાવવાને બદલે હું એની પાછળ દોરાયો. એ ભાઈ સીધા ગાંધીજી પાસે પહોંચ્યા. હું ગાંધીજીની પીઠ પાછળ ઊભો રહ્યો. પેલા ભાઈએ પાંચ રૂપિયાની નોટ સાથે સહી મેળવવાની વહી આગળ ધરી. પણ ગાંધીજીએ એનો હાથ હડસેલ્યો! પછી દસ મૂક્યા તોય ગાંધીજીએ એમનો હાથ હડસેલ્યો, પેલા ભાઈએ વીસ રૂપિયા મૂક્યા, એટલે ગાંધીજી કહે "તો તુમ નહિ માનોગે?' આમ કહીને એમણે પૈસા બાજુના તપેલામાં પધરાવ્યા અને ટીખળ કરતા કહે : "મૈં બનિયા હૂં!" સહી આપી. પેલા ભાઈ કહે "યે બનિયા યહાં બૈઠ કર ભી વ્યપાર કરતા હૈ!" આ સાંભળીને બાપુ ખડખડાટ હસ્યા!

પેલા ભાઈ પગે લાગ્યા. બાપુએ એમને પીઠ પર જોરથી ધબ્બો માર્યો. એ ભાઈ હતા શ્રી પૃથ્વીરાજ કપૂર. કોમી એકતા માટેનું એમનું નાટક "દીવાર" ઘણું વખણાયું હતું. બાપુ આવે ત્યારે બે હાર વચ્ચેથી પસાર થાય એટલી એમના દર્શનની ઝલક મળે, પણ આ વાણિયાનો પ્રસંગ કાયમ માટે યાદ રહી ગયો.



# મેરીનો વેશ

કચ્છની રસધાર

દુલેરાય કારાણી

મેણશીઆ રાવળની મનોહારી મૂર્તિ જગત્કર્તાએ અવકાશની કોઈ ધન્ય ઘડીએ ઘડી હતી.

મેણશીઓ રાવળ જ્યારે મેરીવેશ ધારણ કરીને ભવાઈનો ખેલ ભજવવા લોકસમુદાયની પુરાણી રંગભૂમિ પર પગ મૂકતો ત્યારે ઇન્દ્રના ઘરની કોઈ અપ્સરા મૃત્યુલોકમાં ભૂલી પડી હોય એવો જોનારને ઘડીભર ભાસ થતો. ઝબકતી વીજળી જેવી ઝડપથી એ જ્યારે ભવાઈની રમતમાં કૂદી આવતો ત્યારે એના સૌંદર્યની ઝલકથી દિશાઓ પણ જાણે ઝળકી ઊઠતી. આકાશનો ચંદ્રમા પણ એના મનોહર મુખકમળનાં દર્શન માટે ઘડીભર થંભી જતો.

ગુલાબની કળી જેવું એનું નાજુક બદન, કાળજામાં સોંસરવી પેસી જાય એવી કાળી અણિયાળી આંખો અને કામદેવની કમાન જેવી એના ભમરયુગ્મની વક્ર કમાનો પ્રથમ દૃષ્ટિએ જ પ્રેક્ષકના માનસને માત કરવાને બસ હતાં. એના અંગઅંગમાંથી શીતળ ચાંદનીના જાણે ફુવારા ફૂટતા. સંક્ષેપમાં કહીએ તો મેણશીઓ રાવળ સ્ત્રીવેશની ભૂમિકા ભજવનાર એક અનુપમ અને સર્વાંગસુંદર પાત્ર હતો. પ્રેક્ષક વર્ગને આંખના ઇશારા પર નચાવવાની અપૂર્વ કળા મેણશીઆ રાવળને સિદ્ધ હતી. એની લાવણ્યમૂર્તિ પર લોકો પતંગોની પેઠે પાગલ બનતા. રંગભૂમિ પર મેણશીઆનો પગ પડતાં જ આખું વાતાવરણ નાચી ઊઠતું - ઝણઝણી ઊઠતું.

કચ્છમાં એક જમાનામાં ખ્યાતિના શિખર પર પહોંચેલ ચાવડા રાજવીઓની કીર્તિગાથા ગાતું અંજાર તાલુકાનું ભૂવડ ગામ મેણશીઆની જન્મભૂમિ.

મેણશીઓ ચારણોનો રાવળ હતો. એનું નામ ચારણી આલમમાં ચારે તરફ મશહૂર હતું. વંશપરંપરાથી ચાલ્યા આવતા ચોપડાઓમાં ચારણ પરિવારની વધતી જતી વંશવેલીનાં નામો નોંધવાં, ચારણોના ડાયરા વચ્ચે બુલંદ સ્વરે તેમના પૂર્વજોની યશગાથા ગાવી, પરીઆ વાંચવા, ગામેગામનો પ્રવાસ કરવો અને ચારણોને ઘેરઘેરથી વરસ દહાડે એક એક કોરી 'શીખ' લેવી એ એનો પેઢી ઉતાર ધંધો હતો.

આ ઉપરાંત મેણશીઆ રાવળનો એક બીજો પણ કાર્યક્રમ હતો. અને તે ભવાઈની રમતનો. મેણશીઆ પર એક ઇશ્વરી બક્ષિસ ઊતરી હતી. ભવાઈના વેશ ભજવવામાં તેણે અતુલ કાર્યકુશળતા કેળવી હતી. તેણે પોતાની આ કળાની તાલીમ પોતાના કુટુંબને પણ આપી હતી. એનું કુટુંબ મોટું હતું. ઝરપરા અને સંઘડનો 'વાલ-ગોત્ર' નામે ઓળખાતો તેનો ભાણેજપરિવાર પણ બહોળો હતો. આ લોકો પણ સંગીત અને સ્વાંગમાં કુશળ બની ગયા હતા. મેણશીઆ રાવળે પોતાના કુટુંબીજનોનો ચાળીસેક સભ્યોની સંખ્યાનો એક 'પેડો' જમાવ્યો હતો.

મેણશીઓ જ્યાં જ્યાં જતો ત્યાં દિવસના ભાગમાં પોતાની લાગાલગમ ઉઘરાવવાનું કામ કરતો અને રાતે ભવાઈની રમતનો ખેલ ભજવતો. મેણશીઆની તળે રહીને આ આખી મંડળી એની સાથે ફરતી અને એ રીતે સૌ પોતપોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા. એક વરસમાં છ મહિના સુધી આ લોકો એક ગામથી બીજે ગામ ફરતા, રમતો કરતા અને છ મહિના પોતાના ઘેર રહી આરામ કરતા; ખેતીનું કામ પણ કરતા.

## (૨)

હાલારમાં બારાડી એ ચારણોનું મુખ્ય મથક ગણાય. ભેંસો વગેરે પશુ-ધનના વિસ્તારથી ત્યાંના માલદાર ચારણો મસ્ત રહેતા. આજે પણ બારાડીના ચારણોને ત્યાં ઘી-દૂધની છોળો ઊછળે છે, એટલું જ નહિ પણ આખા હાલારને પણ તેઓ ઘી-દૂધ પૂરાં પાડી શકે, એમ કહીએ તો ચાલે. બારાડીના ચારણો એટલે આડો આંક!

હાલાર-બારાડીના માડી ગામમાં હરજુગ નામે એક સમૃદ્ધિશાળી ચારણ હતો. બારાડીનું તે નાક ગણાતો. ગાયો, ભેંસો વગેરે મોટા પશુધનનો તે માલિક હતો. ગરાસચાસની પણ કંઈ ખોટ ન હતી. માડીના ચારણો એને પૂછીને પાણી પીએ એવું એનું ડહાપણ હતું. એના નામથી ચોરબહારવાટિયા પણ ટળીને ચાલે એવી એની ધાક હતી.

મેણશીઆ રાવળની મંડળી કચ્છ કાઠિયાવાડમાં ફરતી ફરતી આ માડી ગામે આવી પહોંચી. હરજુગ ચારણે મેણશીઆના વેશની ખૂબ તારીફ સાંભળેલી; પરંતુ આજ લગી તેણે મેણશીઆ રાવળને કોઈ વાર મેરીવેશમાં ઊતરેલો જોયો ન હતો. આજે હાથમાં આવેલી અમૂલ્ય તકનો લાભ લેવાનો વિચાર કરીને મેણશીઆને બોલાતી રાતે ભવાઈનો ખેલ પુરબહારમાં ભજવાય એવી તેણે વ્યવસ્થા કરી લીધી.

આજથી લગભગ ત્રણસો વર્ષ પહેલાંની આ વાત છે. એ સમયે નાટક, સિનેમા કે સરકસોનો સર્વથા અભાવ હતો. તમામ

મનોરંજનોનો અંત એક ભવાઈના ખેલમાં આવી જતો. ભવાઈની મંડળીઓનાં ટોળાં એક ગામથી બીજે ગામ ફરતાં અને લોકોને પોતાની કળા બતાવી એમનું મનોરંજન કરી પોતાનો નિર્વાહ ચલાવતાં. લોકો પણ ભવાઈનું નામ સાંભળી દૂરદૂરથી ખેંચાઈને આવી પહોંચતા.

માડી ગામમાં આજે મેણશીઆ રાવળની રમત થવાની છે એ વાત આખા ગામમાં અને પડોશનાં ગામોમાં પણ પવનવેગે પ્રસરી ગઈ. સાંજ પડતાં આજુબાજુનાં ગામોનાં શોખીન લોકોના થોકેથોક માડી ગામમાં ઊતરી પડવા લાગ્યા.

રાત્રિ પડી. ભવાઈના ભૂંગળાના કલશોરથી આખું ગામ ગાજી ઊઠ્યું. રમતની શરૂઆત થઈ. મેણશીઆ રાવળે આજે મેરીવેશ ધારણ કર્યો હતો. તેણે પોતાની અનુપમ અભિનયકળા અને સૌંદર્યછટાથી તમામ પ્રેક્ષકજનોને અને બારાડીના ચારણોને છક્ક કરી દીધા. હરજુગ ચારણ પોતે પણ મેણશીઆની મનમોહિની મૂર્તિ પર અને એના મધુર સંગીત પર મુગ્ધ બની ગયો હતો. મેણશીઆ પર તે હજાર હાથે નિવાજવા લાગ્યો હતો. ભવાઈનો ખેલ ખેલતા રાવળોને ખુલ્લા દિલથી ભેટ-સોગાદો આપીને તેણે ખુશખુશાલ કરી દીધા હતા. રાવળોએ પણ હરજુગ ચારણના નામની વાહવાહ અને એનો જયકાર બોલાવવામાં કશી મણા રાખી ન હતી.

આખી રાત ભવાઈના જુદા જુદા વેશોનો અને નાચગાનનો કાર્યક્રમ ચાલુ હતો. છેક સવાર પડતાં રમત બંધ પડી. સૌ કોઈ પોતપોતાને રસ્તે પડી ગયા. રાવળો પણ પોતાના સાજ-સરંજામ સંકેલીને આખી રાતના ઉજાગરાની અસર દૂર કરવા થોડીવારના આરામને માટે પોતપોતાની પથારી પર પડ્યા.

માડી ગામનો મહારથી હરજુગ ચારણ પણ ઘેર ગયો. અખંડ રાત્રિના ઉજાગરાને લીધે તેની આંખો ભારે થઈ જવાથી તે પણ થોડી ઊંઘ લેવા માટે પથારી પર પડ્યો; પરંતુ નિદ્રાદેવી તો કોણ જાણે કેમ આજે તેનાથી દૂરદૂર નાસતી જતી હતી. મેણશીઆ રાવળના સૌંદર્ય અને સંગીતમાં આજે એનું મન અટવાઈ પડ્યું હતું.

ઘડીમાં મેણશીઆ રાવળનું મોહક મુખડું તેની દૃષ્ટિ સમક્ષ તરવરી રહેતું. ઘડીમાં મેણશીઆના મીઠા સંગીતના ભણકારા તેના કાને અથડાવા લાગતા. વારંવાર તે તંદ્રામાંથી ઝબકીને જાગી ઊઠતો. કોઈ વાર તેનું હૈયું આનંદાવેશમાં નાચી ઊઠતું અને કોઈ વાર કંઈ ઘૃણાની લાગણીથી કંપી ઊઠતું. આમ કેટલીયે વાર તેણે માખણ જેવી પોચી રૂની તળાઈમાં તરફડિયાં માર્યા, પણ તેના અંતરની અશાંતિ દૂર થઈ નહિ. આખરે તે કંટાળ્યો. બિછાના પરથી ઊઠીને બહાર આવ્યો અને મેણશીઆ રાવળને બોલાવી લાવવા માણસ મોકલ્યો. મેણશીઆના સૌંદર્ય અને સંગીતકલાથી હરજુગ ચારણને સંપૂર્ણ સંતોષ થયો હતો એ વાત ખરી પણ મેણશીઆ જેવો એક નામી મર્દ સ્ત્રીનો વેશ ધારણ કરીને લટકાંમટકાં કરે એ વાત તેના અંતરમાં તીરની પેઠે ખટકી રહી હતી. જેટલો તેને મેણશીઆની અભિનય-કળાથી આનંદ ઉદ્ભવ્યો હતો તેટલો જ તેના મેરીવેશ પ્રત્યે તિરસ્કાર છૂટ્યો હતો. આ કારણથી મેણશીઆને મેરીવેશથી મુક્ત કરવાનો હરજુગ ચારણે નિશ્ચય કરી લીધો હતો.

આજે અનેક વિચારોની ઘટમાળ હરજુગ ચારણના મનમાં એક પછી એક ચિત્રપટની પેઠે પસાર થઈ રહી હતી ત્યાં તો રાત્રિના ઉજાગરાથી લાલ બનેલી આંખો ચોળતો ચોળતો મેણશીઓ આવી પહોંચ્યો. એને જોતાં જ હરજુગ પોતાની વિચાર નિદ્રામાંથી જાગ્રત થયો.

'મેણશીઆ! એટલી જ વારમાં આજે એકદમ મેં તને કેમ તેડાવ્યો તેનું કારણ તને તો સમજાતું નહિ હોય.' હરજુગે મેણશીઆ સાથે વાતની શરૂઆત કરતાં કરી.

'કેમ સમજાય, બાપ? હમણાં જ મારી આંખ જરા મળી ત્યાં તો તમારા માણસે મને જગાડી દીધો. મેં ધાર્યું કે અવશ્ય કંઈક ખાસ જરૂરી કારણ હશે.' રાવળે ઉત્તર આપતાં જણાવ્યું.

'એમ જ છે, રાવળદેવ! આજનું કાર્ય ખરેખર જરૂરી છે. આજે તારા જીવનનો એક મહત્ત્વનો પ્રશ્ન મારે ઉકેલવો છે.'

'એટલે?' મેણશીઆએ પોતાની લાલ બનેલી આંખો ફાડીને પ્રશ્ન કર્યો.

'એટલે એ જ કે તારી સાથે એક ખાસ આવશ્યક એવી વાત કરવાની છે. પણ તું માને તો જ તે કહેવાની છે. મારી સોનાની જાળ પાણીમાં ન પડે તેની તું ખાતરી આપે તો જ.'

'પણ વાત સાંભળ્યા વિના કેમ સમજાય, બાપુ? મેણશીઆનું આ પિંડ ચારણોના અન્નજળથી પોષાયું છે. અને ચારણોના કામ માટે કાળી રાતે કૂવામાં ઊતરવું હોય તો પણ આ મેણશીઓ કદી પાછી પાની કરે તેમ નથી.'

'જો સાંભળ ત્યારે! આજે તારી પાસે મારે એક વાતનું પાણી લેવડાવવું છે!'

'પાણી! શાનું પાણી અને શા માટે?' આશ્ચર્યચકિત મેણશીઆએ સામે સવાલ કર્યો.

'હું હવે એ વાત પર જ આવું છું. જો સાંભળ, તું હમણાં ને હમણાં હાથમાં પાણી લઈને પ્રતિજ્ઞા લે કે આજથી તારે મેરીવેશ ધારણ ન કરવો. બોલ, છે કબૂલ?' હરજુગે હવે મૂળ વાત પર આવતાં કહ્યું.

'પણ એ તો અમારો ધંધો રહ્યો, બાપ! પેટને માટે બૈરીનો તો શું પણ પાવૈયાનો વેશ પણ લેવો પડે! અમારું તો એના પર ગુજરાન રહ્યું. મારી સાથે બીજા ચાળીસ માણસ છે. એમનાં કુટુંબોનો આધાર પણ અમારી એ કમાણી પર રહ્યો! એટલે વેશે ન પહેરવાની વાત શી રીતે પરવડે, મારા બાપ?' મેણશીઆએ પોતાની અશક્તિ જાહેર કરતાં જણાવ્યું.

'પણ રાવળ! મારી વાત તો એક તારા માટે જ છે. બીજા માટે મારે કશું જ કહેવાનું નથી. માત્ર તને એકને જ આજ મારે પાણી લેવડાવવું છે. અને એમાં કોઈ આનાકાની ચાલે તેમ નથી.' હરજુગે પોતાનો અડગ નિશ્ચય જાહેર કરતાં કહ્યું.

'પણ તમારી વાતનો અમલ કરવો એ તદ્દન અશક્ય છે.' મેણશીઆએ પોતાનો નિશ્ચય પણ જણાવી દીધો.

'છતાં એ અશક્ય વાતને મારે આજે શક્ય બનાવવી છે. હું કોઈ કાર્ય હાથ પર લેતો નથી અને લઉં છું તો તેને કોઈ પણ હિસાબે - જીવના જોખમે પણ પૂર્ણ કરું છું.'

'આપની એ મમત છે.' મેણશીઆએ ટૂંકમાં પતાવ્યું.

'પણ એના બદલામાં તને જે જોઈએ તે માગી લે! આજે તો તારી જીભ વેરી છે, મેણશીઆ. હવે બોલ, તારે શું જોઈએ? અને માતાજીનું નામ લઈ, લે પાણી કે આજથી મેરીવેશ ધારણ કરવો હરામ છે!'

મેણશીઓ હવે મૂંઝાઈ પડ્યો. વિચારવમળમાં તે ગોથાં ખાવા લાગ્યો. આવો પ્રસંગ આવી પડશે એમ તેણે સ્વપ્નેય ધાર્યું ન હતું. તે ચૂપ રહ્યો.

'કેમ જીભ નથી ઊપડતી, રાવળદેવ? આવો વખત ફરી ફરીને હાથ નહિ આવે હો! અને આમ જો, મારો નિશ્ચય તો મેરુ સમાન અડગ છે. ચારણોનો અંત લેવામાં મજા નથી, મેણશીઆ! ચાલ બોલ! ઝટ કર!' હરજુગ ચારણ જરા આકરો થઈને બોલી ઊઠ્યો.

'પણ મારા મેરીવેશ સાથે તમારે એવો શો સંબંધ છે? મારાથી કશું જ સમજાતું નથી.' મેણશીઆએ પોતાની અજ્ઞાનતા સાથે દયામણી આંખે જણાવ્યું.

'તને તે નહિ સમજાય! હવે તું સીધી વાત પર આવી જા અને કહી દે કે તને શું જોઈએ? બસ, સો વાતની એક વાત!'

મેણશીઆની મૂંઝવણનો હવે પાર રહ્યો નહિ. તેને બીક લાગી કે આ બલામાંથી હવે છટકવું મુશ્કેલ છે. છેવટે તેણે વિચાર્યું કે હરજુગ કબૂલ ન કરે અને એની મેળે જ ઠેકાણે આવી જાય એવી કોઈક આકરી શરત વચ્ચે મૂકવી એ જ ઉપાય છે.

આમ વિચારી તે બોલ્યો

'ત્યારે હવે માગી લઉં ગઢવી?'

'બસ, મને તો એટલું જ જોઈએ છે.'

'તો મને એક હજાર રૂપિયા રોકડા, હું પસંદ કરું તેવી ચાર ભેંસો અને તમારી સવારીની રોઝી ઘોડી મળે તો હું આજથી જ મેરીવેશનો સ્વાંગ ન સજવાની પ્રતિજ્ઞા લેવા તૈયાર છું.'

હરજુગને તેની રોઝ ઘોડી જીવ કરતાં પણ વહાલી હતી. બાપ બેટાને પણ ન આપે એવી એ ઘોડી પર રાંગ વાળવાની પણ બીજા કોઈને પરવાનગી ન હતી. પવનપુત્રી જેવી એની ઝડપી ગતિ હતી. માનવીને શરમાવે એવી સમજશક્તિ હતી. રાવળ મેણશીઆને ખાતરી હતી કે હરજુગ ચારણ જમીન-આસમાન એક થઈ જાય તોપણ રોઝીને પોતાની નજરથી દૂર કરવાનો નથી. આ સમજથી જ એણે પોતાના ભાથામાં રહેલા છેલ્લા તીરનો આશરો લીધો હતો.

'મેણશીઆ, તેં તો ભારે કરી હો!'

'ત્યારે હવે માફ કરો, બાપુ!'

'માફ નહિ થાય, મેણશીઆ! તથાસ્તુ!' હરજુગ ચારણ હર્ષાવેશથી પોકારી ઊઠ્યો. રાવળની આંખો ફાટી રહી.

મેણશીઆ રાવળની ત્રણે માગણીઓ તાત્કાલિક પૂરી કરવામાં આવી. મેણશીઓ પણ વચનના બંધને બંધાઈ ગયો. એ પણ એકવચની હતો. તે જ વખતે તેણે પાણી મૂક્યું કે 'આજથી જીવત-જાગત મેરીવેશ ધારણ કરવો હરામ છે.'

હરજુગ ચારણની આંખો સંતોષ અને આનંદથી નાચી ઊઠી. મેણશીઆને બાથમાં દબાવીને તે ભેટી પડ્યો.

**(૩)**

કચ્છના મુંદ્રા તાલુકામાં આવેલું 'રાગા' ગામ ચારણોનું એક નાનકડું ગામ છે. ચારણોની 'રાગ' નામની અટક પરથી આ ગામનું નામ રાગા પડેલું. આજનું રાગા ગામ શાપિત અને ઉજ્જડ જેવું જોવામાં આવે છે. પણ આપણી કથાના સમયમાં રાગા ગામના ચારણો ભરપૂર જાહોજલાલીમાં હતા. ખાતાં ખૂટે નહિ એટલો ગરાસ અને પુષ્કળ પશુધન ચારણો ધરાવતા હતા. રાગાની સીમમાં ગાયો-ભેંસોનાં ધાણ કીડીઓની પેઠે ઊભરાતાં. 'મુડ્યા માત્ર ન દે' એવા મદમાતા રાગા ગામના ચારણો સર્વ રીતે સુખી અને સમૃદ્ધ હતા.

આ રાગા ગામમાં રાગ જોગીદાસ અને પંવારીઆ નામે બે ભાઈઓ હતા. બંને કડેધડે હતા. સુખસમૃદ્ધિવાળા અને તાજા હતા. તેમાં જોગીદાસ તો અતિ અક્કડ હતો - અભિમાનની મૂર્તિ સમો હતો. આખું ગામ જોગીદાસની હાકલથી કંપી ઊઠે એવી એની ધાક હતી.

જોગીદાસ રાગનો ભાઈ પંવારીઓ કચ્છ-માંડવી તાબે

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

આવેલા ગામ મોટા ભાડિઆના કડા ચારણની દીકરી રાણબાઈ જોડે પરણ્યો હતો; પરંતુ પરણ્યા પછી થોડા જ દિવસોમાં કંઈ નજીવા કારે જ આ પતિ પત્નીના અંતરમાં કડવાશનાં બીજ રોપાયાં. એમનો અણબનાવ દિવસેદિવસે વધતો ચાલ્યો. પંવારીઆ રાગની ઘરવાળી રાણબાઈ ગરીબ અને શાંત સ્વભાવની હતી. જયારે આ લોકો માથાભારે અને ઘમંડી હતા. એમનો જુલમ આ 'ગૌભેખ' જેવી રાણબાઈ પર દિનપ્રતિદિન વધવા લાગ્યો. આખરે તેણે આ બાઈને તેના પિતા કડા ચારણને ત્યાં મોટે ભાડીએ મોકલાવી દીધી.

બાર મહિના વહી ગયા, બે વરસ થયાં, છતાં રાણબાઈના શ્વશુર પક્ષ તરફથી કોઈએ તેની ખબર પણ પુછાવી નહિ, એટલું જ નહિ પરંતુ કડા ચારણે કેટલીયે ચોવટો ચલાવ્યા છતાં તેમની વંકાઈમાં કશો ફરક પડે એવું જણાયું નહિ. રાગાવાળા અતિ બળવાન હોવાથી બાપડા કડા ચારણની 'ધા' કોઈ સાંભળે તેમ હતું નહિ. 'સાપના ભારા' સરખી જુવાન દીકરીને ઘેર બેસાડીને કડો ચારણ આખરે કંટાળ્યો. તેણે આખરે પોતાની દીકરી રાણબાઈનું બીજા કોઈ સ્થળે પુનર્લગ્ન કરવાની તજવીજ કરવા માંડી; પરંતુ તેમાં તે પાછો પડ્યો. કચ્છના ચારણો તો જોગીદાસનું નામ સાંભળી થરથરતા. આ જોગીદાસના ભાઈ પંવારીઆની બાઈને ઘરમાં બેસાડવાની હામ કોણ ભીડી શકે? બિચારો કડો ચારણ માથે હાથ દઈને બેસી રહ્યો. જુવાન જોધ જેવી દીકરીને આમ પોતાને ત્યાં કેટલો વખત બેસાડી રાખવી એ વિચારે એનું મગજ ભમી જતું. દિવસે દિવસે તે પોતાની દેવી જેવી દીકરીના સોસમાં સુકાતો ગયો.

થોડા વખત પછી તેને હાલાર-બારાડીના હરજુગ ચારણની ભાળ લાગી. હરજુગ ચારણ આભને થાંભલો ભરાવે એવો મરદનો બાચકો હોવાથી કડા ચારણની માગણી તેણે સ્વીકારી લીધી. છેવટે કડા ચારણની પુત્રી રાણબાઈનો સંબંધ બારાડીના આ બહાદુર ચારણ જોડે જોડાઈ ગયો.

આ હરજુગ ચારણ બીજો કોઈ નહિ પણ રાવળ મેણશીઆને તેનું મનમાગ્યું આપીને તેની પાસે મેરીવેશ ધારણ ન કરવાનું પાણી લેવડાવનાર માડી ગામનો વીર હરજુગ પોતે!

## (૪)

મેણશીઓ રાવળ પોતાની મંડળી સહિત ફરતો ફરતો હાલાર-બારાડી થઈને સીધો કચ્છમાં ઊતરી પડ્યો. અંજાર તાલુકાના વોવાર ગામમાં એક ખેલ કરીને ત્યાંથી પરબારો પોતાના 'પેડા' સાથે રાગા ગામે આવી લાગ્યો. ભવાઈના ખેલમાં સ્ત્રીવેશ ધારણ ન કરવાની એની પ્રતિજ્ઞા એણે સાંગોપાંગ પાળી હતી. અનેક લાલચો વચ્ચે પણ મેણશીઓ રાવળ પોતાની પ્રતિજ્ઞામાં મેરુ જેવો અચળ અને અડગ રહ્યો હતો.

મેણશીઆ રાવળ પર રાગા ગામવાળા જોગીદાસના ચાર હાથ હતા. મેણશીઆની રમતનું નામ સાંભળીને તે ગમે ત્યાં પહોંચી જતો.

રાગામાં મેણશીઆના પગ પડતાં આખું ગામ તેના ખેલનો લાભ લેવા થનગની રહ્યું હતું. આસપાસનાં ગામોમાં તો મેણશીઆના આગમનના સમાચાર ક્યારના યે પહોંચી ગયા હતા. સાંજ પડતાં જ ચારેબાજુથી લોકોનાં ટોળેટોળાં ઊભરાવા લાગ્યાં.

રાત્રિ પડી. રમતની તૈયારી ચાલવા લાગી. ગામના વિશાળ ચોકમાં લોકોની મેદની જામવા લાગી. રણશિંગાં જેવા તીણા અવાજવાળાં ભૂંગળાં ગગનભેદી નાદથી ગાજવા લાગ્યાં. ઝાંઝના ઝણકાર અને મૃદંગના રણકારથી રાગા ગામનું શાંત વાતાવરણ ગરજી ઊઠ્યું. જેમજેમ વખત જતો ગયો તેમતેમ લોકોની ઠઠ્ઠ જામતી ગઈ. કેટલાક શોખીનોએ ખાટલા પર રૂપાળાં ગોદડાં પાથરીને તેના પર પોતાનું સ્થાન લીધું હતું. કેટલાકે કોટડીઓ પર, કેટલાક ગાડાં ઉપર અને કેટલાક તો ઝાડની ડાળીઓ પર પણ ચડી બેઠા હતા. ચોકની એક બાજુએ બહેનો માટે પણ સ્થાન રાખવામાં આવ્યું હતું.

જોગીદાસ રાગે રાતે વાળુ કરતાં ભૂંગળાંનો તીણો અવાજ સાંભળ્યો. તે પણ જમી પરવારી હાથમાં ધિલ્લી (હુક્કો) લઈને રમતના મેદાનમાં આવી પહોંચ્યો. પ્રથમથી જ તૈયારી કરી રાખેલી સુંવાળી શીરખના બિછાનાવાળા ખાટલા પર તેણે પોતાનું આસન જમાવ્યું. તલપુર જગ્યા પણ મળવી મુશ્કેલ પડે એવી લોકોની 'હકડેઠઠ' મેદની જામી ગઈ હતી.

સમય થતાં રમત ચાલુ થઈ. પ્રથમ ગણેશનો વેર આવ્યો. ત્યારબાદ એક પછી એક વિવિધ પ્રકારના વેશ આવવા લાગ્યા. રમત એકંદરે ઉત્તમ પ્રકારે ચાલતી હતી. છતાં પ્રેક્ષકવર્ગ આજે ઉલ્લાસમાં ન હતો. નિરાશ હતો. લોકોની આંખો મેણશીઆ રાવળને જોવા અધીરી બની હતી - એને જ શોધી રહી હતી. અને મેણશીઓ તો આજે કોણ જાણે ક્યાંયે ગુમ થઈ ગયો હતો. અર્ધીક રાત્રિ ખલાસ થવા આવી છતાં એ હમણાં આવશે, હમણાં આવશે એ આશાએ લોકો ધીરજ ધરી રહ્યા હતા. છેવટે સૌએ ધાર્યું હવે 'છેલબટાઉ અને મોહના રાણી' ના વેશમાં મેણશીઓ અવશ્ય મોહના રાણીના સ્વાંગમાં આવી પહોંચશે. એ આશામાં જ લોકો એટલો વખત વિતાવી શક્યા હતા. થોડો વખત વ્યતીત થતાં જ છેલબટાઉ અને મોહના રાણીનો વેશ પણ આવી પહોંચ્યો. સમસ્ત પ્રેક્ષક વર્ગની આંખો એકદમ મોહના રાણી પર આવી પડી અને એ જ ક્ષણે પાછી ફરી. મોહના રાણીના સ્વાંગમાં પણ એ લોકપ્રિય પાત્ર મેણશીઓ રાવળ ન હતો. લોકસમૂહ વચ્ચે ખળભળાટ જામી ગયો. મેણશીઆ રાવળના નામની ઉપરાછાપરી બૂમો પડવા લાગી; પરંતુ મેણશીઓ રાવળ ન આવ્યો તે ન જ આવ્યો. જેમજેમ વખત જતો ગયો તેમતેમ પ્રેક્ષકગણમાં વધુ ને વધુ નિરાશા ફેલાતી ગઈ. રમતનું વાતાવરણ કથળતું જતું હતું.

આટલો વખત શાંત બની બેઠેલા જોગીદાસનું હૈયું પણ હવે હાથમાં ન રહ્યું. હુક્કાની નળી મોંમાંથી અળગી કરીને તેણે બુલંદ અવાજે મેણશીઆના નામની ત્રાડ પાડી. જોગીદાસની ગગનભેદી રાડ સાંભળીને પ્રેક્ષક વર્ગ શાંત થઈ ગયો. તરત જ રમી રહેલા રાવળોમાંનો એક જણ જોગીદાસ પાસે હાજર થયો અને નમ્રતાથી બોલ્યો કે 'મેણશીઓ તો સૂતો છે.'

'કેમ કંઈ માંદો પડી ગયો છે?' જોગીદાસે કરડાકીથી પ્રશ્ન કર્યો. પેલો આવનાર રાવળ નિરુત્તર રહ્યો. જોગીદાસના અવાજના દમામથી તે દબાઈ ગયો હતો.

'ચાલ, હમણાં ને હમણાં એને જગાડ અને કહે કે જોગીદાસ રાગ તને બોલાવે છે.' જોગીદાસના અવાજમાં સત્તા અને અભિમાન તરવરી રહ્યાં હતાં.

રાવળ એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના ત્યાંથી ચાલતો થયો. અને ત્યાર પછી થોડી જ વારમાં ઊંઘમાંથી જાગ્રત થયેલો મેણશીઓ આંખોને ચોળતો રમતના મેદાનમાં આવી પહોંચ્યો.

નિરાશ થયેલી લોકમેદનીમાં મેણશીઆને જોઈને આનંદનો એક ઊભરો આવી ગયો. સૌએ એકીસાદે અને ઊંચા અવાજે ખુશાલીનો એક પોકાર કર્યો. સૌના મનમાં આશા બંધાણી કે મેણશીઓ હવે ખેલમાં જરૂર ઊતરવાનો!

મેણશીઆને આવી પહોંચેલો જોઈને જોગીદાસ રાગ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને બોલ્યો : 'કેમ રાવળદેવ! આજે શરીરે સુવાણ નથી કે શું?'

'ના બાપ, શરીરે તો સુવાણ છે. આપનો પ્રતાપ છે.' મેણશીઆએ ટૂંકો જવાબ દેતાં જણાવ્યું.

'ત્યારે શું આ રાવળ લોકો જોડે તારે કંઈ ઝઘડો જાગ્યો છે?'

'એવું પણ નથી, બાપુ. તમે તો જાણો છો ને કે અમારું તો એક કુટુંબ છે.'

'કંઈ પણ કારણ ન હોય તો જેનું નામ મેણશીઆ તે ચાલતી રમતે ઊંઘી જાય ખરો?'

મેણશીઓ ચૂપ રહ્યો. તેને મનમાં ધાસ્તી પેઠી કે બાજી રખે બગડી જાય!

'ચાલ ત્યારે, ઝટપટ રમતમાં જોડાઈ જા! તમામ માનવમેદની તારા નામની માળા જપી રહી છે.'

'હમણાં તો હું વેશ નથી પહેરતો, દાદા!' મેણશીઆએ નમ્રતાથી જવાબ આપતાં જણાવ્યું.

'વેશ નથી પહેરતો? કંઈ કારણ? તને પણ મુછાળા થવાના કોડ જાગ્યા કે પેટ ભરાયું?'

'એવું તો કશું નથી, ગઢવી. મુછાળા બનવાના કોડ પણ નથી જાગ્યા અને પેટે નથી ભરાયું પણ...'

'એ પણ ને બણ!' જોગીદાસે મેણશીઆ રાવળના વાક્યને અધવચ્ચેથી કાપી નાખતાં કહ્યું. 'તારે માટે પળેપળ આતુર બનતી આ માનવમેદનીનું અને મારું માન આજ તો તારે રાખ્યે જ છૂટકો છે!'

પણ મેણશીઓ ત્યાંથી ખસ્યો નહિ. તેના પગ જાણે જમીન સાથે જડાઈ ગયા હતા. જોગીદાસ રાગની સામે ટગરટગર જોતો તે પથ્થરના પૂતળાની પેઠે જેમનો તેમ ઊભો રહ્યો.

'કેમ, ધરતી પગ તળે ચોંટી ગઈ છે કે શું?' જોગીદાસે કરડાકીથી અને વક્રતાથી પોતાની આંખ મેણશીઆ તરફ તાકીને કહ્યું.

'જોગીદાસ રાગ! ખરું કહું? વેશ નહિ પહેરવાની મારી પ્રતિજ્ઞા છે. હાલ હું ક્યાંય રમતમાં ઊતરતો જ નથી.' મેણશીઆએ દૃઢતાપૂર્વક ઉત્તર આપી દીધો.

'વેશની પ્રતિજ્ઞા? નવાઈની વાત! આવું તો આજે જ સાંભળ્યું. પણ આજે તો તારી પ્રતિજ્ઞા ખીંટી પર લટકાવી દે! અને મારું કહ્યું માની લે!'

'તમારા એક બોલની ખાતર હું મારા પ્રાણ પાથરવા તૈયાર છું. પણ મારી પ્રતિજ્ઞાનો ભંગ કેમ થાય?'

'અરે, પણ રાવળના દીકરાને વેશની પ્રતિજ્ઞા તે હોય? મેણશીઆ! તું આજે તારી મમત છોડી દે! હું ઠીક કહું છું.'

મેણશીઓ જેવો ને તેવો મક્કમ બનીને જોગીદાસની સામે ઊભો હતો. કશું બોલ્યા સિવાય મૌન ધારણ કરીને ઊભો હતો.

'પણ એવી પ્રતિજ્ઞા તેં લીધી કેમ?' જોગીદાસે ફરી પ્રશ્ન કર્યો.

'મેં નથી લીધી, દાદા! તમારા જેવા એક દાતારે લેવડાવી છે!'

'દાતારો પણ કાંઈ નવરા લાગે છે, જે તારા જેવા ખેલાડીને વેશની પ્રતિજ્ઞા લેવડાવે છે!'

'દાતારોની તો એ મોજ છે, બાપુ! ખાસા ખણખણતા હજાર રૂપિયા રોકડા, ચાર મનમાનતી ભેંસો અને એક વાયુવેગી ઘોડી, આ પ્રતિજ્ઞાના બદલામાં મને પ્રાપ્ત થયેલ છે. હવે મારાથી એ પ્રતિજ્ઞા શી રીતે તોડી શકાય?'

મેણશીઆ રાવળની વાત જોગીદાસને અઠીક તો ન લાગી. તે જરા નરમ પડ્યો અને બોલ્યો કે 'મેણશીઆ! એ દાતારનું

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

નામ તો કહે!'

'એ દાતાર કચ્છનો નહિ, બહારનો છે બાપુ!'

'પણ કોણ છે ને ક્યાંનો છે તે કહે તો ખબર પડે ને!' જોગીદાસે પોતાની જીદ છોડી નહિ.

'એ છે હાલાર-બારાડીનો!' મેણશીઆએ વાતને વધુ ન ચોળતાં ગામનું નામ જ માત્ર જણાવ્યું.

હાલાર-બારાડીનું નામ કાન પર પડતાં જ જોગીદાસની આંખો ચડી ગઈ; પરંતુ તે કોઈ પણ ન જાણી શકે તેમ પાછો સ્વસ્થ થઈ ગયો અને અધીરાઈથી બોલ્યો : 'પણ તેનું કંઈ નામ તો હશે કે નહિ?'

'એ વાત પૂછવા જેવી નથી, બાપુ. જવા દો!' મેણશીઆએ વાત પર પડદો પાડવાના ઇરાદાથી કહ્યું.

'પણ મારે તો એ વાત જરૂર સાંભળવી છે.' જોગીદાસ હઠે ચડ્યો.

મેણશીઓ હવે અકળાયો - મૂંઝાઈ પડ્યો.

'કેમ બોલતો નથી?' જોગીદાસનો ગાંભીર્ય અને ગુસ્સાના મિશ્રણવાળો અવાજ આવ્યો.

મેણશીઆએ જરા ખૂંખારો ખાધો, સ્વસ્થ થયો અને આખરે મરણિયો થઈને બોલ્યો : 'એનું નામ સાંભળવું છે, જોગીદાસ?'

'હા, જરૂર સાંભળવું છે.'

'ત્યારે સાંભળો! એનું નામ હાલાર-બારાડીનો હરજુગ!' મેણશીઆએ ધડાકો કર્યો.

જોગીદાસની આંખો ચકરચકર ફરવા લાગી.

'કોણ, માડી ગામનો?' જોગીદાસે પોતાની શંકાનું નિરાકરણ કરવા એક વધુ પ્રશ્ન કર્યો.

'બસ એ જ! દાતારો તો દશે દિશાએ પાધરા જ હોય ને?' મેણશીઆએ બળતામાં ઘી હોમ્યું.

હરજુગનું નામ સાંભળીને જોગીદાસના રોમેરોમમાં ક્રોધની જ્વાળા જાગી ઊઠી. તેનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. આંખો રક્તવરણી બની ગઈ. તેના સગા ભાઈની ઘરવાળીને ઘરમાં બેસાડનાર હરજુગ ચારણની પ્રશંસાએ જોગીદાસના ગુસ્સાને એકદમ વધારી દીધો. આમ છતાં તરત જ તેણે પોતાના જુસ્સાને જાળવી લીધો - કાબૂમાં લઈ લીધો. હરજુગે લેવડાવેલ પ્રતિજ્ઞા કોઈ પણ ઉપાયે તોડાવી નાખવાનો તેણે પોતાના મન સાથે નિશ્ચય કરી લીધો. તે બોલ્યો

'સાંભળી લે, મેણશીઆ, હરજુગે તને એક હજાર રૂપિયા, ચાર ભેંસો અને એક ઘોડી આપી; તો હું તને બે હજાર રૂપિયા, આઠ ભેંસો અને બે ઘોડી આપીશ. ચાલ તૈયાર થઈ જા!'

મેણશીઓ રાવળ તો પહાડ જેવો અડગ હતો. તે બોલ્યો : 'જોગીદાસ! બે હજાર તો શું પણ હવે તો બે લાખ પણ મારે મન તો રાખ બરાબર છે. મેણશીઆનો બાપ એક છે અને તેનો બોલ પણ એક છે. તમે જો તમારું માન જાળવવા ઇચ્છતા હો તો હવે મને આ બાબતમાં બિલકુલ આગ્રહ ન કરશો એવી મારી નમ્ર વિનંતી છે.' મેણશીઆએ છેલ્લા શબ્દો મક્કમપણે સંભળાવી દીધા.

જોગીદાસે મેણશીઆને જાતજાતની લાલચો આપી, ધમકીઓ આપી, એને સમજાવી લેવા કેટલાયે પ્રયત્નો કર્યા, પણ આ રાવળબચ્ચો કોઈ પણ પ્રકારે એક ટળી બે ન થયો.

મેણશીઆની મેરુ જેવી અડગતા પાસે જોગીદાસ ઝંખવાઈ ગયો - ભોંઠો પડી ગયો. તેની ભોંઠપે તરત જ ક્રોધનું રૂપ ધારણ કરી લીધું. તેના અંતરમાં કોઈ દારુણ જ્વાળામુખી જાગી ઊઠ્યો, એનાં અંગેઅંગ ધ્રૂજવા લાગ્યાં.

મેણશીઓ ચાલવા લાગ્યો. જોગીદાસે આગઝરતી આંખોથી પોતાના ભાઈઓ અને સાથીઓને ઇશારો કર્યો અને કડિયાળી ડાંગો આ રાવળમંડળી પર તૂટી પડી.

રમતમાં હાહાકાર જામી ગયો. એકઠા થયેલા લોકો હવે ફાવે તેમ નાસભાગ કરવા લાગ્યા. પ્રકાશ આપતી મશાલો હોલવાઈ ગઈ. ચારે તરફ ઘોર અંધકાર છવાઈ ગયો. રંગમાં ભંગ પડ્યો. સૌ કોઈ આ ધાંધલથી ડરીને ઠેકાણે પડી ગયાં.

અંધકાર અને હોકારાને લીધે જોગીદાસના મનની હામ તો હજુ એના મનમાં જ રહી ગઈ. તે પણ ઘેર ગયો. બિછાના પર પડ્યો. અપમાનના ડંખે એને આખી રાત જંપવા દીધો નહિ. આમથી તેમ તરફડિયાં મારવામાં જ તેની આખી રાત વીતી ગઈ.

આ ભયંકર તોફાનને લીધે એ રાતે જેવી સ્થિતિ જોગીદાસ રાગની હતી, તેવી જ મેણશીઆ રાવળની પણ હતી.

## (૫)

બીજા દિવસના પ્રભાતથી જ જે રાવળો ઓછા ઘાયલ થયા હતા તે પોતાની શીખ ઉઘરાવવા માટે રાગા ગામમાં ફરવા લાગ્યા. પરંતુ જોગીદાસે ઘડી કાઢેલી યોજના અનુસાર ન તો કોઈએ શીખ આપી કે ન તો કોઈએ એમના ભોજનનો પ્રબંધ કર્યો. માણસદીઠ શેર-શેર ઘીનાં પાકાં સીધાં લેનાર રાવળો આજે રાગા ગામમાં ભૂખે મરવા લાગ્યા. કોઈએ પણ આજે એમની ખબર સુદ્ધાં ન લીધી.

જ્યારે મેણશીઆને જાણ થઈ કે આ સઘળાં કારસ્તાન જોગીદાસનાં છે ત્યારે તે પોતાના જેવા મરણિયા બનેલા બાર રાવળો સાથે જોગીદાસને ઘેર ગયો; પરંતુ જોગીદાસની તો એક જ આંટી હતી, મેણશીઆને સ્ત્રીવેશ પહેરાવવાની. અને મેણશીઓ જોગીદાસની આ વાત કાળાંતરે પણ કબૂલ કરે તેમ ન હતો. પતાવટની તમામ વાતો પડી ભાંગી. જોગીદાસની જીદથી રાવળો ઉશ્કેરાઈ ગયા. તેમણે ત્રાગાં કર્યાં, લોહીનાં છાંટણાં તેમણે જોગીદાસના ઘર પર છાંટ્યાં. રાવળો મરવા સુધી તૈયાર થઈ ગયા પણ અહંકારી જોગીદાસનું એક રૂંવાડું પણ ફરક્યું નહિ. મેણશીઆની

મૂછો મૂંડાવવાનો તેનો એકનો એક નિશ્ચય કાયમ હતો.

બંને પોતપોતાની એંટ માટે મરી ફીટવા તૈયાર હતા. કોઈ પણ જરાયે મચક આપે એમ ન હતું.

જ્યારે મેણશીઆનો એક પણ ઈલાજ બાકી ન રહ્યો ત્યારે બીજા બાર રાવળો સાથે જોગીદાસના ઘર પર લાંઘણ કરવા માંડ્યા. એક, બે ને ત્રણ દિવસો એમ નીકળી ગયા. તેનું કંઈ પણ પરિણામ આવ્યું નહિ. રાવળો હવે જીવ પર આવી ગયા હતા. તેમણે જોગીદાસના ઘર પર મરવાનો નિશ્ચય કર્યો.

ગામલોકોને અને આજુબાજુનાં ગામવાળાને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેઓ બધા જોગીદાસના ઘેર એકઠા થયા. પણ ઉભય પક્ષમાંથી એક પણ જરા લળ ખાય એવું ન હતું. તમામ ચોવટો અને સમજાવટો નિષ્ફળ નીવડી. આખરે સઘળાએ મળીને રાવળોને પગે પાઘડીઓ મૂકી, તેમને રાગા ગામમાંથી વિદાય થવા વિનવ્યા. છેવટે મહા મુશ્કેલીએ સમજાવી ફોસલાવી, તેમણે જોગીદાસને ઘેરથી ઉઠાડીને શેખડીઆ ગામની વાટે ચડાવી દીધા.

જાલીમ જોગીદાસના નામ પર ધિક્કાર અને ફિટકાર વરસાવતા રાવળો પેટમાં ભૂખને લીધે પડેલા વેંતવેંતના ખાડા સાથે રાગા ગામનું પાણી 'અગરાજ' કરી શેખડીઆને માર્ગે ચાલવા લાગ્યા.

રાવળો રાગા ગામમાંથી રવાના થઈ ગયા પછી જોગીદાસના જુસ્સાએ ફરી એક વાર ઉછાળો ખાધો. અપમાનની આગે આ ગર્વિષ્ઠ ચારણનું મસ્તક ફરી ભમાવી દીધું. તે એકદમ ઊભો થઈ ગયો. હથિયારબંધ તૈયાર થયો. મેણશીઆ પાસેથી વાળેલું અધૂરું વેર પૂરું કરવા તેણે પોતાના પાણીદાર ઘોડા પર સવાર થઈને તેને શેખડીઆને માર્ગે રાવળોની પાછળ મારી મૂક્યો.

મેણશીઓ રાવળ પોતાની મંડળી સાથે રાગા ગામનું પાણી હરામ કરીને ભૂખ્યો-તરસ્યો જતો હતો. બપોરનો સમય થઈ ગયો હતો. સૂર્યનારાયણ પોતાનો પ્રખર તાપ વરસાવી રહ્યા હતા. ત્રણ ત્રણ દિવસના ઉપવાસથી અશક્ત બનેલા રાવળો ભૂખે પેટે અને શોષાતે કંઠે કીડીની ગતિએ ધીમે ધીમે ચાલ્યા જતા હતા.

એટલામાં એકાએક પાછળ દોડ્યા આવતા ઘોડાના દાબડાનો અવાજ એમના કાને પડ્યો. સૌની નજર પાછળ પૂરપાટ ઘોડાને દોડાવતા આવતા જોગીદાસ પર પડી. હાથમાં મોટી બરછી સાથે લાલચોળ બનેલો જોગીદાસ એમના પર ધસતો આવતો હતો.

નિમિષ માત્રમાં જ તે રાવળોની નજદીક આવી પહોંચ્યો. આવતાંવેંત જ તે કરડાકીથી પોકારી ઊઠ્યો : 'ખબરદાર કૂતરાઓ! હવે એક ડગલું પણ આગળ વધ્યા છો તો!'

ક્રોધના આવેશથી ખોખરો બનેલો જોગીદાસ રાગનો ભયંકર અવાજ સાંભળીને અશક્તિને લીધે માંડમાંડ ચાલી શકતા રાવળોનું ટોળું એકદમ અટકી ગયું - થંભી ગયું.

મેણશીઓ સૌથી આગળ વધીને મોખરે આવ્યો અને જોગીદાસ તરફ જોઈ બોલ્યો : 'જોગીઆ! આવી પહોંચ્યો કે? ભલે આવ્યો! હજી તારું વેર પૂરું નહિ વળ્યું હોય!'

'અને તે વાળવાને માટે જ આવી પહોચ્યો છું.' એમ કહી જોગીદાસે રાવળ મેણશીઆ પર બરછીનો ઘા કર્યો. બરછી ઝપ દેતી મેણશીના પેટમાં પેસી ગઈ.

મેણશીઓ અડગ રહ્યો. નિર્બળતાને સ્થાને તેનામાં હવે નવું બળ આવી ગયું હતું. પોતાના પેટમાં પડેલી બરછી સાથે જ તે બોલ્યો : 'હજી ઘા કરતાં શીખ્યો નહિ, જોગી! આખરે ચારણ ખરો ને!'

એ કહી પેટમાં ખૂંચેલી બરછીને બીજી બાજુએ કાઢતાં અન્ય રાવળો તરફ જોઈ પોકારી ઊઠ્યો : 'મારા બહાદુર યુવાનો! આવી જાઓ તમે પણ આ બરછીમાં! જોગીઆની આ બક્ષિસ આપણે બધા સરખે ભાગે વહેંચી લઈએ અને આપણા ધગધગતા લોહીની એને ઉજાણી કરાવીએ!'

મેણશીઆના મોંમાંથી ઉપર્યુક્ત વચનો બહાર આવતાં જ એક પછી એક એમ બીજા છ રાવળ વીરો એ જ બરછીમાં પોતાના હાથે જ બળ કરીને ભચ્ચોભચ્ચ પરોવાઈ ગયા. આખો દેખાવ અતિ ભયંકર અને દિલદ્રાવક બની ગયો.

જોગીદાસની આંખો પણ દારુણ દૃશ્ય જોઈને ફાટી ગઈ. તે પણ પોતાના ઘોડા પર જ ચોંટી ગયો. આ લોકો માણસ છે કે કોણ તેનો નિર્ણય તે કરી શક્યો નહિ.

અને આ તરફ એક જ બરછીમાં સાત-સાત રાવળોની હાર શેખડીઆ ગામ તરફ ચાલવા લાગી.

રાપર ગામ પાસે આવતાં જ બરછીમાં પરોવાયેલા સાત જણમાંથી છેલ્લા એકના રામ રમી ગયા. તેને તરત જ બરછીમાંથી બહાર કાઢવામાં આવ્યો અને બાકી રહેતા છ જણા 'હર હર મહાદેવ!' ના પ્રચંડ ધ્વનિ સાથે આગળ વધ્યા. થોડા સમયમાં જ મરણકિનારે આવી પહોંચેલા આ છ મરણિયા વીરોની લાંબી હાર શેખડીઆની સમીપમાં આવી લાગી.

'નિર્દોષ રાવળો પર આવો અમાનુષી જુલમ ગુજારનારનું નખ્ખોદ નીકળી જજો!' એવી ભવિષ્યવાણીના પડઘા ગાજી રહ્યા હતા.

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

એટલામાં શેખડીઆના ચારણોને ખબર પડતાં એ લોકો પણ આવી લાગ્યા. તેમણે બરછીમાંથી એકએક જણને બહાર કાઢ્યા; પરંતુ હવે ઘા ઠરી ગયેલ હોવાથી બહાર નીકળતાં જ આ છ એ છ જણ બેભાન બનીને જમીન પર ઢળી પડ્યા. એમાંના ચાર તો તે જ વખતે જોગીદાસના જુલમની ‘ધા’ દેવા જગત્કર્તાના દરબારમાં જઈ પહોંચ્યા.

શેખડીઆ ગામની પાદરે ઉગમણી તરફ આ રાવળવીરોના આત્મબલિદાનના ઇતિહાસને ઉચ્ચારતા પુરાતન પાળિયાની હાર આ અટંકી વીરલાઓની વિજયગાથા ગાતી આજ પણ અડગ ઊભી છે.

બાકી રહેલા બે જણની શેખડીઆના ચારણોએ તનમનધનથી સેવાશુશ્રૂષા કરવા માંડી. કેટલાક દિવસની સારવાર અને પાટાપિંડીના પરિણામે આ ઉભય રાવળ યુવાનો એ જીવલેણ જખમમાંથી ઊગરી ગયા. આ બંને જણ બરાબર તંદુરસ્ત થઈ જતાં શેખડીઆના ચારણોએ આ આત્મસમર્પણની યાદમાં સોનાની એક નાની મઢૂલી બનાવીને તેમને ભેટ આપી. આજે પણ એમના વંશજો શેખડીઆના ચારણોની પ્રશંસા કરતાં કહે છે કે

*મઢી મેર સમાન, ભલ બનાવી ભાભરે,*
*સોનાની સપ્રમાણ, શેખડાએ સોંપી ભલી.*

હવે પેલા જોગીદાસનું શું થયું તે જોઈએ. કચ્છ કોડાયનો પ્રતિષ્ઠિત ચારણ લાધો પીર, વોવારનો મોડ અને રાગાનો જોગીદાસ એ ત્રણે માસીઆઈ ભાઈઓ હતા. મોડને અને લાધાને જ્યારે જોગીદાસના આ પાપાચરણની જાણ થઈ ત્યારે તે જોગીદાસ રાગ પાસે રાગા ગામે આવ્યા. બાકી રહેલા બે રાવળોની ક્ષમા માગીને આ પાપનુ પ્રાયશ્ચિત કરવા તેમણે જોગીદાસને ખૂબ સમજાવ્યો; પરંતુ જોગીદાસના અભિમાનનો આંકડો અંશમાત્ર પણ નમ્યો નહિ. લાધો પીર અને મોડ નિરાશ થઈને પાછા ફર્યા. જતાં જતાં લાધા પીરે મીઠાની એક કોથળી કૂવામાં નાખીને જોગીદાસને શાપ આપ્યો કે ‘જોગીઆ! જેવી રીતે આ મીઠાની કોથળી પાણીમાં પડીપડી ઓગળી જશે તેમ આજથી તું પણ ઓગળી જઈશ - નષ્ટ થઈ જઈશ!’

લાધો ચારણ વચનસિદ્ધ હતો. તેના મોઢામાંથી જે શબ્દો નીકળતા તે યથાર્થ નીવડતા. એનાં આ વચનો જોગીદાસને બરાબર પૂગી વળ્યાં. તે જ દિવસથી રાગાના ચારણોમાં ઘસારો પડવાની શરૂઆત થઈ. આ રાગા ગામ આજે લાધા પીરના શબ્દોને યાદ કરે છે. લાધો અને મોડ જોગીદાસથી રીસાઈને ચાલ્યા ગયા હતા. આ કારણથી એમના વંશજો આજે પણ રાગ ચારણો સાથે રામરામનો વ્યવહાર પણ રાખતા નથી. રાગ ચારણોને અડકવાથી શરીરે કોઢ નીકળે એવી માન્યતા અદ્યાપિ એમનામાં પ્રચલિત છે. રાવળોના વંશજો પણ રાગા ગામનું પાણી પીતા નથી. રાગનો માત્ર પડછાયો પડે તો પણ તેઓ નાહી નાખે છે. ■


**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |



કચ્છી કથા

# સોન કંસારી

સ્વામી સચ્ચિદાનંદ

કથા તો સ્ત્રીઓની જ હોય. તેમાં પણ સ્ત્રી રૂપાળી હોય અને તેની નાની મોટી કથા ન બને તેવું તો ભાગ્યે જ બને. સ્ત્રી પ્રવૃત્તિપ્રેરક છે. સ્ત્રી હોય ત્યાં પ્રવૃત્તિઓ હોય જ. પ્રવૃત્તિ હોય ત્યાં જીવન હોય. સ્ત્રી ત્યાગીઓ જો ધનત્યાગી પણ થાય તો આપોઆપ પ્રવૃત્તિત્યાગી થઈ જતા હોય છે. પ્રવૃત્તિનો ત્યાગ જ્યારે આધ્યાત્મિક રીતે કે આદર્શની રીતે થવા લાગે ત્યારે પ્રજાનું પતન થવા લાગે. પ્રજાનું પતન એ જ રાષ્ટ્રનું પતન બની જાય. જ્યાં કાંચન-કામિનીના ત્યાગનો અતિરેકપૂર્ણ આદર્શ મનાતો હોય અને આવા ત્યાગીઓનાં ટોળેટોળાં ઊભરાતાં ફરે તો સમજવું કે પ્રજા અને રાષ્ટ્ર સાહસ વિનાનાં બનીને પતિત થઈ જશે. બીજી તરફ જ્યાં કાંચન અને કામિનીની પાછળ ઘેલા થઈને દોડનારાઓનાં ટોળાં વધી જાય તો ત્યાં પણ રાષ્ટ્રનું અને પ્રજાનું પતન થઈ જાય. સ્ત્રી અને ધન પ્રવૃત્તિપ્રેરક છે, તો પણ તેની સીમા હોવી જરૂરી છે. તે ન હોય તોપણ અનર્થ થઈ જાય અને અતિરેકપૂર્ણ હોય તોપણ મહાઅનર્થ થઈ જાય. તેને નિશ્ચિત સીમામાં રાખવાનું કામ ધર્મ કરે છે. ધર્મ કાંચન-કામિનીના ત્યાગની પ્રેરણા નથી આપતો તેમજ તેના અતિરેકની પણ પ્રેરણા નથી આપતો. ધર્મ સીમા બાંધે છે. ધર્મ પાળ બાંધે છે. પાળમાં બંધાયેલું જળ સરોવર થાય છે. સરોવર હજારોનું કલ્યાણકારી બની જાય છે. પાળ વિનાનું જળ વિનાશ કરીને પોતે નષ્ટ થઈ જાય છે. તેથી ધર્મરૂપી પાળમાં બંધાયેલાં કાંચન-કામિની સ્વ-પરનું કલ્યાણ કરનારાં બનતાં હોય છે. પણ સત્તાનો નશો ચઢે તો પાળ તોડવાનું સૂઝે અને તેમાંથી ઇતિહાસ સર્જાય.

બેટ-દ્વારકામાં દૂદણશી વાઘેલો રાજ્ય કરતો હતો. તેને ત્યાં પાછલી ઉંમરે એક કન્યા જન્મી. આખી જિંદગી તલસાવી-તલસાવીને પાછલી ઉંમરે સંતાન જન્મે તો તે બહુ જ વહાલું લાગે. પહેલાં પત્ની વિનાનું જીવન ધૂળ જેવું લાગે અને પછી સંતાન વિનાનું જીવન ધૂળ જેવું લાગે. પત્ની અને સંતાનની ઝંખના કુદરતી હોય છે. તે પૂરી ન થાય તો માણસ દુઃખી રહે.

વાઘેલા રાજાને ત્યાં કુંવરી તો જન્મી, પણ જોશીઓ દુશ્મન થઈ ગયા. જે પ્રજા જોશીઓને આધારે જીવનના મહત્ત્વના નિર્ણયો કરતી હોય તે કદી વૈજ્ઞાનિક ન થઈ શકે. અને જે વૈજ્ઞાનિક ન થઈ શકે તે કદી પણ વિશ્વની અગ્રણી પ્રજા ન બની શકે. આવી પ્રજા પછાત થઈને દરિદ્ર અને ગુલામ જ થઈ જાય.

જોશીઓએ રાહુ-કેતુનું ગણિત કરીને રાજાને જણાવ્યું કે આ કન્યા કુળનાશ કરનારી બની જશે, અર્થાત્ તે તેના કુળનો નાશ કરી નાખશે. જ્યોતિષ કદી વહેમ વિનાનું હોય નહીં. જે કન્યાને જોઈને રાજા હરખઘેલો થઈ જતો હતો તે જ કન્યાને જોઈને રાજા ચિંતાતુર થવા લાગ્યો. હવે તેને તેમાં કુળનો વિનાશ દેખાવા લાગ્યો. વહેમ અને વિષ એક બરાબર હોય છે. વહેમીલો સ્વભાવ અંતે તો ઝેરીલો સ્વભાવ બની જતો હોય છે. વહેમ અને વહાલ એકસાથે ન રહી શકે, કદાચ રહે તો તે છેતરવા માટે જ રહે.

રાજાએ એક દિવસે કન્યાને પેટીમાં બંધ કરીને સમુદ્રમાં તરતી મૂકી દીધી. હાશ! પિંડ છૂટ્યો! કેટલાક સંબંધો પિંડ છોડાવવા માટે હોય છે. છૂટો તો સુખી થાઓ અને ન છૂટો તો દુઃખ ભોગવતા રહો. છૂટવું એ પરાક્રમ છે અને પલાયનવાદ પણ છે. દુષ્ટથી છૂટવું તે પરાક્રમ છે, પણ સજ્જનને વિના કારણે છોડી દેવો તે પલાયનવાદ કહેવાય.

રાજા તો કુળવિનાશના ભય અને ચિંતાથી છૂટ્યો, પણ હવે કુંવરીનું શું? તેનું જે થવું હોય તે થાય, પણ હું તો છૂટ્યો! ત્યારે અનાથાશ્રમો ન હતા. હજારો અભિશપ્ત શિશુઓને ઉકરડામાં ને નદીમાં ફેંકી દેવાતાં, કારણ કે હજારો કુન્તીઓને આબરૂ સાથે જીવવું હોય છે. લોકો વારાંગનાને તો સહન કરી શકે છે, પણ કુન્તીને સહન કરી શકતા નથી. કઠોર હૃદય વિના કુન્તી ન થવાય, જે જીવનભર કર્ણને દૂરથી માત્ર જોતી જ રહે, નજીક ન જઈ શકે. પશુ-પક્ષીઓમાં કોઈ કુન્તી નથી હોતી, કોઈ કર્ણ નથી હોતો, કારણ કે તેમને સંસ્કૃતિ નથી હોતી. જેમજેમ સંસ્કૃતિ વધુને વધુ મહાન થતી જાય તેમતેમ કુન્તીઓનું પ્રમાણ વધતું જાય. બહુ ભવ્ય સંસ્કૃતિ ઘણી કુન્તીઓ પેદા કરે છે. ઊતરતી સંસ્કૃતિઓ કુન્તીઓને સહન કરી લે છે, સ્વીકારી લે છે, તેથી કોઈ કર્ણને જીવનભર શાપિત જીવન જીવવું નથી પડતું.

પેલી પેટી તરતી-તરતી મિયાણી બંદરે પહોંચી. જળનાં મોજાં હંમેશાં પાળ તરફ જતાં હોય છે. મોજાં પાછાં મધદરિયે નથી ફરતાં. પાળે પહોંચીને મોજાં પાછાં તો ફરે છે, પણ સમુદ્રમાં સમાઈ જવા પાછાં ફરે છે, તેથી સમુદ્રમાં પડેલું બધું કિનારા તરફ ફેંકાઈ જાય છે.

જીવનમાં કેટલુંક યોગાનુયોગ બનતું હોય છે અથવા કહો કે ભાગ્યનિર્ધારિત બનતું હોય છે. જે સમયે પેલી પેટી સમુદ્રકિનારે પહોંચી, બરાબર તે જ સમયે મિયાણીનો એક કંસારો દરિયાકિનારે પહોંચ્યો હતો. તેણે તરતી પેટીને જોઈ ને તેને ઉત્સુકતા જાગી. તેણે પેટી લઈ લીધી અને ખોલીને જોયું તો એક રૂપરૂપનો અંબાર બાળકી કિલકિલાટ કરી રહી હતી! તેનાં દેખાવ અને વસ્ત્ર-

આભૂષણો ઉપરથી લાગતું હતું કે તે કોઈ ઉચ્ચ ખાનદાનની કન્યા હોવી જોઈએ. કુન્તીઓ અને કર્ણો ઉચ્ચ ખાનદાનમાં જ થતાં હોય છે, હલકા અને તુચ્છ ગણાતા લોકો આ પાપથી મુક્ત હોય છે, અર્થાત્ તેમને ત્યા કુન્તી-કર્ણ નથી હોતાં.

કંસારો હોંશેહોશેં પેટી ઘરે લઈ ગયો. યોગાનુયોગ તે પણ વાંઝિયો હતો. તેની પત્નીના હરખનો પાર ન રહ્યો. પોતાની કૂખ ફળદ્રુપ ન નીવડી તો પારકી કૂખનું ફળ પણ પોતાનું બનાવી લેતાં વંધ્યા સ્ત્રી ધન્યતા અનુભવતી હોય છે. બાળકીનું નામ 'સોન' પાડ્યું. સોનબાઈ...સોનિયા જ સમજી લો ને!

સોનડી તો જોતજોતાંમાં ખીલી ઊઠી. ઉકરડી અને કન્યાને વધતાં વાર ન લાગે. હવે તો તેનું જોબન ચારે તરફ છલકાવા લાગ્યું. રૂપ અને જોબનનો મેળ જામે તો કથાઓ ઊભી થાય. મિયાણીના રાજા પ્રભાત ચાવડાના કાને સોનનાં વખાણ પહોંચ્યાં. ત્યારે તો એવું પણ મનાતું કે આખા રાજ્યનાં બધાં રૂપ અને જોબન રાજાનાં જ હોય. રાજા ધારે તેને રાણી બનાવે, રખાત બનાવે, કારણ કે તે જ સૌનો માલિક ગણાતો.

પ્રભાત ચાવડાએ કંસારા પાસે સોનની માગણી કરી, પણ સોનની અને કંસારાની ઇચ્છા ન હોવાથી રાજાની માગણીનો સ્વીકાર ન થયો. રાજાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. ક્રોધ વિનાનો રાજા ન હોય અને રાજકોપ વહોરનાર વિનષ્ટ થઈ જાય. ક્રોધ વિનાનો રાજા હોય તો તે કાં તો ભગવાન હોય, કાં મહામુત્સદ્દી હોય.

કંસારો કન્યાને લઈને ભાગ્યો, પણ જવું ક્યાં? કોણ આશરો આપે? ત્યારે ઘૂમલીમાં ભાણ જેઠવો રાજ્ય કરે. ભાણ મર્દનો બચ્ચો હતો. બધાં બાળકો મર્દનાં બચ્ચાં નથી હોતાં, મોટા ભાગનાં કુરકુરિયાં જ હોય છે. કુરકુરિયાંનો ઇતિહાસ ન હોય, સિંહનો ઇતિહાસ હોય. ભાણ જેઠવાએ કંસારાને શરણ આપ્યું. તે જાણતો હતો કે આ રૂપની પાછળ ધગધગતો જ્વાળામુખી આવી રહ્યો છે. જે થવું હોય તે થાય, પણ શરણાગતને હું તરછોડીશ નહીં-એવી ધારણાથી તેણે કંસારાને શરણ આપ્યું.

પણ રૂપ ક્યાંય સખણું ન રહે. તે જ્યાં જાય અને જ્યાં રહે ત્યાં મોજાં ઉત્પન્ન થાય. આ કુદરતી પ્રક્રિયા છે, તેથી ડાહ્યા લોકો રૂપને ઢાંકેલું રાખતા હોય છે. ઉઘાડું રૂપ ઉઘાડા વીજળીના તાર જેવું હોય છે. ખેંચી લેતાં અને ચૂસી લેતાં વાર ન કરે. તેમાં પણ જે રૂપ બનીઠનીને, જાણીકરીને પ્રદર્શન કરતું ફરે છે તે તો રગદોળાઈ જવા માટે જ ફરતું હોય છે. ઢાંકેલો પૈસો સુરક્ષિત રહે, તેમ ઢાંકેલું રૂપ પણ સુરક્ષિત રહે. ઉઘાડો પૈસો લૂંટાઈ જાય, તેમ ઉઘાડું રૂપ પણ લૂંટાઈ જાય.

ભાણ જેઠવાને ત્યાં તેનો સાળો મિયાત બાબરિયો રહેતો હતો, તેનો કુંવર રાખાયત પણ રૂપાળો અને યુવાન હતો. સોન અને રાખાયતની નજર એક થઈ. જોતજોતામાં બંને એક થઈ ગયાં. હાશ! હવે કંસારાને શાંતિ થઈ. બહુ રૂપાળી કન્યા પિતા માટે ભારે ચિંતાનો વિષય કહેવાય. તેને બગડતાં કે બગાડતાં વાર ન લાગે. બગડેલું રૂપ કે લુચ્ચા-લફંગાઓ દ્વારા બગાડેલું રૂપ જન્મજાત કદરૂપા કરતાં પણ વધુ કદરૂપું થઈ જતું હોય છે. જન્મજાત કદરૂપતા જો નિષ્કલંક હોય તો પવિત્ર પણ હોઈ શકે છે અને પવિત્રતા પૂજાય છે. પણ અતિરૂપ લોકો દ્વારા બેડોળ બન્યું હોય તો તે કલંકપૂર્વકની જ બેડોળતા હોય. કલંકપૂર્વકનું સૌંદર્ય ગમે તેટલું ભવ્ય હોય તો પણ તે પૂજાતું નથી. નિષ્કલંકતા જીવનની સૌથી મોટી સિદ્ધિ કહેવાય.

રાખાયત અને સોનનાં લગ્ન થઈ ગયાં. બંનેએ સોહાગરાત ખૂબ ઊજવી. પણ સોનનાં લગ્નને પૂર્વના શિકારીઓ સહન કરી શક્યા નહીં. કહેવત છે કે "વીરભોગ્યા વસુંધરા." પણ આ કહેવત માત્ર આટલેથી પૂરી થતી નથી, પણ "વીરભોગ્યા રૂપાન્વિતા" પણ કરવું જોઈએ. સોનના પૂર્વ શિકારીઓ ચઢી આવ્યા, ભયંકર ધિંગાણું જામ્યું અને દગાથી સંતાઈને રાખાયતનો વધ થઈ ગયો. સોનની મહેંદી પણ ધોવાઈ ન હતી ત્યાં તેની ચૂડી નંદવાઈ ગઈ. કેટલીક સ્ત્રીઓ અખંડ સૌભાગ્યવતી થવાની જગ્યાએ અખંડ વિધવા થવા માટે જ પરણતી હોય છે.

રાખાયતની પાછળ સતી થઈ જવા સોન તૈયાર થઈ ગઈ, પણ ભાણ જેઠવાની દાનત બગડી. તેણે સોનને પત્ની બનાવવા તૈયારી કરી. કુંવારું રૂપ સુરક્ષિત નથી. હવે તો સધવા રૂપ પણ સુરક્ષિત ન રહ્યું. ધણી વિનાના વિધવા રૂપના ધણી થવા આખું ગામ તૈયાર થઈ જાય. તેના કરતાં સતી થઈને શાંતિ પામવી શી ખોટી? પણ ભાણ જેઠવો પાછળ પડ્યો. સોન સ્મશાનમાંથી ભાગી. ક્યાં જવું? કોણ સંઘરશે? દોડતાં-દોડતાં એક બ્રાહ્મણનું ઘર આવ્યું. સોન તેમાં પેસી ગઈ. બ્રાહ્મણ મર્દનો બચ્ચો નીકળ્યો. તે ભાણની આડો ઊભો રહી ગયો.

"ખબરદાર, જો આગળ વધ્યો તો! હું લોટ માગી ખાનારો બામણો નથી! હું તો પરશુરામનો દીકરો છું! વેતરી નાખીશ!"

બ્રાહ્મણો ભેગા થઈ ગયા. બીજી તરફ ભાણના માણસો પણ ભેગા થઈ ગયા. ભયંકર ધિંગાણું જામ્યું. કહેવાય છે કે આ ધિંગાણામાં અનેક બ્રાહ્મણો ખપી ગયા, પણ તેમણે સોનને આપી નહીં. બ્રહ્મપોળ બ્રાહ્મણો અને જેઠવાઓનાં ધડોથી છવાઈ ગઈ. બીજા દિવસે એ જ ફળિયામાં મોટી ચિતા રચાઈ. સોનબાઈએ રાખાયતનું માથું મંગાવી પોતાના ખોળામાં લીધું. હવે ખરી સોહાગરાત ઊજવવાની છે તેમ કહીને અગ્નિ સળગાવી દીધો : જન્મોજન્મ સાથે જીવશું અને સાથે જ બળશું! જોતજોતામાં અગ્નિની જ્વાળાઓએ બંનેને પોતાનામાં સમાવી દીધાં.

મરતાં-મરતાં સતી સોને ભાણ જેઠવાને શાપ આપ્યો : ઘૂમલી ઉજ્જડ થઈ જશે! સતીની આંતરડી કકળે તો શાપ વ્યર્થ ન જાય.

સંવત ૧૩૬૯માં કચ્છના જામ મૂળવાજીએ ઘૂમલીને રગદોળી નાખ્યું. ફરી ઘૂમલી ઊભું ન થયું. આજે હવે ત્યાં માત્ર ખંડેરો જ ખંડેરો દેખાય છે. ઘૂમલીની બ્રહ્મપોળ બ્રાહ્મણોની શહીદીથી ધન્યધન્ય થઈ ગઈ.

લોકોએ સોન કંસારીનું દેવળ બાંધ્યું. જે આજે પણ ઊભું ઊભું આહલેક જગાવે છે. ■



ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૭)

હંસરાજ સાંખલા

## રતનને સંજોગોએ હરાવી

આજે નાનબાઈ થોડી વહેલી પરવારી હતી. તેને રતન યાદ આવી. 'હરરોજ હાંજે મન હલકું કરવા આવનાર રતન આજે દસ-બાર-પંદર દી થ્યા કેમ મળીયે નઈ.' થોડી નવાઈ લાગી. એમ પણ થયું. "બિચારીને તાવ તૈયો તો નીં આવ્યો હોય ને? નૈ તો મલ્યા વગર રે નીં! જરા ખબર તો કાઢું!"

નાનબાઈ શેરી ઓળંગી ડેલીમાં થઈ, રતનના ઘરના દરવાજા બાજુ ગઈ.

"જોતિ (જ્યોતિ) બેટા, ક્યાં હે તારી મા?" નાનબાઈએ પૂછ્યું.

"ક્યાં હૌં? ઈયાં જ જુહાણી પડી હૌં." રતને કંટાળાજનક ટોનમાં કહ્યું.

"શું કરોરી હજી નથી પરવારી?" નાનબાઈએ પૂછ્યું.

"પરવારી તાં વેલી ગઈ હ. છોરીયું લેશન કરેર્યું ને હું પહાંમાં બેઠી'તી." કહી ઊભી થતી રતને હાથમાંનું કંઈક સાડીના છેડામાં વીંટાળી કેડે દબાવ્યું એવું નાનબાઈને લાગ્યું. કંડેલના ઝાંખા ઝાંખા અજવાળામાં નાનબાઈએ આ જોયું "શું હતું તારા હાથમાં રતન?"

"કાંઈ નીં!"

"કાંક હતું? કેતો ખરી. વતાડ (બતાવ) જોઉં!" કહી નાનબાઈએ રતનના કેડમાં દબાવેલી, સાડીના છેડામાં વીટાળેલી વસ્તુ હાથમાં લીધી. જોયું. 'માળા' હતી.

મોં ઉપર સ્મિત લાવતાં 'રતન તું ભગત કૈયેંથી થૈ ગીં? તને માળા કરવાનો ટેમ જડેર્યું?" નાનબાઈએ પૂછ્યું.

"નથી જડતું બાઈ, પણ આવું થોડું થકું કાંક કરીએ તો ભગવાન થોડાક તાં ગુના માફ કરે. અને આવતા જનમમાં માંડ હખર ઘર દે. આ જનમમાં ભોગવીયે ર્યા ઈ ઓછું હે?" રતન જરા રડમસ અવાજે બોલી, "હાલ લે બાઈ આપણે આપણા રોજના ઓટે (ઓટલે) બેહીને વાતુ કરીયે! ઈયાં બેહસું તો છોરીયુંને વાંચવામાં મજા નીં આવે."

અને બંને બહાર દરરોજવાળા ઓટલે બેઠી. પણ રતન કંઈ બોલી નહીં. રતનને ઢીલી અને ગંભીર જોઈ નાનબાઈએ પૂછ્યું.

"રતન બોલતી કાં નથી? તારી તબિયતતાં ભરાભર હે ને?"

અને રતન રડી પડી. રડતાં રડતાં એ ડૂસકે ચડી ગઈ. નાનબાઈએ રતનને આવી રીતે રડતાં ક્યારેય જોઈ ન હતી. નાનબાઈને કંઈ ન સમજાયું. એણે રતનની પીઠ ઉપર હાથ ફેરવ્યો.

નાનબાઈ રડતી રતનની પીઠ ઉપર હાથ ફેરવતી રહી.

"રતન કે' તો ખરી. હું તો તારી બોન જેવી હૌં ને? જે હોય તે કહી દે રતન!"

રતન થોડી શાંત થઈ, કંઈ કહેવા જતી હતી ત્યાં એ ફરી રડી પડી. એ કંઈ કહી ન શકી! થોડી વારે શાંત પડી. પણ એ બોલી ન શકી. એટલે નાનબાઈ પણ એકદમ ગંભીર બની ગઈ.

"રતન કહી દે મારી બોન તને મારા હમ હૈ." નાનબાઈએ કહ્યું ત્યાં રતન ફરી રડી પડી. થોડી વારે શાંત પડતાં કહ્યું,

"બાઈ...!" આટલું કહી એ આગળ ન બોલી શકી. એનાથી ફરી ડૂસકું મુકાઈ ગયું. પછી જરી શાંત પડી ધીમેથી કહ્યું, 'બાઈ તમે વઢો એવું મેં કામ કર્યું હે. મારા કને એના સિવાય બીજો કોઈ રસ્તો ન'તો. હું હારી ગઈ. બાઈ હું હારી ગઈ.' અને એ ફરી રડી પડી.

નાનબાઈને આખી વાત સમજાઈ ગઈ. છતાં જાણવું તો પડશે. કેમ અને શું બન્યું. "રતન જે બન્યું હોય ઈ કે તો ખરી. તું તો મને બધી જ વાતું કરોરી ને? હું તારી બોન હઉં. મને નીં કે તો કેને કઈશ? તને મારા હમ હે!" રતનના હાથ દબાવીને પકડી રાખી નાનબાઈએ કહ્યું.

થોડી વાર પછી રતન રડમસ અવાજે બોલી, "બાઈ તમે મને કેટલીયે વાર તમારા ઘરેથી ઘઉં જવ ને બાજરો દેતાં'તાં. આમ ઘડી ઘડી કેટલીવાર માગું? કલકત્તેથી આજ આઠ નવ મહિના થ્યા, એણે પૈસા નથી મૂક્યા. જગાએ ઉધારમાં રસકસ દેવાની ઘસીને ના કૈ દીધી'તી. તે'દી ઘરમાં છોરીયુંને ખવરાવવા કાંય નોતું. છોરીયુંને આછી પાતળી રાબ પાવા હારું વ્હેલી હવારના અંધારામાં દરશન કરવાના બહાને મંદિર ગૈ ને કોંય ન દેખે એમ મંદિરના ઓટે માહણે પંખી હારુ નાખેલા ચણ છાયટીયો (જુવાર) ને ગઉજવ વાળીને લૈ આવી. એને ખાંડી રાબ બનાવી, છાયમાં ચોળી આખો દી છોરીયુંને પીવરાવી." થોડું અટકી રતન આગળ બોલી, "હાંજે કોકીએ 'મને રોટલો ખપશે રાબ નીં પીઉં.' કહી હઠ કરી. ઈ વેડી. એણે બહુ મનાવી. પણ એને રાબ ન પીધી. રોતી રોતી ભૂખ્યા પેટે હુઈ ગઈ, કહેતાં રતનના ગળે ડૂમો આવી

ગયો. એ રોવું ન રોકી શકી. એ ફરી રડી પડી. થોડી વારે આંસુ લૂછતાં એ માંડ બોલી, "જગે ઉધાર દેવાની ના પાડી દીધી'તી. ખાતે લખાવવું હોય તો ધકોય ન ખાતાં. એવું ચોખેચોખું કહી દીધું'તું. તો હવે કાલે શું...?"

ઇ રાતે મને ઊંઘ ન આવી. હું એને ને મારા નસીબને મનમાં ગાળું દેતી રઈ. પડખાં બદલતી રઈ. ભૂખ્યા પેટે હુઈ ગયેલી કોકી પણ ઘડીક ઠણકા કરે. ઘડીક ઉકાટા કરે, ઘડીક પડખાં બદલે ને ઉથલ્યા કરે. એને પણ ભૂખ્યા પેટે ઊંઘ નો'તી આવતી. મારાથી આ બધુ સહન નો'તું થતું. હું રોતી રઈ, વિચારતી રઈ.

આ હાલતમાં શું માગ (રસ્તા) નીકળે? એમ હવાર હોદી મને જુદા જુદા વિચારો આવતાર્યા.

જલોબાપો કરેને કાલે જો એનું મનીઓર્ડર આવે તો સવાલ નતો પણ એની તો હાવ આશાય મરી પરવારી હે. તો હવે શું કરવું.?

મને એક રસ્તો સૂઝ્યો. માંકડ મારવાની દવા પી જાઉં તો છૂટી રઉ આ બધાંથી. પણ પછી છોરીયુંનું શું? વિચારી મનથી નક્કી કર્યું, એ તો નીંજ કરું. બાઈ પછી મને ત્રણ રસ્તા દેખાતા'તા. ત્રણે રસ્તા જોખમી હતા. પણ ઓછું જોખમ કીયે રસ્તે હે ઇ વિચારવું તું. મુખીબાપાના નરેશભાઈ કને લાગાબંધી નક્કી કરી, એના પેટે એના કને ધાન લઈ આવું. કાં ખીમજી માસ્તર કને ઉધારા રૂપિયા લઇ આવવા ને કાં કોય ન હોય તૈયે જગા કને નવેસર હાથ જોડી થોડો વાયદો માગી ઉધાર રસકસ લાવવું.

વિચાર કરતાં મને એમ થયું, જગાભાઈને હાથ જોડી થોડા દીનો વાયદો માગવો. એવા વિચાર સાથે ઊંઘ આવી ન આવી ત્યાં હવાર પડી.

દરરોજના ટેમે હું પરવારી. પણ મારા મગજમાંથી કોકીના હાંજ અને રાતની હાલતના વિચાર હટતા નો'તા! હું મરઘાંમા કને ગઈ મેં કહ્યું બાઈજી બે રોટલા જેટલો ઘઉં જવનો લોટ દેજો. જરા કોકી હાંજે ઘઉંના રોટલા હારું વેડીતી. ઇ કે બાજરાનો રોટલો નીં ખાઉ. એમ કરતાં વેડીને રોતી રોતી હુઈ ગીતી.' હું મરઘાંમા કને થોડું ખોટું બોલી."

"તૈયેં હાંજે જ લઈ જવો ખપેને. ઈતાં છોરુ હે. વેડેય ખરું!" માએ કહ્યું.

મેં કહ્યું, "મને એમ કે બાજરાનો રોટલો ખાઈ લેશે. પણ ન ખાધો."

મરઘાંમા થોડો લોટ લઈ આવ્યાં. મને આપતાં મારી આંખો જોઈ પૂછ્યું.

'વઉ, તમારી આંખુ આવડી રાતી દેખાયર્યું તે દુખેર્યું કે શું હે? તો મેં કીધું, 'ના એવું કાંય નથી. આ કોકીના વિચારમાં નિરાંતે ઊંઘ નો'તી આવી.' કહેતાં આંખના ખૂણા ભીના થયા.

મરઘાંમાએ પૂછ્યું, "વઉ મારા દીકરાનો કાગળ બાગળ કાંય આયો કે નીં?"

"ના નથી આયો ઇયે ઉંવા કેવા કામે ભેલાણા હે? ખબરે નથી પડતી. નથી કાગળ, નથી પૈસા કે નથી ઇ. મને હવે કાંય હુઝતું નથી. તમે મારા હાહરાને કે ફુઆને કૈને કાંક કરાવોને! મારું તો હવે મગજે કામ નથી કરતું! તો મરઘાંમાએ કેધું, "તમારી વાત હાચી હે. લ્યો આજ હાંજેજ કાગળ લખાવું! આમ હાલતું હશે કાંય? ઘર હામે તાં જોયું ખપે કે નૈ? એને આવ્યે યે બે વર થ્યાં."

"એની તાં વાત હે" કહી હું લોટ લઈ આવી. કોકિલા માટે રોટલા ઘડી એને ખવરાવ્યા. એમાંથી ત્રણે છોરીયુંને ફડી ફડી રોટલો ને આછી પાતળી રાબ દીધી.

તે દી હું મજૂરે ન ગઈ. ને અગાડના જ જગાની દુકાને ઉધારમાં બાજરો લેવા ગઈ. તે વખતે દુકાને કોય ઘરાગ નોતું.

જગે વાત ઉચ્ચારી "ભાભી મારા પૈસાનું શું કર્યું?"

મેં કેધું, આવશે, એટલે એકે દી નીં રાખું. પેલા તમને દઈશ. તમે મારું કામ કરોર્યા ઇ કેદીયે નીં ભૂલું! તો એને કેધું "એમ ખાલી યાદ રાખવાથી શુ વળવાનું હે. તમારી તકલીફમાં મેં તમારું કામ કર્યું હે તો મારી તકલીફમાં તમે મારું એક કામ ન કરો?" મેં કેધું કરવા જેવું હશે તો જરૂર કરીશ. કો શું હે? એને કેધુ; જુઓ ભાભી પંદર દી થ્યા તમારી દેરાણી માવતરે ગી હે. ઇ આવે ત્યાં હોદી બેચાર દીયે એકાદીવાર ઘર વાળીચોળી દ્યો તો તમને તમારી મજૂરી દઈ દઈશ; તમારી મજૂરી નૈ રાખું? પેલાંય તમારાં કામ કર્યા હે ને હજીયે ક્યાં ના હે. લ્યો આજ કાંય લઈ જવું હોય તો લઈ જાઓ. ઇ ઘરની જ વાત હે ને? અને મને ખપતું રસકસ ઉધાર આપ્યું અને કેધું આવો તૈયેં થોડોક ટાઈમ લૈને આવજો. એને ગ્યે પંદર દી થ્યા પણ ઘર જોવા જેવું નથીર્યું. ઘરવાળીનું મહત્ત્વ ઘરવાળીની ગેરહાજરીમાં હમજાય. મેં હસીને હકારમાં માથું હલાવ્યું. એણે કીધું "તો ઇ રીતે આવજો. જેથી કરી નિરાંતે સાફસૂફ થાય. હણમાર ન કરવી પડે."

મેં કહ્યું, "ભલે પછાડની (બપોર પછી) આવીશ મોડું વેલું થશે થોડું."

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ઇ કે "ભલે કાંય વાધો નીં" કહી રતન આગળ ન બોલી એની આંખમાં ફરી આંસુ આવી ગયાં એ સાડીના છેડાથી આંસુ લૂછવા લાગી. એ લાંબા લાંબા ઊંડા પકડાતા શ્વાસ લઈ મનમાં ને મનમાં રોતી હોય એવું નાનબાઈને લાગ્યું.

"રો નીં રતન! જે બન્યું હોય ઇ કઈ દે મને!"

સાડીના છેડાથી આંસુ લૂછતી રતન થોડીવાર ધીમે ડસકે રોતી રહી.

એની પીઠ ઉપર હાથ પસવારતી નાનબાઈને એના શ્વાસની ગતિ અને પીઠના હલનચલન થકી ખબર પડી, રોધું (રૂદન) પકડી પકડીને રોતી રતનને મનમાં કેટલી વેદના હે. અને આ બનાવનો રતનને કેટલો આઘાત લાગ્યો હે. એ પણ એની ધારણામાં આવી ગ્યું.

"રતન આગળ કે તો ખરી મારી બોન." કહેતાં નાનબાઈની આંખમાં પણ આંસુ આવી ગયાં. નાનબાઈએ ખૂબ ગંભીર બનીને કહ્યું. પછી ધીમેથી રતને વાત ચાલુ કરી.

"તે દિવસે સાંજે અંધારું થવા આવ્યું હતું. દુકાન ઉપર કોંય ઘરાગ નો'તું. હું ગઈ તો ઇ કે આવી ગયાં? મેં કાંય જવાબ ન દીધો. ઇ કે ભાભી હું ઘરમાં દીવાબત્તી કરી આયો હઉં. કંડેલ લાગેર્યો. તમે સાફસૂફ ચાલુ કરો. કોંય ઘરાગ નથી. હું દુકાન વધાવીને હમણાં જ આવુંર્યો. ન કાં તમે એકલાં થૈ રેસો. હું દુકાનના અંદરના દરવાજેથી આંગણામાં થૈ, ઘરમાં ગઈ. એ દુકાન બંધ કરી એ પણ પાછળ આવ્યો. હું હારમણી ખણી કંડેલના અજવાળામાં ઘર સાફસૂફ કરવા મંડી. મારા મગજમાંના અનેક અમંગળ વિચારો થકી મને બીક લાગતીતી. મારું હૃદય પણ ખૂબ તેજ ગતિએ ધબકતું'તું; હું હાચાહાચ બી ગીતી! ત્યાં જગે કહ્યું.

"ભાભી તમે શરૂ કરો, હું દુકાનનો આગળિયો બંધ કરવાનું નથી ભૂલ્યોને જરા જોઈ આવું." કહી ઉતાવળે પગે એ ગ્યો. મેં છૂપી રીતે તેને ડેલીનો આગળિયો બંધ કરતાં, ચંદરના અજવાળે જોયું. બીકથી મારી રુંવાડી ઊભી થૈ ગી; એને આવતો જોઈ હું પાછી ઘર સાફ કરવા મંડી ગી. તેના પગનો અવાજ હાંભળી, એની હામે જોયા વગર મેં પૂછ્યું, "આ તમારાં કપડાં ક્યાં મૂકવાં હે?"

એણે કેધું "કબાટના માથલ્યા ખાનામાં મૂકી ઘો." હું ખાટલા પર પડેલાં કપડાં લઈ કબાટના માથલ્યા ખાનામાં ગોઠવવા મંડી. ઇ નજીક આવ્યો ને પાછળથી મને...એ આગળ ન બોલી શકી. એની આંખમાં ફરી આંસુ આવી ગ્યાં. આંસુ લૂછી એણે કહ્યું, "મેં એનો વિરોધ ન કર્યો. બાઈ આવું બધું થશે એવું હું ધારતી જ હતી અને હું એને વશ થૈ ગી." રતન ધીમે ધીમે થોડી વાર રોઈ પાછી કહ્યું "ઇ વચ્ચે વચ્ચે વાતું કરવા મંડ્યો તો મેં કેધું વાતું કર્યા વગર તારું કામ ઝપાટે (જલ્દી) પતાવ. મને તક્કડ હે (ઉતાવળ છે.)

તો ઇ કે 'કાં ભાભી તમને મજા નથી આવતી?' મેં કેધું જગાભાઈ, હું તમારી કને મજા કરવા નથી આવી કે નથી આવી મારા શરીરની ભૂખ મટાડવા! હું તાં આવી હૌં મારી ચાર દીકરીયુંનાં પેટની ભૂખ મટાડવા. મારી દીકરી જ્યોતિને કામે ન લગાડવી પડે અને ઇ ભણી હકે એના હારું આવી હૌં. હવે તું તક્કડ કર."

જગો મને પૂછવા મંડ્યો તમને હાચાહાચ મજા નથી આવતી ભાભી?

જગાભાઈ, મજાની વાત ક્યા કરોર્યા? આ તો મારી મજબૂરી હે એટલે આવી હૌં. હું કેમ આવી હઉં ઇ તમને નીં હમજાય. તમને ખબર નથી મારી દીકરીયુંને બે દી થ્યા હું પેટ પૂરતો લૂખો રોટલોય નથી દઇ હકી. એના પેટની ભૂખ મટાડવા હારું આવી હઉં મારી જ્યોતિને કામે ન લગાડવી પડે ને એ આગળ ભણી હકે એના હારું આવી હઉં. હવે તમે તક્કડ કરો. તો એને કેધું. ઉવાં મારો ભાઈ તાં બંગાળી બાઈમણ ભેગો રોજ મજા કરેર્યા પછી તમને મજા કરવામાં શું વાંધો? હું કાંઈ ન બોલી, થોડી વારે એણે ફરી પૂછ્યું, નોતા આવતાં નોતાં આવતાં તોય આવવું તો પડ્યું ને? આયાં તૈયે તક્કડ કાં કરોર્યા? ભાભી!

તો મેં કેધુ : જગાભાઈ! તમે ભૂલોર્યા. આ તમારી રતનભાભી નથી આવી, ભૂખી દીકરીયુંના પેટ ભરવા એક લાચાર મા આવી હે. તમને ખબર નથી પણ આજ મારા ઘરમાં ધાનનો એક પણ દાણો ન'તો એનો રસ્તો કાઢવા આવી હૌ." કહી રતન થોડી શૂન્યમનસ્ક બની ગઈ. પછી કહ્યું "બાઈ હું ખરેખર એનો રસ્તો કાઢવા જ ગી'તી. મારી છોરીયુંને આખો દી છાય જેવી આછી રાબ પીતાં હું ન જોઈ હકી. બાઈ હું ભૂખી કોકીનો રોટલા માટેનો વલવલાટ ને ઊંઘમાં એ ઉંકાટા કરતીતી ઉ હું ન હાંભળી હકી એટલે આ પગલું ભરવા હું લાચાર થૈ ગી!"

અને ફરી રતન નાનબાઈના ખભે માથું મૂકી રડવા લાગી. એ રોતી રહી. એનું પરસેવે રેબઝેબ, આખું શરીર ધ્રૂજતું હતું.

"હું હારી ગી, બાઈ હું નેઠ હારી ગી. તને આ વાત

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

કીયા મોઢે કૌં? મને શરમ થતી'તી.'' કહી એ સાડીના છેડાથી આંખો લૂછતી રહી.

નાનબાઈને હવે સમજાયું, ક્યારેય ભગવાનનું નામ ન લેનાર રતન આજે માળા શા માટે ફેરવતી હતી?

નાનબાઈને તે રાત્રે ઊંઘ ન આવી. ''બિચારી રતન.''

તે પછી નાનબાઈને કોણ જાણે કેમ રતનને મલવાનું મન ન થતું. ક્યારેક નવરી પડતી ત્યારે એના તરફ લાગણી ખેંચાતી પણ તેનું મન મલવાની ના પાડતું. કદાચ નાનબાઈના મગજમાંથી રતન ઊતરી ગઈ હોય તેમ ને કાં તો સંસ્કારી પણ મજબૂર બહેનપણીને શરમાવું પડે ને એ પોતાની જ નજરમાં ઊતરી જાય એવું કરવા નાનબાઈ નહિ માગતી હોય!

સામે રતનને પણ અપરાધભાવને લઈને નાનબાઈને મલવા જતાં સંકોચ શરમ થતાં હશે. એ પણ મળવા ન જતી.

આ રીતે બંને સખીઓની રાત્રી રયાણ બંધ જેવી થઈ ગઈ. મળતી પણ અલપ-ઝલપ મળતી.

નાનબાઈ ''શું હાલેર્યું?'' એમ રતનને પૂછી તેના અંદરના દુઃખતા ઘાને તાજા કરી તેના પર મીઠું ભભરાવવા નહોતી માગતી. અને રતન પણ વગર પૂછ્યે પહેલાં કહેતી એમ હવે અપરાધ દોષના ભાવને લઈ (ઝાઝુ) કંઈ કહી શકતી નહીં.

બે અઢી મહિના પછી એક દિવસ સમી સાંજે ફળિયામાં જતી નાનબાઈને રતને બોલાવી.

''બાઈ, ખાધા પછી આવજો તાં થોડું કામ હે.''

એ જ જૂની રયાણવાળો ઓટલો અને એ જ બે સખીઓ. રાત્રે મલી.

થોડી વાર બંનેમાંથી કોઈ કંઈ બોલ્યું નહીં.

રતન નાનબાઈની બાજુમાં થોડી ખસી. આજે ફરી નાનબાઈના હાથ પકડી, બોલ્યા ચાલ્યા વગર રતન રડી પડી. બાઈ મને બચાવી લ્યો.''

''શું હે વળી કે તો ખરી'' નાનબાઈ ગભરાઈ ગઈ.

''કાલે મારા ભેગાં મોટા દવાખાને હાલશો...?''

નાનબાઈ વાત સમજી ગઈ 'રતન તેં આ શું કર્યું. હવે દુનિયાને મોં શું બતાવીશ?' નાનબાઈને ગુસ્સો આવ્યો. ગુસ્સામાં એ બોલી ગઈ ''આના કરતાં તેં ઝેર પી લીધું હોત તો ધજ થત (સારું થાત) રતન!''

''ઈ તાં હું લૈ જ આવીતી માંકડ મારવાની દવા. આરી. ગઈ રાતે જ પીવાનો વિચાર હતો. તૈયારી કરી, કંડેલનાં અજવાળામાં મારી ચારે દીકરીયુંના છેલીવાર મોં જોવા ગઈ. ને હું ફરી વધુ એકવાર હારી ગઈ. હું એક મા હૌં. બાઈ! હું એક મા હૌં. બાપ તાં બાપ ન થ્યો પણ જો હું જનમ દેનારી મા, મા મટી દીકરીયુંને રઝળતી મૂકીને જતી રૌં. તો વાંહે એનું કોણ? પાછળ એનું શું થાય? મારું જે થવાનું હોય તે થાય. સમાજને જે કહેવું હોય તે કહે અને કુટુંબને જે કરવું હોય ઈ કરે પણ મારી ફૂલ જેવી નિર્દોષ દીકરીયુંને મા વગરની કરી તેને રઝળતી નીં કરું?''

રતન ધીમે ડૂસકે રોતી રહી. થોડી વાર પછી બોલી, ''બાઈ, તમે જ કો'હવે હું શું કરું? મારી દીકરીયુંની જવાબદારી તમે લેતા હો તો ચાર દીકરીયુંના હમ (સોગંદ) આ શીશી હમણાં જ પી જઈશ તમારી હાજરીમાં જ. ને કાલનો દી (સૂરજ) નીં જોઉં.'' ચંદરના અજવાળામાં નાનબાઈએ રતનની આંખોમાંથી વહેતાં આંસુ જોયાં.

નાનબાઈએ રતનના હાથ દબાવીને પકડી રાખ્યા. એની આંખમાં પણ આંસુ આવી ગયાં. ''કાંય ન કરજે રતન! હું રસ્તો કાઢુંરી, મારા માથે વિશ્વાસ રાખજે. મારી બોન.''

છતાં રતને આજીજીભર્યા અવાજે કહ્યું, ''હાલશોને મારા ભેગાં દવાખાને?''

''મેં તને કેધુંને મારા માથે વિશ્વાસ રાખ. હું તારા માટે જે કરવું પડશે ઈ હંધુય (બધું જ) કરીશ. છોરીયું પ્રત્યેની તારી લાગણી હારું મને તારા પ્રત્યે માન હૈ.''

અને નાનબાઈ ઘેર ગઈ. રતનને વચન તો આપ્યું પણ સૂઝતું નથી, આનો રસ્તો શું કાઢવો?

છેવટે નાનબાઈએ તે જ રાત્રે પતિ મનસુખને વાત કરી. બધું વિગતે સમજાવ્યું. આમાં રતનનો કંઈ દોષ નથી. એ નિર્દોષ હે. આ ભન્યું એના હારું સમય અને સંજોગો જવાબદાર હે. રતન એક મા હે. કોય પણ લાચાર મા ભૂખી દીકરીયુંના પેટ ભરવા બધું જ કરે. એને ઠેકાણે હું હૌં તો હું યે કંઈ પણ પગલું ભરું. તો હવે આપડે રતનને મદદ કરવી જ પડશે!

બંનેએ વિચાર કર્યો. ''જો દવાખાનાવાળું પગલું આપણે ભરાવશું ને વાત ક્યાંક બારેં નીકળી જશે તો આપણા માથે છાંટા ઊડશે.''

''તો...?''

''તમે તાર કરીને તાબડતોબ મણિલાલને તેડાવી લ્યો. પછી

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

જે વિચારવું હશે ઇ વિચારશું." અને બીજે જ દિવસે મનસુખે મણિલાલને તાર કર્યો.

"રતનને તકલીફ હે. એનું મોં જોવું હોય તો તાર મલે કે તરત રવાના થઈ જજો. હોય તો પૈસા લેતો આવજે પણ આવજે જલદી" મનસુખ.

અને સાતમે દિવસે મણિલાલ આવી ગયો.

નાનબાઈ અને મનસુખે મણિલાલને પોતાના ખેતરનાં એકાંતમાં મણિલાલને બોલાવી બધી જ વિગતે વાત કરી. નાનબાઈ અને મનસુખ પટેલની વાત સાંભળી, મણિલાલ બહુ ધૂંવાપૂવાં થયો. આમ હાલતું હશે કાંય? હવે એને જેમ ઠીક લાગે એમ કરે. આવું કરતાં રાંડને કાંય વિચાર ન આવ્યો. શરમ વગરની હાવ." કહેતાં જ એના માનસપટ પર એને મંજુ દેખાઈ. એની સાથે કરેલ વાણી-વર્તન અને ક્રીડા, બધું દેખાયું "એ રીતે તો હું યે ક્યાં નિર્દોષ છું? મેં એ એવું જ કર્યું કહેવાય ને?" વિચારતો હતો ત્યાં નાનબાઈએ કહ્યું,

"વિચાર તો તમને આયો ખપતો'તો પટેલ. કલકતે (જઈને) તમેય ક્યાં પગે હતા? ડોઢ બે વર થ્યાં. ઘર હામે જોયું તું કેદી? બિચારી છૂટક મજૂરીમાં પાંચ જીવનું કેમ પૂરું કરતી'તી ઈ મને ખબર હે! હોશિયારી વતાવ્યા વગર હવે શું કરવું ઇ વિચારો.'

મણિલાલને મૌન જોઈ, મનસુખે કહ્યું : "મણિલાલ, જે થઈ ગ્યું હે ઈ થઈ ગ્યું હે. ઈ હવે નથી થ્યું નથી થનારું. હવે શું કરવું હે ઈ તું વિચાર, જલદી.

મણિલાલના મગજમાં વિચારોનું દ્વંદ્વ ચાલતું હતું. એનું મગજ "શું કરવું" નો નિર્ણય ન લઈ શક્યું એ મૌન વિચારતો રહ્યો. એને રતનને દોષિત ઠેરવતાં મગજમાં પોતે મંજુ સાથે વિતાવેલી પળો એને ફરી યાદ આવી...પછી મણિલાલને રતન પહેલાંના જેટલી દોષિત ન લાગી...એ વિચારતો હતો ત્યાં નાનબાઈએ કહ્યું :

"આ બધો તમારો જ વાંક હે. રતનનો વાંક જરાય નથી. ઈ ખાલી, સંજોગોનો શિકાર ભની હે. હવે જો તમે ધારો તો બધું પતી જાય" અને નાનબાઈએ એની બીમારી વખતે રતને કરેલ મહેનત મણિલાલને યાદ દેવરાવી. અને કહ્યું, 'તેદી એણે તમને ભચાવ્યા'તા, આજ હવે તમારે રતનને ભચાવવી હે."

શું જવાબ દેવો એ મણિલાલને સૂઝ્યું નહીં. એ ઢીલો થઈ ગયો "પટેલ, મારું તો આમાં મગજે કામ નથી કરતું. તમને કાંય રસ્તો દેખાતો હોય તો કો?"

મણિલાલ કે તો હો તો રસ્તો અમે વતાવીયેં, પણ કરવું તો બધું તમને જ પડશે. ને જલદી

"બોલો, એના હારું મને શું કરવું પડશે?" મણિલાલ ઢીલો થઈ ગયો.

"મણિલાલ, આવતીકાલે જ તું, રતન અને તારી પાટલાહાહુ (મોટા સાળી નાનબાઈ) મોટા દવાખાને જાઓ. તપાસ કરાવો ને ડોક્ટરની સલાહ લઈ સાંજે પાછાં આવો. મનસુખે બે રસ્તા બતાવ્યા. આવનાર છોરું (બાળક) સ્વીકારી લેવું. કદાચ દીકરો હોય તો તારી ચાર દીકરીયુંને ભાઈ મલી જાય. આપણે સાતોડિયું જનમ્યું એમ જાહેર કરીશું અથવા પડાવી નાખવું આ બેમાંથી એકેય ન થાય તો રતન દવા પીશે." મનસુખે મણિલાલને આખરી શક્યતા તરફ ધ્યાન દોર્યું.

રતન દવા પીએ તો? દીકરીયુંનું શું?

દીકરીયુંનો વિચાર કરતા મણિલાલને મનસુખની વાતમાં સંમત થયા વગર છૂટકો ન તો.

દવાખાને ગયાં. મશીનથી તપાસ (સોનોગ્રાફી) કરાવી. ડોક્ટરે કહ્યું ખુશ થાઓ તમારી (ચાર) દીકરીઓનો ભાઈ છે.

સાંજે પાછાં આવ્યાં. ચારેય વ્યક્તિએ વિચાર કરી નિર્ણય લીધો. બાળક સ્વીકારી લેવું. પછી પડશે તેવા દેવાશે.

બે મહિના મણિલાલ રોકાયો. સુવાવડ પહેલાં આવી જઈશ. કહી એ કલકત્તે ઊપડી ગ્યો.

રતનની સુવાવડનો સમય નજીક આવ્યો પણ મણિલાલ, તેની ટપાલ કે મની ઓર્ડર કંઈ ન આવ્યું. રતન ટેન્શનમાં હતી તેના કરતાં નાનબાઈને આ બધાનું વધુ ટેન્શન હતું.

*(ક્રમશઃ)*


**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399



# કાજલ નામની કન્યા

ગૌરવ

ગૌરવ શુક્લ

કાજલ મણિબેન મણિલાલ ગાલા – આ નામ લેવાની સાથે કદાચ આપણા સમાજના વડીલો સમક્ષ એક નાનકડી બાળકીની છબી ઊપસી આવે; સમાજના વિવિધ પ્રાસંગિક કાર્યક્રમોમાં ક્યારેક સ્વાગત ગીત ગાતી; ક્યારેક પ્રાર્થના ગીત તો ક્યારેક જૂના ફિલ્મી ગીતોની મહેફિલમાં સૂર પુરાવતી. અભ્યાસમાં પણ બાળપણથી અગ્રેસર રહેનાર આપણી આ દીકરી, મા સરસ્વતીના આશિર્વાદને સાર્થક કરતા, આજે પોતાની કારકિર્દીમાં ધીરે ધીરે પકડ જમાવીને વિવિધ શિખરો સર કરી રહી છે. તેમની અત્યાર સુધીની સફર સંઘર્ષપૂર્ણ પરંતુ વિવિધતા અને રોમાંચકતાથી ભરપૂર છે.

બાળપણથી જ પોતાની ચાર બહેનો અને એક ભાઈની "નાની બહેન" હોવાના કારણે લાડકોડથી ઉછેર થયો. પરિવારમાં સૌથી નાની હોવાના કારણે મમ્મી-પપ્પાની "લાડકી દીકરી" હોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. હાથમાં લીધેલું કામ, કઠિન પરિસ્થિતિમાં પણ સંપૂર્ણ મહેનત, લગન અને ચોક્સાઈથી કરી છૂટવાની આદત બધા ભાઈ-બહેનોને મમ્મી-પપ્પા તરફથી મળેલી અમૂલ્ય ભેટ હતી. અને એટલે જ, જ્યારે અકાળે પિતાશ્રી મણિલાલ ગાલાનું નાની વયે હૃદયરોગથી અવસાન થયું ત્યારે પરિવારની સંપૂર્ણ જવાબદારી માતાશ્રી અને મોટી બહેનોએ ઉપાડી લીધી.

પિતાના અવસાન બાદ, મોટી બહેનોએ પરિવારની આર્થિક જવાબદારી ઉપાડી લેતાં પરિવારના ધંધામાં ઝંપલાવ્યું. સાથે સાથે પોતાના નાના ભાઈ-બહેન માટે એક શિક્ષક અને દોસ્તનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. અને એટલે જ, માત્ર દસ વર્ષની નાની વયે પિતા ગુમાવ્યા છતાં પણ માતા અને ભાઈ-બહેનોની છત્રછાયામાં રહીને કાજલની કારકિર્દીનો સૂરજ ધીરે ધીરે ઉદિત થવા લાગ્યો...

નાનપણથી જ ગાયનનો શોખ હોવાથી પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન શાસ્ત્રીય ગાયનની તાલીમ લેવાનું શરૂ કર્યું અને ગાયનની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતાં પોતાના આત્મવિશ્વાસને કેળવવાની શરૂઆત થઈ. માધ્યમિક શાળાના અભ્યાસ દરમિયાન પોતાની મોટી બહેનના પ્રોત્સાહનને કારણે NCC (National Cadet Corps)ના Army Wingમાં જોડાવા શિસ્ત, લશ્કરી કવાયત વગેરેના પાઠ શીખતા શારીરિક અને માનસિક ઘડતરની પણ શરૂઆત થઈ. NCC દ્વારા આયોજિત વિવિધ Camps માં પૂરી (ઓરિસ્સા), ભાવનગર, દિલ્હી વગેરે સ્થળોએ રાઈફલ શૂટિંગની તાલીમ મળી. જેના ફળ સ્વરૂપે રાઈફલ ક્લબ - અમદાવાદ દ્વારા આયોજિત ઈન્ટર સ્કૂલ કોમ્પિટીશનમાં પ્રથમ ઈનામ (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત થયો. ઉપરાંત NCC દ્વારા દિલ્હીમાં આયોજિત "Thal Sainik Camp"માં ગુજરાત રાજ્યને પ્રદર્શિત કરવાનો મોકો પણ મળ્યો. NCC ની ટ્રેનિંગને અંતે તેમણે સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા અપાતા "A-Certificate"ની પરીક્ષા પણ પાસ કરી.

શાળાના ઉનાળુ વેકેશનમાં પણ ઘરેબેઠા આરામથી કેરીઓની મજા માણવાને બદલે પોતાની સાહસિક અને પડકારરૂપ ઈતર પ્રવૃત્તિઓને વેગ આપવાનું પસંદ કર્યું. જેના ભાગરૂપે ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ દ્વારા દર વર્ષે સાપુતારામાં આયોજિત ગ્રીષ્મ શિબિરમાં ભાગ લઈને યોગાસન, પ્રાણાયામ, લશ્કરી કવાયત, રાઈફલ શૂટિંગ, ઘોડેસવારી, સંગીત, લાઠીદાવ, લેઝીમ વગેરેની તાલીમ લીધી. આ શિબિરની ચાર વર્ષ સુધી સંપૂર્ણ તાલીમ પૂરી કરીને તેમણે નવા આવનારા વિદ્યાર્થીઓને તાલીમ આપવાની કામગીરી પણ બજાવી છે.

શાસ્ત્રીય ગાયકીમાં રહેલી શાંત, ગંભીર, ચંચળ ઈત્યાદિ સંવેદનાઓથી શરૂ કરીને લશ્કરી કવાયત, ઘોડેસવારી, રાઈફલ શૂટિંગ વગેરેમાં રહેલા સાહસિક અને આક્રમક ગુણોના મિશ્રણે કિશોરાવસ્થાથી જ તેમના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઘડતરમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આ તમામ ઈતર પ્રવૃત્તિઓને સાથે રાખીને અભ્યાસમાં પણ પોતાની મહેનત અને ધગશને કારણે અગ્રેસરનું સ્થાન મેળવ્યું છે. S.S.C. માં તેમણે મેળવેલો સમગ્ર અમદાવાદ સેન્ટરમાં પાંચમો અને ગુજરાતમાં અગિયારમો ક્રમાંક સમાજ માટે ગર્વની બાબત છે.

S.S.C. માં મેળવેલી સફળતા બાદ માતાશ્રીના આગ્રહથી અને ભાઈ-બહેનોના પ્રોત્સાહનને કારણે H.S.C. (Science Stream) ના અભ્યાસ માટે મુંબઈ જવાનું નક્કી કર્યું. માત્ર પંદર વર્ષની વયે પોતાની લાડકી દીકરીને એક નવા શહેરમાં, અજાણ્યા લોકો વચ્ચે મોકલવાના માતાશ્રીના "Bold decision"ને યાદ કરતાં કાજલ ગાલા કહે છે કે, "Mothers are best teachers in their own unique ways. પરિવારની કઠિન પરિસ્થિતિ હોવા છતાં એ સમયે મળેલા પ્રોત્સાહન માટે હું આજીવન તેમની ઋણી છું." અને ત્યારથી શરૂ થઈ પરિવારથી અલગ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાની, સ્વતંત્રતાની સાથે સાથે જવાબદારીનો અહેસાસ કરવાની અને જીવનને પોતાના ધ્યેય તરફ આગળ લઈ જવાની સફર...

*(વધુ આવતા અંકે)*



વાર્તા

# ફેરો

પ્રજ્ઞા પટેલ

વળી વળી પાછળ જોવાનું ખૂબ મન થયું, થયા કર્યું, પણ એણે તો ઊંધુ ઘાલીને ચાલવા જ માંડ્યું.

આ પરું વટાવ્યું, મોટો માઢેય પાછળ રહી ગયો. આ ચોકવાળો માઢ આવ્યો... આ મંદિર પાછળ રહી ગયું... હા, અત્યારે જ જેન્તી મા'રાજ કથા વાંચતા હશે... લાવ, ઘડીક ત્યાં થઈને જઉં? આજે તો...શું આવવાનું હતું કથામાં?...હા, આજે તો લક્ષ્મણ સીતાને મૂકવા જાય છે એ કથા...એ પ્રસંગ...મંદિર આગળથી પસાર થતાં એના પગ સહેજ અટક્યા.

હાલ હાલ, હવે...આ કંઈ મંદિર જવાનો વખત છે? બહુ સાંભળી કથા...હવે કથાની તથા કરવાની ઘડીએ જ તું...ભૂંડી, એવું હતું તો...તો...

ફરી પાછળ વળી વળી જોવાનું કમળાને મન થયું. કોઈ આવે છે પાછળ? કોણ આવે? હજુ તો તાજા બોલાયેલા શબ્દોના પડઘા પણ શમ્યા નથી ને તને પાછળ જોવાનું મન થાય છે?

'કંઈક ભાન રાખીને બોલતા હો તો...'

'તે તુંય તારી લૂલીને સખણી રાખતી હોય તો...હજાર વાર કહ્યું છે કે હું ખાવા બેઠો હોઉં ત્યારે કકળાટ ન કરવો.'

'આ તો મોટા ગવંડર સાહેબ ન જોયા હોય તો...આખો દહાડો ગામ આખાની પંચાત કરતા ફરે...ઘેર તો ટાંટિયો ઝાલ્યોય ન રે... તમારી સાથે વાત કરવી તો કયા ટેમે કરવી? કંઈક કહેવા જઈએ ને બાચકાં ભરો છો...કહી દો, ચૂપ મર!...તને હમજણ નોં પડે...એમ જ હતું તો હમજણવાળી જ લાવવી હતી ને? ના જોયા હોય તો મોટા લાટ સાહેબ...પઈની પેદાશ નંઈ ને ઘડીની નવરાશ નંઈ...'

'કહું છું ચૂપ થા હવે. આમ શા સારું મારાં લમણાં લે છે? ગોવિંદેય તારા પેટનો જણ્યો જ છે ને? એના નામે એક ખેતર કર્યું તે દા'ડાનું તારું મગજ મેટ મારી ગયું છે...પાર્વતી, તું જ કહે, બાપની આંખમાં તો બેય દીકરા સરખા કે નહીં?...પણ ખબર નહીં, આને એની સાથે એવું તો શું વાંકું પડ્યું છે કે...આ તો એ બચારાને ટૂંકા પગારમાં પૂરું ન થતું હોય...વળી, શહેરના ખર્ચા તો...ખેતરના ઘઉં એને બે-ત્રણ બોરી મોકલ્યા એમાંય એવો કકળાટ કરી મેલેલો કે..'

'ના, ના, આ ઈશ્વરિયાને તો મેં પેટે નથી જણ્યો, કોઈએ દાનમાં દીધેલો છે, નહીં? એના વસ્તારનો ને આપણોય કંઈ વિચાર કરવાનો કે નહિ? ના, ના, પાર્વતી, તું જ કહે?'

પાર્વતી વારાફરતી બેય સામું જોયા કરે, શું બોલે? પાર્વતી કમળાની માસિયાઈ બહેન, કમળાનેય શું સૂઝેલું તે વળી આજે એને આગ્રહ કરી કરીને જમવા તેડી લાવેલી.

'ના, ના...તારે આવવું જ પડશે. લગન કરીને આ ગામમાં આયેલી ત્યારે તે દા'ડે તેં મારા ઘેર વાયણું ખાધેલું...ઈશ્વરના બાપાય તને બહુ સંભારે છે...હાલ, ભેગાં મળી ખાશું ને સુખ-દુઃખની વાતો કરશું...' પાર્વતી એમનાં કરતાં નાની, એટલે બેય એને તુંકારે બોલાવતા. આમ કહેવાય ગામમાં ને ગામમાં, પણ ઝાઝું મળવાનું થતું નહીં. પાર્વતીનું કુટુંબ વસ્તારી, બધાં ભેગાં રહે.

'કાનજીદાસ, તમે જમી લો...હશે હવે...આવું તો ચાલ્યા કરે...' પાર્વતીએ વાતને વાળવા પ્રયત્ન કર્યો. કાનજીએ કોળિયો ભર્યો, મોંમાં મૂકતાં મૂકતાં પાછો થાળીમાં મૂકી દીધો.

'શું ધૂળ ચાલે? આને તો કંઈ બોલવાનું ભાન જ રહેતું નથી. જેમતેમ લવારા કર્યા કરે છે. દરેક વાતે એને વાંકુ પડે...પાછી જીભ તો અસ્ત્રાની ધાર જેવી ચાલે...ઘરમાં પગ મૂકું કે પછી જમવા બેઠો હોઉં, ત્યારે જ એને બધું કહેવાની વેળ ઊપડે...મારા બાપાએ ને મારી નવી માએ ભાગ બરાબર નહોતા પાડ્યા ને અમને બહુ ઓછું આપેલું...એનો તંત હજુ એ છોડતી નથી...'

'તે તમને સાચી વાતમાં મરચાં કેમ લાગે છે? ના, ના, અમારે તો કંઈ બોલવાનું કે કહેવાનું જ નહીં...બસ, રોટલા જ ટીપી જાણવાના...ના, ના, વાતે ને વાતે તમે મને ગાળો ભાંડો, મને તો ઠીક, મારાં મા-બાપ ને ભાઈ સુધી પહોંચી જાવ...તોય મારે સાંભળી લેવાનું? હું અભણ, હું ગમાર, હું બોતડા જેવી, હું કર્કશા...આ તમારું ઘર કોણ ચલાવે છે? એ તો હું ન હોત તો ખબર પડત...'

'એની જ ખબર પડી રહી છે...' કાનજી વ્યંગમાં બોલેલો.

'બહુ સહન કર્યું, હવે વધારે નહીં કરું.'

'શું કરીશ, તું કરીશ શું?'

'એ તો જે દા'ડે કરે, ત્યારે ખબર પડશે. પાર્વતી, આ તો એવું છે ને કે બધી હુંશિયારી બૈરી પર જ બતાવવાની...'

'જો, જો સાચી વાતમાં કેવાં મરચાં લાગ્યાં?'

પાર્વતી અને એક ખૂણામાં ઊભી રહેલી ઈશ્વરની વહુ સવિતા કંઈ સમજે તે પહેલાં તો કાનજીએ પીરસેલી થાળીને દૂર હડસેલી દીધી ને...સડાક દઈને ઊભા થઈને કમળાનું ગળું બેય હથેળી વચ્ચે દાબી દીધેલું.

'ચૂપ મર, કહું છું. સામી ને સામી વળગી આવે છે તે...હમણાં ઘડો-લાડવો એક કરી દઈશ ને તો ખબર પડશે.'

પાર્વતી અને સવિતાએ ખૂબ મથીને કાનજીના હાથની પકડ ઢીલી કરી. એની આંખોમાં અંગારા ઊઠતા હતા. કમળા પણ પાંદડાની જેમ થરથર ધ્રૂજતી હતી. બેય એને અંદરના ઓરડામાં લઈ ગયાં. કાનજી ખાટલામાં બેસી બીડીના ગોટા કાઢવા લાગ્યો. લાગ જોઈ પાર્વતી કંઈ બોલ્યા વિના સરકી ગઈ. એટલામાં ઈશ્વર આવ્યો. કમળા કાતરિયાં ખાતી આંખે કાનજીની સામે આવી ઊભી રહી.

'દઈ દેવો હતો ને ટૂંપો...તમે તો મારા ધોળામાં ધૂળ નાખી ધૂળ. પાર્વતીના દેખતાં તમે 'મને જેમ તેમ ગાળો ભાંડી...મારું ગળું દબાવ્યું...હવે આ ઘરમાં રહેશે મારી જૂતી...'

'તે હાલવા માંડને...કાલ જતી હો તો આજ જા...'

'હા તે જઉં જ છું...કૂવો-હવાડો કરે, પણ આ ઘરમાં તો પાછી નહીં જ આવું...આટલાં વરસ વગડે કાઢ્યાં હોત તો વગડોય પોતાનો થયો હોત.'

'તને ડુબાડે એવો એક્કેય કૂવો આ ગામમાં નથી, એની તને ખબર છે ને?' કાનજીને વળી ગમ્મત સૂઝતી હતી. 'હા, વગડો તો તને બાથમાં લેશે જ...'

'મારે ક્યાં જવું એ તમને પૂછીને નહીં જઉં.'

'પૂછે નહીં તો કંઈ નહીં, પણ કહેતી તો જજે, જેથી બીજે દા'ડે અમને શોધતાં ફાવે...' કાનજી ધુમાડાના ગોટા કાઢતાં બોલ્યો જતો હતો ને કમળા તો ધૂંઆપૂંઆ...મનમાં ને મનમાં ગડમથલ કરતી રહી.

સાલું હવે ક્યાં જવું? ગામ નજીક રેલવેના પાટા તો છે નહીં...ગળે ફાંસો ખવાય...પણ ના, ના, એવો તો જીવ ચાલે જ નહીં...પેલા રતના માસ્તરને એના ઘરના મેડે દોરડા વડે લટકતા ભાળેલા ત્યારે બે દા'ડા સુધી ગળે કોળિયો નહોતો ઊતર્યો ને મહિના-બે મહિના સુધી તો ઊંઘમાંય એમનું લટકતું શરીર જ દેખાયા કરતું હતું. ઝેરી દવા તો ઘેર રાખતા જ નથી ઈશ્વરિયાનાં છોકરાંની બીકે...તો...પેલી ધૂળીએ દવા પી લીધેલી ને ખેતરમાં જઈ આળોટેલી તે ત્રીજે દાડે એની લાશ મળેલી, કૂતરા-શિયાળે ચૂંથી નાંખેલી...ઓળખાય એવીય નો'તી રહી...

'હા, હું ખીજડિયે કૂવે જાઉં છું...'

'જોયો તો છે ને? કે પછી ઈશ્વરને બતાવવા મોકલું?'

'એ તો નહીં જોયો હોય તોય શોધી કાઢીશ. તમારે ચિંતા કરવાની જરૂર નથી.' બિચારો ઈશ્વર તો મા-બાપ વચ્ચેની વાત કંઈ સમજી જ નહોતો શકતો. સવિતા પણ બિચારી ઊભા જીવે બધું સાંભળતી હતી. આ કંઈ પહેલી વાર નહોતું બન્યું. બેય ઘણીવાર આમ ઝઘડી પડતાં...ચડભડ કરતાં. થોડીવારમાં ઊભરો બેસી જતો ને...પણ આજે થોડું વધારે બનેલું...કમળા ઘણીવાર પિયર જતા રહેવાની ધમકી આપતી...કાનજી ટાઢો પડતો, થોડી ટીખળ કરતો ને વાત બદલાઈ જતી. બેયને પાછું એક-બીજા વગર જરાય ના ચાલે. કાનજી ઘરમાં પગ મૂકે ને કમળાને ન જુએ તો તરત પૂછતો...અલ્યા ઈશા, તારી મા ક્યાં ગઈ? ને કમળાનુંય એવું જ. કાનજીની નાની-નાની વાતની પણ એટલી જ ચિંતા કરે.

'લે, છેલ્લે છેલ્લે છીંકણીનો સબડકો તો તાણતી જા...ત્યાં કૂવે પાછી છીંકણી નહીં મળે હોં...ને પાછી આ તો સ્પેશિયલ...પાંચ ફોટા છાપ અસલી છીંકણી...' કાનજીએ છીંકણીનો દાબડો કમળા સામે ધર્યો ને કમળાએ જે હડસેલો માર્યો...છીંકણીનો ફુવારો ઊડ્યો. કાનજી ઊડતી છીંકણી જોઈ રહ્યો. કમળા એને ધક્કો મારીને નીકળી. ઈશ્વર-સવિતાએ દોડતાં જઈ એને બાવડેથી ઝાલી.

'શું મા, તું ય...રોજ રોજ આવા બખાળા શોભતા હશે?'

'તે મને શું કહે છે? કે'ને તાર બાપને...હા, હું તો આ ઉંમરે નાટક કરું છું, બખાળા કરું છું, નહીં? નવ નવ મહિના તને પેટમાં રાખી આવડો મોટો કર્યો તે આ માટે, નહીં? લોહી-પાણી એક કરીને આ ઘર કર્યું છે, તે તારાં આવાં વેણ હાંભળવા? હેંડ, હેંડ આઘો જા હવે...' કમળાએ ઈશ્વરને એવો હડદોલો માર્યો કે બિચારો ગમાણમાં પડતો રહી ગયો.

'હા, હા, હવે તો ખીજડિયો કૂવો પૂરવાની જ. ખબરદાર ઈશ્વર, તું કે સવિતા મારી પાછળ આવ્યાં છો તો...તમને...તમને...તમારાં બેય છોકરાંના સમ છે...ને તમે બેઠા બેઠા બીડી ફૂંક્યા કરજો...મારી પાછળ આવ્યા છો તો તમારા ગોવિંદના સમ છે...માતાજીને માથે રાખીને સમ દઉં છું...છોકરાંને ગોવિંદને કંઈ થાય તો પાછા મને કહેતા નહીં...'

એ સડસડાટ ચાલી નીકળી હતી, વાયરાના રેલાની માફક, પણ આટલે આવતાંમાં તો...

આ જીવીનું ઘર આવ્યું...શું કરતી હશે અટાણે? લાવ, ઊભી ઊભી એના ઘેર થઈને જાઉં...આમેય કૂવો ક્યાં નાસી જવાનો છે તે.

જીવીના ઘર આગળ ઊભા રહી એણે લાંબી નજર તાણી જોઈ લીધું. હળવા પગલે એણે ઘરમાં પ્રવેશી લાંબી નજર ફેરવી. જીવી અંદરના ઓરડે વાસણ લૂછતી હતી.

'ઓહો...કમળા...અત્યારમાં ક્યાંથી નવરી થઈ? મારે તો હજુ કામેય પત્યું નથી ને તું...'

'ના, આ તો ખેતરમાં જતી હતી તે થયું તને ઘડીક મળતી જાઉં...'

'બહુ સારું કર્યું હોં...પણ આ જો ને...મારે તો હજી ખેતર જવાનું છે, ઈમના માટે ભાત લઈને...

'તેં તો ખાઈ લીધું હશે નંઈ?' કમળાના પેટમાં બિલાડાં દોડતાં'તાં...સીધું એમ તો ન જ કહેવાય ને કે હું ભૂખી છું, મને ભૂખ લાગી છે...એ જીવી સામું જોઈ રહી.

'ના રે...ઈમના ભેગું મારું ય ભાતું બાંધી દીધું છે...એય ખેતરે જઈને બેય જણ નિરાંતે ખાઈશું...તારે બીજું કંઈ કામ તો નથી ને? હેંડ ત્યારે, હું પગ ઉપાડું, એય પાછા ભૂખે આકળવિકળ થતા હશે.'

કંઈ બોલ્યા વિના એ જીવી સાથે ચાલવા માંડી. થોડે આગળ જઈ, જીવી બીજા રસ્તે ફંટાઈ. એના પગ હવે ઊપડ્યા ઊપડતા નહોતા. આજે સવારે તો પાર્વતી જોડે વાતે વળવામાં કંઈ શિરામણેય નહોતું કર્યું...એનો હાથ કબજાના ખિસ્સા તરફ વળ્યો. બળ્યું, ખિસ્સામાં બે-ચાર રૂપિયા હોત તો પડીકુંય બંધાવી લેત...

જોને, જોને, જીવ કેવો ભાટકા મારે છે?...ભૂંડી બઈ, તું તો કૂવો પૂરવા નીકળી છે કે પછી?...કેમ કૂવો પૂરવા નીકળ્યા હોઈએ તો કંઈ ભૂખ ન લાગે એવું થોડું છે? વખત થાય એટલે પેટ તો રોટલો માગે.

કમળાના મનમાં કંઈની કંઈ ગડમથલ ચાલ્યા કરે છે.

હવે તો ગામ પાછળ છૂટી ગયું છે. સૂકાંભઠ ખેતર એના પગમાં અટવાય છે. બળ્યું, ચંપલ પહેરીને નીકળી હોત તોય સારું હતું. એક તો આ ધખતો ઉનાળો...લાવ, ક્યાંક પોરો ખાઈને પછી...જા જા હવે, તું તો કેવી ભૂલકણી બાઈ છે? અત્યારેય તને પોરો ખાવાનું સૂઝે છે? જલદી જલદી હેંડ, આ રસ્તો ખૂટવાડ તો ઝટ દેતોક કૂવો આવે ને પાછી આઘું-પાછું જોયા વિના ધડામ્ દઈને ભૂસકો જ મારજે...નહીં તો પાછી...

હા, હા, હવે...ઘેરથી કહીને નીકળી છું તો હવે થોડો છૂટકો છે? એ તો અમથી ભૂખ લાગેલી એટલું જ...ને થોડાક અમથા પગ બળતા'તા...આ ઝટ કૂવે પહોંચી નથી કે ધુબાકો થયો નથી.

મેરમૂઈ, લે કૂવોય આ આવી ગયો...માર ધુબાકો...ના, ના...એમ તે વળી...ને એવી ઉતાવળેય શું છે? કોઈ પાછળ પાછળ નથી આવ્યું. આવે પણ શાનું? તેં તો વળી રહી જતા'તા તે સમ દીધેલા...ઓછામાં પૂરું પાછા માતાજીને માથે રાખીને સમ દીધા'તા...

એ હાશ કરી, કૂવાને અઢેલીને બેઠી. કેડો દુખવા આવી'તી. પગ ખાસ્સા ભરાઈ ગયા'તા તે એણે બેય સાથળ વચ્ચે સાડલાનો ડૂચો વાળી પગ લાંબા કર્યા.

ઘેરથી નીકળી ત્યારનું પાણીય પીધું નથી...ગળું ચોંટી જાય છે...એ હોઠ ફફડાવ્યા વિના બબડી. તરસને ઓછી કરવા બે તાળવા વચ્ચે જીભ ફેરવી. લાળનો કટકો ગળે ઉતાર્યો. પણ મોં જ જ્યાં સુકાઈ ગયું છે ત્યાં...તરસી નજર એણે ચારે તરફ ફેરવી. આટલામાં બોર તો હોવો જ જોઈએ. બોર પણ આ રહ્યો...આ તો, અમૃત ટીલિયાનો બોર...એને હસવું આવી ગયું. એક વાર કાનજીની સંગાથે એ આ બોર પર આવી હતી. એમનોય આ બોરમાં સાત પૈસા ભાગ હતો. કોઈનો બે પૈસા, કોઈનો પાંચ, સાત, દસ...એમ આ બોર બનાવેલો...અમૃતલાલ કપાળે મોટુ ટીલું તાણતો, તે ગામલોક એને અમૃત ટીલિયાથી ઓળખતું. ખાધે-પીધે સુખી ઘરનો, પણ જીવનો એવો પાજી કે...

તે હશે, એમાં તારે શું? એણે પોતાની જાતને ઠપકારી.

બોર પાસેની નીકની ચોકડીમાં પાણી ભરેલુ હતું. બોર તો બંધ હતો. આ તો આ, પાણી છે ને? ચોગળે ચોગળે એણે ધરાઈને પાણી પીધું. પાછી આવી કૂવે.

લાવ, જોઉં તો ખરી, કૂવો કેવોક છે? કેટલો ઊંડો છે?

તુંય ભૂંડી બાઈ, અત્યારે વળી કૂવો કેટલો ઊંડો છે ને કેવોક છે એ વિચારવા બેઠી? મરવા નીકળ્યું હોય એને આવા વિચાર ન શોભે...હાલ, ઝટ કર...મારે મોડું થાય છે.

કોણ બોલ્યું આ અંદરથી? એણે ભયભીત નજર આમતેમ ફેરવી. છાતી પર હાથ ચાંપ્યો. છેક કૂવાને અડીને ઊભી રહી. કૂવાની પાળે કોણીઓ ટેકવી અંદર નજર કરી ઊછળતી છાતીએ...હાય મા, બહુ ઊંડો ને અવાવરું છે આ તો...લોકો ભૂતિયો કૂવો કહે છે તે આને જ? કોણે મરીને આને અભડાવ્યો હશે? પાછો છેય કેવો ખખડધજ...કાંઠાય ફાટી ગયા છે, તિરાડો પડી પડીને...

એની આંખે અંધારાં ઊમટ્યાં. ઊંધી ફરીને ઊભી રહી ગઈ, આંખો બેય હથેળીએ દાબીને. ઊંડા શ્વાસ લેવા માંડી. ઘડીક વારે શ્વાસ હેઠા બેઠા ને ફરી એણે કૂવામાં ડોક લંબાવી. પાંત્રીસ-ચાલીસ માથોડાં ઊંડો હશે. અંદરની દીવાલોમાં પણ ગાબડાં પડેલાં. ક્યાંક તૂટેલી ઈંટો દેખાતી હતી. બાપ રે, કેવડો મોટો મધપૂડો જામ્યો છે...ને કરોળિયાનાં જાળાં તો...ઘુવડ પણ રહેતાં હોય વળી...સાપનાં દર તો હશે જ...

એ થોડી પાછી હટી ગઈ.

અભાગણી, તું તો ઘેરથી કૂવો પૂરવાનું કહીને નીકળી છે ને અહીં તો જાણે કૂવાનો પંચક્યાસ કરવા આવી હોય એમ તપાસ કરવા બેઠી છે...ઘેરથી નીકળતાં તને ખબર નહોતી કે, કૂવા તો બધા આવા જ હોય...

પણ આમાં તો પાણી યે નથી...છળી મરું હું તો...પરણીને

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

સાસરે આવી ત્યારે રાત પડે એકલી હોઉં તો કેવી બી જતી? એ આવતા તો એમને ચોંટી જ પડતી...જરાય આઘી ન ખસતી.

ના, ના...એમ કાંઈ પાછી પડું એમ નથી, હોં. આપણે તો એક વખત નક્કી કર્યું એટલે ખલાસ...આ તો હવે આબરૂનો સવાલ... હવે ઘેર જાય મારી જૂતી...પણ... સાલું.. કૂદવું કઈ બાજુથી?

કૂદવાનાં તારાં લખણ જ નથી ને...મૂઈ, વખત બગાડ્યા કરતાં ઘરભેગી થઈ જા સટ કરતી...કોઈ તને લેવા કે મનાવવા નથી આવવાનું, એ તો જાણી લીધું ને...

એ ઊભી હતા ત્યાં જ, કૂવાના કાંઠાની ધારે અઢેલીને, લાંબા પગ કરી બેસી પડી.

મૂઆ ઇશ્વરિયાને એટલીય ગમ ના પડે કે માને કાળ ચડેલો તે સમ ખવડાવે...મનમાં ને મનમાં એ જાતજાતનો લવારો કરી રહી. પણ...આ કૂવાનું નામ ખીજડિયો કૂવો કોણે પાડ્યું હશે? બાજુમાં ક્યાંય ખીજડો તો છે નહીં...

હશે હવે, તારે ગામ આખાની પંચાત...

હશે, મારે શું? ખીજડિયો હોય કે બાવળિયો કે...

આજ તો સવારના પોરમાં શી ખબર કોનું મોઢું જોયેલું તે દાડો જ ભલીવાર વગરનો ઊગ્યો છે...હેંડ, થોડીવાર ક્યાંક છાંયડો હોય તો બેસું...

ઉઘાડા પગે એ છાંયડો શોધતી આમતેમ ફરી રહી. લોક પણ કેવું છે? ક્યાંય ઝાડ પણ વાવ્યાં નથી ને...ઘૈડાં ગયાં એટલે બધું પાધર જેવું...એ રહ્યું રાયણનું ઝાડ...એ હડી કાઢીને થડે ટેકો લઈ બેઠી.

મારું હાળું, કોઇ આવ્યું નહીં. ખેતરોમાં બંધ પાળ્યો છે કે શું? કોઈ આવતું જતું, જીવતું - જાગતું જણ નજરે જ નથી ચડતું ને? આવામાં તો મૂંઝારો થાય હોં અલી...બોલ્યા વિના તો કેમનું રહેવાય...? હુંય અભાગણી એવી કેવી કે...સાચી વાત હોં, મનેય આ કાનજી જ પાર પાડે. નહીં તો મારી કચકચથી ભલભલાને સંન્યાસ લેવાનું મન થઈ જાય...પણ આ લૂલી...બોલવા જાય કંઈ ને ભૂંકી કાઢે બીજું કંઈ....સાવ અળવીતરી છે મારી લૂલી. નહીં તો એમણે કદીય મને ખસ નથી કહ્યું...પુરુષ માણસ કંટાળેલો ઘરે આવે ને હું જીવ ખાઉં એટલે એય શું કરે? ને પહેલેથી પાછી એમને ઘોંઘાચિયાં કરવાની ટેવ. કંઈ ન ચાલે એટલે બૂમો પાડી કરાંજે...પાછા એય ટાઢાહેમ જેવા થઈ, મારી સામે જોઈ, અંદર ને અંદર જીવ બાળ્યા કરે...

કાનજી સાથેની ખાટી-મીઠી એને યાદ આવવા માંડી, મીઠી ચળ ઊપડી હોય એમ.

અલી, તારી તો આંખ ઘેરાવા માંડી...તું તો હમણાં ખેંચશે કે શું? લો, રાયણના છાંયડે બુનને નિરાંતની ઊંઘનું ઘેન ચડવા માંડ્યું...ના, ના, એમ ભૂખ્યા પેટે કંઈ ઘેન ચડતાં હશે? તો હજી ભૂખ ભૂલાઈ નથી, ખરું?

તે ભૂલાય શાની? હજુ તો જીવ લબડધકે ચાલે છે. જીવતાંને ભૂખ તો લાગે જ ને...

એણે પડખું ફેરવ્યું.

મૂઈ છીંકણી સાથે લીધી હોત તોય સારું હતું. આ નાકમાં એવું તો સળવળ સળવળ થાય છે કે...ગોમના ભા ઈમનેય શું અવળી મતિ સૂઝી હશે તે મને છીંકણીની લત લગાડી...ડોહાને જોઉં ને છીંકણીની તલપ લાગે...ને નાકમાં જેવી છીંકણીની ચપટી ઘાલી નથી કે ડોહાની તલપ લાગે...એમને જોયા કરવાનું મન થાય, ધરપત જ ના રહે....ડોહો મારો હાળો છે પાછો બહુ ગીલીન્ડર...કેવો પાસે બેસાડી મને હળવેથી છીંકણીનો દાબડો ધરે....પહેલી વખત તાણેલી ત્યારે તો એવી છીંકાછીંક ઊપડેલી કે...એ તો હસતો'તો શિયાળવી નજરે...

એ પાછી ઘેનાવા માંડી'તી.

માઢના કોઈ કોઈ જુવાનિયા એમના જેવડાને ડોહા-ડોહી કહી ચીડવતા. કાનજીનો સ્વભાવ પહેલેથી ટીખળી, કાંઈક એવું બોલે કે બધાને ગમ્મત પડી જાય...લોકના વાદે એય કદીક કદીક કહેતી થયેલી : 'ડોહા ખેતર ગયા છે...'

'ગામચોરે ડોહાની ભળ મળે તો મોકલજે...'

ઘણીવાર ડોહા રંગમાં હોય ત્યારે જબરી બેઠક જામતી. ભાતભાતની વાતો એ કાઢે. જુવાનિયાઓને મજા પડી જતી. તે દા'ડે એ ખૂબ ખીલેલા.

'અલ્યા, મને તો મંદિર જવાની પહેલેથી આદત નહીં. આપણે ભલા ને આપણું કામ ભલું. ગામનો ચોરો, દુકાનના ઓટલા, બળદ-ખેતરને સીમ ભલી...વળી, કોઈના ઘરનો કેસ સાંભળવા મળે તો ચટાકો કરી જાણીએ. પણ તમારી કાકી હઠ કરીને મને હરદ્વારની જાતરાએ લઈ ગયેલી...અહાહા, શું ગંગાજી, શું ત્યાંનાં મંદિરો...ઠેરઠેર બાવાની રાવટીઓને આશ્રમોને ભક્તોનાં ટોળેટોળાં જોવા મળે...ત્યારે મને ભાન થયેલું, મારું હાળું આ ડિપાર્ટમેન્ટ તો રહી જ ગયેલું...આ અડધું જીવતર તો ગયું, હવે ભગવાનને મસકા મારી લેવાનો વખત આવી ગયો છે, ત્યારનો કદી કદી મંદિર જતો થયો...' જૂની એ વાત આવતાં એ સ્હેજ હસી પડી.

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

ઊઠ, ઊભી થા હવે..આ બપોરની વેળા તો વીતી હેંડી.

પણ...

શું પણ ને બણ કર્યા કરે છે? તને લેવા કે બચાવવા કોઈ આવનાર નથી, કોઈ નથી, અભાગિયણ, કોઈ નથી એટલે તો...તારો વિચાર મોળો નથી પડી ગયો ને? ઊઠ હવે...કોઈ જોરથી હડસેલાં મારતું'તું જાણે.

એ થાકેલા ભારે પગે ઊભી થઈ. વળી કંઈ વિચાર આવ્યો તે કૂવા પાસે જઈ ઊભી રહી ગઈ. પથરો શોધ્યો, ન મળ્યો એટલે માટીનું મોટું ઢેફું હાથમાં લીધું ને નાખ્યું કૂવામાં...

ઢેફું આમતેમ અફળાતું, નીચે જતામાં તો ચૂરો થઈ ગયું. ચાર પાંચ કબૂતર પાંખ ફફડાવતાં કૂવામાં ઊડવા અથડાવા લાગ્યાં. શું નીચે પહોંચતામાં હાડકાનો ચૂરો થઈ જશે? ના, ના, એ તો માટીનું ઢેફું હતું...તારા શરીરમાં તો હકડેઠઠ હાડકાં ભર્યા છે. હાડકાં ભાંગે ખરાં, ચૂરો થઈ વેરાઈ ન જાય.

બોર પાસે આવી એણે ભીની માટીનો લોંદો બનાવ્યો ને નાખ્યો જોરથી કૂવામાં. લોંદો તળિયે પટકાયાનો બોદો, ધીમો અવાજ સંભળાયો.

પણ...આ કાનો પડછાયો? ડોહા, ઈશ્વર...સવિતા?

'કાકી, કૂવામાં ધુબાકો મારવાનો વિચાર છે કે શું?' એ ચોંકીને ઊછળી પડી. દલુભાનો રમેશ એની પાછળ ઊભો છે.

'ના રે...હું શું કરવા કૂવામાં પડું? પડે મારા દુશ્મન...' આટલું બોલતાં તો બેય આંખે શ્રાવણ-ભાદરવો વરસી પડ્યાં.

હીબકાં લેતાં લેતાં એણે ટૂંકમાં વાત કરી.

'જોયું, જોયું, પેટનો જણ્યોય મારો ન રહ્યો ને તારા ભા...હું ઈમની ચિંતા કરી કરીને મરી જાઉં છું. ભૂખ્યા પેટેય મને એમ થતું'તું કે, ઈમણે ખાધું હોય તો સારું, ખાવા બેઠેલા ને ઊઠી ગયેલા...આમ ભર્યા ભાણે એ કદી ઊઠ્યા નથી...ઈમણેય મને ખાસડે જ મારી ને...જાણે બલારાત ટળી. હવે મારે આ ઉંમરે...'

એ ના ના કરતી રહી ને રમેશે બધો ખેલ ગોઠવી દીધો.

'એ તો હું છું ને...તમે લગીરે ચિંતા કરશો નહીં...આખી વાત હું એવી રીતે વાળી દઈશ કે તમે કૂવામાં કૂદી પડવાની તૈયારીમાં જ હતાં ને મેં તમને ઝાલી લીધેલાં. આટલો વખત મારા ઘેર બેસાડી રાખેલાં. એ તો એ લોકોય તમારી ચિંતા તો કરતાં જ હોય ને? કોઈના ગળે ધાન નહીં ઊતર્યું હોય, અને ઈશાનાં છોકરાંય બિચારાં ભલું હશે તે ભૂખે ટળવળતાં હશે...તમે જરાય ફિકર કરશો નહીં...તમારું પૂરું માન જળવાશે, શું કીધું મેં?...હાલો કાકી, મારા ઘેર જમાડીને પછી તમને ઘેર મૂકી જઈશ...'

'ના...ના...એ બધાંને ભૂખ્યાં મેલીને હું...'

રમેશ હસી પડ્યો. એય હોઠના ખૂણે હસી, નીચું જોઈ ગઈ.

જતાં જે રસ્તો જલદી કપાઈ ગયેલો તે અત્યારે ઘણો લાંબો થઈ પડ્યો, ઉનાળાની બપોર જેવો.

કાનજી બહાર ખાટલે બેઠો છે, બીડીના ગોટા કાઢતો. એ નીચી નજરે ઘરમાં પ્રવેશી. સવિતા બેય છોકરાંનાં માથાં ખોળામાં રાખી થપથપાવી રહી છે...ઈશ્વર ઓશરીમાં બેઠો છે ખાટલાનું વાણ ગૂંથતો. એ થાંભલીને ટેકે લમણે હાથ દઈ બેઠી.

'સવિતા વહુ, ખાવાનું કાઢજો...' કાનજીએ બહારથી જ હાક મારી...રમેશ થોડી વાર બહાર બેસી, કાનજી સાથે વાતો કરી, પલાયન થઈ ગયો'તો.

હવે ઈશ્વર પણ સવિતા અને છોકરાંને લઈ બહાર નીકળ્યો.

'બા, અમે બાધા રાખેલી તે મંદિરે જઈ આવીએ...તમે ને બાપા જમી લેજો...' એ બધાં એને પગે લાગવા નીચે નમ્યાં ત્યારે તો...એ રડતી આંખે માંડ ઊભી રહી શકેલી.

કાનજી ઘરમાં આવી, આંટા મારી રહ્યો છે.

સવિતા જતાં પહેલાં બે થાળી પીરસતી ગઈ છે...

કાનજી ભાણા સામે ગોઠવાયો.

'ખીજડિયો કૂવો કેવો લાગ્યો? જોયો ને?'

'હા જોયો...તમે બતાવ્યો એટલે જોવો પડ્યો...' એણે છણકો કર્યો.

'તે...તે...તારો ફેરો ફોગટ તો નથી ગયો ને?'

'ના રે. મેં તો મારો માટીનો પિંડ બનાવી એને કૂવામાં પધરાવેલો...ફેરો ફોગટ તો શેનો જવા દેવાય?' એનું મન તો વળી બીજું કશું બોલતું હતું.

કાનજી સબડકા બોલાવતો જમવા માંડ્યો.

'તને શું ખબર, રમેશને મેં જ તો તારી વાંહે વાંહે મોકલ્યો હતો...' કાનજી ધીમું, અશબ્દ જેમ બબડ્યો.

'તમે કંઈ બોલ્યા?'

'ના રે...હું શું કામ કંઈ બોલું? એય પાછું તને?' કોળિયો મોંમાં મૂકતાં એ એકટક કમળા સામું જોઈ રહ્યો. એ જે ઝડપે કોળિયો મોંમાં મૂકતી ને ઉતારતી હતી.

કાનજીને ખાધા વિના પેટ ભરાઈ ગયેલું લાગ્યું. ■

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761



વાર્તા

# બંગડીઓ

ગિરિમા ઘારેખાન

કાપીને ચોસલાં કરી શકાય એવી જામેલી ઠંડીની રાત હતી. ખાંડણીમાં લઈને ખાંડી શકાય એવા અંધકારને ખાંડતી, દસતા જેવી થોડી લાઈટો શહેરની વચ્ચોવચ આવેલા ટાઉનહોલની બહાર ઝગમગતી હતી. એમાંની એક લાઈટના થાંભલાની નીચે વચ્ચે બે ત્રણ મોટા કાંણાંવાળા એક ધાબળાની લેવાય એટલી હૂંફ લેતો દિનેશ પોતાની રિક્ષાની પાછલી સીટ ઉપર ટૂંટિયું વાળીને સૂતો હતો. ટાઉનહોલમાં ચાલતું નાટક છૂટવાને હજુ થોડી વાર હતી અને આટલી ઠંડીમાં પહેલાં તો કોઈ પેસેન્જર મળવાનો નથી એની એને ખબર હતી. સાંજે તો પાછું માવઠાનું એક ઝાપટું પણ શહેરને ભીંજવી ગયું હતું.

અચાનક દિનેશના કાને એના અતિપરિચિત શબ્દો પડ્યા, 'ભૈયા, ચલોગે ક્યા?' પહેલાં તો એને લાગ્યં કે એને ભ્રમ થયો હશે. એણે શરીરને થોડું વધારે સંકોર્યું. ત્યાં તો પગના ભાગ ઉપર કોઈ ઉઠાડવા માગતું હોય એવી હળવી ટપલીઓ પડી અને સાથે થોડા મોટા અવાજમાં બોલાયેલા પેલા શબ્દો : 'ભૈયા, ચલોગે ક્યા?'

'નાટક પૂરું થઈ ગયું? આટલીવારમાં! ખબર પણ ના પડી! વિચારતો દિનેશ એકદમ જ બેઠો થઈ ગયો. રિક્ષાની બહાર ઊભેલી કોઈ સ્ત્રી એના જવાબની રાહ જોતી હતી.

એકલી સ્ત્રી? દિનેશને નવાઇ લાગી. એનો વર પાછળ આવતો હશે? એણે ટાઉનહોલ તરફ જોયું. એ પરિસર તો હજુ શાંત જ હતો. પણ એને શું? પેસેન્જર માટે તો એ આટલી ઠંડીમાં અહીં આવતો હતો. એણે બગાસું ખાતા ખાતા પૂછ્યું : 'કિધર જાના હૈ?'

'સાઉથ બોપલ, એચ.પી.પટેલ પંપથી આગળ.' સ્ત્રીના અવાજમાં ઉતાવળ હતી. દિનેશના જવાબની રાહ જોયા વિના એ રિક્ષામાં બેસી જ ગઈ. રિક્ષામાં બેસીને એણે તરત જ રિક્ષાના બે ય બાજુના પરદા પાડી દીધા : 'કેટલી બધી ઠંડી છે!' બોલતાં બોલતાં એણે એની થોડી નાની શાલના બે છેડા ગળા પાસેથી પકડી લીધા.

'ડ્રાઈવ ઈન થઈને જવું છે ને?' આટલે દૂરની પેસેન્જર મળવાથી દિનેશ આનંદમાં આવી ગયો હતો. વીસેક કિલોમીટર, રાતનું દોઢું ભાડું અને આ સમયે તો થોડું વધારે પણ આપી દે. એકલી સ્ત્રી રાત્રે આવી રીતે આટલે દૂર જવા નીકળી છે એટલે તાત્કાલિક પહોંચવું પડે એવું જ કંઈક કામ હશે. દરરોજ રાત દરમિયાન આવા ત્રણ-ચાર પેસેન્જર મળી જાય તો મીતાનાં લગ્ન માટે જલ્દી પૈસા ભેગા થઈ જશે.

આમ મીતાનાં લગન તો જો કે સાદાઈથી જ કરવાનાં હતાં. બહુ ખર્ચ નહીં થાય. એણે અને રમીલાએ મળીને, ટીપું ટીપું બચાવીને એટલી જોગવાઈ તો કરી લીધી હતી. એક આ બંગડીઓનો ખર્ચ વચ્ચે ના આવ્યો હતો તો!

અંધકારને ચીરતી રિક્ષા બિલકુલ ખાલી રસ્તા પર ધડધડાટ દોડતી હતી. રિક્ષાની હેડલાઈટ અંધકારને તો હટાવી દેતી હતી, પણ બેય બાજુથી આવતો કટારની ધાર જેવો પવન દિનેશના શરીરને અંદર સુધી ચીરી નાખતો હતો. રિક્ષાનાં પૈડાંની સાથે દિનેશનું વિચારોનું પૈડું પણ ફરતું હતું. રમીલાએ બંગડીઓની જીદ ન કરી હોત તો! પોતે એ ય મઝાનો પોતાની હુંફાળી ઓરડીમાં ગાદલું ઓઢીને સૂતેલો હતો. જો કે રમીલાએ જીદ ક્યાં પોતાને માટે કરી હતી? અને એ પોતે રાતમાં ગમે ત્યારે ઘેર પહોંચે ત્યાં સુધી એ કપડાં સીવવાનું કે સાડીઓને ફોલ લગાવવાનું કામ કરતી જ હોય છે ને? એકવાર આ બંગડીઓના 'પૈસાની જોગવાઈ થઈ જાય અને મીતાનાં લગનથી જાય - પછી તો હુતો ને હુતી! આટલી બધી મહેનત નહીં કરવી પડે.

બંગડીઓનું પણ મીતાના સાસરાવાળાએ તો કહ્યું જ ન હતું. રમીલાની જ ઇચ્છા હતી.

'ભગવાનની દયાથી દીકરીને આટલું સારું ઘર મળ્યું છે તો આપણે આપણા તરફથી કંઈ અધુરપ નહીં રાખીએ. મારી માએ આપેલો અછોડો ને સાસુએ આપેલી બુટ્ટી ક્યાં મેં પહેરી જ છે? એ આપી દઈશું. પગની ઝાંઝરી તો મીતાની માસી આપવાની છે અને મંગળસૂત્ર મારો ભાઈ આપશે. આપણે ખાલી બંગડીઓ નવી કરાવીને આપીએ તો પોતાની જેઠાણીઓ પાસે મીતા ઝાંખી ન પડે.'

બસ, દીકરીને એટલી વાતે ય ઓછું ન આવે એટલે વર-વહુ બે ય પૈસા બચાવવાના કામમાં લાગી ગયા હતા.

અચાનક પાછળ વાગેલી ફોનની રીંગના અવાજથી દિનેશના વિચારોનું પૈડું પાછળ શાલમાં ઢબુરાઈને બેઠેલી પેસેન્જર તરફ ફંટાયું. બાજુના અરીસામાંથી એ એની હીલચાલ જોતો રહ્યો. પેલીએ એન પર્સ ફંફોસીને મોબાઈલ બહાર કાઢ્યો અને વાત શરૂ કરી : 'હા, હા. નીકળી ગઈ છું. રસ્તામાં જ છું. હું...'

વચ્ચે અટકીને એણે દિનેશને પ્રશ્ન કર્યો : 'આપણે કેટલે પહોંચ્યા છીએ?' બંને બાજુના પરદા બંધ હોવાને લીધે એને કદાચ રસ્તાનો ખ્યાલ ન હતો આવતો.

'ડ્રાઈવ ઇન પહોચી ગયા.'

'ડ્રાઈવ ઇન તો પહોંચી ગઈ છું. બસ થોડીવારમાં પહોંચું જ છું.'

મોબાઈલ હાથમાં જ રાખીને ડોક થોડી આગળ ખેંચીને એણે બહાર જોયું અને એની નજર અરીસામાંથી એની તરફ જોઈ રહેલા દિનેશ તરફ પડી. દિનેશે તરત નજર ખેંચી લીધી. પણ સ્ત્રીએ એની આંખોમાં જિજ્ઞાસા વાંચી લીધી હશે, એટલે દિનેશના પૂછ્યા વગર એણે જ કહેવાનું ચાલુ કર્યું.

'મારાં માસી અચાનક બીમાર થઈ ગયાં છે. છોકરાંઓ છે નહીં અને માસાને ગુજરી ગયે તો પાંચ વર્ષ થયાં. એટલે મારે જ ધ્યાન રાખવું પડે છે. ટાઉનહોલમાં બહેનપણીઓ જોડે નાટક જોવા આવી હતી ને એમનો ફોન આવ્યો એટલે નાટક છોડીને જવું પડે છે.'

દિનેશને થયું કે માસીનો વારસો-બારસો મળવાનો હશે. નહીં તો આવી રીતે, આટલી રાત્રે, બાઈ માણસ એકલી આમ જાય? એ ય આ જમાનામાં, પેટના છોકરાંયે નથી કરતાં ને! પણ એને લાગ્યું કે સ્ત્રીએ પોતે આવું કહ્યું એટલે એ કદાચ પોતાના સારા પ્રતિભાવની રાહ જોતી હશે. એણે કંઈક બોલવું જોઈએ એટલે એણે કહ્યું : 'તમે આમ આટલી ઠંડીમાં ય માસી માટે આમ જાઓ છો. સારું કહેવાય.'

'શું થાય? કોઈકે તો કરવું જ પડે ને?'

દિનેશનો આમ તો પંચાત કરવાનો સ્વભાવ ન હતો. પણ એને આ સ્ત્રીમાં થોડો રસ પડ્યો હતો. પાછું વાતોમાં મન પરોવવાથી ઠંડી ઓછી લાગે છે એવું એને લાગ્યું એટલે એણે આગળ ચલાવ્યું.

'હા, પણ આ જમાનામાં કોણ આવું વિચારે છે. અને તમે તો પાછાં આમ એકલાં...'

'મારો ઘરવાળો તો બેઠો છે દુબઈ, નોકરીના કામે સ્તો! એટલે જ મારે આમ એકલા જવું પડે ને?'

દિનેશના વાક્ય પૂરું કરવાની રાહ જોયા વિના જ સ્ત્રીએ જવાબ આપી દીધો.

દિનેશ વાત આગળ ચલાવે એ પહેલાં તો સ્ત્રીના મોબાઈલમાં ફરીથી રિંગ વાગી. એણે ફોન કાપી નાખ્યો. શાલને ફરીથી થોડી આગળ ખેંચી, હોઠ ગોળ કર્યા અને મોંમાંથી 'હુહુહુ...' એવો અવાજ કાઢ્યો. પછી જાણે સ્વગત બોલતી હોય એવી રીતે બોલી : 'આ ઠંડીમાં ને ઠંડીમાં બહેનપણીને મેસેજ કરવાનો તો રહી જ ગયો કે રિક્ષા મળી ગઈ છે.'

બે હાથમાં મોબાઈલ પકડીને સ્ત્રી મેસેજ કરવામાં લાગી ગઈ. દિનેશ વિચારતો હતો - 'આ જમાનામાંય આવા માણસો હોય છે. માસી માટે નાટક છોડીને આટલી રાત્રે આમ જાય છે! જરૂર કોઈ સારા ઘરની હશે. દેખાય છે પણ કેવી વ્યવસ્થિત! આજકાલ સારા ઘરની સ્ત્રી ભેગી થઈને આવી રીતે સિનેમા-નાટકો જોવા જતી હોય છે. કીટી પાર્ટી જેવું કંઈક હશે. એટલે તો થોડો મેકઅપ પણ કરેલો છે. સાડી પણ સરસ પહેરી છે.'

દિનેશની રિક્ષા બોપલ પહોંચવા આવી હતી. એણે ડોક પાછળ ફેરવીને પૂછ્યું : 'પેટ્રોલપંપથી આગળ કઈ બાજુ જવાનું છે મેડમ?'

સ્ત્રીનું મેસેજ કરવાનું કામ હજુ ચાલુ હતું. કદાચ ચેટિંગ કરતી હશે એટલે એણે સાંભળ્યું નહીં અને દિનેશથી ફરીથી તરત પૂછાયું પણ નહીં, કારણ કે એની નજર સ્ત્રીના હાથમાં ચમકતી બંગડીઓ ઉપર ચોંટી ગઈ હતી. બે ય હાથમાં સહેજ પહોળી બે બે સોનાની બંગડીઓ પહેરેલી હતી જે મેસેજ વખતે ચાલુ મોબાઈલના થોડાક અજવાળામાં પણ ચમક ચમક થતી હતી.

'દુબઈનું સોનું હશે' દિનેશે વિચાર્યું અને અચાનક આ ઠરી ગેયલા અંધકારમાંથી પ્રગટ થયો હોય એવી રીતે મગજમાં શેતાન પ્રવેશ્યો, 'સાવ સૂનકાર છે. આ બંગડીઓ કઢાવીને રિક્ષા મારી મૂકું તો કોને ખબર પડવાની છે? રમીલા આટલું કામ કરે છે, હું દિવસ-રાત આટલું તૂટું છું, પણ બંગડીઓનો ભાવ પૂછીને અને ગલ્લામાં ભેગા થયેલા પૈસા જોઈએ ત્યારે અધમણનો નિસાસો નંખાઈ જાય. જિંદગીભર ઈમાનદારીથી રિક્ષા ચલાવી છે. કોઈ પેસેન્જર પાસેથી કોઈવાર વધારે ભાડું પણ લીધું નથી. આ પહેલી ને છેલ્લી વાર આટલું પાપ કરી લઉં તો ભગવાન માફ કરશે. આ બહેનને કંઈ ઝાઝો ફેર નહીં પડે. વર દુબઈ છે, લાખોમાં કમાતો હશે. પાછું મારે ક્યાં કશું રાખવું છે? કન્યાદાનમાં જ આપવાનું છે ને? એવું હોય તો કન્યાદાનનું પૂણ્ય આમના નામે!'

'પણ રમીલા? એ તો ધરમ અને ઈમાનદારીનું પૂંછડું છે. એને શું કહીશ?' દિનેશનું મન સહેજ વિચારમાં પડ્યું. પણ પેલો શેતાન ઘણો ચતુર હતો. એણે તરત જ સૂઝાડ્યું : 'એને કહીશ કે કોઈ પેસેન્જરની પર્સમાંથી એનો મોબાઈલ કાઢતાં કે એમ રિક્ષામાં પડી ગઈ હશે. મને શું ખબર કોની હશે? કોને શોધવા જઉં? પોલીસમાં જમા કરાવું તો એ લોકો જ રાખી લે, થોડા પેસેન્જરને શોધીને આપવાના હતા?

'પણ...'

'પણ ને બણ કંઈ નહીં. રમીલા તો સાવ ભોળી છે. સમજાવી લેવાશે, ને એણે તો જિંદગીભર મને ઈમાનદાર જ જોયો છે ને? રિક્ષામાંથી ઊતરી ગયેલા પેસેન્જરોને બૂમો પાડીને, બોલાવી બોલાવીને એમનો ભૂલાયેલો સામાન પાછો સોંપ્યો છે. એ થોડી મારા કહેવા ઉપર અવિશ્વાસ કરશે?'

રસ્તા ઉપરની લાઈટોને પણ ધુમ્મસ લાગી ગયું હોય એમ એ ઝાંખી થતી જતી હતી અને પ્રકાશ ઉપર અંધકાર સરસાઈ

મેળવતો જતો હતો. નાના નાના જીવડાઓ એ લાઈટોની આજુબાજુ બંગડીઓની જેમ ગોળ ગોળ ચકરાવા લેતા હતા. દિનેશની રિક્ષાના પૈડાં પણ રઝળતી બંગડીઓની જેમ ગોળ ગોળ ફરતા રસ્તા ઉપર આગળ વધતા હતા. અંધકારને વીંટળાયેલા ધુમ્મસના વલયો પણ બંગડીઓના આકારમાં દીનેશની આજુબાજુ ચકરાવા લેતા હતા.

'આમ જમણી બાજુ લઈ લો, ત્રીજી ગલીમાં.'

સ્રીએ ક્યારે મોબાઈલ પર્સમાં મૂકીને પરદો ખોલીને બહાર જોવા માંડ્યું હતું — દિનેશને ખબર જ નહોતી પડી.

દિનેશે રિક્ષા ત્રીજી ગલીને બદલે પહેલી ગલીમાં વાળી. અંદર ખાસું અંધારું હતું. બહુ અંદર જવાની જરૂર જ ન પડી.

'અરે, અરે અહીં નહીં, એક ગલી છોડીને પછીની ગલી.' દિનેશે રિક્ષા ઊભી રાખી દીધી. રાતમાં રિક્ષા ચલાવવા માંડી ત્યારથી સ્વરક્ષા માટે એ એક ચાકુ તો આગળ પગ પાસે રાખતો જ હતો. એને ખબર હતી કે એ આ ક્ષણ ચૂકી જશે તો ક્યારેય ચાકુ કાઢી નહીં શકે. એ વાંકો વળ્યો, હાથમાં ચાકુ લીધું, પહેલાં મગજમાં સળવળતી સભ્યતા, માનવતા, ઈમાનદારીને ઘાયલ કરી અને પછી તરત પાછળ ફરીને ચાકુ સ્રીની ગરદન ઉપર રાખી દીધું.

'ચૂપચાપ તારી બંગડીઓ કાઢ.'

એક પળ તો સ્રી જાણે એણે કંઈ સાંભળ્યું જ ન હોય કે કંઈ સમજી ન હોય એમ એની સામે જોઈ રહી. દિનેશની આંગળીઓની પકડમાં રહેલું ચાકુ સહેજ ઘૂમ્યું. એણે ફરીથી ચાકુ ઉપરની પકડ મજબૂત કરી અને આંખોમાં અને અવાજમાં બને એટલી કરડાકી લાવીને બોલ્યો : 'સાંભળતી નથી? ચૂપચાપ બંગડીઓ ઉતાર!'

સ્રી ચૂપચાપ દિનેશની આંખમાં આંખ નાખીને જોઈ રહી.

'આ બાઈ આટલી સ્વસ્થ કેમ છે?' દિનેશે ચપ્પુની અણી સ્રીની ગરદનને અડાડી. હાથ ઠંડીથી આટલો ધ્રૂજતો હતો?

સ્રીએ સ્વસ્થતાથી ગળા આગળ રાખેલો દિનેશનો હાથ ખસેડ્યો અને બોલી : 'ખાલી બંગડીઓ જ જોઈએ છે?' માથા ઉપરનો સ્કાર્ફ ખસેડીને એણે પૂછ્યું : 'કાનનાં આ હીરાનાં લટકણિયાં નથી જોઈતાં? ને ગળાનો આ દોરો?'

'બંગડીઓ, જલદી.'

ફટાફટ બંગડીઓ ઉતારીને દિનેશ તરફ ધરતાં એ સ્રી એનો ઉપહાસ કરતી હોય એમ બોલી : 'ચારસો રૂપિયાની ચાર, આ બધું કુલ સાતસો રૂપિયામાં લાવી છું, ત્રણ દરવાજેથી. જલદી લઈ લે નહીં તો પેલાનો ફોન આવશે પાછો. આખા રસ્તે મેસેજ કરીકરીને એને માંડમાંડ બેસાડી રાખ્યો છે.'

સ્રીએ આગળ ચલાવ્યું : 'સોનાની બંગડીઓ પહેરી શકતી હોત તો આવી કાળી રાતે પેલા બુઢ્ઢાના એક ફોને આમ રિક્ષામાં બેસીને આવી ના હોત. શું થાય? તારી જેમ મારો ય ધંધો છે!'

અંદર હિમ પડ્યું હોય એમ દિનેશનું મગજ ઠરી ગયું હતું. એને ખબર જ ના પડી કે બાઈએ ધરેલી સો સો ની નોટોની સામે ય જોયા વિના એણે ક્યારે રિક્ષા ચલાવવા માંડી.

*૧૦, ઈશાન બંગ્લોઝ, સુરધારા - સત્તાધાર રોડ,*
*થલતેજ અમદાવાદ-૩૮૦ ૦૫૪.*

## લગ્નોત્સવની પત્રિકામાં જીવદયાનું તત્ત્વ ઉમેરાય ત્યારે...

લગ્ન એ બે આત્માનું પવિત્ર મિલન છે, જે સ્વર્ગમાં નક્કી થાય છે, અને પૃથ્વી પર ઉજવાય છે. સંસારના આ સુખમાં લગ્ન એ વિધાતાએ ઘડેલી સુંદર ઘડી છે.

આ હરખના તેડાંને હોંકારો આપવા પ્રખર જીવદયા પ્રેમી એવા મૂળ તો મુલુંડના જ અને હાલ સુરત ખાતે સ્થાયી થયેલા શ્રી ધરણેન્દ્ર પરમાનંદ સંઘવી અને તેમના શ્રીમતી હેમલબેને તેમના સુપુત્ર ચિ. દર્શીલ (એન્જિનિયર) ના શુભ લગ્ન માટે ની આમંત્રણ પત્રિકા છપાવવા ચકલીઓની અપીલ અંગેની સુચના-ચકલી માળા આકારની અને ગો ગ્રીન ને અનુલક્ષી વૃક્ષના આકારમાં (ફેમીલી ટ્રી) બનાવી સુંદર મજાની આમંત્રણ પત્રિકા છપાવી, તેમના સ્નેહીજનોને અને સગા સંબંધીઓને હર્ષના શુભ પ્રસંગના તેડા પાઠવ્યા છે. અને સાથે જીવદયાનો ચકલી બચાવવાનાં મહત્ત્વના સંદેશાને પણ પ્રચારક બનાવ્યો છે.

જન્મ દિવસ/લગ્ન દિવસ વગેરેની ઊજવણીમાં આપણે હંમેશા પશ્ચિમનું આંધળું અનુકરણ કરતા હોઈએ છીએ. તેમાં દેખાદેખી જ મુખ્ય ભાગ ભજવી રહી છે, જેમાં ભારતીય સંસ્કૃતિ લેશમાત્ર પણ જોવા મળતી નથી. ફક્ત અનુકરણ વૃત્તિ આજે દેખાય છે.

અયોગ્ય રીતે મબલખ ખર્ચ કરવા છતાં પણ ઉજવણી એકદમ બેહૂદી રીતે થતી રહેતી હોય છે, જેમાં ફક્ત નાણાનું પ્રદર્શન જ હોય છે. આવી ઉજવણીમાં કોઈપણ જાતનું તત્ત્વ કે સત્ત્વ જણાતું નથી. આવો એક ગાડરિયો પ્રવાહ વહેતો હોય છે.

આવી દેખાદેખી અને લખલૂટ ખર્ચ દૂર રહી એક નવો ચીલો શરૂ કરવાની મથામણમાં એક નૂતન અભિગમ સાથે લગ્નની આમંત્રણ પત્રિકાને જીવદયા સાથેનો ઑપ આપી, તેનું વિતરણ કરવામાં આવેલ છે.

આમ આપણા કુટુંબના શુભ પ્રસંગોની ઉજવણી વખતે જો સમાજ અને પ્રકૃતિનું ધ્યાન રાખીને ખર્ચનું આયોજન થાય તો એ પ્રસંગ એકદમ યાદગાર અને સાર્થક પુરવાર થાય અને સમાજના લોકોને પ્રેરણા અને લાભ તો થાય જ. આનું નામ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાની પ્રક્રિયા.

*કુલીનકાંત ચાંપશી લુઠીયા - મુંબઈ*
*ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સામાજિક કાર્યકર*
*મો. નં. ૯૮૨૦૦ ૩૯૪૬૯*



વાર્તા

# સિગ્નલ વગરની જિંદગી

સમીરા પાત્રાવાલા

નન્દુમૂરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમ એનું નામ. બાહુબલી પછી રાતોરાત થઈ ગયેલો. ત્યારે બધા એને એક જ સવાલ પૂછતા કે કટપ્પા તે બાહુબલીને શું કામ માર્યો? આમ તો કટપ્પા પહેલાં સ્ટાર હોવા જેવો ઇતરાતો અને પછી બાહુબલીના ટુચકાઓની જે રમઝટ બોલતી એનાથી કંટાળીને હવે એ જવાબ પણ આપવાનું ટાળતો. આજકાલ કોઈ ભૂલથી પણ આવું પૂછી લે છે તો ધુઆંપુઆં થઈ જાય છે. આ પહેલાં પણ એ પોતાના ઉડીપી રેસ્ટોરન્ટમાં આવતાં લોકોને રજનીકાંત પર ટુચકા વાંચતા જોઈને ધુંઆપુંઆ થઈ જતો. રજનીકાંત એના માટે રજનીકાંત નહોતો રજનીદેવા હતો. એટલે જ એના રેસ્ટોરન્ટનું નામ પણ 'રજની રેસ્ટોરન્ટ' હતું. ઓછામાં પૂરું સ્પેશિયલ ડિશમાં 'રજની ઇડલી' અને 'રજની ઢોસા' હતાં. રજની ઇડલીમાં પહેલાં સાંભાર આવતો અને પછી ઊડીને એમાં ઈડલી પડતી અને ઢોસાની વાત ન પૂછો રાસ્કલા! ઢોસામાં પ્લેટ પહેલા આવતી અને અંદરથી ઢોસા ઊડતા આવતા. બહુ થયો મજાક! આજે મજાકની વાત નથી કરવી. આજકાલ નન્દુમુરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમ દુઃખી છે. દુઃખી એટલે છે કે એનું હૃદય દુઃખી છે. અને હૃદય એટલે દુઃખી છે કે એક વખત કામકાજ પતાવીને બપોરના વખતે પોતાના જ રેસ્ટોરન્ટમાં જ્યારે એ કેળના પાન પર ઢોસાના ટુકડા કરી એમાં સાંભાર અને ચટણી પધરાવી કોદવો કરીને ખાતો હતો ત્યારે જીવનમાં ઐશ્વર્યા આવી. નામ પણ ઐશ્વર્યા અને દેખાવે પણ વાહ! લાંબી, પાતળી અને નાજુક. મધમીઠું બંગાળી અને અંગ્રેજી બોલતી, જેમાંનું એને કંઈક જ સમજાતું. બાજુની સ્કુલમાં નવી શિક્ષિકા તરીકે આવેલી. એ એને જોતો જ રહી ગયો, પણ ઐશ્વર્યાની તો નજર સુદ્ધાં એના સુધી ન પહોંચી. પછી એ અહીં અવારનવાર આવી. એને પટાવવા એણે રજનીદેવાના નામે ૨૫ નાળિયેર માન્યા પણ એ પછી તો એ દેખાતી પણ બંધ થઈ ગઈ. એક વખત એની સાથે વાત પણ ન કરી શક્યો. તો આ હતી જાડી ચામડી, મોટા પેટ અને લગભગ દેખાવે જલ્લાદ જેવા લાગતા દિલફેંક આશિક નન્દુમૂરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમની દુઃખભરી કહાની.

દિવસે-દિવસે કટપ્પાને પ્રેમનો તાવ વધુને વધુ ચડતો ગયો. આ બાજુ તિબેટના એક નાનકડા ગામડા ડાંબાનાં કોઈ ખીણ વિસ્તારમાં રહેતી એક કિશોર વયની ચીબી છોકરી પોતાની ઘાસની ઝૂંપડીમાં માયકાંગલી માની પથારી પાસે બેસી એને સૂપ પીવડાવી રહી છે. મા પરંપરાગત તિબેટિયન મસાલા બનાવીને વહેલા જીર્ણ થઈ ગઈ છે અને આ ચીબી છોકરી ચિમળાયેલી કળી જેમ ઊછરી રહી છે. બાજુમાં ચાલતા તાડી ગાળવાના કામમાં ક્યારેક કામચલાઉ મજૂરી કરી આવે છે અને બાકી છૂટક તિબેટિયન સ્વેટર ભરીને ગુજરાન ચલાવે છે. ક્યારેક માના મસાલા પણ ખાંડી દે તો રાતભર હાથમાં મરચાંની લાય બળતી રહે છે. હાથમાં આવતો બધો જ પૈસો માની દવા પાછળ ખેંચાઈ જાય છે. માને જીવાડવું જ એના જીવનનો એકમાત્ર ઉદ્દેશ છે. એના નાનકડા મગજમાં માની તબિયત જ્યારે ચિંતાની ખાઈ ખોદતી હોય છે ત્યારે મુંબઈ નગરીના એક ભવ્ય સ્ટુડિયોમાં બેઠો બેઠો એક અનુભવી ફિલ્મ વિવેચક માને જ યાદ કરીને જૂનાં દિવસોની વાતો મમળાવે છે, 'વો ઝમાને મેં ઐસા દોર ચલતા થા કે હીરો કો નૌકરી મિલતી થી ઔર વો મીઠાઈ લેકે ઘર પે આતા થા, ઔર અપની મા કો કહેતા થા - મા, તેરે બેટેકો આજ નૌકરી મિલ ગઈ હૈ મા! બસ કર યે મશીન ચલાના! અબ તુજે કપડે સિલને કી ઝરૂરત નહી હૈ મા. ઔર બૂઢી મા કી આંખો મેં આંસુ આ જાતે થે.' પણ ડાંબાની એ ઘાસની ઝૂંપડીમાં માની સાવ સુક્કી આંખો છત ઉપર સ્થિર જડાઈ ગઈ છે. આ બાજુ નન્દુમૂરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમની પણ આંખો સ્થિર જડાઈ છે - રસ્તા ઉપર! કેળના પત્તા પર આજે પાછો ઇડલીનો કોદવો કરેલો પડ્યો છે અને કટપ્પાએ ફરી ખાવાનો વિચાર માંડી વાળ્યો. પોતે જ ઊઠીને એને ફેંકી આવ્યો ડસ્ટબિનમાં! ભૂખ ભાંગી ગઈ હતી.

પણ પેલેસ્ટાઈનનાં આ ભાગે ભૂખ સિવાય લગભગ બધું જ ભાંગીને હવે બંજર હતું. અવારનવાર થતાં ઝુલ્મોસિતમ પછી પણ ટકી રહેલી પ્રજા ઉપર છેલ્લા નેવું દિવસથી સતત બોમ્બ ઝીંકાતા હતાં અને કોઈનાં મોત પર હવે રડવાની પણ તાકાત નહોતી બચી. આંખો સુક્કીભઠ્ઠ થઈ હતી. અને હજુ પણ કયામત 'આવશે' ત્યારે હિસાબ થશે એવી આશામાં સજદાઓની પાબંધી વધતી જતી હતી. આજે ફરી થોડીઘણી ઉછીની રાહત લઈને કોઈ પત્રકારોની ટીમ આવેલી હતી અને એક બાળકે આજે ચોથીવાર પણ એ જ વાત કહી 'મેં વર્ષોથી બ્રેડ નથી જોઈ.' એને બ્રેડ મળશે એ દિવસ કદાચ એની ઊજાણીનો દિવસ હશે. પણ ઊજાણી બધાને ખુશ નથી કરતી. અલાસ્કાનાં એક ઘરમાં

કેથરિન હંમેશા દુઃખી જ રહે છે. મલ્ટીમિલીયેનર પતિ હોવા છતાં પોતે સુખી નથી એવી માનસિકતા એને શાતા નથી આપતી. અને કેમ ખુશ રહે? પોતે બાળકને જન્મ નથી આપી શકતી એ ખોટ એને જીવનમાં અંધકારમાં ધકેલી દે છે ત્યારે અજવાળાની શોધમાં એ ચર્ચની કોઈ નન પાસે જઈને સત્યની અપેક્ષા રજૂ કરે છે. સત્ય આટલું સસ્તું અને હાથવગું હોય છે એ એને ત્યારે જ ખબર પડે છે જ્યારે એ નનનાં હુંફાળા આલિંગનમાં વિલીન થતી જાય છે. છેવટે કેથરિન પ્રેમનું સત્ય પામી જાય છે અને નન પણ એક સ્ત્રીને સ્પર્શીને જીવનનાં સત્યથી ઉજાગર થઈ જાય છે. કેથરિન નનનો ભૂતકાળ નથી જાણતી. ફક્ત એટલું જાણે છે કે આ પ્રેમ કોઈ વાસના નથી - જીવનને ચાલવાની, દોડવાની અને ટકી રહેવાની શક્તિ આપે છે. આ પ્રેમ નામનું સત્ય એને જીવવાની શક્તિ પૂરી પાડીને સંપૂર્ણતાના શિખરે બેસાડી દે છે. ડાંબામાં આવી જ કોઈ શક્તિ રાતોરાત એ ચીની છોકરીની માની છત પર જડાયેલી આંખોએ મેળવી છે. બીજા દિવસની પરોઢે એ અમરત્વ હાંસલ કરી દેવી બનીને ઊઠે છે. મૃત્યુને માત આપીને છોકરીની આશાને જીવાડતી મા છેવટે એક જીવતો જાગતો ચમત્કાર જ બની રહે છે. એના ચહેરા પર એક અજબ જ તેજ પથરાયેલું છે અને આખા ગામને એ રાતોરાત પોતાના દૈવીપણાના પરચા આપે છે. એ ખૂબસૂરત તિબેટિયન છોકરી દેવીની દિકરી બનીને મંદિર બની બેઠેલા ઘરમાં સુખેથી રહે છે.

સુખના દિવસો તો રાજાના પણ આવેલા છે. વર્ષો સુધી ચિકનની દુકાને નોકરી કર્યા પછી આજે એણે પોતાનું જ ચિકન શોપ નાખેલું છે. આજે એ નોકરમાંથી માલિક બન્યો છે - રાજા'સ ચિકન શોપનો. પોતાના હાથે પહેલી મુરઘી કાપીને જ્યારે એ ઘરાકને આપે છે ત્યારે કોઈ જ અપરાધભાવ નથી અનુભવતો. શું કામ અનુભવે? આ તો એનું રોજિંદું કામ છે પણ એક રાજા આ બધું સહન નથી કરી શક્યો. ઇતિહાસમાં દટાયેલી એક કબર સુધી હજુ પણ કોઈ નથી પહોંચેલું. રાજગાદી મેળવવાની રમતમાં આ રાજા-છેલરાવ એના જ સગા કાકા દ્વારા છેતરપીંડીથી મારવામાં આવેલો અને રાજા'સ ચિકનના ચિકનની જેમ આના પણ કોઈ જ પણ અપરાધભાવ વગર ટુકડે-ટુકડા કરવામાં આવેલાં. કિશોરવયે મરેલો છેલરાવ આજે પણ પોતાની આપવીતી અમાવસની રાત્રે બધાને કહેતો ફરે છે. કોઈ ભૂવા કે કોઈ પૂજા-પાઠ પણ એને શાંતિ નથી આપી શકતા. જીવનનું સત્ય બહુ જ ગૂઢ છે જે મૃત્યુ પછી પણ છેલરાવને હેરાન કરી રહ્યું છે. મુંબઈનાં કમાઠીપુરાના એક રૂમમાં એક અતિ-સાધારણ ગણિકા પોતાના નવયુવાન ગ્રાહકને રીઝવવા પોતાની લીલાઓ પાથરી બેઠી છે. પોતાના વિખરાયેલા અંગોને સંકેલતી કૌમાર્યભંગમાં પસ્તાવો કરતાં છોકરાની સામે નાગું હસીને મા જેવી ઠાવકી અદાથી કહે છે કે, 'અબે જલ્લે, રોતા કાઈકું હે? સેક્સ હિ'ચ જિંદગી કા સબસે બડા સચ હે.' રૂમમાંથી બહાર નીકળતો છોકરો દાદર ઊતરતાં આ સત્યને પામવા મથતાં કેટલાયે ભક્તોની કટાર ઓળંગીને ત્યાંથી ભાગી છૂટે છે અને એવી રીતે દોડે છે, જાણે પોતાને પણ પાછળ છોડી દેશે. પોતે આટલો 'ગિલ્ટી' છે તો એ સ્ત્રીને પસ્તાવાનો અહેસાસ ક્યારેય નહીં થયો હોય? આવા કેટલાયે સવાલોના જવાબ આપવામાં મિ. દેવદૂત અમેરિકાના ફ્રી માહોલમાં ઊછરેલા લાખો યુવાનોને સંબોધીને એમના જીવનના પ્રશ્નો ઉકેલે છે. ખચાખચ ભરેલા ઓડિયન્સમાં મિ. દેવદૂતને એક યુવાન અતિ સામાન્ય જણાતો સવાલ પૂછે છે કે દુનિયામાં આટલું બધું ડિપ્રેશન કેમ છે? આનો જવાબ મિ. દેવદૂત આપે એ પહેલાં એના પર હજારો કેમેરા ફરી જાય છે. પણ અહીં પેલેસ્ટાઈનમાં ઊભેલા બાળકને જ્યારે એક પત્રકાર બ્રેડ આપવા જાય છે તો મા એનો હાથ અટકાવીને કહે છે. 'ભૂલી ગયો? આજે તારું રોઝું છે. મગરિબમાં ખાજે.' બાળક સૂક્કું રડી ઊઠે છે. આવો સવાલ નન્દુમૂરી કટપપ્પા બોડુ નાગાર્જુના લિંગમને તો ક્યારેય નહિ પજવતો હોય. પણ બ્રેડ મેળવીને મગરિબની રાહમાં બેઠેલું બાળક આજે કેટકેટલીયે ધન્યતા અનુભવે છે.

પોલને પણ આવી જ ધન્યતા ઈન ટુ ટેન અનુભવાઈ હતી જ્યારે એણે એમેઝનના જંગલમાં પહેલી વાર એનાકોન્ડાને પકડ્યો હતો અને એના પર રિસર્ચ કરવા સફળ રહેલો. જીવનને આટલું નજીકથી ક્યારેય નહોતું જોયેલું એણે! તૌરેગમાં વસતા તંબુઓમાં આજે અમારાએ સાત બોયફ્રેન્ડ ઉપર પહેલીવાર લગ્ન કર્યા છે ત્યારે એનો પતિ અશાંતિથી છુટકારો મેળવી કેવો ખુશ છે? ના, એ વાળી અશાંતિ નહિ. અહીં અશાંતિ સ્ત્રીનું નામ છે એની પહેલી પત્ની. અશાંતિને પચ્ચીસ ગધેડા અને બે મોટા ઊંટ આપીને અમારાએ પોતાના માટે વર ખરીદ્યો હતો અને આજે જ્યારે અમારાની મા એના પોતાના તંબુમાં જાશે ત્યારે આ આદમી અમારાના તંબુમાં જઈ આખી રાત એના માટે કવિતાઓ ગાતો રહેશે. આજુબાજુનાં તંબુ પણ આ કવિતાઓ સાંભળશે પણ પોઢેલા જ રહેશે. પોલને દેખાયેલો એનાકોન્ડા અને અમારાને મળેલો પતિ આજે એકસરખા જ ખૂબસૂરત લાગે છે. અંધારા તંબુમાં કાળી આસ જેવી અમારાના ચંદીના ઘરેણા દીવાની જેમ ચમકતા હતાં અને જ્યારે એ બત્રીસી દેખાડતી ત્યારે એના ત્યાં હોવાનો અહેસાસ પણ થઈ જતો. પતિ હવે રોજ પરોઢની પહેલી કિરણ સુધી આ જ તંબુમાં રાત વિતાવશે. પણ પોલ કાયમ એમેઝોનનાં જંગલમાં નથી રહી શકવાનો. હજી પણ દુનિયાનો સૌથી મોટો એનાકોન્ડા પકડીને સૌથી મોટી રિસર્ચ કરવાની બાકી હતી. પણ હવે એની ખુશી 'એડ્રીનાલિન રશ' માં બદલાઈ ગઈ છે. એ જીવનનું સૌથી મોટું જોખમ ખેડવા તૈયાર થાય છે. એવું જ જેમ ૭૦,૦૦૦ ફૂટની ઊંચાઈથી નીચે કૂદકો મારીને સિન્ડીને થાય છે. સુંદરતાને દરેક ઈંચથી અને દરેક ઊંચાઈથી માણ્યા પછી જો સિન્ડીને કોઈ શ્રદ્ધા વિશે, ડિપ્રેશન વિષે કે ઈશ્વર વિશે સવાલ કરે તો એ શું જવાબ દેશે? જવાબ તો પેલી ચીની

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૭ ઉપર)



વાર્તા

# ફરીથી મળવું...

આશા વીરેન્દ્ર

રચના સાથે ફોન પર વાત કરતાં અચાનક મમ્મીને યાદ આવ્યું, 'અરે હા! રચુ, તને કહેતાં ભૂલી ગઈ. ગઈકાલે હંસામાસી મળ્યાં તે કહેતાં હતાં કે, એમનો વિપુલ આવવાનો છે- અમેરિકાથી. કઈ તારીખે ...હા, હા. સત્તરમીએ આવવાનો છે. તમે બંને તો નાનપણના ગોઠિયાઓ. મને થયું લાવ, તને જણાવી દઉં. નહીંતર પાછી તું ફરિયાદ કરીશ કે વિપુલ આવવાનો હતો ને તેં જણાવ્યું પણ નહીં.' ફોન મુકાઈ ગયો. ગરમાગરમ તવી પર પાણીનું ટીપું પડે ત્યારે છમ્...કરતો અવાજ આવે ને ઘડીકમાં તો પાણી શોષાઈ જાય એવું જ ત્યારે તો આ સમાચારનું પણ થયું. વિપુલ આવે છે એ સાંભળીને જરા છમકારો થયો હતો એ ચોક્કસ, પણ એથી વિશેષ કંઈ નહીં પણ જેમજેમ સત્તર તારીખ નજીક આવવા લાગી તેમ દૂર હડસેલી દીધેલો ભૂતકાળ પણ નજીકને નજીક આવતો ગયો. 'રચના' જો હું તારે માટે શું લાવ્યો? મુઠ્ઠીમાં કોઈક વસ્તુ છુપાવી વિપુલ રચનાને સુંઘાડતો.

'અરે વાહ, મોગરો? મને બહુ ગમે. કેટલી મીઠી સુગંધ છે નહીં?' 'હા, બિલકુલ તારા જેવી.' ઊંડા ઊંડા શ્વાસ લેતો વિપુલ એની વધુ નજીક સરકતો ને પોતે શરમાઈ જતી.

હંસામાસીની પરિસ્થિતિ સાવ સાધારણ. ઘરનું ગાડું જેમતેમ કરતાં ગબડાવે. માસાની ટૂંકી આવકને જરાતરા લાંબી કરવા હંસામાસી કપડાં સીવતાં, નાની ઉંમરે પણ રચનાને ખ્યાલ આવી ગયો હતો કે, બંને કુટુંબો વચ્ચે મસમોટી આર્થિક ખાઈ છે, અને એ ઓળંગવી સહેલી નથી. મામા મુંબઈથી માહીમનો આઈસ હલવો લઈને આવતા ત્યારે રચનાને સૌથી પહેલાં વિપુલ યાદ આવતો. 'એને બિચારાને આવું ક્યાંથી ખાવા મળે?' આમ વિચારીને હલવાનાં બટકાં રૂમાલમાં મૂકીને ખીસામાં સરકાવી દેતી. વિપુલના ઘરના માળિયાનાં એકાંતમાં હલવો ખાવા માટેની વિપુલની શરત રહેતી રચના પોતાના હાથે ખવડાવે તો જ હલવો ખાવો. નીચી નજરે વિપુલને હલવો ખવડાવવા જતી રચનાનો હાથ પકડી વિપુલ એને પોતાના તરફ ખેંચતો અને મનમાં ગલગલિયાં થવા છતાં રચના નારાજ થઈ જતી.

'મને આવી બેશરમી જરાય પસંદ નથી, હવે હું તારી સાથે બોલવાની ય નથી ને તારા ઘર પાસે ફરકવાની ય નથી.'

બે-ત્રણ દિવસ રિસામણાં ચાલે ત્યાં તો બેઉનો તરફડાટ વધી જાય અને વિપુલ માફી માગે એટલે તરત સમાધાન થઈ જતું.

'મમ્મી...તારું ધ્યાન ક્યા છે? ક્યારની ચીંકી મને મારે છે, પણ તું એને કંઈ કહેતી જ નથી!' ચાલુ ફિલ્મે વીજળી જતી રહે અને આસપાસના વાતાવરણ સાથે અનુસંધાન કરતાં તકલીફ પડે એવી જ હાલત રચનાની થઈ. એની અને વિપુલની કિશોરવસ્થામાંથી ચીંકી અને ચીંટુનાં શૈશવમાં પ્રવેશતાં મુશ્કેલી પડી. રાત્રે એણે સૌરભ પાસે, નડિયાદ મમ્મીના ઘરે જવાની મંજુરી પણ મેળવી લીધી. 'ચીંકી-ચીંટુને ત્રણ-ચાર દિવસની રજા પણ આવે છે અને કેટલાય વખતથી મમ્મી-પપ્પાને મળી નથી. જો તું હા કહેતો હોય તો નડિયાદ જઈ આવું.' આટલું કહેતાં તો એને ત્રણ વખત અટકવું પડ્યું. એને પીઠમાં ધબ્બો મારતાં સૌરભ હસી પડ્યો.

'અરે, મન થયું હોય તો જઈ આવને ભઈ, એમાં આટલી બધી ચોખવટની શી જરૂર છે? ને જો, શાંતિથી રહેજે. મારી ચિંતા કરીશ, નહીં. તું નહીં હોય એટલે જેટલો કચરો પેટમાં પધરાવવો હશે એટલો નિરાંતે પધરાવીશ.'

રાત્રે નવ વાગે નડિયાદ પહોંચેલી રચના મમ્મી-પપ્પાને ભેટી પડી પણ શી ખબર કેમ, એને અંદરખાને લાગતું હતું કે, એમને મળવાનો દરવખત જેવો ઉમળકો આજે નહોતો. રહી રહીને એની નજર સામેના ઘરની મેડી પર ફરી આવતી હતી. કદાચ વિપુલ દેખાઈ જાય! અંતે ન જ રહેવાયું ત્યારે એણે મમ્મીને પૂછી જ લીધું, 'મમ્મી, તું કહેતી હતી ને કે, વિપુલ આવવાનો છે, તે આવ્યો?'

'હા, હા, આવ્યો ને! મેં એને કહ્યું કે, તું આવવાની છે ત્યારે એ તો ઉછળી જ પડ્યો. અત્યારે રાત પડ્યે જમી કરીને સૂઈ જઈએ. તું એને કાલે જ મળજે.' હા, હમણાં ને હમણાં શી ઉતાવળ છે?

રચના બોલવા ખાતર ભલે બોલી પણ વિપુલને મળવા એ કેટલી ઉતાવળી થઈ છે એ તો એનું મન જ જાણતું હતું. ચીંકીને ચીંટુને સૂવડાવીને એણે પણ લંબાવ્યું પણ ઊંઘ આવવાને બદલે આંખો સામે એક પછી એક બદલાતા જતાં દૃશ્યોની ઘટમાળ શરૂ થઈ ગઈ.

આસપાસનાં બધાં છોકરાંઓએ ભેગા થઈ આંબાના ઝાડે જાડી કાથી બાંધીને હીંચકો બનાવ્યો હતો. એની ઉપર નાખેલાં નકામાં કપડાંના ગાભા ને બનાવેલી સરસ મજાની બેઠક. હીંચકો તો ખાલી જ પડતો. હીંચકા પર બેસવાનાં બધાનાં વારા નક્કી

જ હોય. વિપુલ હંમેશા રચના માટે પોતાનો વારો કુરબાન કરતો. રચના કહેતી, 'હવે તું બેસ ને!' વિપુલ કહેતો, 'હીંચકા પર બેસે ને તારા વાળ ફરફરે ત્યારે તું એટલી સુંદર લાગે છે કે, તને જોઈને જ મારું મન ભરાઈ જાય છે.' રચનાની આંખો લજ્જાના ભારથી ઢળી પડતી. એ હીંચકા પર બેઠી હોય ત્યારે વિપુલ એના કાનમાં ગણગણતો, 'આય લવ યુ' ડોળા ઘૂરકાવીને રચના પૂછતી, શું બોલ્યો?'

'હું? હું તો કશું નથી બોલ્યો, તને ભ્રમ થયો લાગે છે', બેફિકરાઈથી પોતાના ઝુલ્ફાં ઝાટકતાં વિપુલ કહેતો. એના અને વિપુલના સંવનનકાળનું ભાવિ તો બંને જાણતા હતાં પણ એ કાળ આટલો અલ્પાનુષી નીવડશે એવું બેમાંથી એક્કેએ નહોતું ધાર્યું. હજી તો કોલેજનું છેલ્લું વર્ષ પૂરું પણ નહોતું થયું ને સૌરભના ઘરેથી માંગું આવ્યું. છોકરી માટે આમ 'સામેથી' માંગુ આવે એ ગૌરવની વાત ગણાતી. સૌરભ અને એના મા-બાપે રચનાને પસંદ કરી ત્યારથી માંડીને રચના-સૌરભના લગ્ન સુધીની વાત જાણે કોઈ નવલકથાના અડધા પ્રકરણમાં સમેટાઈ જાય એટલી જલ્દી પતી ગઈ.

જ્યારથી રચનાનાં વેવિશાળની વાત સાંભળી ત્યારથી વિપુલે રચના સાથે બોલવાનું તો દૂર, એની તરફ જોવાનું પણ છોડી દીધું હતું. કોઈને કોઈ બહાને રચના એના ઘરે જતી તો વિપુલ હાથમાં પુસ્તકો લઈને હંસા માસીને કહેતો, 'મમ્મી, હું પરેશને ત્યાં વાંચવા જાઉં છું. પાછાં આવતાં મોડું થઈ જશે.' રચના વળ ખાઈ જતી. 'એણે મારી વાત તો સાંભળવી જોઈએ ને?' જે થયું એ મારી મરજીથી થોડું જ થયું છે? પણ તારામાં હતી હિંમત? તેં વાત કરી કદી હંસા માસીને? અરે, એમને કહેવાની વાત તો દૂર, તેં મને પણ તારા મનની વાત કરી છે? તો પછી મારા પર આટલો ભડકે છે શાનો? દૂર જઈ રહેલા વિપુલની પીઠને તાકી રહેલી રચનાની આંખો આંસુથી છલકાઈ જતી. લગ્નની કંકોત્રી આપવા ગઈ ત્યારે તો રચના કોઈ પણ હિસાબે આજે વિપુલ સાથે વાત કરી લેવાના નિશ્ચય સાથે જ ગઈ હતી. હંસામાસીએ વિપુલ ઉપર જ છે એમ કહ્યું ત્યારે લાજ શરમ છોડીને એ ધડધડ કરતી હાથમાં કંકોત્રી મૂકતાં એણે કહ્યું હતું,

'આ મારાં લગ્નની આમંત્રણ પત્રિકા, જરૂર આવી જવાનું છે.' એની સામે નજર સરખી ય કર્યા વિના વિપુલે, 'હમણાં હું કામમાં છું, કબાટ પર કંકોત્રી મૂકતી જા,' એમ કહ્યું ત્યારે રચનાએ મહાપરાણે બાંધી રાખેલો બંધ તૂટી પડ્યો હતો. ચોધાર આંસુએ રડતાં એણે વિપુલને પકડીને હલબલાવી નાખ્યો હતો, 'આટલા દિવસોથી બોલવાનું બંધ કરી દીધું છે તે મારો કંઈ વાંક-ગુનો? તને અને મને બંનેને ખબર જ હતી કે, આપણો સંબંધ કોઈ મુકામ પર પહોંચવાનો નથી. તો યે, હતી તારામાં તાકાત મને કહેવાની કે, ચાલ, આપણે એકમેક સાથે જોડાઈ જઈએ? એક વારે ય બોલ્યો હોત તો...પણ તું? તું તો કાયર, બાયલો, મીંઢો...' રચના રડતી ગઈ અને ટેબલ પર પડેલા કાગળો ફાડતી ગઈ. એકાએક ઉભા થઈને વિપુલે એના બેઉ હાથ પકડીને એને જકડી લીધી. સીધું એની આંખોમાં તાકતા એણે કહ્યું, 'કેમ, તને હીંચકે ઝુલાવતી વખતે કહેતો હતો એ નહોતું સંભળાયું? તારા વાળમાં મોગરો નાખતી વખતે મારી આંખોમાં નહોતું વંચાયું? તારા હાથે જ હલવો ખાવાની જીદમાં નહોતું સમજાયું? તો લે, આજે પહેલી ને છેલ્લી વાર તને કહી દઉં, હું તને ચાહું છું - આઇ લવ યું. તું સાસરે જતી રહીશ પછી હું કોના અને શેના આધારે જીવીશ એ વિચારીને ગભરાઉં છું. એટલે જ અત્યારથી તારી માયા ઓછી કરવા માંડ્યો છું. રચુ, તારા વિના હું એકલો થઈ જઈશ.' વિપુલે એને ગાઢ આલિંગનમાં જકડી લીધી અને રચનાએ એ બંધનમાંથી છૂટવાનો જરાય પ્રયત્ન ન કર્યો.

બંને જ્યારે એ પ્રેમસમાધિમાંથી પાછા ફર્યા ત્યારે વિપુલે પોતાની ભીની આંખો લૂછતાં કહ્યું, 'ચાલ નો મોર ફાઈટીંગ્સ. તું તારા જીવનમાં ખૂબ ખૂબ સુખી થાય એવી મારી અંતરની ઈચ્છા છે.' રચનાએ બહુ મુશ્કેલીથી હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'બધી શુભેચ્છા અત્યારે જ આપી દઈશ તો મારા લગ્નને દિવસે ખાલી હાથે આવીશ? એ નહીં ચાલે. મને તારી ગીફ્ટ તો જોઈએ જ.' રચનાને હાથ પકડીને અત્યંત ઋજુતાથી પસવારતાં વિપુલે કહ્યું, 'રચુ' અત્યારે તને આપી એનાથી વધુ મોંઘી અને મોટી ગીફ્ટ આપવાની તો મારી હેસિયત નથી અને શુભેચ્છા પણ આજે જ એટલે આપી દઉં છું કે, બરાબર તારા લગ્નને દિવસે જ મારે વીઝા માટે મુંબઈ જવાનું છે. સૉરી, હું તારા લગ્નમાં નહીં આવી શકું.

નીતરતી આંખે પગના અંગૂઠાથી જમીન ખોતરતાં રચનાએ કહ્યું હતું, 'ચાલ ત્યારે બાય, ફરી ક્યારે મળીશું, શી ખબર?' એ પછી આજે, આટલાં વર્ષે પાછાં મળવાની ઘડ આવી હતી. વિપુલે અમેરિકામાં જ, શિલ્પા સાથે લગ્ન કર્યા, એને ત્યાં એક દીકરાનો જન્મ થયો એ બધા સમાચાર એને વાયા મમ્મી અને હંસામાસી દ્વારા મળ્યા કરતા.

સવારે બ્રશ લઈને એ બહાર ઓટલા પર ગઈ ત્યારે નજર તો સામેનાં ઘર પર જ ચોંટેલી હતી. કદાચ વિપુલ દેખાઈ જાય અને એ દેખાયો પણ ખરો. પણ આ શું? જાણે પહેલાનો વિપુલ જ નહીં. માથે ટાલ પડી ગયેલી, ફાંદ નીકળી આવેલી અને શરીર બેડોળ બની ગયેલું. રચનાને ધક્કો લાગ્યો. જેમતેમ પોતાની જાતને સંભાળતાં એણે વિપુલ તરફ જોઈને હાથ હલાવ્યો. સામેથી વિપુલે પણ ઉમળકાભેર હાથ હલાવતાં પૂછ્યું. 'ક્યારે આવી?' અને પછી હાથનો ઈશારો કરતાં કહ્યું, 'આવ, નાહી પરવારીને એણે મમ્મીને કહ્યું,' 'મમ્મી, ચીંકી-ચીટુ હજી સૂતાં છે ત્યાં હું વિપુલને મળીને આવું.' જાને બેન નિરાંતે આવજે. આટલાં વર્ષો પછી મળો છો તે બાળપણના ભેરુઓને કેટલી વાતો ભેગી થઈ હોય!

માંડ સો ડગલાં જેટલું અંતર કાપતાં રચનાની છાતી બસો વાર ધડકી હશે, એને જોઈને વિપુલ ખુશ થઈ ગયો.

'હા...ય રચુ, તું તો એવી ને એવી જ લાગે છે.' જવાબમાં શું બોલવું, કંઈ સમજાયું નહીં એટલે એણે પૂછ્યું... 'ઘણાં વર્ષે મળ્યાં, નહીં?' 'યા...હ એટલીસ્ટ ટ્વેન્ટી ફાઈવ યર્સ, આઈ થીન્ક.' રચનાએ નોંધ્યું કે, દેખાવની સાથે વર્તનમાં અને બોલ-ચાલમાં પણ વિપુલ સાવ બદલાઈ ગયો છે. જાણે કોઈ અજાણી વ્યક્તિને મળતી હોય એવી મુંઝવણ અને ગુંગળામણ એને થઈ આવી. વિપુલ અમેરિકાની સમૃદ્ધિની, ત્યાંની લાઈફ-સ્ટાઈલની, ખૂબ સારી કંપનીમાં એની ઊંચા હોદ્દા પરની જોબની એવી કંઈ કેટલીય વાતો કરતો હતો. પણ કોણ જાણે કેમ આ વિપુલ અને પેલા વિપુલ વચ્ચે કોઈ મેળ નહોતો પડતો. રચનાનો જીવ એની વાતોમાંથી ઊઠી ગયો હતો. વિપુલની વાતોમાં વારંવાર આવતા 'યાહ, યપ, યુસી, માય પ્લેઝર' આવા શબ્દોથી એને અકળામણ થતી હતી. અચાનક એ ઊભી થઈ ગઈ, 'ચાલ, હું જાઉં?'

ત્યાં તો હંસામાસી રસોડામાંથી ત્રણે જણની ચા લઈને આવ્યાં. 'અરે, આટલીવારમાં જવાની વાત ક્યાં કરે છે? ચા પીધા વગર થોડું જવાય?' વિપુલ ઉપર જઈને એક થેલી લઈ આવ્યો. રચનાના હાથમાં મૂકતાં બોલ્યો, 'ધીસ ઈઝ એ સ્મોલ ગીફ્ટ ફોર યુ, ફ્રોમ શિલ્પા.'

'થેંક્સ, થેન્કયુ વેરી મચ.'

'જસ્ટ ઓપન ઈટ એન્ડ સી.'

પેકેટમાંથી રચનાએ સાડી કાઢી.

'બ્યુટીફુલ, બહુ સરસ છે.'

'અરે, તારે માટે સાડી લેવા એ કેટલું રખડી? મેં એને કહ્યું'તું કે, રચના ઈઝ માય સ્પેશિયલ ફ્રેન્ડ, એટલે એ આટલી કોસ્ટલી સાડી લઈ આવી અને આ પરફ્યુમ છે એ પણ બ્રાન્ડેડ હં! શિલ્પાને સસ્તી કે સેલમાંથી લીધેલી વસ્તુઓ તો ગમે જ નહીં. લાવેલી ભેટનો ડોલરમાં હિસાબ ગણાવતો વિપુલ રચનાને વરવો લાગ્યો.

'જેને ઓળખતી પણ નથી એવી મારા જેવી વ્યક્તિ માટે આટલું બધું કર્યું એ બદલ આઈ એમ થેન્કફુલ ટુ શિલ્પા.' તેણે કહ્યું. જાઉં જાઉં કરતી રચનાને વિપુલે પરાણે બેસાડી. 'હજી સુધી તો મેં મારી જ વાતો કરી. તું તો કંઈ બોલતી જ નથી. ટેલ મી સમથીંગ અબાઉટ યોર લાઈફ. બોલ, શું નવા-જુની?'

'નવામાં તો મારા પતિ, બાળકો અને ઘર સિવાય ખાસ કંઈ કહેવા જેવું નથી. પણ હા, જુની વાતમાં આપણે બાંધેલો હીંચકો મને ખૂબ યાદ આવે છે. જોને, હવે એ હીંચકો તો ઠીક, પણ એ આંબાનું ઝાડ પણ અહીંથી નીકળી ગયું. એની જગ્યાએ આ નવી સોસાયટી બંધાઈ ગઈ. યાદ છે, એક વખત હું હીંચકા પરથી પડી ગઈ. ઘુંટણ છોલાઈ ગયા અને હું રડવા લાગી ત્યારે તે શું કહેલું?'

'ટુ બી વેરી ફ્રેન્ક રચુ, હું તો માનું છું કે, પાસ્ટ ઈઝ પાસ્ટ. ફોર મી, ફ્યુચર ઈઝ એવરીથીંગ, આઈ એમ વેરી ઓપ્ટીમિસ્ટીક. આજે છું એના કરતાં આવતી કાલે એક સ્ટેપ આગળ વધીશ અને પરમ દિવસે એનાં કરતાં આગળ. આય વૉન્ટ ટુ બી ઑન ટોપ ઓફ ધ વર્લ્ડ...યુસી?' ના, રચનાને કશું દેખાતું નહોતું, કશું સંભળાતું નહોતું. કોઈ વ્યક્તિ આટલી બદલાઈ શકે એ એના માનવામાં નહોતું આવતું. આટલાં વર્ષો સુધી માવજત કરીને જાળવી રાખેલા એક મીઠા-મધુરા સંબંધનો આવો અંત આવશે એવું એણે કદી વિચાર્યું યે નહોતું.

વિપુલને ઘરેથી પાછાં ફરતાં એની ચાલ સાવ ધીમી પડી ગઈ હતી. વિપુલે આપેલું પાર્સલ એ જાણી જોઈને ત્યાંજ 'ભૂલી' આવી હતી. પાસ્ટ ઈઝ પાસ્ટ. એને હવે ખભે ઉંચકીને ફરવાનો કશો અર્થ નહોતો. ઘરે પહોંચી એણે મમ્મીને કહ્યું, 'મમ્મી, સૌરભનો મારા મોબાઈલ પર ફોન હતો. મારા નણંદ એકાએક લંડનથી આવે છે. મારે આજે જ પાછા જવું પડશે.'

'લે, તું તો શું આવીને શું પાછી જવાની? નથી મારી કે પપ્પા સાથે બેઠી કે, નથી હજી વિપુલને શાંતિથી મળી, ત્યાં...' 'મમ્મી, તમારી સાથે રહેવા હું દિવાળી વેકેશનમાં પાછી આવીશ. શાંતિથી રોકાવાય એવી રીતે. અને વિપુલને...વિપુલને તો મેં મળી લીધું.'

રચનાએ વિપુલના ઘર તરફની બારી બંધ કરતાં કહ્યું.

*બી/૪૦૧-૪૦૨, દેવદર્શન, હાલર, વલસાડ-૩૯૬ ૦૦૧.*
*ફોન : (૦૨૬૩૨) ૨૫૧૭૧૯*

## કચ્છી કાવ્ય

*વરસાદ પેતી તડે મેળે જીવ આનંદ ગનેતા*
*અસીં પણ ધરતી તે અચુતા અસાંજી ઓળખ.*
*પખવારા જીવ ચોવાજુતા અસાકે ઉસેને*
*બારી દરવાજા લાઈટું બંધ કરી વજેતા.*
*ને થોડીક વાર મેં જ અસાંજો મૃત્યુ*
*જાહેર થીએતો ઓગજો સોપ અને*
*બોઆરીમેં ખણીને સબ ખણીને*
*બાર કઢીએંતા, થોડોક વિચારઓ*
*અસાંજો જીવન કોરો આય જીવન*
*પતંગ જે દોર જેડી આય વસવાસ*
*ઘાત જે દોરસે કપી વેજે તોજી*
*ગાલ સોણીને હેડો આઘાત લગેતો*
*અખીયેં મંજા પાણી અચે ઘા લગેતો કે,*
*હી કચ્છી બેફામ લખેતા...*

*વિપુલભાઈ બી. જોષી 'કચ્છી બેફામ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬*



વાર્તા

# મન મને ભીંજવે તું

નેહા ભાવેશ પારેખ

નદીના કાંઠે એક નાનકડું અતિસુંદર હરણનું બચ્ચું પોતાની મસ્તીમાં પાણી પી રહ્યું હતું. નદીના શાંત પાણીમાં એકાએક ભૂકંપ આવ્યો હોય એમ એક મગર પોતાનું મોઢું બહાર કાઢી તરાપ મારી સીધો પેલા હરણનાં બચ્ચાને ગળી ગયો. માંડ પરવારીને, તનુજા પલંગ પર આડી પડી હતી અને ટીવીમાં 'એનિમલ પ્લેનેટ' ચેનલમાં એકાએક આ દશ્ય જોતાં એને ઉબકા આવવા લાગ્યા. તરત જ બેસીન પાસે દોડી પણ વોમિટ ના થઈ એટલે રસોડામાં જઈ પાણી પી આવી.

જીવ મુંઝાતો હોય એવું લાગ્યું અને ચહેરા પર પરસેવાનાં બિંદુઓ ઊપસી આવ્યાં. ટીવી બંધ કરી ધીરેથી બારી ખોલી બહાર જોયું. ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. વરસાદનું જોર તો ઓછું થઈ ગયું હતું પણ ભરાયેલા પાણીના ખાબોચિયામાં નાનાં નાનાં ભૂલકાઓ કાગળની હોડી બનાવી તરાવતાં હતાં. એને આ જોવાની બહુ મજા પડી. મન જરાક હળવું થયું. બારી પાસે ઊભી રહી બે હાથ લાંબા કરી વરસાદના છાંટાને એ બાંહોમાં સમેટવા માંગતી હતી. ભીની માટીની મહેકને એણે શ્વાસમાં લીધી. અચાનક હવાની ઠંડી લહેરખીથી વાંછટ આવતા એ થોડી ભીંજાઈ સાથે મનમાં કાંઈક ઝબકારો થયો.

'ઓહ! ચાર વાગી ગયા.' તનુજાએ ઘડિયાળ પર નજર કરી.

'શું કરું? જવું કે ના જવું? એ પાંચથી છ માં જ મળશે.' મનમાં ઊથલપાથલ થઈ રહેલા વિચારોને વાચા ફૂટી હતી.

હમણાં કેટલાય દિવસથી શરીરમાં જાણે આળસ ભરાઈ ગઈ છે. કોઈ કામ કરવાની અંદરથી તો ઈચ્છા જ થતી નથી. માસિક એકદમ અનિયમિત થઈ ગયું છે. પોતે ભણેલી ગણેલી છે એટલે એટલી તો ખબર પડે જ છે કે ચાલીસ બેતાલીસ વર્ષની આસપાસ મેનોપોઝ શરૂ થાય એટલે આવા થોડા ઘણા ફેરફાર શરીરમાં આવે. ચણા મમરાની જેમ દવાઓના ઢગલા ખાઈ ખાઈને શરીર ફૂલીને દડા જેવું થઈ ગયું છે. બધી જ યાતના, વેદના, દર્દ બધું એકલપંડે સહન કર્યું છે. ધુમ્મસથી ઘેરાયેલી ખીણ વચ્ચે પોતે એકલી ઊભી હોય અને આજુબાજુ બહાર નીકળવાના જે થોડાઘણા રસ્તા હતા પણ હવે સદાય માટે બંધ થઈ જશે એવી લાગણી અનુભવાઈ રહી હતી.

જિવાઈ ગયેલા જીવનની ખાટી મીઠી યાદોથી તનુજાનું હૈયું ભરાઈ આવ્યું.

વિચારોના વમળને બાજુ પર ધકેલી ફટાફટ તૈયાર થઈ પ્લાસ્ટિકની બેગમાં ફાઈલ મૂકી ઘરને તાળું મારી તનુજા બહાર નીકળી. ઝરમર વરસાદમાંય છત્રી ખોલી એ ચાલવા માંડી. ચારરસ્તેથી રિક્ષા મળી ગઈ. એટલે રિક્ષામાં બેસી નજીક આવેલા ટ્રસ્ટના દવાખાને પહોંચી ત્યારે બરાબર પાંચ વાગ્યા હતા.

'ડૉ. નમ્રતા રાધાસ્વામી આવી ગયાં છે?' તમારો વારો આવે ત્યારે કેબિનમાં જજો. 'પેલી છોકરીએ ફાઈલ પરથી નામ જોઈને કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરી.

આમેય નહીં નહીં તો છેલ્લાં બાર તેર વર્ષથી તનુજા આ ટ્રસ્ટના દવાખાનાનાં ચક્કર કાપતી આવી છે. કાઉન્ટર પર બેઠેલી છોકરી, દવાખાનાના સ્ટાફ, ઘણીવાર તો ચાર પાંચ વર્ષે ડોક્ટર પણ બદલાઈ જાય પણ પોતે હજુ અહીંને અહીંજ છે.

બહાર મૂકેલી બેંચ પર ખૂણામાં એ સંકોચાઈને બેસી ગઈ. વરસાદના વધતા ને ઘટતા જોરની જેમ પોતાનાં સુખદ-દુઃખદ સંસ્મરણોમાં એણે એક ડૂબકી મારી લીધી.

'ચોવીસમાં વર્ષે કિશન સાથે લગ્ન થયા ત્યારે કિશન એક સામાન્ય કંપનીમાં કારકુન હતો. બે મોટી નણંદો એમના ઘેર સુખી હતી. લગ્નના બીજાજ અઠવાડિયે કંપનીમાં કિશનનું પ્રમોશન થયું હતું અને પગાર વધ્યો હતો ત્યારે સાસુ સસરાએ તો જાણે એને સોનાના રથ પર બેસાડી દીધી હતી. વહુનાં પગલાં તો શુકનિયાળ છે, અમારી તનુ તો લક્ષ્મીનો અવતાર છે.' કોણ જાણે કેટલાંય સારાસારા શબ્દોથી નવાજી હતી. કિશન સાથે લગ્નજીવનનાં બે ત્રણ વર્ષ તો પોતે સ્વર્ગીલું સુખ માણ્યું. એકદમ કહ્યાગરો પતિ, પ્રેમાળ સાસુ-સસરા પામી હોઈ બહેનપણીઓ પણ તનુજાના નસીબની ઈર્ષા કરતી.

ધીરે ધીરે દવાખાનામાં મૂકેલી બધી બેંચ દર્દીઓથી ભરાઈ ગઈ. ચામડીના, આંખના, બાળકોના, સ્ત્રી નિષ્ણાત એમ બધાં જ હોશિયાર ડોક્ટર અહીં સેવા આપતા હોવાથી આ ટ્રસ્ટનું દવાખાનું કાયમ ભરચક જ રહેતું.

'નંબર ત્રણ...મિસીસ તનુજા પંડ્યા.'

પોતાનું નામ સંભળાતાં તનુ એકદમ ઊભી થઈ કાઉન્ટર પર બેઠેલી છોકરી પાસે ગઈ. 'મારા પછી આવેલી બહેનોને આગળ જવાદો, હું ડોક્ટરને છેલ્લે મળીશ. મારે ડોક્ટર સાથે નિરાંતે વાત કરવી છે. ચાલશે ને?'

'સારું...' પેલી છોકરીએ બે ખભા ઊંચા કરી જવાબ આપ્યો.

'કેમ, તનુ? એવી તો શું વાત કરવી છે તારે ડોક્ટર સાથે? કેમ આટલી ગભરાય છે? બસ...હવે હું થાકી ગઈ છું. આજે તો આર કે પાર, છેલ્લો નિર્ણય, મારે સીધો જવાબ જોઈએ ભલે હા, હોય તો હા અને ના હોય તો ચોખ્ખી ના...હું હવે મા બની શકીશ કે નહીં?' તનુજાના દિલોદિમાગમાં એક તનુ બીજી તનુને ઢંઢોળીને પૂછી રહી હતી.

આજકાલ કરતાં લગ્નને સત્તર વર્ષ થઈ ગયાં હતાં અને આ સત્તર વર્ષમાં એની કેટકેટલી આશાઓ, અરમાનો લજામણીના છોડની જેમ બિડાઈ ગઈ હતી. સાસરિયાનું પોતાના તરફનું આખું વલણ બદલાઈ ગયું હતું. જે ગૃહલક્ષ્મી શુકનિયાળ પગલાંની હતી એ હવે એમને મન અભાગણી હતી. તનુને યાદ છે એ દિવસ જ્યારે મોટી નણંદનો ટીકું દસમાં ધોરણમાં એંસી ટકા માર્ક લાવ્યો અને નણંદ એને લઈને મમ્મીને પગે લાગવા લાવ્યા હતા ત્યારે હું ફ્રિઝમાંથી આઈસ્ક્રીમ લઈને બહાર આવતી હતી ત્યારે સાસુએ મારા માટે 'વાંઝણી' શબ્દ વાપર્યો હતો. નણંદે કહ્યું પણ હતું : મમ્મી આવુ ના બોલ.

આ વાત યાદ આવતાં આજે પણ તનુની આંખ ભીની થઈ ગઈ. હળવેથી એણે રૂમાલથી આંખો લૂછી.

એણે અને કિશને કેટલાય ડોક્ટરને બતાવ્યું. બન્નેમાંથી કોઈને કાંઈ ખામી ન હતી. 'તનુ, ભગવાન પર ભરોસો રાખ, સૌ સારાવાનાં થશે.' કિશન એને દિલાસો આપતો પણ એ બધા દિલાસા ઝાંઝવાનાં જળ સમાન હતા. કિશન તો ધીમે ધીમે કંપનીના કામમાં પોતાની જાતને ડુબાડી દેતો. સવારે વહેલો ઘેરથી નીકળી જાય તો રાતે નવ દસ વાગે પાછો આવે. ઘેર આખો દિવસ પોતાને કેટલી માનસિક યાતનાઓમાંથી પસાર થવું પડતું એ કિશનને ક્યાં ખબર હતી. ઘરમાં રહેલી ચાર આંખો એને એવી રીતે ટગર ટગર જોયા કરતી જાણે પોતે કાંઈ મોટો ગુનો ના કર્યો હોય! બાળક ના થાય એમાં મારો એકલીનો વાંક?

'તમારે જવું છે અંદર?' તનુજાની અને પેલી કાઉન્ટર પર બેસેલી છોકરીની નજર મળતાં એણે ઈશારાથી તનુને પૂછ્યું.

'ના...હું છેલ્લે જ જઈશ.' તનુજા ધીમેથી બોલી.

'સહેજ એવા મહિના પર બે...ચાર...કે દસેક દિવસ ચઢે એટલે સાસુ ઊંચાં નીચાં થાય. કેટલાય દોરા-ધાગા, બાધા આખડીઓ કરે પણ પછી દર વખતે એમની શ્રદ્ધા તૂટી જાય એનો ગુસ્સો આડકતરી રીતે મારા પર કાઢે. સ્ત્રી થઈને એક સ્ત્રીને જ ના સમજે તો શું કરવાનું? કહુ તો કોને કહું? કેટલીય વાર મનમાં વિચાર આવ્યો હતો કે કોઈ બાળક દત્તક લઈ લઈએ પણ...ડોક્ટરે એકવાર કહ્યું પણ હતું કે હવે તો ઘણીબધી એડવાન્સ ટેકનોલોજીથી તમે મા બની શકો છો પણ આટલા બધા ખરચાને પહોંચી વળવાની ત્રેવડ... ક્યાંથી લાવવા આટલા પૈસા?' દિમાગમાં અનેક જાતના વિચારોએ ધમસાણ મચાવી દીધું હતું.

'તનુજા બહેન હવે તમારો નંબર છે.' કાઉન્ટર પર બેઠેલી, છોકરી બોલી.

'ગયાં બધાં?'

'હાસ્તો...વળી, જુઓ છ વાગવા આવ્યા, બધાં પેશન્ટ જતાં રહ્યાં, તમે છેલ્લાં જ છો''

તનુજાએ જોયું તો બેંચ લગભગ ખાલી થઈ ગઈ હતી. સ્મૃતિની કેડીએ ચાલતી ચાલતી એ ગાઢ જંગલમાં પહોંચી ગઈ હતી.

'સાસુ સસરા તો કાલે જાત્રાએથી આવી જશે શું કહીશ એમને? એ લોકોની બચેલી ખૂચેલી થોડી ઘણી આશાઓ પર પણ પાણી વહી જશે.'

એટલામાંજ છેલ્લા પેશન્ટ માટેનો કોલ આવ્યો.

'જાઓ બહેન-હવે તમે છેલ્લાં જ છો.'

માથા પર વજનદાર પોટલાનો ભાર હોય એમ હતાશ હૈયે એ અંદર ગઈ.

'બોલો, તનુજા બહેન શું થાય છે?'

'દર વખતની જેમ આ વખતે પણ બે મહિના ઉપર...'

'ચાલો, તપાસ કરી લઈએ.!

ડો. નમ્રતાએ તનુજાની નાડી પકડી એ સાથે એમની આંખો જરાક પહોળી થઈ.

'બહેન તું તો મા બનવાની છે.'

'હેં...શું કહ્યું તમે? ખરેખર?' તનુજાના ગાલ આંસુના બે બુંદથી ચમકી ઊઠ્યા.

'હા...તનુજા તારી ધીરજ ફળી, આને ચમત્કાર ગણ કે તારી શ્રદ્ધા. જો હવે તારે એકદમ સાચવવાનું છે. હું તને જરૂરી બધી જ દવાઓ લખી આપું છું. તારે સમયસર લેવાની છે.'

તનુજાને હજુ ડોક્ટર પર વિશ્વાસ ન'તો બેસતો.

'તું કાલે તારા સાસુ અને પતિને લઈને મારી પાસે આવજે.'

'ઠીક છે...' તનુને ઘણુ બધું પૂછવું હતું, કહેવું હતું પણ એના ગળામાંથ અવાજ નીકળી ના શક્યો. આંખો પર બાંધેલો આંસુઓનો બંધ તૂટી ગયો. હોઠ પર મલકાતા સ્મિત અને આંખોમાં છલકાતાં ખુશીના આંસુ સાથે એ દવાખાનાની બહાર નીકળી.

બહાર ધોધમાર વરસાદ વરસતો હતો પણ આજે એને મન મૂકીને ભીંજાવું હતું.

***Parekhnehab@gmail.com***

વિભૂતિ વંદના

# અમૃતા પ્રીતમ : પ્યાસ કા યહ સફરનામા...

ડૉ. પન્ના ત્રિવેદી

'ગંગાજલ સે લે કર વોડકા તક યહ સફરનામા હૈ મેરી પ્યાસ કા' આ પંક્તિ છે સુપ્રસિદ્ધ પંજાબી કવયિત્રી અમૃતા પ્રીતમની. કેવળ પંજાબી સાહિત્યનું જ નહીં પણ સમગ્ર ભારતીય સાહિત્યનું એક ગૌરવવંતુ નામ. ભારતમાં નહીં પણ વિદેશમાં પણ અઢળક નામના પ્રાપ્ત કરનાર આપણા એક સમર્થ ભારતીય સર્જક. જિંદગીભર અક્ષરોને કાગળ પર ઉતારનાર અમૃતા પ્રીતમને મન અક્ષરો કોઈ જ્ઞાનસમુદ્રના મોતી નહોતાં પણ હતાં કોઈ ચંદ્રવૃક્ષ પરના પડછાયા - ચાંદના વૃક્ષ પરથી ખરેલાં અક્ષરો!

*ખામોશી કે પેડ સે મૈંને*
*યે અક્ષર નહીં તોડે*
*યે તો જો પેડ પર સે ઝડે થે*
*મૈં વહી અક્ષર ચુનતી રહી...*

અવિભાજિત ભારતના ગુજરાંવાલામાં જન્મેલાં આ સાહિત્યકારના સાહિત્યની સુગંધ સમગ્ર વિશ્વમાં પ્રસરે છે. અમૃતાની માતા રાજબીબી તથા પિતા હતા કરતારસિંહ. એક સમયે કરતારસિંહે કે જેમનું પૂર્વેનું નામ નંદ હતું તેમણે વૈરાગ્ય ધારણ કરેલો. સંસારની મોહમાયા ત્યજી દઈને અધ્યાત્મનું શરણું લઈ લીધેલું. પણ કદાચ સંપૂર્ણ અધ્યાત્મમાં રત રહેવાનું એમના જીવનભાગ્યમાં નહોતું, તેનું કારણ હતું અચાનક એક દિવસ જીવનમાં થયેલ રાજબીબી નામની એક સ્ત્રીનો પ્રવેશ. ગુરુદ્વારામાં આવતી આ રાજબીબી માટે અનેરો પ્રીતિભાવ જાગે છે. ભીતર પ્રેમની કૂંપળ ફૂટે છે. આ અંકુર ફૂટ્યાની ઘટના કદાચ નંદને જાણ થાય તે પહેલા તો અંતર્યામી ગુરુને ખબર પડી ગઈ હશે. એટલે જ ગુરુજી નંદને પુનઃ સંસારમાં પ્રવેશવાની સલાહ આપે છે અને સંન્યાસી નંદ ગૃહાવસ્થામાં પરત ફરે છે. અમૃતા પ્રીતમના માતા-પિતા પંચખંડ ભસોડની એક શાળામાં ભણાવતા હતા. તે ગામની મુખીની છોકરીઓ એમની પાસે ભણતી હતી. જેમણે એક દિવસ ગુરુદ્વારામાં જઈને પ્રાર્થના કરી કે, 'હે, ભગવાન અમારા ગુરુજીને ત્યાં એક છોકરી આપી દો.' અને જાણે કે એ પ્રાર્થનાના બળે રાજબીબી 'રાજ-મા' બન્યા. નંદ કવિતાઓ પણ લખતાં. કવિતાલેખન વેળાએ તેમણે પોતાનું એક ઉપનામ પણ રાખ્યું હતું - 'પીયૂષ' (જેનો અર્થ જ થાય છે 'અમૃત') છેક દસ વરસે એમને ત્યાં એક પુત્રીનો જન્મ થાય છે અને નામ રખાય છે - અમૃતા. તવારીખમાં અમૃતા પ્રીતમની જન્મ સાલ ૩૧ ઓગસ્ટ, ૧૯૧૯ છે. સ્થળ છે પંજાબનું ગુજરાંવાલા (જે હવે પાકિસ્તાનમાં છે.) પરંતુ ખુદ અમૃતા પ્રીતમ પોતાની જન્મતિથિ સંદર્ભે 'મેરે સાક્ષાત્કાર' માં નોંધે છે.

***ઈન્સાન કે પૈદા હોને કી ઘટના અજીબ હોતી હૈ. વહ ઘટના ઉસકે શરીર પર ઘટિત હોતી હૈ ઔર વહ અકેલા રોતા હૈ. મેરી નાની કહા કરતી થી : 'અરી તૂ જબ પૈદા હુઈ, રિમઝિમ વર્ષા કે દિનો મેં પન્દ્રહ ભાદો કો, તબ દેવતા સો રહે થે. પન્દ્રહ કા હિસાબ લગાયે તો ૩૧ અગસ્ટ બનતા હૈ ઔર કહતે હૈ સાલ ૧૯૧૯ કા થા, જબ જલિયાવાલા બાગ કા સાકા (હત્યાકાંડ) હુઆ થા. (પૃ. ૪૯)***

અમૃતાના જીવનમાં માના સ્નેહનું અમૃત લાંબા કાળ સુધી ટકતું નથી. અમૃતા નાની ઉંમરે મા ગુમાવે છે. પોતાના અંગત જીવનનાં સંસ્મરણોનું આલેખન જેમાં થયું છે તે પુસ્તક 'અક્ષરો કે સાયે' માં અમૃતા પ્રીતમ લખે છે : "જબ મૈં પૈદા હુઈ તો ઘર કી દીવારો પર મૌત કે સાયે ઉતરે હુએ થે...મૈં મુશ્કિલ સે તીન બરસ કી થી જબ ઘૂટનો કે બલ ચલતા હુઆ મેરા છોટા ભાઈ નહીં રહા. ઔર જબ પૂરે ગ્યારહ બરસ કી ભી નહીં હુઈ થી તબ મા નહીં રહી..." (પૃ. ૧૧)

પત્ની અને પુત્રને ગુમાવ્યા પછી નંદનું મન ફરીથી એકવાર અધ્યાત્મ તરફ ખેંચાય છે. પણ આ વખતે સંસાર ત્યજી દેવાનું નંદ માટે ક્યાં એકદમ સરળ હતું? તેમની નજર સામે નાનકડી અમૃતા મીટ માંડીને જોઈ રહી હતી. વહાલી અમૃતાનું હેત એમને સંસારથી અળગા થવા દે એમ નહોતું. એક પુત્રીની જવાબદારી પણ શિરે હતી. મા વિનાની બાળકીનો ઉછેર એના નાનીના હાથે થવા લાગે છે. અચાનક થયેલા માના અવસાનથી અમૃતા અત્યંત દુઃખી બની જાય છે. આ એકલતા જ એમને લેખન તરફ પ્રવૃત્ત કરે છે. રદીફ અને કાફિયાનો સમજણનું જ્ઞાન અમૃતાને તેમના પિતા પાસેથી જ મળ્યું. તેઓ ઇચ્છતા હતા કે તેમની પુત્રી કાવ્યસર્જન કરે અને નાનકડી અમૃતાએ કવિતાઓ લખવાનું શરૂ કર્યું : 'મેરા ખ્યાલ હૈ પિતા કી નજર મેં મૈં જીતની ભી અનચાહી થી, વહ ભી ચાહી બનને કે લિયે મૈં લિખતી રહી...' અમૃતાની મા જીવનની છેલ્લી ઘડીઓ ગણી રહી હતી ત્યારે વ્યાકુળ એવી બાળકી અમૃતાએ માને બચાવી લેવા અવિરત પ્રાર્થના કર્યા કરી હતી. સ્વજનોએ પણ મા બચી જશેના ઠાલાં આશ્વાસનો આપ્યાં હતાં. ઈશ્વર નાના બાળકોની વાત અચૂક સાંભળે છે. મા બચી જશે આવું સાંભળીને અમૃતાને ક્ષણિક

બળ મળતું પણ આખરે મા મરી ગઈ હતી. કદાચ એટલે જ માના અવસાન સાથે જ તેની ભીતર ઈશ્વરનું અવસાન પણ એ જ ક્ષણે થઈ ગયું! અને એટલે જ નાનકડી અમૃતાએ પિતાને પૂછેલું : ઈશ્વર છે તો દેખાતો કેમ નથી? ઈશ્વરને દેખાતું તો નથી પણ સંભળાતું પણ નથી અને જાણે પોતાનો પ્રથમ છૂપો બળવો ઈશ્વર સામે મંડાય છે...!

શૈશવની જ પોતાની ભીતર આરોપિત થયેલ અને પછીથી ઉત્તરોત્તર વિકસતા જતા આ વિદ્રોહની ભાવનાનો સ્વીકાર તેમણે સહજ રૂપે કર્યો છે. અમૃતાને ઈશ્વર સાથે કરેલા વિદ્રોહ પછી માણસો સામે વિદ્રોહ કરવાનું વધુ સરળ લાગ્યું હશે. માત્ર માણસો સાથે જ કેમ? અનિવાર્ય લાગ્યું ત્યાં સ્વજનો પાસે પણ વિદ્રોહ માંડ્યો. પહેલો વિદ્રોહ ઈશ્વર સાથે અને બીજો વિદ્રોહ માંડ્યો પોતાને ઉછેરનારી, પોતાની જ નાની સામે. નાનીની રૂઢિગત એવી જાતિ અંગેની માન્યતાઓ સામે મોટી થતી જતી અમૃતા હવે બખૂબી સમજતી હતી કે પોતાના ઘરમાં વિધર્મીઓ માટે વાસણો અલગ રખાય છે. અમૃતા જીદે ચડે છે : પોતાને એ જ વાસણમાં ખાવાનું મળે. જે વાસણો જુદાં રખાયાં છે. જોકે ત્યારે માત્ર સમય જ જાણતો હશે કે ભવિષ્યમાં અમૃતા કદી એ જ ‘અલાયદા’ વાસણવાળા ‘ધર્મ’ ના માણસના પ્રેમમાં પડશે! આમ તો અમૃતા પ્રીતમની સગાઈ ચાર વર્ષે કરી દેવાય છે પણ ચાલીસ વર્ષની આસપાસના સમયમાં તે બે બાળકોની માતા બને છે અને લગ્નવિચ્છેદ કરે છે. પતિ પ્રીતમનો સાથ છૂટે છે પણ ‘પ્રીતમ’ તેમના નામ સાથે સદા અભિન્નપણે જોડાયેલું રહે છે.

સાહિત્ય ક્ષેત્રે અમૃતા પ્રીતમની ઓળખ તો રહી છે એક કવયિત્રી, નવલકથાકાર, વાર્તાકાર, આત્મકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર તથા સંપાદિકા તરીકેની. ‘Voice of Punjab’ નું બિરુદ પામેલ અમૃતા પ્રીતમ મૂળ તો કવયિત્રી રૂપે વિશેષ પંકાયા છે. આમ છતાં તેમનું કથાસાહિત્ય પણ એટલું જ મહત્ત્વનું અને નોંધનીય બની રહે છે. તેમણે લેખનની શરૂઆત કવિતા થકી કરી. ‘અમૃત લહેરે,’ ‘જિન્દા જીયા,’ ‘સુનહડે’, ‘કાગઝ ઔર કેનવાસ’ તેમના કવિતાસંગ્રહો છે. કવિતા ઉપરાંત સાહિત્યનાં અનેક સ્વરૂપો પર તેમણે કલમ ચલાવી છે. તેમણે લગભગ અઢાર કાવ્યસંગ્રહો, સત્યાવીસ નવલકથાઓ, બાર વાર્તાસંગ્રહો, ત્રણ યાત્રા ગ્રંથો, બે આત્મકથનાત્મક, એક રેખાચિત્ર આપ્યું છે. એ ઉપરાંત પણ તેમણે સંસ્મરણ, અધ્યાત્મ, સંસ્કૃતિ તથા અન્ય સાહિત્યવિષયક કૃતિઓ આપી છે. ‘ડૉ. દેવ’, ‘અશુ’, ‘આગ કે પત્તે,’ ‘નાગમણિ’, ‘બંદ દરવાજા,’ ‘એસ્કિમો સ્માઈલ’, ‘જલાવતન,’ ‘દિલ્લી કી ગલિયાં,’ ‘યહ સચ હૈ’, ‘ઉન ચાર દિન’, ‘તેરહવા સૂરજ,’ ‘પાંચ બરસ લંબી સડક’, ‘એક સવાલ’, ‘બુલાવા,’ ‘જલતે બુઝતે લોગ,’ ‘રંગ કા પત્તા,’ ‘સાગર ઔર સિપિયા’ જેવી નવલકથાઓ આપી છે. તો ‘લાલ મિર્ચ’, ‘કહાનિયાં જો કહાનિયાં નહીં હૈ,’ ‘એક શહર કી મૌત,’ ‘અંતિમ પત્ર’, ‘દો ખિડકીયાં,’ ‘કહાની કે આંગન મેં’ જેવા વાર્તાસંગ્રહો જાણીતા છે. ‘એક થી સારા’ માં મિત્ર સારા શગુફ્તા જેવી પાકિસ્તાની કવયિત્રીનું જીવનચિત્ર આપ્યું છે તો ‘કચ્ચા આંગણ’ માં સંસ્મરણો ઝળકે છે. ‘રસીદી ટિકિટ’ જેવી આત્મકથા આપનાર અમૃતા પ્રીતમ અનેક પુરસ્કારોથી સન્માનિત થયા છે. ઈ.સ. ૧૯૫૭ માં ‘સુનહડે’ માટે સાહિત્ય અકાદમીના પુરસ્કારથી નવાજિત થાય છે તો ઈ.સ. ૧૯૮૨ માં ભારતીય સાહિત્યના સર્વોચ્ચ પુરસ્કાર ‘જ્ઞાનપીઠ’ પ્રાપ્ત કરે છે. આ ઉપરાંત પદ્મશ્રી તથા પદ્મવિભૂષણ પુરસ્કારથી તેઓ સન્માનિત થયા છે. કહેવાય છે કે એક સમય હતો જ્યારે રાજકપૂરની ફિલ્મો તથા અમૃતા પ્રીતમની કવિતાઓ પાછળ સોવિયત સંઘના લોકોને ઘેલું હતું.

તેમની કવિતાઓમાં બે વિષયોનું આકર્ષણ પ્રબળપણે વર્તાય છે : એક છે પ્રેમ અને બીજો વિષય તે વિદ્રોહનો. એ વિદ્રોહ શોષણ સામેનો હોય, અનધિકૃત સત્તા સામેનો હોય, સમાજની સડેલી રોગગ્રસ્ત રૂઢિઓ સામેનો હોય કે સમકાલીન સમય સામેનો હોય. અમૃતાએ પ્રેમવિષયક જે જે કાવ્યો લખ્યાં છે તે કાવ્યોમાં નવીન કલ્પનો, પ્રતીકો અત્યંત આસ્વાદ્ય બને છે. ખાસ તો એમની કવિતાઓમાં ઐતિહાસિક, સામાજિક, પૌરાણિક તથા સાંપ્રતના સંદર્ભો વણાયેલા જોઈ શકાય છે. પ્રસિદ્ધ શાયર સાહિર લુધિયાનવી પરત્વે તેમના અદમ્ય આકર્ષણ તથા પ્રગાઢ પ્રેમની ચર્ચા ખૂબ જાણીતી છે. પોતે જેને હૃદય રેડીને પ્રેમ કરેલો એવા સાહિરના લગ્નના સમાચાર તેમને ભીતરથી હચમચાવી નાંખે છે, તોડી નાંખે છે. ‘આગ કી બાત’ નામના કાવ્યમાં તે કહે છે કે ‘યહ આગ કી બાત હૈ, તુને યહ બાત સુનાઈ થી. યહ જિંદગી કી વહી સિગરેટ હૈ, જો તુને કભી સુલગાઈ થી...’ પ્રેમના ભાવોને જગાડનાર પ્રિયજનને સતત કહે છે કે આ ચિનગારી આપનાર તો તું જ હતો, જેની આશાએ પોતે ક્યારેક જીવનને મધુર બનાવવાના સપનાં જોયાં હતાં. એક શ્રદ્ધા બંધાઈ હતી અને દિલમાં રોશની પ્રગટી હતી. પણ પછી? જે ઇશ્કે જીવન તરી જવાનું બળ આપ્યું હતું તે જ ઇશ્કે રંગ બદલ્યો, વેશ બદલ્યો અને બદલી નાંખ્યો પોતાનો પથ પણ. ‘દુઃખો કી સાઈત બહુત ભારી હૈ...બિરહા કે દ્વાર પર બંધાઈ બજી હૈ, દેને શગુન ચલી, મૈં તો જનમજલી...શાયદ તેરે ઇશ્કને ભેસ બદલા હૈ...’ આવા ઉત્કટ પ્રેમ માટેની તડપ તથા વિરહભાવ તેમના કાવ્યોમાં નિરંતર દેખાય છે.

*અંધેરે કા કોઈ પાર નહીં*
*મેલે કે શોર મેં ભી*
*એક ખામોશી કા આલમ હૈ*
*ઔર તુમ્હારી યાદ ઈસ તરહ*
*જૈસે ધૂપ કા એક ટુકડા*

★

*સચ્ચે દૂધ જૈસી મેરી મુહબ્બત*
*ચિટ્ટએ ચાવલ બરસોં કે*

*માંજી ધૂલી દિલ કી હાંડી*
*દુનિયા જૈસે ગીલી લકડી*
*સારી વસ્તુ ધુઆખ ગઈ હૈ...*
*રાત જૈસે પિત્તલ કી કટોરી હૈ*
*ચાંદ કી સફેદ કલાઈ ઊતર ગઈ હૈ*
*કલ્પના પિતલા ગઈ હૈ*
*સપના કસલા ગયા હૈ*
*ઔર સારી નીંદ કડવા ગઈ હૈ...*

★

*મૈં દિલ કે એક કૌને મેં બૈઠી હૂં,*
*તુમ્હારી યાદ ઈસ તરહ આઈ*
*જૈસે ગીલી લકડી મેં સે*
*ગાઢા કડુઆ ધુઆ ઊઠે...*
*ગરમ ઘૂંટ એક તુમ ભી પીના,*
*ગરમ ઘૂંટ એક મૈં ભી પી લૂં*
*ઉમ્ર કા ગ્રીષ્મ હમને બિતા દિયા*
*ઉમ્ર કા શિશિર નહીં બીતતા.*

★

*ઉમ્ર કી સિગરેટ જલ ગઈ,*
*મેરે ઈશ્ક કી મહક*
*કુછ તેરી સાંસો મેં*
*કુછ હવા મે મિલ ગઈ*

એ ખરું કે જીવન અંધકારથી ભર્યું ભર્યું છે. અવાજ છે અને છતાં કર્ણપ્રિય લાગે તેવો અવાજ ક્યાંય નથી. એવા સમયમાં જે નિરાંત આપે તે તો પ્રિયજનનું સ્મરણમાત્ર જ. જિંદગીનો ઉનાળો વીતી જાય કદાચ પણ પ્રિયજન વિના શિશિર વિતાવવાનો ખ્યાલ પણ કેટલો વેદનાજન્મય છે! અહીં ઉમ્ર-જિંદગી તથા સ્મરણને તડકાનો ટુકડો કહે છે તો ક્યાંક સ્મરણ તેમને મન ભીના લાકડામાંથી નીકળતો કડવો ધુમાડો બની રહે છે. ક્યારેક જિંદગી તેમને મન ગ્રીષ્મ છે, શિશિર છે, કાગળ છે તો ક્યારેક બળી ગયેલી સિગારેટ પણ. 'અવાજ' કાવ્યમાં પોતે કબૂલાત કરી હતી કે સદીઓની રાહ ચીરીને આવેલા એક પ્રેમાળ અવાજે જાણે જિંદગી પર પડેલાં છાલાં પર મલમ લગાડ્યો હતો, નીંદરના હોઠ પર સપનાંની સુગંધ આપી હતી અને જે આશાઓના દોરા જોડી જોડીને પોતે ઓઢણી ભરી હતી તેણે તો બિરહાની હિચકીમાં પણ શરણાઈ સાંભળી હતી તે એ હવે ક્યાં છે? જાણે પોતાના એક પક્ષીય પ્રેમનો હિસાબ મંગાય છે 'દાવત' કાવ્યરૂપે. જેની જિંદગીના કાગળ પર પ્રિયજનના પ્રેમનો અંગૂઠો સાબૂત છે તે જ હવે આસપાસ ક્યાંય નથી! ઉર્દૂ મુશાયરામાં જ્યારે લોકો સાહિરનો ઓટોગ્રાફ લઈ રહ્યા હતા ત્યારે અમૃતાએ પોતાની હથેળી સાહિર આગળ ધરીને કહેલું 'ઓટોગ્રાફ!' અને સાહિરે હાથમાં લીધેલી કલામની સ્યાહી પોતાના અંગૂઠા પર લગાડીને એ અંગૂઠો અમૃતાની હથેળી પર લગાડીને હથેળીના કાગળ પર હસ્તાક્ષર કર્યા હતા. એ હસ્તાક્ષર ન તો સાહિરને દેખાયા ન તો અમૃતાની જિંદગી વાંચી શકી.

*ઉમ્ર કે કાગઝ પર*
*તેરે ઈશ્કને અંગૂઠા લગાયા,*
*હિસાબ કૌન ચુકાયેગા!*

જે શાયર સાહિર લુધિયાનવીને અનહદ ચાહતા હતા તે સાહિર સામાજિક બંધનોને બખૂબી સમજતા હતા. અમૃતા પ્રીતમ માટે 'અજનબી' બની ગયા. કદાચ એટલે જ સાહિરે એક ફિલ્મી ગીતના નિમિત્તે લખ્યું : 'ચલો એક બાર ફિર સે અજનબી બન જાયે હમ દોનોં...જો અફસાના કભી મંજિલ તક લાના ન હો મુમકિન ઉસે એક ખૂબસૂરત મોડ દે કર છોડના અચ્છા...!' નવા પથ પર ચાલી નીકળેલા સાહિર માટે જિંદગીસભર હૃદયનો એક ખૂણો ભીનો રહ્યો. અલબત્ત સાહિરના લગ્ન બાદ ઈમરોઝ (ઈન્દ્રજીત) જેવા પ્રેમીનું તેમના જીવનમાં આગમન થાય છે. અમૃતા પ્રીતમને મન સાહિર 'હવામાં ચમકતો ખયાલ' બની રહ્યા જ્યારે ઈમરોઝ? ઈમરોઝ તેમને મન 'બેખુદીની દુનિયા' હતા. ઈમરોઝ સાથે થયેલી ટેલિફોનિક વાતચીત દરમ્યાન તેમણે અમૃતા પ્રીતમ સાથેની પ્રથમ મુલાકાતના સંસ્મરણ વિશે વાત કરી હતી. તે દિવસોમાં અમૃતા પ્રીતમે એક નવલકથા લખેલી 'ડૉ. દેવ.' અસલમાં આ નવલકથા વાંચીને રાજીપો વ્યક્ત કરવા ઈમરોઝે એક દિવસ અમૃતાને ફોન કર્યો હતો, સામે નામ પૂછાયું ત્યારે ઈમરોઝે કહ્યું હતું : 'હુ ડૉ. દેવ બોલું છું...' ટેલિફોનને સામે છેડે બોલતા આ 'ડૉ. દેવ' ક્યારે અમૃતાના જીવનમાં આરાધ્ય બની જશે એની કલ્પના સુદ્ધાં કોઈને નહોતી. એ પણ એક સુખદ અકસ્માત જ હતો. ૧૯૫૭ ના વર્ષમાં પોતાનાથી ઉંમરમાં સાત વર્ષ નાના એવા ઈમરોઝ (ઈન્દ્રજીત) સાથે થયેલી મુલાકાત તેમના જીવનને એક નવો વળાંક આપે છે. જેમણે અમૃતા પ્રીતમની અસફળતાને પોતાની અસફળતા માની. ઈમરોઝે અમૃતા પ્રીતમને એ જ દર્દસહિત અપનાવે છે જે પોતાની ખુશીનું વિરોધી છે. એટલે જ અમૃતા પ્રીતમે લખ્યું : 'ઈમરોઝ જો આવો ન હોત તો હું એની તરફ જોઈને શેર ક્યારે ન લખી શકત - 'પિતા, ભાઈ, મિત્ર અને પતિ - કોઈ પણ શબ્દોનો કાંઈ સંબંધ નથી પણ જ્યારે તેને જોયો ત્યારે આ બધા અક્ષરો ઘેરાં થઈ ગયા.' ઈમરોઝ સાથે અમૃતા પ્રીતમે જ્યારે સહજીવન શરૂ કર્યું હતું ત્યારે અમૃતા પ્રીતમ જીવનની પિસ્તાળીસ વસંત જોઈ ચૂક્યા હતા. અમૃતાના બંને સંતાનો કંદલા અને નવરોઝ યુવાનીના ઉંમરે હતા અને તેવા સમયે લગ્નસંબંધ વિના ઈમરોઝ સાથે રહેવું એ ભારતીય સમાજ માટે આઘાતની ઘટના હતી. આ જ ઈમરોઝ સાથે જીવનના અંત સુધી સહજીવનની એક સુખદ યાત્રા પસાર કરીને અમૃતા પ્રીતમ ૩૦ ઓગસ્ટ, ૨૦૦૫ માં આ દુનિયા ત્યજીને અનંત માર્ગના યાત્રી બને છે. સમગ્ર જીવન

દરમ્યાન લેખન પરત્વે તેમણે જે નિષ્ઠા તથા પ્રતિબદ્ધતા ધરાવી તેની તીવ્રતા તેમની આત્મકથા 'રસીદી ટિકિટ' માં લખેલા આ વિધાનોમાંથી મળી રહે છે.

***મરી હુઈ મિટ્ટી કે પાસ, કિસી જમાને મેં, લોગ પાની કે ઘડે યા સોને ચાંદી કી વસ્તુયે રખ્ખા કરતે થે, ઐસી કિસી આવશ્યકતામેં મેરી કોઈ આસ્થા નહીં હૈ - પર હર ચીજ કે પીછે આસ્થા કા હોના આવશ્યક નહીં હોતા. ચાહતી હું કી ઈમરોઝ મેરી મિટ્ટી કે પાસ મેરા કલમ રખ દે.***

એક સુંદર સ્ત્રી અને વળી કવિતા લખનાર સ્ત્રી જેવું જીવ્યા એવું જ કાગળ પર ઉતાર્યું. સિગારેટ તથા શરાબની આદતને પડદા પાછળ રાખવાનો કદી દંભ ન રાખ્યો. એટલે જ અંગત જીવન હોય કે સામાજિક જીવન કે સાહિત્યિક સમાજ - સતત અવહેલના તથા અવમાનનાનો ભોગ પણ બન્યા. છતાં તેઓ બેપરવા જીવન જીવ્યા. અમૃતા પ્રીતમની પ્રથમ કવિતા છપાઈ હતી 'ઇન્ડિયા કિરણ' માં અને પ્રથમ વાર્તા ઈ.સ. ૧૯૪૩ માં 'કુંજીયા', જે મોહનસિંહ દ્વારા પ્રકાશિત પત્રિકા 'પંજદરયાં', જેણે અમૃત પ્રીતમને લેખિકા રૂપે પ્રારંભિક ઓળખ આપી. રસપ્રદ વાત તો એ છે કે તેઓ એક પંજાબી કવયિત્રી હોવા છતાં હિન્દીમાં તેઓ વધુ લોકપ્રિય બન્યા. ઈ.સ. ૧૯૫૭ માં 'સુનહડે' માટે સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ સ્ત્રી બને છે. ૧૯૫૮ માં પંજાબ સરકારે, પંજાબ સાહિત્ય અકાદમીએ પુરસ્કારથી પુરસ્કૃત કર્યા. એ પછી તો જ્ઞાનપીઠ પુરસ્કાર, પદ્મશ્રી તથા પદ્મવિભૂષણ જેવા સર્વોત્તમ ઍવોર્ડથી પણ સન્માનિત થયા હતા. કૉલેજની કોઈ ઔપચારિક શિક્ષા એમણે નહોતી લીધી અને છતાં ડૉક્ટરેટની માનદ્ ડિગ્રી તેમણે મેળવી. આરંભિક વાચન સમયે બંગાળી લેખક શરદબાબુના સાહિત્યમાં પ્રખર રસ હતો. ટોલ્સ્ટોયના 'વૉર ઍન્ડ પીસ' અને 'અન્ના કેરેનિના' તો તેમની ભીતર સમાયેલા હતા. ટોલ્સ્ટોય માટેનો આદર જ હતો કે તેઓ તેમનું ઘર જોવા પણ ગયેલા. ઉપરાંત ખલિલ જિબ્રાન, ચેખોવ, ડી.એચ.લોરેન્સ, કામૂ, કાફકાડા, સમરસેટ મોમ જેવા સાહિત્યકારોનું અધ્યયન કર્યું હતું. યુ.આર. અનંતમૂર્તિની કૃતિ 'સંસ્કાર' તથા વિમલ મિત્રની રચના 'ધરતી' એ પણ ઊંડી છાપ છોડી હતી. આ સર્જકે હંમેશા વિશ્વ સાહિત્યની કવિતાઓને પણ આદરથી જોઈ છે, ધ્યાનથી વાંચી છે. એક તરફ તેમનો નાતો વૈશ્વિક સાહિત્ય સાથે જોડાયેલો રહ્યો તો બીજી તરફ રામાયણ, મહાભારત, વેદપુરાણોની સાથે પંજાબની લોકસંસ્કૃતિ, લોકગીતો, લોકકથાઓ અને સંતપરંપરા સાથે પણ ઘનિષ્ઠ નાતો રહ્યો. ઈ.સ. ૧૯૩૬ માં તેમનું પ્રથમ પુસ્તક પ્રકાશિત થયું ત્યારે તેનાથી પ્રભાવિત થઈને કપૂરથલાના મહારાજે બસો રૂપિયા અને મહારાણીએ એક સાડી આશીર્વાદરૂપે મોકલ્યાં હતાં. ૧૯૩૭ માં લાહોર રેડિયો સ્ટેશનમાં કામ શરૂ કર્યું પરંતુ દેશ આઝાદ થયો, વિભાજનની ઘટના ઘટી ત્યારે તેમણે દહેરાદૂનમાં શરણું લીધું. ભારતવિભાજનની ઘટના દરમ્યાન તેમની વય માત્ર ૨૮ વર્ષની હતી. ઈ.સ. ૧૯૪૭ માં ઓલ ઇન્ડિયા રેડિયો પર ઉદ્‌ઘોષિકા રૂપે નોકરી સ્વીકારી અને તેની સમાંતરે તેમણે સાહિત્યસર્જન પણ કર્યું.

કોઈ ભારતીય કવયિત્રીને અનેક દેશોમાંથી કાવ્યપાઠ માટે નિમંત્રણ મળ્યું હોય એવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું અમૃતા પ્રીતમને. અનેક વિદેશયાત્રા દ્વારા પોતાની કાવ્યમાટીની સુગંધ એમણે પ્રસરાવી છે. રોમાનિયા, પશ્ચિમ જર્મની, બલ્ગેરિયા, જોર્જિયા, આર્મિનિયા, યુગોસ્લાવિયા, હંગેરી, ઇરાન, નેપાન, ફ્રાંસ, ચેકોસ્લોવેકિયા, મોસ્કો, ઇજિપ્ત...જ્યાં એમણે વિશ્વશાંતિની ઝંખનાનો પડઘો પાડ્યો છે. યુગોસ્લાવિયા જેવા દેશમાં એક સાંજ આપણી આ ભારતીય કવયિત્રીને નામ હોય અને જ્યાં થિયેટર બહાર મોટા મોટા અક્ષરોમાં ભારતનું નામ લખાયેલ હોય એ ઘટનાનો રોમાંચ કેવો અદ્‌ભુત લાગ્યો હશે!

આજે જ્યાં મુક્ત નારીજીવનની વાતો થઈ રહી છે, સ્ત્રી સશક્તિકરણની ચર્ચાઓ જોરશોરથી થઈ રહી છે ત્યારે વર્ષો પૂર્વે લિવ-ઇન રિલેશનશીપમાં રહીને સમાજની પરવા કર્યા સિવાય પોતાના જીવનનો આકાર પોતે જ ઘડવાની બેધડક હિમાક્ત એમણે કરી હતી. આધુનિકતા તેમને મન કોઈ આજકાલની ફેશન માત્ર નહોતી, પણ આંતરિક જરૂરિયાત હતી. સ્ત્રી હોવાપણાના હેઠળ તેઓ પોતાને 'પિંજર' માં કેદ રાખવા નહોતા માંગતા. વિભાજનના દર્દની સાથે એકલતા અને બદનામી પણ એટલી જ પ્રામાણિકતાથી વેઠી. જિંદગીની હતાશાએ એમને મનોવૈજ્ઞાનિક ઇલાજ સુધી પહોંચાડ્યા છે. પોતાના સમકાલીન સર્જકો અને અન્ય સાહિત્યિક વિવાદોથી તેઓ નિરંતર ઘેરાયેલા રહ્યા. 'હરદત્ત કા જિંદગીનામા' શીર્ષકમાં 'જિંદગીનામા' શબ્દને લઈને પ્રસિદ્ધ લેખિકા કૃષ્ણા સોબતીએ અદાલતમાં દાવો પણ કર્યો હતો. છતાં પોતે નીડર રહીને જિંદગીને સુંદરતાથી જીવવા મથ્યાં, પ્રેમના મર્મને જીવ્યાં.

સશક્ત સર્જક અમૃતા પ્રીતમના લેખન માટે તત્કાલીન સમયના વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ ૧૭ મે, ૧૯૮૩ ના એક પત્રમાં લખ્યું છે :

***"હાલા કિ મૈંને તુમ્હારી રચનાઓં કો જ્યાદા નહીં પઢા - બહુત થોડા પઢા હૈ. મેરી નજર મેં તુમ્હારે ખયાલો ઔર લફ્ઝો મેં ખૂબ શક્તિ હૈ. સાથ હી તુમ મેં એક જુર્રત હૈ ઔર મેરે અનુસાર જુર્રત એક બુનિયાદી વસ્તુ હૈ. ઈસ કે બિના કોઈ અપને આપ સે સચ્ચા નહીં હો સકતા. ન ખુદ કે સાથ ઔર ન ચિંતન કે સાથ."***

*('અમૃતા પ્રીતમ કે ઉપન્યાસોં કા સમીક્ષાત્મક અનુશીલન,' કલ્પના સી. રાયચટ્ટા : અમૃતા પ્રીતમ પરના પત્રોલ્લેખ)*

અમૃતા પ્રીતમે શૈશવકાળથી જ હિંદુ-ઉમુસલમાન વચ્ચેની ભેદરેખા જોઈ છે, વૈષમ્યને જોયું છે. કદાચ એટલે જ 'મેરે સાક્ષાત્કાર' માં તેમણે વ્યથાસભર કલમથી બેધડક નોંધ્યું છે :

***ઇન્સાનિયત કે અલાવા મનુષ્ય કા જો રૂપ હોતા હૈ, વહ***

*મૈંને દેખા હૈ - મૈં બચપન મેં મજહબોં કી ભયાનકતા દેખતી આયી હૂં, લાહૌર મેં હોલી કે અવસર પર રંગ કા એક છીંટા પડ જાતા તો દૂસરે સિરે સે છૂરે નિકલ આતે... (પૃ. ૯૦)*

બાળપણમાં જોયેલી અમુક ઘટનાઓ, અમુક દશ્યો અમૃતા પ્રીતમને અજંપ બનાવે છે. 'રાત ભારી હૈ' પુસ્તકમાં તેમણે એક રોચક બાબત લખી છે. તેઓ લખે છે :

*જબ મૈં છોટી થી તબ અપને માતા-પિતા કે સાથ દૂસરે ગાંવ જાતી તો દેખતી, લાહૌર કે પ્લેટફોર્મ પર આવાઝે આ રહી હૈ, 'હિંદુ પાની મુસલમાન પાની.' મૈં મા સે જબ પૂછતી કી ક્યા પાની ભી કભી હિંદુ મુસલમાન હોતા હૈ? તબ મા કહતી, 'યહાં હોતા હૈ, પતા નહીં ક્યાં-ક્યાં હોતા હૈ' તબ મૈં સોચતી કી ક્યા સૂરજ-ચાંદ ભી હિંદુ મુસલમાન હોતે હૈ? એ લોગ પાની કો જનેઉ કૈસે પહનાતે હોંગે? બડી હુઈ તો દેખા એ નફરત કે બીજ જાને કિસને ઈસ જમીન પર બોયે કી અબ ક્યા પૂરબ કે લોગ ઔર ક્યા પશ્ચિમ કે, ઉનકી ઝહરીલી હવા મેં સાંસ લેતે હુએ તડપ રહે હૈં... (પૃ. ૧૧૯)*

*હમ નહીં જાનતે કિ કોઈ અપને*
*હાથ મેં પથ્થર ઉઠાતા હૈ,*
*તો પહલા જખ્મ ઈન્સાન કો નહીં,*
*ઈન્સાનિયત કો લગતા હૈ...*

'મન મંથન કી ગાથા' માં લખાયેલ ઉપર્યુક્ત કાવ્ય ધર્મનિરપેક્ષતાનું ઉત્તમ દષ્ટાંત છે. આ માનવીય સંવેદના અમૃતા પ્રીતમની કલમનો પ્રાણ બને છે. એક માનવતાવાદી રૂપે અમૃતા પ્રીતમે તેમની વિશેષ ઓળખ પ્રસ્થાપિત કરી છે. અમૃતા પ્રીતમનાં કાવ્યોનું બીજું ચાલક બળ તે છે બેધડક થયેલી વિદ્રોહની અભિવ્યક્તિ. સ્ત્રી વાસ્તવમાં ક્યારે મરે છે? એ જીવે છે એવું સમાજ સ્વીકારે ત્યારે, એના અસ્તિત્વનો સ્વીકાર થાય ત્યારે. પણ સદીઓથી કદાચ સ્ત્રી જીવંત અસ્તિત્વની આ ઘટનાને સમજાવી સમજાવી થાકી ગઈ છે. એટલે જ કદાચ સદીઓ પૂર્વેની અને સમકાલીન તમામ સ્ત્રીઓ વતી તેઓ લખે છે

*મેરી મૌત એક પુરાની બાત હૈ*
*કભી કભી ઉઠતી હું, સોચતી હૂં*
*ચલુ, નદી મેં ફૂલ ડાલ આઉં*
*લાશ કા કર્ઝ ઉતાર આઉં*
*હર ઘટના સમજા સકતી હૂં*
*યહ ઘટના સમજા નહીં શકતી*

સ્ત્રી તરીકે જન્મ લીધો કે તેની જિંદગીના નિર્ણય કરવાનો અધિકાર પુરુષે કે જન્મદાતાએ હસ્તક કરી લીધો - 'અધિકૃત' રીતે. પોતાની વાત કહેતી સ્ત્રીને, એની પોતીકી ઈચ્છા-ઝંખનાઓની વાત કરતી સ્ત્રી ને તરત જ અન્નનો હવાલો આપવામાં આવે છે. એટલે જ 'અન્નદાતા' કાવ્યમાં તે વેદના વ્યક્ત કરતા પિતાને પ્રશ્ન પૂછે છે

*મૈં કૈસે બોલું?*
*મેરે બોલને સે પહલે*
*તેરા અનાજ બોલ પડતા હૈ*
*કુછ - એક બોલ થે,*
*પર હમ અનાજ કે કીડે!*

સ્ત્રીનું સ્થાન પિતાના ઘરમાં 'અનાજના કીડા' સમાન છે ત્યાં એ સ્ત્રી લગ્ન કરીને પતિગૃહે જાય છે ત્યારે પ્રથમ ઘટના ઘટે છે તેના માનસ સાથે તેના દેહ પર. જાણે પ્રેમથી કે પ્રેમવિહોણો પણ એક પ્રહાર. 'કુંવારી' કાવ્યમાં તે પુરુષને પ્રશ્ન પૂછે છે કે તારી શૈયા પર બેઠેલી સ્ત્રી તારા ભોગ માટે પોતાની અંદર બેઠેલી કુંવારી સ્ત્રીની હત્યા કરે છે અને એ હત્યા ન્યાયિક ઠેરવવામાં આવે છે પણ તેની વાત, તેની પીડા, તેની શર્મન્દગી, તે માટેનો અપરાધભાવ...જાણે બધું જ ના-જાયઝ!

*મૈંને જબ તેરી સેજ પર પૈર રખા થા*
*મૈં એક નહીં થી - દો થી*
*એક સમુચિ બ્યાહી*
*ઔર એક સમુચિ કવારી...*
*તેરે ભોગ કી ખાતિર*
*મુઝે ઉસ કવારી કો કત્લ કરના થા*
*મૈંને કત્લ કિયા થા*
*યે કત્લ, જો કાનૂનન જાયઝા હોત હૈ*
*સિર્ફ ઈનકી જિલ્લત*
*નાજાયઝ હોતી હૈ*

જે પુરુષ સ્ત્રીમાં અસ્તિત્વની શોધ નથી કરી શકતો ત્યારે તે શું શોધે છે? કદાચ એ તો મૂળભૂત આદિમ વૃત્તિઓને વશ વર્તે છે. સ્ત્રી પુરુષની આંખે છે કેવળ દેહ માત્ર! આવા પુરુષ સાથે થતું સ્ત્રીનું મિલન અને તેનો અનુભવ કેવો જુગુપ્સા પ્રેરનારો છે! આ મિલન સ્ત્રી માટે રોમાંચનો અનુભવ નથી. કદાચ સપનાંના મૃત્યુનો જ અશુભ પ્રસંગ બની રહેતો હશે. પોતાના સતીત્વની ભૂખ કે સન્માનની તરસનો ખ્યાલ કોઈને નથી. કદાચ એ માટે જોવાની ફુરસદ સુદ્ધાં કોઈને નથી. એટલે જ 'શિકવા' કાવ્યમાં કહે છે.

*મૈં અપને મર્દ સે મિલતી હૂં*
*જૈસે ખેત સે એક ગાજર*
*યા મૂલી તોડકર*
*કોઈ ભૂખ કો બહલા લેતા હૈ*
*યા જૈસે કોઈ બહુત પ્યાસા*
*એક નંગે દરિયા સે ઘૂંટ ભર પાની પી લેતા હૈ*

અમૃતા પ્રીતમ એક એવા કવયિત્રી રહ્યાં છે કે જેમને એમના સમકાલીન સર્જકોએ વિશેષ ઉમળકાથી નવાજ્યા નથી. પંજાબી ભાષામાં લખનાર આ સર્જકને વિશેષ તો પંજાબી સર્જકો બહુ

ઉમંગભેર આવકાર આપવામાં રસ ન દાખવ્યો હોય એવી એક અનુભૂતિનું આલેખન એમણે 'રસીદી ટિકિટ' માં કર્યું જ છે. એટલે જ ક્યારેક ઉદાસીએ તેમની પાસે કવિતા લખાવી : 'ખુદા, તારી નઝમ જેટલી તને જિંદગી આપે! હું એ નઝમનો મિસરા નથી કે બીજા મિસરાઓ સાથે ચાલ્યા કરું અને તને એક કાફિયાની જેમ મળતી રહું. હું તમારી જિંદગીમાંથી નીકળી છું ચુપચાપ - એ રીતે - જાણે શબ્દોમાંથી અર્થ નીકળે છે!' પંજાબનો ચહેરો તેમને મન સદાય એક એવા પ્રિયતમનો ચહેરો બની રહ્યો કે જે છે તો પોતાનો જ પ્રિયતમ પણ બેઠો છે પારકાંની મહેફિલમાં! કેટલાક સર્જકોએ તો રીતસર એક આંદોલન જ ચલાવેલું કે કોઈ પણ રીતે અમૃતા પ્રીતમની રચનાઓ લોકો સુધી ન પહોંચે, બહિષ્કાર થાય, તિરસ્કૃત થાય. એટલે જ તો એક મહાશય એમના કાવ્યો રેડિયો સ્ટેશન પરથી પ્રસારિત ન થાય એ માટે સ્ટેશન ડાયરેક્ટરને રીતસર પત્ર લખે છે. તો કોઈક સમકાલીન લેખકે અમૃતા પ્રીતમને 'કામુક કીડી' કહીને વખોડી નાંખ્યા હતાં. સમકાલીન મિત્ર હાથમાં શરાબનો પ્યાલો લઈને આનંદથી કહેતા હતા : 'આવી ગઈ, બીબી કાબૂમાં આવી ગઈ...ત્રણ વર્ષ માટે કાબૂમાં આવી ગઈ...હું ભારતીય જ્ઞાનપીઠ કમિટી પર આવી ગયો છું, હવે ત્રણ વર્ષ સુધી તો બીબીને ઍવોર્ડ નહીં લેવા દઉં!' અમૃતા પ્રીતમ અકાદમી પાસે ફરકે પણ નહીં એની ચિંતા સેવવા લાગ્યાં. અકાદમી માટે આપેલ અમૃતા પ્રીતમના અભિપ્રાય રદ થાય એવા પ્રયાસો થયા. પંજાબી વાર્તા કે કવિતાના સંપાદન સમયે અમુકની રચના પસંદ ન થાય તો અમુક પત્રિકાઓનો વિશેષાંક વિરુદ્ધનો કાઢવામાં આવશે એવી ધમકીઓ પણ સહી. સામયિક 'નાગમણિ' ને હલકું અને ઉતરતી કક્ષાનું ગણવામાં આવ્યું. ૨૧ જૂન, ૧૯૯૨ના રોજ પંજાબી કાવ્યસંગ્રહ 'ઝના દી રાત' માટે સાહિત્ય અકાદમી પુરસ્કારની ઘોષણા થઈ ત્યારે 'નવભારત ટાઈમ્સે' ખબર છાપી કે અકળામી પર લખનૌમાં કેસ નોંધવામાં આવ્યો છે જે મુજબ કવિતામાં લિખિત 'ડાયન' શબ્દ પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી માટે પ્રયોજાયો છે, જેનો સીધો સંબંધ ઓપરેશન બ્લુ સ્ટાર સાથે છે પણ કોઈએ એ ન જોયું કે અમૃતા પ્રીતમે એ કવિતા નીચે પાદટીપ આપી હતી ને જેમાં લખ્યું હતું કે એ કાવ્ય પંજાબની લોકગાથા પર આધારિત છે. દિલ્હી યુનિવર્સિટીએ જ્યારે ૧૫ મે, ૧૯૭૩ ના રોજ ડી. લિટ. ની ડિગ્રી આપી ત્યારે 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' જેવા વર્તમાનપત્રે ઠેકડી ઉડાવી હતી. અમૃતા પ્રીતમે સમારંભમાં કહ્યું હતું : ***'મેં જિંદગીમાં જો કોઈ તમન્ના રાખી હોય તો તે એ કે કેવળ મારી આગની જિંદગી એ અક્ષરોને લાગી જાય...તમે આગને ઓળખી છે. આજે હું એ ઓળખ માટે અક્ષરોની એ આગ તરફથી આપનો આભાર માનું છું.'***

***આને નાની પંક્તિઓ નહીં સમજતી***
***આ પંક્તિઓના ગુચ્છા તારી આગ જેવા સમર્થ છે.***

આ સ્ત્રી કદાચ તેમના સમયથી આગળ જીવ્યાં હતાં. વાસ્તવમાં તો 'આમ છતાં' તેમનું જીવવું જ એક પ્રતિકારનું સાહસ બની રહ્યું હતું. એટલે જ જ્યારે એમનું એક કાવ્ય 'અન્નદાતા' પંજાબ વિશ્વ વિદ્યાલયે જપ્ત કર્યું ત્યારે ખુમારીથી કહ્યું : ***'ઈસકા અર્થ યહ હુઆ કિ વહ કવિતા અચ્છી હોગી, ઉસને સમાજ કી ગલત કિંમતો કો કહીં સે હિલાડુલા દિયા હોગા, તભી તો સમાજવાલે નારાજ હો ગયે.'***

આવા રૂઢ સમય વચ્ચે પોતાની ભીતરના "મૈં" ની ભિન્નતાને, નોખાપણાને એ જાણે છે. તેઓ લખે છે : 'જાણું છું, કલમના સંબંધથી જન્મેલાં મારા મનની આ આત્મીયતાને લોકો નહીં સમજે. આ મૂલ્ય, આ માન, એમના મનનો ભાગ નથી; એ કેવળ મારા છે એ કેવળ હું જ જાણું છું કે ફક્ત એ જ નહીં, દુનિયાના કોઈપણ ભાગમાં જે કોઈ પણ કલમના માલિકો છે તે મારા છે - મારા અતીતનો, મારા વર્તમાનનો અને ભવિષ્યનો ભાગ. મારા મનની અવસ્થા કેવળ મારા મન સુધી સીમિત નથી. ન શરીર સુધી, ન કાળ સુધી. તેઓ એ પણ હોઈ શકે છે જે મારાથી હજારો વર્ષો પહેલા થઈ ગયા હોય અને એ પણ જે મારાથી હજારો વર્ષો પછી થશે...' પોતાના સમકાલીનો વડે અપાયેલ માનસિક યાતનાઓ સહેતી આ કવયિત્રી સમાજ તથા સમયે લાદેલા આ પ્રકારના નિષેધોથી ગૂંગળાઈ જતા પોતાના અસ્તિત્વને એ રોજબરોજ જુએ છે અને જુએ છે તેને આઠમા બાળકની જેમ મરતાં પોતાની જ આંખ સામે પોતાને મારતા જોવાનો આ પીડાદાયક અનુભવ કેવો છે તે 'મૈં' કાવ્યમાં નોધ્યો છે.

***બહુત સમકાલીન હૈ***
***સિર્ફ એક મેરા 'મૈં' મેરા સમકાલીન નહીં***
***ઔર એક ધુંઆ હવા મેં તૈરતા હૈ***
***ઔર મેરા 'મૈં'***
***આઠવે બચ્ચે કી તરહ મરતા હૈ***
***ક્યા કિસી દિન યહ મેરા 'મૈં'***
***મેરા સમકાલીન બનેગા?***

અમૃતા પ્રીતમને લેખન તરફ વાળનારા બે મહત્ત્વનાં પરિબળો છે તે છે એકલતા અને ભારત વિભાજનની ઘટના. એકલતાએ ભીતર પ્રેમતત્ત્વનો સંચાર કર્યો. 'રાજન' નામના કાલ્પનિક પાત્ર વડે તેમણે અતીતને સમૃદ્ધિ અર્પી. ફક્ત બાર-તેર વર્ષની આયુમાં અમૃતા પ્રીતમ લેખનકાર્ય આરંભે છે. એ એ સમય હતો જ્યારે સ્ત્રીઓને શિક્ષણની તકો બહુધા પ્રાપ્ત થતી નહોતી અથવા નિષેધ મનાતો હતો. નોંધવું જોઈએ કે અમૃતા પ્રીતમ મધ્યમવર્ગીય પરિવારના હોવા છતાં એક ઉચ્ચ કોટિના કવયિત્રી તથા લેખિકા બની શક્યા એનું કારણ એ કે એમના પિતા પોતે લેખક હતા અને તેઓ પુત્રીને લેખન માટે પ્રેરિત કરતા રહ્યા. શૈશવકાળથી જ પોતાને ઘેર અનેક લેખકોની આવનજાવન જોઈ હતી. પિતા દિનભર આરામ કરતા અને રાત્રે જાગીને લેખનકાર્ય કરતા ત્યારે મા વિનાની અમૃતા સાવ એકલતા અનુભવતા. એવા સમયમાં એક માત્ર કલમનું બળ એમને શાતા

આપે છે. વિશેષ તો એક વાર પિતા નાનકડી અમૃતાને લઈને કવિવર રવીન્દ્રનાથ ટાગોરને મળવા જાય છે, ત્યારે ચૌદ વર્ષની અમૃતાનાં કાવ્યો સાંભળીને રવીન્દ્રનાથ શિરે હાથ મૂકે છે. એકલતાએ લેખનની દિશા આપી અને ભારત વિભાજનની કરુણતાએ તેમને ઉદાત્તતા બક્ષી. વાસ્તવમાં તો ભારત વિભાજન હોય કે વિયતનામ કે ચેકોસ્લાવાકિયાની પીડા હોય. એમણે એ તમામ પીડાઓ પોતાની અંગત પીડા જેટલા ઊંડાણથી અનુભવી છે. આ વેદનાઓનો અને ઉદાત્તતાનો દસ્તાવેજ છે 'પિંજર' નવલકથા! તો વેદનાનો અભિષેક કરતું કાવ્ય એટલે 'વારિસ શાહને'! અમૃતા પ્રીતમની આત્મકથા 'રેવન્યુ સ્ટેમ્પ' માં ૧૯૪૭ ની અનુભવાયેલી સંવેદનાના કેટલાંક શબ્દો હૃદયવેધક છે. (આ જ શીર્ષક પરનું એમનું અન્ય એક કાવ્ય પણ છે) આરંભે જ તેમણે લખ્યું છે કે પ્રાચીન ઇતિહાસમાં ભીષણ અત્યાચારી કાંડ આપણે ભલે વાંચ્યા હોય, પણ તો ય આપણા દેશના ભાગલા વખતે જે કાંઈ થયું તેના જેવો ખૂનીકાંડ કોઈની કલ્પનામાં પણ નહીં આવી શકે. દુઃખોની વાત કહી કહીને લોકો થાકી ગયા હતા, પણ આ વાતો જિંદગીની પહેલા પૂરી થાય એવી નહોતી. લાશ જેવા લોકો જોયા હતાં...

અત્યંત સંવેદનશીલ એવી આ કવયિત્રીએ આવા અનેક વિષયો પર કલમ ચલાવી છે. જ્યાં પોતાનું શહેર એક લાંબી દલીલ જેવું લાગ્યું ત્યાં 'શહેર' કવિતા લખી. 'સ્ટીલ લાઈફ' કાવ્યમાં જ્યાં જલિયાંવાલા બાગના ભીષણ અત્યાચાર વિશેનું દર્દ આલેખ્યું, ગિરજાઘરની મીણબત્તીની વ્યથા રૂપે સંવેદનશીલ માણસની પીડા આલેખી, 'રાજનીતિ' કાવ્યમાં રાજકારણ વિશે બેધડક પોતાનો અવાજ સંભળાવ્યો અને દેશ વિભાજન વિશે પણ લખ્યું. ગાડી બહારનું ઘોર અંધારું તેમને સમયના ઇતિહાસ જેવું અનુભવાય છે. વૃક્ષો દુઃખો જેવા ઊંચા-ઊંચા લાગે છે. વેરણના 'ટાપુઓ' નહીં પણ 'કબર' લાગી છે અને એટલે જ જ્યારે સહેવું અશક્ય બની ગયું ત્યારે એવા સમયે વારિસ શાહને સંબોધાયેલી એક કવિતા મનમાં રમે છે. જ્યાં પાકિસ્તાનના નજાકત અલી જેવા મશહુર ગવૈયા કે જેમણે ક્યારેય વાદ્ય વિના ગાયું નહોતું. તેઓ પણ જ્યારે અમૃતાને મળે છે વારિસ શાહને સંબોધીને લખેલી એ નઝમ વિશે વાત કરતા કહે છે : "જેણે વારિસ શાહ' કવિતા લખી છે એને માટે આજે સાજ વગર પણ ગાઈશ." આ એ જ કવિતા હતી કે જેના વિશે પાકિસ્તાની લેખક અહમદ નદીમ કાસમીએ અહમદ ફૈઝના પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું હતું : "આ કવિતા એમણે પોતે જેલમાં હતા ત્યારે વાંચી હતી. જેલમાંથી બહાર આવીને પણ જોયું કે લોકો આ કવિતાને ખિસ્સામાં રાખે છે, બહાર કાઢીને વાંચે છે અને રડે છે..." ચાલતી ગાડીએ ભીતર થીજી ગયેલા સમય માટે લખાયેલી અમૃતાની આ કવિતા કેટલી મર્મભેદક હતી!

***આજે વારિસ શાહને કહું છું કબરમાંથી બોલો***
***અને પ્રેમની કિતાબનું કોઈ નવું પાનું ખોલો***
***પંજાબની એક દીકરી રડી હતી ત્યારે તમે લાંબી કથા લખી***
***આજે લાખો દીકરીઓ રડી રહી છે, વારિસ શાહ!***
***તમને કહી રહી છે :***
***હે દર્દભર્યાના દોસ્ત! તમારા પંજાબને જુઓ***
***વન લાશોથી છવાઈ ગયા છે,***
***ચિનાબ લોહીથી ભરાઈ ગઈ છે..."***

પાકિસ્તાનના મુલતાન શહેરમાં આજે પણ એક સાહિત્યકાર મુસ્લિમ સંતની પુણ્યતિથિ નિમિત્તે 'જશ્ન-એ-વારિસ શાહ' ઉજવાય છે ત્યારે તેનો પ્રારંભ આ જ નઝમથી કરવામાં આવે છે. "વારિસ શાહની વેલને દિલનું પાણી પાયું હતું - દિલનું પણ, આંસુઓનું પણ." અલબત્ત આ એ જ કાવ્ય હતું કે જેના કારણે પંજાબની અનેક પત્રિકાઓ કે અનેક સામયિકોએ તેમના પર આરોપો પણ મૂક્યા હતા કે શીખોને એ વાંધો છે કે આ કવિતા અમૃતા પ્રીતમે ગુરુ નાનકને સંબોધીને કેમ ના લખી? અમૃતા પ્રીતમ લાહોર છોડવા ઇચ્છતા નહોતા. કમલેશ્વર સંપાદિત પુસ્તક 'મેરા હમદમ મેરા દોસ્ત' માં તેઓ કહે છે :

***યસ ફસાદ તો કુછ લોગોં કા પાગલપન હૈ. ધૃણા કા ફોડા નિકલા હૈ, ગંદા ખૂન બહ રહા હૈ ઈસકે બાદ આરામ હો જાયેગા. મૈં લાહૌર નહીં છોડુંગી, ક્યોકિં ઈસકે સાથ મેરી બહુત યાદોં કા સંબંધ હૈ. યહાં કી બલિયોં કે મોડ, અનારકલી, રાવી, લૌરેન્સ બાગ - હર ચીજ સે મુજ સે પ્યાર હૈ... (પૃ. ૧૨૧)***

આમ છતાં લાહોર છોડવાનો વખત આવે છે. ઘર લૂંટવામાં આવે છે. દહેરાદૂનમાં શરણું લેવું પડે છે. ઘર અને પુસ્તકો પાછળ વછૂટી ચૂક્યા હતા, જેને અમૃતા પ્રીતમ અત્યંત ચાહતા હતા. અખબારોમાંથી ચીસો સંભળાતી રહેતી. રોજીરોટીની શોધ તેમને દિલ્હી ખેંચી લાવે છે. બેઘર લોકો કે જેઓ પોતાની જમીન પરથી ઊખડી ચૂક્યા હતા, તેઓની ઠાલી આંખો પોતાની જમીન તરફ જોતી રહેતી. એ લોકોને નામ પણ આપવામાં આવ્યું હતું - 'પનાહગીર.' અને એટલે જ દિલ્હીથી પરત ફરતા વારિસ શાહ કાવ્યની પંક્તિઓ ઘુમરાય છે - ***"જેઓ મરી ચૂક્યા છે, વિખૂટા પડી ચૂક્યા છે, એમની સાથે મેળાપ કોણ કરાવશે...?"*** ઉર્દૂના પ્રસિદ્ધ શાયર ફૈઝ મહંમદ ફૈઝે કદાચ એટલે જ કહ્યું હશે કે ૧૯૪૭ ના દેશ-વિભાજનની કરુણતાનું ચિત્રણ અમૃતા પ્રીતમથી વધુ પીડા સાથે કોઈપણ કરી શક્યું નથી. તેઓ લખે છે : "જન્મી હતી ગુજરાંવાલામાં, પણ જિંદગી બે શહેરોમાં વીતી છે અર્ધી લાહોરમાં, અર્ધી દિલ્હીમાં - અર્ધી ગુલામ હિન્દુસ્તાનમાં, અર્ધી આઝાદ હિન્દુસ્તાનમાં.'

હો ચી મિન્હ સાથેની મુલાકાત પછી કવિતા લખાય છે : ***'વિયેતનામની ધરતી પરથી પવન આજે પૂછી રહ્યો છે, ઇતિહાસના ગાલ પરથી આંસુ કોને લૂછ્યાં?'*** 'સૂરજ' નું કલ્પન અમૃતા પ્રીતમની કવિતાઓમાં વારંવાર ઉલ્લેખાતું તત્ત્વ રહ્યું છે પણ ઇ.સ. ૧૯૪૭ ના સંદર્ભમાં તેમણે આ કલ્પનને સાહિત્યમાં

બિંબ રૂપે કેવી રીતે આલેખે છે તે પણ બખૂબી જોવા જેવું છે. 'રસીદી ટિકિટ' માં તેઓ લખે છે : *"...દેશના ભાગલા વખતે બળજબરીથી ઉઠાવીને લાવવામાં આવેલી સ્ત્રીઓની કૂખે જન્મેલા 'લાચાર' બાળકોની જીભે એક કવિતા લખી હતી - મને લાગે છે કે સૂરજનું પહેલું અને સશક્ત વર્ણન તેમાં આવ્યું હતું."*

'મજબૂર' (૧૯૪૭) શીર્ષક હેઠળ ૧૯૪૭માં 'વોરબેબી' ની પીડાને અભિવ્યક્ત કરતું આ કાવ્ય એટલું જ ધ્યાનાર્હ્ય છે :

*મેરી માં કી કોખ મજબૂર થી...*
*મૈં ભી તો એક ઈન્સાન હૂં*
*આઝાદીયોં કી ટક્કર મેં*
*ઉસ ચોટ કા નિશાન હૂં*
*ઉસ હાદસે કી લકીર હૂં*
*જો મેરી માં કે માથે પર*
*લગની જરૂર થી*
*મેરી માં કી કોખ મજબૂર થી...*
*મૈં વહ લાનત હૂં*
*જો ઈન્સાન પર પડ રહી હૈ*
*મૈ ઉસ વક્ત કી પૈદાઈશી હૂં*
*જબ તારે તૂટ રહે થે*
*જબ સૂરજ બુઝ ગયા થા*
*જબ ચાંદ કી આંખે બેનૂર થી*
*મેરી માં કી કોખ મજબૂર થી...*

એ જ વર્ષે અમૃતા પ્રીતમે દેશની આઝાદી સાથે પોતાનાં સ્વપ્નાં જોડીને કવિતા લખે છે : 'મૈં હિંદ કા ઈતિહાસ હૂં.' આ કાવ્યમાં આઝાદીના ઉત્સવ માટે તેઓ કહે છે :

*આકાશમાં જે ચંદ્રમા ઝૂકી રહ્યો છે*
*એને પ્રણામ કરવા માટે*
*અને આથમતા સૂરજને સલામ કરવા માટે...*

અમૃતા પ્રીતમે કળાને નિર્માણમાંથી પ્રતિનિર્માણનું નામ આપ્યું છે, રૂપ આપ્યું છે. એવા યથાર્થનું પ્રતિનિર્માણ પણ એટલું જ યથાર્થ રૂપે અનુભવે છે. એટલે જ કળા તેમને મન 'યથાર્થ' સુધી પહોંચવાની એક યાત્રા બની રહે છે.

*પરછાઈયાં પકડનેવાલોં*
*છાતી મેં જલને વાલી આગ કી*
*પરછાઈ નહીં હોતી...*

★

*ધરતી અતિ સુંદર કિતાબ*
*ચાંદ સુરજ કી જીલ્દ વાલી*
*પર ખુદાયા! યહ દુઃખ, ભૂખ સહમ ઔર ગુલામી*
*યે તેરી ઈબારત હૈ યા પ્રૂફો કી ગલતિયાં?*

અમૃતાના જીવનમાં પ્રવેશેલા નિકટના પ્રિયજનો - પતિ, સાહિર લુધિયાનવી, સજ્જાદ અને ઈમરોઝ. સાહિરને હૃદયથી પ્રેમ કર્યો પણ તેમનો સાથ ન પામી શક્યા. સજ્જાદ જેવો મિત્ર પણ પાકિસ્તાનની ભૂમિપ્રેમને કારણે માદરે વતન પરત ફરે છે. પણ અંતિમ શ્વાસ સુધી જેનો સાથ મળ્યો તે ઈમરોઝ. પ્રેમને નામે કોઈપણ પ્રકારની અપેક્ષાઓથી પર આવી કવયિત્રીનું સરનામું શું હોઈ શકે? પ્રેમ અર્પનાર, પ્રેમ માટે જીવનારા અને પ્રેમને કારણે જીવનાર આવી કવયિત્રીનું સરનામું હોય તો આખરે શું હોવાનું? તેઓ 'મેરા પતા' કાવ્યમાં કહે છે :

*આજ મૈંને*
*અપને ઘર કા નંબર મિટાયા હૈ*
*ઔર ગલી કે માથે પર લગા*
*ગલી કા નામ હટાયા હૈ*
*ઔર હર સડક કી*
*દિશા કા નામ પોંછ દિયા હૈ*
*પર અગર આપ કો મુઝે જરૂર પાના હૈ*
*તો હર દેશ કે હર શહર કી*
*હર ગલી કા દ્વાર ખટખટાઓ*
*યહ એક શાપ હૈ, એક વર હૈ*
*ઔર જહાં ભી*
*આઝાદ રૂહ કી ઝલક પડે*
*સમજના વહ મેરા ઘર હૈ!!!*

જીવનમાં મળેલ વેદના પણ પોતાનો જ એક પર્યાય બની રહી. કળાઓને સાંગોપાંગ ઝીલતાં આ કવયિત્રીને જીવનની કળામાં પણ એટલો જ રસ હતો. રેડિયો સ્ટેશન પર અવાજનો જાદુ પાથરવાનો હોય કે સિતાર વગાડવાનો હોય, ચિત્રમાં રંગો ભરવાના હોય કે તસવીરોને બોલતી કરવાની હોય, નૃત્ય હોય કે લેખન હોય...જિંદગીને રંગોથી ભરી ભરી રાખવા જીવનપર્યંત પ્રયાસ કરતાં રહ્યાં પણ તેમ છતાં જીવનપર્યંત જે નિયતકાલીન રહી તે એક તરસ! જિંદગીના રહસ્યોને પામવા - ઉકેલવા મથતાં અમૃતા પ્રીતમની જીવનયાત્રા એટલે તરસનું સફરનામું! અમૃતા પ્રીતમ એટલે? એક કાવ્યમાં નિજ પરિભાષા અંકિત કરે છે જેને શીર્ષક જ આપ્યું છે - 'અમૃતા પ્રીતમ.'

*એક દર્દ થા*
*જો સિગરેટ કી તરહ*
*મૈંને ચુપચાપ કિયા હૈ*
*સિર્ફ કુછ નઝમેં હૈ*
*જો સિગરેટ સે મૈંને*
*રાખ કી તરહ ઝાડી હૈ*

★

*પર મેરે સીને મેં ભી કુછ સાંસે જીતી હૈ*
*ઔર અટકી સાંસો કે સાથ મૈં કહ સકતી હૂં*
*કિ હર એક સફર સિર્ફ વહીં શુરૂ હોતા હૈ*
*જ્યાં યે સફરનામે ખત્મ હોતે હૈ...*



નારી : મમતા, સમતા અને ક્ષમતાની મૂર્તિ!

# ૮મી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિન

## નારીમુક્તિ અને નારી સંઘર્ષનો ગૌરવવંતો દિવસ

પર્વ

ભરત'કુમાર' પ્રા. ઠાકર

દર વર્ષે વિશ્વભરમાં ૮મી માર્ચનો દિવસ 'ઇન્ટરનેશનલ વિમેન્સ ડે' તરીકે મનાવવામાં આવે છે. દુનિયામાં સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ એક સદી પહેલાં ૧૯૧૧માં ઉજવાયો હતો. તે દૃષ્ટિએ આ વર્ષે આપણે ૧૦૮મો વિશ્વ નારી દિન ઉજવીશું! તે પ્રસંગે અહીં આ જાગતિક દિવસની ઐતિહાસિક તારીખ - તવારીખ, દેશમાં મહિલાઓની સ્થિતિ, સ્ત્રી-પુરુષ સમાનતા, વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી, મહિલાને કેન્દ્રમાં રાખી ઉજવાયેલા સમયખંડો વગેરે જેવા વિષયાંગો પર રસપ્રદ માહિતી આલેખવામાં આવી છે.

● **અતીતના ઓવારેથી અવગાહન :**

આઠ માર્ચની આસપાસ દેશભરનાં પ્રસાર માધ્યમોમાં 'મહિલા દિન' સારો એવો ચર્ચાતો રહે છે. આ દિન વિશે ભારતીય મહિલાઓમાં ધીમે ધીમે જાગૃતિ વધી રહી છે. મહિલાઓની આર્થિક, રાજકીય અને સામાજિક સિધ્ધિઓની વૈશ્વિક ઉજવણીનો આ એક અગત્યનો પ્રસંગ છે. સાથેસાથે તે સ્ત્રીને ઉપભોગ અને શોષણનું સાધન ગણતા સમાજને ઢંઢોળવાની યાદ અપાવતો દિવસ પણ છે.

નર અને નારી... જીવનરથનાં બે સમાન પૈડાં છતાં પુરુષપ્રધાન સમાજમાં 'નારી'નું સ્થાન અનેક બાબતોમાં સદીઓથી બીજા ક્રમનું રહ્યું છે. સ્ત્રી સદૈવ શોષણનો ભોગ બનતી આવી છે. ત્યારે તેની સામે ૧૯મી સદીના મધ્યથી લઈને ૨૦મી સદીના પ્રારંભમાં સ્ત્રીઓએ જેહાદ પણ જગાવી છે. ૧૯મી સદીના પચાસના દાયકામાં મહિલા સંગઠન, ચૂંટણી લડવી, સમાન અધિકાર જેવી બાબતે લડતો ચાલી, પણ સફળતા મળેલી નહીં.

પરંતુ ૮મી માર્ચ, ૧૮૫૭ના ન્યુયોર્કની કાપડ મિલોમાં કામ કરતી મહિલા મજદૂરોએ પગાર વધારવા, કામનો સમય ઘટાડવા અને મિલનું વાતાવરણ સુધારવાની માંગણી સાથે દેખાવો કર્યા. તે 'વિશ્વનું પ્રથમ મહિલા આંદોલન' ગણાય છે. તેને ભલે બળથી કચડી નખાયું, છતાં સદંતર નિષ્ફળ પણ નહોતું ગયું. સ્ત્રીઓના આ પ્રથમ સંગઠિત સંઘર્ષને જ મહિલા ચળવળો માટેની પ્રેરણા ગણી આ દિવસ 'વિશ્વ નારી દિન' તરીકે ઉજવાય છે.

● **'મહિલા દિન' ઉજવણીનો પ્રારંભ :**

વિશ્વમાં વિધિવત્ 'મહિલા દિન' ઉજવવાનો આરંભ અમેરિકામાં થયો હતો. સોશિયાલિસ્ટ પાર્ટી ઑફ અમેરિકાના એલાનથી ત્યાં ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૦૯ના મહિલાઓએ પહેલીવાર 'નેશનલ વિમેન્સ ડે' મનાવ્યો હતો. ત્યાર પછી ૧૯૧૩ સુધી ત્યાં દર વર્ષે ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે આ દિન ઉજવવાની પરંપરા ચાલી. તેની સમાંતર અમેરિકામાં એક બીજો બનાવ પણ બન્યો.

શરૂમાં મહિલાદિન એક પ્રકારે મજદૂર દિન જેવો ગણાતો. ત્યાં પેન્સિલ્વેનિયા રાજ્યની કાપડ મિલોમાં પણ મહિલાઓએ અમાનુષી સ્થિતિમાં કામ કરવું પડતું હોવાથી તેનો વિરોધ નોંધાવવા નારી દિન નિમિત્તે જ હડતાળ પાડેલી. એમની હિંમતને બિરદાવવા જર્મનીમાં કામદાર સ્ત્રી આંદોલનના ક્રાંતિવીર નેતા ક્લેરા ઝેટ્કિન (૧૮૫૭-૧૯૩૩)ની આગેવાની હેઠળ સામ્યવાદી સંગઠનોએ ૮મી માર્ચને 'મહિલા કામદાર દિવસ' તરીકે જાહેર કર્યો!

મહિલા દિન ઉજવણીનો વ્યાપ ધીરે ધીરે અન્ય દેશોમાં પણ વિસ્તર્યો. અમેરિકાએ 'રાષ્ટ્રીય મહિલા દિન' ઉજવ્યાના બીજા જ વર્ષે એટલે કે ૧૯૧૦માં ૮મી માર્ચે કોપનહેગન (ડેન્માર્ક) ખાતે ૧૭ દેશોના મહિલા અગ્રણીઓએ 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી મહિલા અધિવેશન' (ઇન્ટરનેશનલ સોશિયાલિસ્ટ વિમેન્સ કોન્ફરન્સ)ની બેઠક બોલાવી. તેમાં નારી હક્કો માટેની લડતનો એક આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવાનો ઠરાવ કરાયો. સમાજવાદી અગ્રણી ઝેટ્કિને ન્યુયોર્કની કાપડ મિલોના સંઘર્ષ (૧૮૫૭)ની યાદ તાજી રાખવા ૮મી માર્ચનું સૂચન કરેલું, પણ તારીખ નક્કી ન થઈ શકી.

● **'યુનો' દ્વારા સત્તાવાર ઘોષણા :**

તે દિવસ નિર્ધારિત થયો બીજા વર્ષ ૧૯૧૧માં અને તે વર્ષે પહેલીવાર ૧૯મી માર્ચે ઑસ્ટ્રિયા, ડેન્માર્ક, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોએ ઇન્ટરનેશનલ વિમેન્સ ડે ઉજવ્યો હતો. પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૮) વખતે સમગ્ર વિશ્વની મહિલાઓએ ૮મી માર્ચ, ૧૯૧૫ના યુદ્ધવિરોધી દેખાવો યોજ્યા. બીજી તરફ લાખો સૈનિકોની ખુવારી પછી રશિયામાં ૧૯૧૭માં ફેબ્રુઆરીના છેલ્લા રવિવારે 'રોટી અને શાંતિ'ની માંગણી સાથે મહિલાઓએ હડતાળ પાડી. જુલિયન કેલેન્ડર પ્રમાણે તે તારીખ ૨૩મી ફેબ્રુઆરી હતી, પણ અન્ય દેશોમાં પ્રચલિત જ્યોર્જિયન કેલેન્ડર પ્રમાણે ૮મી માર્ચનો દિવસ હતો.

આમ અનેક પ્રકારે અનેક દેશોમાં મહિલા દિન બહુધા ૮મી માર્ચે ઉજવાતો રહ્યો. છેવટે ૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' અને મહિલા દશકની ઘોષણા કરી તે સાથે જ આઠમી માર્ચને સત્તાવાર રીતે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે જાહેર કર્યો. આમ, આ દિવસ વિશ્વના નારી આંદોલનોના ઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે. તે અનેક ઐતિહાસિક સંઘર્ષોની યાદ અપાવે છે.

તેની ઉજવણીથી મહિલાઓના સમાન હક્ક માટેની લડત મજબૂત બની છે. સમયના પ્રવાહમાં આ ક્ષેત્રે સારી જાગૃતિ પણ આવી છે. સ્ત્રીશિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના યુનોની ઘોષણા અનુસાર ખાસ મહિલાઓ માટે હવે 'UN WOMAN' નામે એક નવી સંસ્થાની પણ રચના થઇ છે, જે મહિલા સમાનતાને પ્રોત્સાહન આપતા તમામ કાર્યક્રમો પર નજ રાખશે.

## ● બંધારણમાં મહિલાહિતને પ્રાધાન્ય :

મહિલા દિવસની તવારીખ ઇતિહાસ રચી જનારી સામાન્ય મહિલાઓની ગાથા છે. આ દિવસ મૂળ રૂપે સમાજમાં પુરુષો સાથે સમકક્ષ સ્થાન મેળવવા નારીઓના સદીઓ જૂના સંઘર્ષનો દ્યોતક છે. વિશ્વ નારી દિન એ હકીકતનું પણ મહત્ત્વ દર્શાવે છે કે વિશ્વશાંતિ અને સામાજિક પ્રગતિ જાળવી રાખવા માટે મહિલાઓની સક્રિય ભાગીદારી, સમાનતા અને વિકાસની સાથોસાથ તેમાં એમના યોગદાનની સ્વીકૃતિ પણ જરૂરી છે.

ભારતમાં મહિલાઓની સ્થિતિમાં વીતેલા વર્ષોમાં ઘણું પરિવર્તન આવ્યું છે. ભારતની નારીઓ આજે શિક્ષણ, રાજકારણ, પ્રસાર માધ્યમો, કલા, સંસ્કૃતિ, સેવા ક્ષેત્રો, વિજ્ઞાન, તંત્રજ્ઞાન જેવી તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહી છે. આપણું બંધારણ પુરુષ અને મહિલા માટે સમાન અધિકારોની બાંહેધરી આપે છે. તે મહિલા સશક્તિકરણ માટે અનેક જોગવાઇઓ ધરાવે છે.

મહિલાઓના સમાનતાના અધિકાર અને તેમના તરફ ભેદભાવ ન રાખવાની બાબતને ન્યાયોચિત મૂળભુત અધિકારો તરીકે નિર્ધારીત કરવામાં આવેલ છે. મહિલાઓના માનવીય અધિકારોના સંરક્ષણ અને અભિવર્ધનને ભારત હંમેશાં પ્રાધાન્ય આપતું આવ્યું છે. આપણા દેશમાં તો વેદકાળથી જ કહેવાયું છે કે જ્યાં નારી પૂજાય છે ત્યાં દેવોનો વાસ છે. 'નારી તું નારાયણી' રૂપે તેણીનો આદર થયો છે. તે મમતા, સમતા અને ક્ષમતા ઉપરાંત સહનશીલતા, દયા અને ક્ષમાની મૂર્તિ પણ ગણાઇ છે.

## ● મહિલા વર્ષ સંબંધી ટિકિટો

૨૦૦૫માં આપણે ત્યાં ઘરેલુ હિંસાથી મહિલાઓના રક્ષણ (પ્રોટેક્શન ઑફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ) માટે પ્રથમવાર કાયદો ઘડાયો છે. ૧૯૯૩માં પંચાયતો - સુધરાઇઓમાં અને ૨૦૧૦માં લોકસભા - ધારાસભાઓમાં ૩૩ ટકા મહિલા અનામત બેઠકો આપતા ખરડા પસાર થયા છે. લોકસભામાં મહિલા સાંસદોની સંખ્યા આ મુજબ રહી છે...

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૫૨ | — | ૨૫ | ૧૯૫૭ | — | ૨૨ |
| ૧૯૬૨ | — | ૩૧ | ૧૯૬૭ | — | ૨૯ |
| ૧૯૭૧ | — | ૨૧ | ૧૯૭૭ | — | ૧૯ |
| ૧૯૮૦ | — | ૨૮ | ૧૯૮૪ | — | ૪૩ |
| ૧૯૮૯ | — | ૨૯ | ૧૯૯૧ | — | ૩૮ |
| ૧૯૯૬ | — | ૪૦ | ૧૯૯૮ | — | ૪૩ |
| ૧૯૯૯ | — | ૪૯ | ૨૦૦૪ | — | ૪૫ |
| ૨૦૦૯ | — | ૫૯ | ૨૦૧૪ | — | ૬૧ |

'સમાનતા, વિકાસ અને શાંતિ'ના વિષય સાથે ૧૯૭૫નું વર્ષ યુનો દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' તરીકે ઉજવાયું હતું. તે પ્રસંગે ભારતે ૧૬મી ફેબ્રુઆરીના ૨૫ પૈસા મૂલ્યની એક ખાસ ત્રિરંગી ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. જેની ડિઝાઇન અમદાવાદના શ્યામા સારાભાઈનાં ચિત્રો પરથી તૈયાર કરાઈ હતી.

તે પછી ૨૦૦૭ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે પણ ભારતે પાંચ રૂપિયાની બે અને પંદર રૂપિયાની બે એમ કુલ ચાર બહુરંગી ટપાલ ટિકિટોનો સેટ બહાર પાડ્યો હતો. તે વર્ષે 'સંઘર્ષથી સફળતા સુધી : નારીજીવનને સન્માનો' વિષય પસંદ કરાયેલો. આ ચારે સ્ટેમ્પ્સ પર મહિલાને તેની પાલનપોષણ અને સંરક્ષણકર્તા તરીકેની ભૂમિકામાં દર્શાવાઈ છે, જે પ્રસિદ્ધ ચિત્રકાર જયશ્રી બર્મનનાં ચિત્રો પર આધારિત છે.

*'શિવમ્', ૪૦ વૃંદાવન નગર-૧, ખડિયા તળાવની સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*તમે તમારી જાતની બીજા સાથે સરખામણી ના કરો. તમારા આજને ગઈકાલ સાથે સરખાવો. જો તમને સુધારો જણાય તો તમે કંઈક મેળવ્યું તેવું કહેવાશે.*

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# મહિલા સમર્પિત સમયખંડો

**વિશેષ દાયકા :**

- ૧૯૭૬-૧૯૮૫ : આંતરરાષ્ટ્રીય મહિલા દાયકો (ઇન્ટરનેશનલ વિમેન્સ ડિકેડ)
- ૧૯૯૧-૨૦૦૦ : સાર્ક બાલિકા દાયકો (સાર્ક ડિકેડ ઑફ ગર્લ ચાઇલ્ડ)

**વિશેષ વર્ષો**

- ૧૯૫૪ : વિશ્વ આરોગ્ય દિનનું સૂત્ર — 'પરિચારિકા : આરોગ્યની માર્ગદર્શિકા'
- ૧૯૭૫ : આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ (ઇન્ટરનેશનલ વિમેન્સ યાર)
- ૧૯૯૦ : સાર્ક બાલિકા વર્ષ (સાર્ક યર ઑફ ગર્લ ચાઇલ્ડ)
- ૧૯૯૮ : વિશ્વ આરોગ્ય દિનનું સૂત્ર — 'સલામત માતૃત્વ'
- ૨૦૦૧ : મહિલા સશક્તિકરણ વર્ષ (વિમેન્સ એમ્પાવરમેન્ટ યર) ભારત
- ૨૦૦૩ : કન્યા શિક્ષણ વર્ષ (ગર્લ્સ એજ્યુકેશન યર) ગુજરાત
- ૨૦૧૦ : આંતરરાષ્ટ્રીય પરિચારિકા વર્ષ (નાઇટિંગેલ પુણ્ય શતાબ્દી)

**વિશેષ પખવાડિયું :**

- ૧થી ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ : મહિલા સશક્તિકરણ પખવાડિયું, ગુજરાત (તે અંતર્ગત મહિલા સંબંધિત જુદા જુદા વિષયો પર દરરોજ ખાસ દિવસો ઉજવાયા)

**વિશેષ સપ્તાહ**

- સપ્ટેમ્બર ૧૯૯૯ : મીના બાલિકા સપ્તાહ (યુનિસેફ દ્વારા દક્ષિણ એશિયાઇ દેશોની નાની છોકરીઓના પ્રશ્નોને વાચા આપવા ગુજરાતમાં ઉજવણી)

**વિશેષ દિનો :**

- ૨૪મી જાન્યુઆરી : રાષ્ટ્રીય કન્યા દિવસ (નેશનલ ગર્લ ચાઇલ્ડ ડે)
- ૧૪મી ફેબ્રુઆરી : માતૃ-પિતૃ પૂજન દિવસ (સ્નેહ અભિવ્યક્તિના પર્વ 'વેલેન્ટાઇન ડે'ને આ સ્વરૂપે મનાવવા ૨૦૧૬માં આસારામ બાપુએ અનુરોધ કરેલો.)
- ૮મી માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (ઇન્ટરનેશનલ વિમેન્સ ડે)
  (તો, ૧૯મી નવેમ્બર 'આંતરરાષ્ટ્રીય પુરુષ દિન' તરીકે ઉજવાય છે.)
- ૧૧મી એપ્રિલ : રાષ્ટ્રીય જનની સુરક્ષા / સલામત માતૃત્વ દિવસ (નેશનલ સેફ મધરહૂડ ડે) (કસ્તુરબા (૧૮૬૯-૧૯૪૪) જન્મજયંતી)
- ૧૫મી એપ્રિલ : મહિલા બચત દિન (વિમેન્સ સેવિંગ્સ ડે) ભારત
- ૧૨મી મે : આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ (ઇન્ટરનેશનલ નર્સિંગ ડે)
  (ફ્લોરેન્સ નાઇટિંગેલ (૧૮૨૦-૧૯૧૦) જન્મજયંતી)
- મે મહિનાનો બીજો રવિવાર: માતૃ દિન (મધર્સ ડે)
  (તો જૂનનો ત્રીજો રવિવાર 'પિતૃ દિન' (ફાધર્સ ડે) તરીકે ઉજવાય છે.)
- ૨૩મી જૂન : વિશ્વ વિધવા દિન (વર્લ્ડ વિડો ડે)
- ૨૬મી જૂન : વર્લ્ડ બ્યુટિશિયન ડે (વિશ્વ સૌંદર્ય પરિચારિકા દિવસ)
- ૨જી ઓક્ટોબર : માતા-પિતા કૃતજ્ઞતા દિવસ (ગાંધી જયંતી અને અહિંસા દિવસને આ ત્રીજા સંદર્ભે પણ મનાવવા સુધાંશુજી મહારાજે અનુરોધ કરેલો.)
- ૧૧મી ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય બાલિકા દિન (ઇન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ ચાઇલ્ડ)
- ૧૫મી ઓક્ટોબર : વિશ્વ ગ્રામીણ મહિલા દિન (વર્લ્ડ કન્ટ્રી વુમન ડે)
- ૨૫મી નવેમ્બર : વિશ્વ મહિલા અત્યાચાર વિરોધી (હિંસા નિવારણ) દિવસ (વર્લ્ડ વુમેન્સ ડે અગેઇન્સ્ટ ક્રૂઅલ્ટી)

નિબંધ



# ભીંતને પણ કાન હોય છે!

વર્ષા તન્ના

આયરિશ નાટ્યકાર જ્યોર્જ બર્નાર્ડશોએ ચીનની દીવાલ પ્લેનમાં ઊડીને જોઈ હતી. પત્રકારોએ તેમને પૂછ્યું કે 'દીવાલ તમને કેવી લાગી?' ત્યારે તેમણે જવાબ આપ્યો હતો : 'દીવાલ જેવી દીવાલ લાગી એમાં બીજું શું લાગે?' જ્યારે આપણને વિચાર આવે કે આ ચીનની દીવાલને કાન હતા? પણ મને લાગે છે કે ચીનમાં 'ભીંતને પણ કાન હોય છે' આવી કોઈ કહેવત નહીં હોય. આ તો આપણી ગુજરાતી ભાષાની કમાલ છે.

આમ જોઈએ તો ભીંત સહકાર અને સમૂહત્વનું પ્રતીક છે. એક ઈંટ કે એક પથ્થર દીવાલ તરીકે નથી ઓળખાતાં. પણ તેનું વ્યવસ્થિત ચણતર ભીંતનું સ્વરૂપ આપે છે. તેમાં સિમેન્ટ, ચૂનો, રેતી અને પાણી મળે અને સાથે મળે પરસેવો. આમ સહિયારાપણાની નીપજ છે ભીંત. ઘણાબધા પથ્થરો કે ઈંટ કોઈ રચના વગર ઢગલો કે ખડકલો જ બની રહે છે. આમ ભીંત સહિયારાપણાની નીપજ હોવા છતાં જ્યારે તેને ઊભી કરવામાં આવે છે ત્યારે ભીંતે ભાગલા પાડ્યા કહી બદનામ કરવામાં આવે છે. આમ માણસને તો બીજાના ખભા પર બંદૂક રાખી ફોડવાની આદત છે. આ ભીંતમાંથી એકાદ ઈંટ કે થોડી સિમેન્ટ કે ચૂનો નીકળી જાય તો તે બિચારી બની જાય છે. તે અડીખમ ઊભી તો રહે છે પણ તેનું મન વ્યથિત થઈ જાય છે. જેમ આપણા શરીરને ઈજા થાય અને કોઈક વખત પંગુતા અનુભવીએ તેવી પંગુતા, તેવું દર્દ તે જરૂર અનુભવતી હશે...!

કોઈ પણ ઋતુ હોય કે કોઈ પણ કાળ હોય ભીંત તમને હૂંફ અને ટેકો આપે છે. ધોધમાર વરસાદ વરસતો હોય અને ક્યાંય બચવા માટે છત કે છાપરું ન હોય એવે વખતે આપણે ભીંતની આડશનો સહારો લઈએ છીએ. ભીંતને અઢેલીને ઊભા રહીએ છીએ. જ્યારે તડકામાં ભીંતના જ પડછાયાનો હાથ ઝાલીએ છીએ. ઠંડીમાં ભીંતને અડકીને ચાલીએ તો ઠંડી ઓછી લાગે કે નહીં પણ તેનો ગરમાટો તો જરૂર મળે છે. કેટલાંય બેઘર લોકો અને પ્રાણીઓ આ ભીંત પાસેથી ઘરની હૂંફ અને આશ્રય મેળવે છે.

આપણે ભીંતની ભૂગોળની રચના કરીએ છીએ કે જાણીએ છીએ, પણ તેના મનને જાણતા નથી. તેના પર આપણે ખીંટી ખોડીએ છીએ ત્યારે તેને દુઃખ થતું હશે પણ જ્યારે આ ખીંટી પર આપણે એકાદી ફોટોફ્રેમ લગાડીએ છીએ ત્યારે જાણે ફૂલોનો બૂકે મળ્યો. તેમાં પણ જ્યારે એ ફોટોફ્રેમની પાછળ ચકલી માળો બાંધે છે ત્યારે તે માળાનાં સૂકાં તણખલાં ભીંતના કાનમાં સંજીવની મંત્ર ફૂંકે છે ને ભીંતમાં પણ જીવ આવી જાય છે!

નાનું બાળક ઘરમાં આવે ત્યારે તેની કિલકારી સાંભળી ભીંત મનમાં ને મનમાં હાલરડું ગાવા માંડે છે જે તેણે પોતાની રચના વખતે પેલી મજૂરણ સ્ત્રી પાસેથી સાંભળ્યું હતું. ભીંત બનાવતાં બનાવતાં પોતાના બાળકને સુવડાવવા માટે ગાતી હતી એ હાલરડું ભીંતના હોઠ પર આવી જાય છે. આ બાળક મોટું થાય ત્યારે તે પોતાના હાથથી ભીંત પર લીટા કરે અને મમ્મી-પપ્પા ચિડાય પણ ભીંતને પતંગિયું આવી બેઠું હોય તેમ લાગે છે. આ જ બાળક જ્યારે તરુણ અવસ્થામાં પહોંચે ત્યારે પેલી ફોટોફ્રેમનાં ચિત્રો બદલાય છે તો તે ઘણીયે વાર હરખાય છે. વળી આ જ ભીંત કોઈ વખત વૃદ્ધાવસ્થાની એકલતા જોઈ તેને ટેકો પણ આપવાનો પ્રયત્ન કરે છે. વૃદ્ધાવસ્થાની એકલતાનાં આંસુ તે લૂછી નથી શકતી છતાં આ ભીંત જ તેની સાચી ભેરુ બને છે. આ ભીંત પોતાની મહેનતની નીપજ છે તેવું વિચાર કરી મોટા વડીલ લોકો ઘણી વાર પોરસાય છે તો કોઈ વખત નિરાશ પણ થાય છે. કેટલાય પોતાના સ્વભાવ પ્રમાણે ભીંતને પણ દોષ દે છે ત્યારે ભીંત સમજી શકતી નથી કે તેનો વાંક શું છે.

ભીંતની ખાસ મિત્ર છે બારી. તેની મિત્ર બારીમાંથી આવતું સૂરજનું એક કિરણ પણ તેને માટે તો દુનિયાને નિહાળવાનાં ચશ્માં બની જાય છે. આ બારીમાંથી આવતાં કોઈ વખત કોમળ કિરણો તેને વહાલ કરે છે તો કોઈ વખત તીક્ષ્ણ કિરણોની તલવાર વાગે છે. આનાથી તે ઋતુઓની રખડપટ્ટી જાણી શકે છે. તેની બાજુમાં ઊભેલા ઝાડ પરથી આવતી સુગંધના પમરાટ પરથી વસંતના આગમનને તે વધાવે છે અને તેના પગમાં જ્યારે સૂકાં પર્ણોનો ખડકલો થાય ત્યારે તે જાણે છે કે પાનખર પધારી. અરે, તે માત્ર ઋતુઓની પાનખરને ઓળખે છે તેવું નથી પણ બોખા મોઢા પર પડેલી વેદનાની કરચલીથી તે ઝંખવાઈ જાય છે, તો પક્ષીઓના કલબલાટથી ઝાડની લાલાશ પોતે પહેરી લીધી હોય તેમ ખુશ થાય છે.

ભીંતને બારી જેમ મનગમતી છે તેવી જ રીતે દરવાજા વગરની ભીંત તો ઘરને બદલે કોટડી કે ભોંયરું બની જાય છે. ત્યાં ભીંતમાં એક પ્રકારની જડતા આવી જાય છે. અને દરવાજો ભીંતનું જીવન છે કે નહીં તેની ખબર નથી, પણ દરવાજા વગરની ભીંત ઓપરેશન ટેબલ પર સૂતેલા દર્દી જેવી લાગે છે. તેનો પ્રાણવાયુ આ દરવાજો

છે તો ભીંતના જીવનમાં ચેતન છે. આ દરવાજો જ ભીંતને આવાગમનનાં પલાખાં ઉકેલવામાં મદદ કરે છે.

માણસે પોતાની સગવડતા માટે ઘણી નવી નવી શોધ કરી. ફરવા માટે મોટર, ટ્રેન, જહાજ, હવાઈ જહાજ; એટલું જ નહીં પણ ચંદ્ર સુધી પહોંચવા અંતરિક્ષયાન સુધીની શોધ કરી છે. પણ તે થાક્યો-હાર્યો તો ઘરે જ આવશે. કારણ કે ધરતીનો છેડો ઘર. અને આ ઘર બનાવવા માટે ચાર દીવાલની જરૂર તો પડે જ. ભલેને તે પછી માટીની હોય કે પછી ગારાની કે ઇંટ-પથ્થરની-લાકડાની કે પછી આરસની હોય કે છેલ્લે ચારેબાજુ કંતાન બાંધી બનાવી હોય પણ આ ભીંત વગર ઘર ન બને. સૌ એમ કહે કે ચાર ભીંતનું તો મકાન કહેવાય, ઘર નહીં. પણ આ ભીંત વગર ઘર ન બને અને આ ભીંત જોઈને ઘણી વખત મનના મેળ મળે છે.

ભીંત પર કેટલીયે તવારીખ લખાયેલી છે. આ ઇતિહાસ કેટલીક વખત પાંપણ સહેજ ઊંચી કરીને વંચાઈ જાય છે તો ક્યારેક વહાલસોયા સ્પર્શથી વંચાય. તો કેટલીયે વખત આ સ્પર્શ ખરબચડો બને અને વેદનાની કરચ વાગે. ભીંત ત્રિકાળજ્ઞાની નથી છતાં ભૂત અને વર્તમાનની સાક્ષી તરીકે તો મૂલવી જ શકાય. ભીંત સંસ્કૃતિની છડી રોજ પોકારે છે. લોકો પોતાના ગમા-અણગમાને ભીંત પર ચીતરે છે. આપણા રાજામહારાજાઓ તે વખતની સંસ્કૃતિનાં ચિત્રો પોતાના મહેલની ભીંત પર ચિતરાવતા. જ્યારે આજે વૉલપેપરનો જમાનો છે. આપણે ગુજરાતીઓના ભરેલા ચાકળા લગાડેલી ભીંતને લાડ લડાવીએ છીએ. વળી દીકરી તો વહાલનો દરિયો...જ્યારે દીકરી સાસરે જાય ત્યારે તે ઘરની દીવાલ પર પોતાના કંકુવરણા થાપા કરવાનો રિવાજ છે. આમ દીવાલ દીકરીના આશીર્વાદની પૂજક અને સાક્ષી બની રહે છે. તેવી જ રીતે ગુરુનાનકના ફોટાવાળી ભીંત પંજાબી પરિવારની જ હોય. વળી તેઓની રીતભાતની લિપિ પણ ભીંત પર આપોઆપ લખાઈ જાય છે. તો ભીંત ભૂતકાળની ભવ્યતા કે દરિદ્રતાના અક્ષરને પોતાના શરીર પર મઢે છે. તેનાં રંગરૂપ આ ઉખાણું આપમેળે બોલે છે. તો આવતી કાલે શું થવાનું છે તેનો વરતારો માત્ર તે આપી શકતી નથી. કારણ કે તેનો બ્રહ્મા તો મનુષ્ય છે અને તેનું મન અકળ છે એટલે ભીંતના હાથ હેઠા પડે છે. વળી ભીંતને ખબર છે કે ભલે માનવી કંઈ પણ કરે, પણ જ્યારે ધરતીકંપ આવે ત્યારે તે લાચાર થઈ જાય છે. તે પોતાની જાતને બચાવી શકતો નથી તો ભીંતને તે ક્યાંથી બચાવવાનો!

ભીંત જૂની થાય કે ઘણી વખત નવીનકોર ભીંતમાં પણ તિરાડ પડે છે. ત્યારે ભીંત લાકડી માગતી નથી પણ થોડી દેખભાળ અને થોડું વહાલ માગે છે. કોઈ રંગારાને આપણે જોઈએ તો લાગે તે કેટલું વહાલ કરે છે. પોતાનું બાળક સમજીને પ્રેમથી, નજાકતથી રંગે છે. તો કેટલાક કોઈ પુણ્ય ભેગું કરવા અનાથને દાન કરે છે તેવી ઝડપથી રંગ ચોપડીને જાય છે.

માનવી તેને કેમ પણ રાખે કે કેવો પણ વ્યવહાર કરે તેને વગોવે છે, પણ ભીંત તેને નિજત્વ આપે છે. ભીંત બનતાંની સાથે જ આ મારું છે તેવી ભાવના આપોઆપ મનમાં સંગોપાઈ જાય છે. જોકે તેનાથી ભાગલાનાં બીજ રોપાય છે તેમ દુનિયા કહે છે. પણ જો ભીંત ન બનાવીએ તો પોતાપણાની ભાવના આવતી નથી. ભીંત બનવાથી સહિયારાપણાની ભાવના ઓછી થાય છે તે વાત સાવ સાચી નથી. કારણ કે ઘણી વખત પોતાનું નથી હોતું તે કોઈનું નથી હોતું. એટલે નધણિયાતું અને નકામું બની રહે છે. પછી તેને માટેનું જતન કે સંભાળ લેવાતાં નથી. આમ ભીંત માત્ર પોતે જ એક જતન કરવાની પાઠશાળા બની જાય છે.

આમ તે રોજની ઘટના હોવા છતાં કેટલીક વખત ભીંત બધાંથી સાવ અલગ મોભો ધારણ કરી લે છે. ભીંતનો આકાર કેવો પણ હોય...જાડો-પાતળો, ઊંચો-નીચો, રંગીન કે પછી સાવ કઢંગો પણ તે પોતાનો આડશ આપવાનો ધર્મ છોડતી નથી. તેના પર આજકાલ તો 'નો સ્ટિકર્સ નો બિલ' નાં મોટાં મોટાં લેબલો પણ મારવામાં આવે છે. કેટલીક જગ્યાએ તો ભગવાનના ફોટા પણ લગાવવામાં આવે છે. ખાસ કરી તેને ગંદી ન કરે માટે. ત્યારે પણ આ ભીંત જાહેરાતનાં સ્ટિકરો અને ચિતરામણથી બિચારી બની જાય છે. આ ઉપરાંત નર જાતિ તેને ખાતર પણ પ્રેમથી પાય છે... ભલે ને ભીંતને ન ગમતું હોય! આમ ભીંત તો કોઈને ગમતી નથી. બીજાના ઘરમાં ડોકિયું કરવું એ માનવસહજ સ્વભાવ છે. ભીંત માનવરચિત છે છતાં તેને સમજાવે છે કે તમારી આ લિમિટ છે. પણ સમજણ અને માણસને આ બાબતમાં આભ અને ધરતી જેવું છેટું છે.

દેખાતી દીવાલ અને વણદેખાતી દીવાલ...ચીનની દીવાલે સાવ અલગ રૂપ અને કદ મેળવી પોતાનું સ્થાન નોખું બનાવ્યું છે પણ ન દેખાતી દીવાલનું સ્થાન અજાયબીમાં નહીં પણ સાવ સામાન્ય બની રહ્યું છે. આ દીવાલ કેટલીક વખત ધીમે ધીમે મોટી થતી જાય છે. તો ઘણી વાર એક વહાલભરી નજર કે મમતાભર્યા શબ્દોથી તે કડડભૂસ થઈ જાય છે. ઘણી વખત દુનિયાની દીવાલમાં માનવી મુક્ત થાય છે પણ પોતાની ગ્રંથિની કેદમાંથી મુક્ત થઈ શકતો નથી. વેરની દીવાલ, ધર્મની દીવાલ, ઈર્ષાની દીવાલ...આ બધી દીવાલોને કાન પણ હોતા નથી અને હોય છે તો પણ તે નથી. કોઇનું સાંભળતી નથી. આમ આવી દીવાલ ભલે સજીવ નથી પણ તેના પર સજીવતાના સોળ અંકાયેલા હોય છે જે દેખાતા નથી. મતભેદ જ્યારે મનભેદ બને ત્યારે એ દીવાલનું કારણ અને કામણ બંને છે.

આમ ભીંતને ભલે કાન હોય અને બધાંની વાતો સાંભળતી હોય પણ તેણે તેના હોઠ પર તાળું માર્યું છે. તે કોઈની વાત કોઈને કરતી નથી. ગમે તેવી વ્યક્તિ હોય પણ તેની ખુશી, તેનું દુઃખ બધું જુએ છે, બધું જાણે છે પણ તે કોઈને કહેતી નથી. બધાંના સુખદુઃખને પોતાનાં બનાવી તે સૌને હૂંફ અને આશ્રય આપે છે તેના સ્વભાવ પ્રમાણે.

*૧૦૧, વિન્ડરમેર, નોર્થ એવન્યુ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪. મો. ૮૩૬૯૫ ૦૦૮૧૬*



# અનુભૂતિ અને જ્ઞાનપ્રાપ્તિનો આનંદ એટલે પ્રવાસ

નિબંધ

પ્રા. પૃથ્વી શાહ

વેકેશનમાં સામાન્ય રીતે માનવી કુટુંબ સાથે દેશના વિવિધ સ્થળ જોવા પ્રવાસન હેતુથી નીકળે છે. હિલ સ્ટેશને અથવા ધાર્મિક સ્થળે કે પોતાના ગામથી દૂર નવી - અજાણી - પ્રસિદ્ધ જગ્યાએ જાય છે. આવી જગ્યાએ સવારથી રાત્રિ સુધી પ્રાકૃતિક રંગોને ઉત્સાહપૂર્વક નીરખે છે. સવારમાં ઊગતા સૂરજને - સૂરજના આગમનને પોતાના ગામ કરતાં અલગ નજરથી જુએ છે. રસ્તામાં પક્ષીઓના કલરવને સાંભળવા પણ ઊભો રહી જાય છે. ક્યાંક નજીક વહેતા પાણીના ઝરણાના કલકલ અવાજને ધ્યાનથી સાંભળે છે. ક્યાંક તળાવ અને તેની આસપાસ રહેલા વૃક્ષોના સૌંદર્યને જોઇ કુદરતમાં ખોવાઈ જાય છે. ક્યાંક સમુદ્ર તટે વહેલી સવારે પહોંચી જાય છે અને ઊગતા સૂરજના સૌંદર્યને નિહાળવાનો લહાવો લે છે. સમુદ્રના પાણી ઉપર રોશનીના વિખરાતા જતા રંગોને મૌન બની જોયા જ કરે છે. આમ તે સમુદ્ર સાથે તાદાત્મ્ય કેળવે છે. સાંજે સૂર્યાસ્તને જોવા મુકરર જગ્યાએ અગાઉથી ગોઠવાય છે. ક્યાંક રાતના તારાઓથી ભરેલા આકાશને માનો આંખમાં સમાવતો હોય છે. ક્યાંક ખીલેલા ફૂલોના સૌંદર્યને એટલી નજાકતથી નીરખતો હોય છે જાણે એ ફૂલોમાં તેને નિરાકારના દર્શન થતા હોય અને તે જીવનમાં ધન્યતા અનુભવતો હોય. ક્યાંક પહાડી પ્રદેશમાં માનવી પહાડ પરથી વહેતા પાણીને જોવામાં એટલો મશગૂલ બનતો હોય છે, જાણે તે વહેતા પાણી સાથે પોતાના ભૂતકાળમાં - બાળપણમાં ખોવાઇ જતો હોય અને ચિંતામુક્ત - નિર્દોષ જીવનનો આનંદ ઉઠાવતો હોય.

આમ તો દરેક ગામમાં નિયમિત રીતે સવાર પડે છે, સૂરજ ઊગે છે, ફૂલો ખીલે છે, તડકો નીકળે છે, ચહલપહલ જોવા મળે છે. રોજ જીવાતી રોજિંદી જિંદગીનો પ્રારંભ થાય છે. ઓફિસ - નોકરી - અભ્યાસના વિચારો સાથે માનવીની દોડધામનો પ્રારંભ થાય છે. સામાજિક પ્રસંગોની પણ ઉજવણી થતી રહી છે અને દરરોજ સાંજ ઢળે છે પરંતુ યાત્રા પર નીકળેલ માનવી વિચારોના વમળથી મુક્ત બની જીવે છે. પદ, સત્તા કે અન્ય અહંકાર ભૂલી પ્રકૃતિની રમણીયતામાં ખોવાય છે. તેથી જ યાત્રા દરમિયાન માનવીને મનની શાંતિની અનુભૂતિ થાય છે. સામાન્ય રીતે યાત્રા દરમિયાન માનવી માટે એ જગ્યા - જગ્યાના લોકો - પ્રકૃતિ સર્વ અજાણ્યું હોય છે છતાં માનવી એ જગ્યા સાથે તાદાત્મ્ય કેળવે છે. તેમની સાથે એકરૂપતા સ્થપાય છે. એ જગ્યા સાથે પોતાપણાનો અહેસાસ થાય છે.

યાત્રા દરમિયાન માનવી અજાણી જગ્યાએ મંદિરમાં પણ જાય છે. તે વિચારોના વમળથી મુક્ત બની શુધ્ધ ભાવથી મંદિરમાં પ્રવેશે છે. પરિણામે આરતી સમયે શ્લોક - સ્તુતિ બોલાય અને ઘંટારવ થાય ત્યારે તેને માનવી એકાગ્રતાથી સાંભળશે. ધ્વનિનું સાતત્ય જળવાતા ઉચ્ચ તરંગો પેદા થશે. અમુક વખત ખાસ દિવસે કોઈ તીર્થ પર અસંખ્ય લોકો એકત્રિત થાય છે. સૌની પ્રાર્થના - મનના ભાવ - તરંગો સમાન દિશામાં ભક્તિભાવથી વહે છે. એ દિવસે માનો એક જીવંત ચેતના પ્રસારિત થાય છે. તમામ લોકો પદ - અહંકાર ભૂલી, આપસી ભેદ ભૂલી, ભક્તિમાં લીન બને છે. તેથી ચેતનાનો એક પૂલ બને છે અને પરમાત્માનો સાક્ષાત્કાર થતો હોય એટલા ભાવમાં માનવીઓ આવે છે. મનના તમામ દોષથી મુક્ત થવાનો અનુભવ થાય છે. તેથી પરમ શાંતિ અનુભવાય છે. માનવીને એ જગ્યાએ વારંવાર જવાનું ખેંચાણ રહે છે.

આ દેશમાં એવા કેટલાંક તીર્થ ઉદય પામ્યાં છે જ્યાં પરમ અનુભૂતિ થવાનું સંભળાય છે. જેમકે કાશી તીર્થ, કન્યાકુમારીનું વિવેકાનંદ રોક, પોંડિચેરીની ધરતી, સાંઇબાબાનું શીરડી, રામેશ્વરમ, જૈનોનું સમેતશિખર - પાલિતાણા, હરિદ્વાર વગેરે. આવી જગ્યાએ ધ્યાન ધરવાનો અનેરો મહિમા હોય છે. કૈલાસ માનસરોવર ખાતે ભાગ્યે વસવાટ છે છતાં માનવી ત્યાં નિર્જનતા નથી અનુભવતો. આવા સ્થળોએ શબ્દોમાં વર્ણવી શકાય નહીં એવી પરમ અનુભૂતિ ઘણાને થાય છે. તેથી જ માનવી યાત્રા - પ્રવાસે નીકળે ત્યારે સમય પસાર કરવાના ભાવ કરતાં અંતઃકરણથી એકાત્મયતાના ભાવથી જવું જોઈએ. એ વિસ્તારની કુદરતને, કુદરતી સૌંદર્યને માણવું જોઈએ. આવો ભાવ મનમાં ન હોય તો કાશી પણ કદાચ પોતાના ગામ જેવું જ અથવા તેથી વધુ ગંદુ ગામ ગણાશે. કન્યાકુમારીની માત્ર ઉણપો આજે નજરે પડશે. માનવી એ જગ્યાની મૂળ પવિત્રતાથી અછૂતા જ પરત ફરશે. એ ધરતીની અંદર છુપાયેલ તત્ત્વોની અનુભૂતિ પ્રાપ્ત નહીં કરી શકે.

આજના સમયમાં માનવી માત્ર ફરવા - રજાઓ ગાળવા - સમય પસાર કરવા યાત્રા ઉપર નથી જતો. અજાણ્યા ગામમાં આવેલ પોતાના ગામ જેવા જ મકાન - મેડી - તળાવ - બગીચા માત્ર જોવા નથી જતો. પ્રવાસથી વિશેષ જ્ઞાનપ્રાપ્તિની અપેક્ષા હોય છે. વ્યક્તિ જે પ્રદેશમાં જાય ત્યાંની પ્રકૃતિ - સંસ્કૃતિ - સંગીત - કળા - ઇતિહાસ - રીતરિવાજ - પહેરવેશ અને અન્ય વિશિષ્ટતાઓ જાણી શકે છે. પોતાના શ્વાસમાં એ વિસ્તારની ખૂબીઓ અને ખાસિયતો ભરવા ચાહે છે. એ વિસ્તારની

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૭ ઉપર)



# 'પરાત્પર' : પ્રમુખ સ્વામી મહારાજ અને અબ્દુલ કલામજીનો જીવનપ્રેરક સંવાદ

પુસ્તક પરિચય

મહેન્દ્ર નાઈ

પ્રમુખસ્વામી મહારાજ આધુનિક સમયના સૌથી વધુ પ્રેરણાદાયી આધ્યાત્મિક ગુરુઓમાંના એક હતા, ભગવાનશ્રી સ્વામિનારાયણના પાંચમાં આધ્યાત્મિક અનુગામી હતા. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, પ્રમુખ સ્વામીજી સાથેની એક આકસ્મિક મુલાકાતથી આકર્ષાયા અને એ ક્ષણેથી પ્રમુખસ્વામીજી તેમના શ્રેષ્ઠ ગુરુ બની રહ્યા.

'પરાત્પર' પુસ્તકમાં પ્રમુખસ્વામી મહારાજ અને આપણા પૂર્વ રાષ્ટ્રપતિ મહામના અબ્દુલ કલામજી સાથેની આધ્યાત્મિક વાતો છે, સંવાદ છે, યાત્રા છે. આ પુસ્તક તેમણે મા. શ્રી અરુણ તિવારીજી સાથે લખેલું છે. જેનો ગુજરાતી અનુવાદ અજયભાઈ ઉમટે (મુખ્ય એડિટર, ગુજરાત નવસર્જન સમય) કરેલો છે. આ પુસ્તક કુલ ચાર ભાગમાં અને જુદા - જુદા પેટા મુદ્દાઓને લઈને લખાયેલું છે. (૧) દિવ્ય ઉપસ્થિતિનો અનુભવ, (૨) વ્યવહારમાં અધ્યાત્મ, (૩) વિજ્ઞાન અને અધ્યાત્મનો સંગમ, (૪) રચનાત્મક નેતૃત્વનો વિકાસ. આ મુખ્ય વિભાગોમાં કેટલાંક ઉલ્લેખનીય પેટા મુદ્દાઓ છે, જેમાં 'ભારતનું નેતૃત્વ કરો,' 'શાંતિ વધે છે વહેંચવાથી,' 'બાળકો સૌનું ભાવ છે,' 'તમામ ચીજોનું જન્મસ્થાન મન છે,' 'ધર્મ એટલે પ્રભુ સુધી દોરી જતો પથદર્શક,' 'અહિંસાના માર્ગે હાર હોતી નથી,' 'છીએ તેના કરતાં પર થવાની પ્રેરણા આપે છે ક્ષમા,' 'પરમેશ્વરનું શ્રેષ્ઠ નામ છે કરુણા,' 'ધરતી પરનું સૌથી શક્તિશાળી બળ છે માનવીય સહકાર,' કુલ ૩૧૦ પૃષ્ઠમાં લખાયેલું આ પુસ્તક 'અંતરરામ વિકસિત કરો, અંતરંતર હે!' જેવી શુભ ભાવનાઓથી આપણને સરાબોર કરે છે.

મહામના અબ્દુલ કલામજી આ પુસ્તક વિશેના પરિચયને 'શ્રદ્ધાનો સાક્ષાત્કાર' ગણાવીને કહે છે કે "મને મારા શ્રેષ્ઠતમ શિક્ષક અને માર્ગદર્શક પ્રમુખ સ્વામીજી મહારાજનો ભેટો અજાણતાં જ થયો હતો. કદાચ મારી નિયતિ અને મારી જિજ્ઞાસા મને પ્રમુખસ્વામી તરફ દોરી ગઈ હતી. ભારત સરકારના મુખ્યવૈજ્ઞાનિક સલાહકાર તરીકે કચ્છના ભૂકંપ પછી પુનઃ વસવાટનાં કાર્યોની સમીક્ષા કરવા મેં ભૂજની મુલાકાત લીધી હતી. ત્યાં ૧૫મી માર્ચ, ૨૦૦૧ ના રોજ મારી મુલાકાત પ્રમુખ સ્વામી મહારાજના એક શિષ્ય સાધુ બ્રહ્મવિહારીદાસજી સાથે થઈ હતી. સાધુ બ્રહ્મવિહારીદાસજીએ મને આશ્ચર્યચકિત કરી દે તેવો એક પ્રશ્ન પૂછ્યો હતો અને તેનો આધ્યાત્મિક જવાબ મને સ્ફૂર્યો હતો. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની વાત સાધુ બ્રહ્મવિહારીદાસના મુખે સાંભળીને, હું અભિભૂત થયો. પ્રમુખ સ્વામી મહારાજને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મારો આશય આવા મહાપુરુષનો પરિચય કેળવવાનો હતો, પણ અલ્પ પરિચય સ્વરૂપે શરૂ થયેલી અમારી આ આકસ્મિક મુલાકાત જાણે 'દૈવી નિયતિ' બની ગઈ હતી." (પૃ. ૧૪) આ 'શ્રદ્ધાનો ચમત્કાર' આપણને કેવી રીતે થઈ શકે તે જણાવતાં લખ્યું છે કે 'આપણે બધા જાણીએ છીએ કે ધૂળ સાફ થઈ જાય પછી અરીસો ચમકે છે અને આપણે આપણું પ્રતિબિંબ સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. શિક્ષણ મેળવવાની કળા પણ તેવી જ છે. આપણે આપણું અજ્ઞાન દૂર કરવાની જ જરૂર છે. આપણે શુદ્ધ અને નૈતિક જીવન જીવીને તેમજ માનવસેવા કરીને આપણી અંદર રહેલી અશુદ્ધિ અને અજ્ઞાન દૂર કરી શકીએ છીએ પછી જુઓ પરમેશ્વર તેનાં કાર્યો કરવા આપણને માધ્યમ બનાવશે.' (પૃ.૧૩)

આ પુસ્તક લખવાની ઘટના પણ દિવ્યાનુભૂતિ સાથે સંકળાયેલી છે. જુઓ : '૧૧મી માર્ચ, ૨૦૧૪ ના રોજ સારંગપુરમાં પ્રમુખ સ્વામીજીને મળીને હું દિલ્હીમાં મારા ઘરે પહોંચ્યો ત્યારે લગભગ મધરાત થઈ ચૂકી હતી. આ અતિ વ્યસ્ત દિવસ પછી આરામ માટે હું ઉપરના રૂમમાં ગયો. મેં છેલ્લા ૫૦ વર્ષથી સૂતાં પહેલાં એક સારું પુસ્તક વાંચવાનું શરૂ કર્યું. મારું મન શાંતિથી ઉભરાઈ રહ્યું હતું. અને એક અજાણી તંદ્રાએ મને ઘેરી લીધો. હું નિદ્રાવસ્થામાં નહોતો. હું સાંભળી શકતો હતો છતાં હું જાગ્રત નહોતો, હું મારો હાથ હલાવી શકતો નહોતો...મેં એક અવાજ સાંભળ્યો કે 'અરે ઓ અજ્ઞાત સુખી માણસ! જાગો, તમે તમારું ધ્યેય પ્રાપ્ત કરી લીધું છે.' જગતમાં સ્મિત રેલાવવા તમે એ ભાગ્યશાળી વ્યક્તિ છો જેના હાથમાં હું એક પવિત્ર પુસ્તક વિશ્વ સમક્ષ પ્રગટ કરવા માટે મૂકી રહ્યો છું. કયું પુસ્તક? એ પુસ્તક કે જે શબ્દોની ભુલભુલામણીમાં અટવાતી માનવજાતને સાચો માર્ગ ચીંધે, પણ એ માટે મને કેમ પસંદ કર્યો? તમે જ તે કરી શકવા સક્ષમ છો. કારણ કે તમારી દૃષ્ટિ અને અભિવ્યક્તિમાં સત્યતા છે. તમને માત્ર હું જ દેખાઉં છું. અને મારા જ શબ્દને તમે વાચા આપો છો, મારે શું સંદેશો આપવાનો છે? એ જ કે દુનિયા તેનું સ્મિત ગુમાવી ચૂકી છે. 'અહમ્' અને 'મમત્વ' ની મડાગાંઠમાં જાણે કેદ થઈ ચૂકી છે. તમારું વિશ્વ 'અહમ્' નાં કાંટાળા તારને કારણે વાડાબંધી અને જૂથબંધીમાં વહેંચાઈ ગયું છે. માનવજાત વેરણછેરણ થઈને રિબાઈ રહી છે. કલામ! અહમ્‌ને કારણે ઊભા થયેલા આ અવરોધોને

દૂર કરવા, આ વાડાઓને તોડવા વિભાજિત સમાજને સંગઠિત કરવા તમે 'પરાત્પર' લખો. (પૃ. ૨૧-૨૨)

આમ, આ આખું પુસ્તક પ્રમુખસ્વામી મહારાજના દિવ્યઆશિષની પ્રસાદી રૂપ છે, એટલું જ નહીં દરેક ધર્મનાં લોકો તેમાંથી 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એવો દિવ્યસંદેશ પ્રાપ્ત કરીને ધન્ય બની શકે એવી તમામ શક્યતાઓ છે.

'પરાત્પર' પુસ્તકની જીવનપ્રસાદી રૂપ ઘણી વાતો બંને યુગપુરુષની વાતોમાંથી વ્યક્ત થાય છે. આ શબ્દપ્રસાદી લઈને વાચકો પણ ધન્ય-ધન્ય બનશે. - કાન દઈને - હોઠ ફફડાવ્યા વિના - એકચિત્તે ગ્રહણ કરશે. એ પહેલાં રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને ૨૮ ઓક્ટોબર, ૧૮૦૦ ના રોજ દીક્ષા આપી અને સહજાનંદ સ્વામી તરીકે નામાભિધાન કર્યું. એક વર્ષ પછી ૧૬ નવેમ્બર, ૧૮૦૧ માં તેમની સંપ્રદાયના વડા તરીકે નિમણૂંક કરી. આ પ્રસંગે સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે બે વિશિષ્ટ વરદાન માગ્યા હતા તે વાત આપણી શ્રદ્ધાને વધુને વધુ દૃઢ કરતી રહી છે. એ 'વરદા' વાણીને સાંભળીએ –

'જો મારા હરિભક્તને એક વીંછીના ડંખની વેદના સહન કરવાની આવે તો કોટિ કોટિ વીંછીના ડંખની પીડા મારા શરીરના એક એક રૂંવાડાને થજો, પણ મારા હરિભક્તને કોઈ વેદના ન થાય. અને મારા હરિભક્તના ભાગ્યમાં ભિક્ષાપાત્ર લખ્યું હોય તો તે ભિક્ષાપાત્ર, મારા ભાગ્યમાં આવે, જેથી કોઈ પણ કારણસર મારો હરિભક્ત અન્ન અને વસ્ત્રથી વંચિત ન રહે. કૃપા કરી મને આ બે વરદાન આપો.' (પૃ. ૫૦-૫૧) ૩૧ ડિસેમ્બર, ૧૮૦૧ ના દિવસે સહજાનંદ સ્વામીએ હરિભક્તોને 'સ્વામિનારાયણમંત્ર' જાપ માટે આપ્યો અને તે દિવસથી તેઓ ભગવાન સ્વામિનારાયણ કહેવાયા. આ બે વરદાનો આજે પણ હરિભક્તોને ખૂબ જ ફળ્યાં છે - ફળે છે. એ વાતની અભિવ્યક્તિ નહીં અનુભૂતિ જ કરી શકાય.

હવે, આપણે આ પુસ્તકની કેટલીક અમૂલ્ય વાતોને સાંભળીએ જુઓ - "પ્રમુખ સ્વામીજીના પ્રયત્નોને કારણે આજે અનેક માતા-પિતાને સમજાયું છે કે બાળકોનો ઉછેર બુદ્ધિપૂર્વક અને પ્રેમપૂર્વક થવો જોઈએ." (પૃ. ૫૨) "સાદગી એ જાણે પ્રમુખસ્વામીજીનો મૂળમંત્ર છે, એવું મને દેખાય છે, સાથોસાથ હિંમત, સહિષ્ણુતા, પ્રામાણિકતા અને ધીરજ જેવા સદ્‌ગુણોનો સમન્વય પણ દેખાય છે. લોકો કદાચ યુવાનીમાં સાદગી પર વધુ ધ્યાન આપતા નથી. હજારો વેપારીઓ 'રૂપિયો ખર્ચીને ભૌતિક વસ્તુઓ વસાવવાથી ખુશીઓ મેળવી શકાય છે' - એમ કહીને યુવાનોને ગેરમાર્ગે દોરે છે, હું જ્યારે હજારો યુવાન સ્વયંસેવકોને અક્ષરધામ ખાતે સેવામાં જોડાયેલા જોઉં છું ત્યારે મને સમજાય છે કે અક્ષરધામ એ આજના યુવાનો માટે અતુલ્ય ભેટ છે, જે તેમને ગ્રાહકવાદ, ભૌતિકવાદ અને પલાયનવાદને બદલે વૈકલ્પિક જીવનશૈલી પૂરી પાડે છે." (પૃ. ૬૭-૬૮) "એ દિવસે મેં પ્રમુખસ્વામીજીને પ્રશ્ન કર્યો હતો કે તમે અધ્યાત્મ અને સમાજસેવાને કઈ રીતે સાંકળી શકો છો? પ્રમુખ સ્વામીજીનો જવાબ હતો કે બન્નેને એકમેકથી અળગ કરી જ ન શકાય. સમાજની હૃદયપૂર્વક સેવા કરવાની ઈચ્છા ધરાવતા લોકો આધ્યાત્મિક રીતે શુદ્ધ હોવા જોઈએ. આધ્યાત્મિક રીતે શુદ્ધ હોય એ લોકોએ જ સમાજની સાચી સેવા કરવી જોઈએ. (પૃ. ૭૮)" ... "પ્રમુખસ્વામીજીએ સમજાવ્યું હતું કે 'અક્ષરધામ ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય નિવાસસ્થાન છે, જે સનાતન શાંતિ અને જ્ઞાનોદયનું અવિનાશી મુકામ છે.' મંદિરની દરેક બાબત, પ્રદર્શન અને વાતાવરણનાં આયોજનો મારી સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. ઝીણવટભર્યા આયોજન અને રચનામાં સમાયેલા સંદેશાઓ વિશે જાણીને હું પ્રભાવિત થયો હતો. મેં પૂછ્યું. "અક્ષરધામમાં આવતા દરેક મુલાકાતીએ પોતાની સાથે શો સંદેશ લઈ જવો જોઈએ?" સંતોએ મને નમ્રતાપૂર્વક પ્રતિપ્રશ્ન કર્યો કે તમારા મતે એ એકમાત્ર આવશ્યક સંદેશ કયો હોવો જોઈએ? મેં મલકાઈને જવાબ આપ્યો : "દરેક ભારતીયને પોતે ભારતીય હોવાના ગૌરવનો અનુભવ થવો જોઈએ." (પૃ. ૮૭) "જિજ્ઞાસુ પત્રકારને સંતોષ થયો નહીં. તેણે પૂછ્યું : 'મંદિરનું આધ્યાત્મિક મહત્ત્વ શું છે?' પ્રમુખ સ્વામીજીએ સમજાવ્યું : 'દરેક ધર્મ પ્રાર્થના માટેના સ્થળના મહત્ત્વમાં માને છે. જો કોઈ વ્યક્તિ પોતાના હૃદયમાં સંપૂર્ણ શ્રદ્ધા સાથે મંદિરમાં જાય છે, તો તે મનમાં શાંતિ અનુભવશે. ધર્મગ્રંથો જણાવે છે કે પરમેશ્વર પાસે જવાથી, સંતોની પવિત્ર વાણી સાંભળવાથી અને પ્રાર્થના કરવાથી શાંતિ મળે છે. દરેક ધર્મ પોતાની પરંપરા અનુસાર મંદિરો અને પૂજા માટે ભવ્ય સ્મારક-સ્થળોનું નિર્માણ કરાવે છે. પ્રાર્થનાનાં આ સ્થળો લોકોને પ્રેરિત કરે છે." (પૃ. ૧૦૯-૧૧૦) "શાળાઓ માણસને શિક્ષિત કરી શકે પણ આત્માને કોણ શિક્ષિત કરશે? હોસ્પિટલો તૂટેલાં હાડકાને જોડી શકશે પણ તૂટેલી આશાને કોણ જોડશે? સિનેમા, મનોરંજન સ્થળો અને ડિસ્કોથેક ઇન્દ્રિયોને ઉત્તેજિત કરશે પણ માનસિક શાંતિ મેળવવા માટે વ્યક્તિ ક્યાં જશે? પ્રમુખસ્વામિજીએ વધુમાં સમજાવ્યું કે "પ્રાર્થનાનાં સ્થળો આત્માની સ્વચ્છતા જાળવી રાખે છે અને તેને રોગગ્રસ્ત બની જતા અટકાવે છે. કેટલાક રોગોને જોઈ શકાતા નથી માત્ર અનુભવી શકાય છે. આપણા ધર્મગ્રંથોએ પ્રાર્થનાનાં સ્થળોને ઔષધિ તરીકે જણાવ્યાં છે. આમ કહેવાનું તાત્પર્ય એ નથી કે શાળાઓ અને હોસ્પિટલોની જરૂર નથી. તે જરૂરી છે જ, પણ પૂજાનાં સ્થળો પણ એટલાં જ આવશ્યક છે. માણસ પાસે શરીર અને આત્મા બંને છે. બે પૈકી એકેયને અવગણી ન શકાય." (પૃ. ૧૧૦) "એક વ્યક્તિ ટેકનોલોજી કે જ્ઞાનના ક્ષેત્રમાં નિપુણ હોઈ શકે છે, પણ તેનાથી તે સારો માણસ બની જતો નથી. માનવતાનું મૂલ્યાંકન નૈતિક માપદંડોને આધારે થાય છે. અને જે કુટુંબો પોતાનાં બાળકોના નૈતિક શિક્ષણ પર ધ્યાન નથી આપતા તે ખરેખર પોતાની મૂળભૂત ફરજ ચૂકી રહ્યા છે. બાળકના નૈતિક શિક્ષણને અતિપવિત્ર ગણવું જોઈએ." (પૃ. ૧૩૮) "બાળક જે સાંભળે છે તેના કરતાં તે જે જુએ છે તેના પર વધુ ધ્યાન આપે છે. બાળકો માનસિક મૂંઝવણ અનુભવે નહીં તે માટે તેઓ જે જુએ અને જે સાંભળે તેની વચ્ચે

સુસંગતતા હોવી જોઈએ.'' (પૃ. ૧૩૯) ''પરિવારના સભ્યો વચ્ચે ઊભા થતા મતભેદનું નિવારણ ગૃહિણીએ જ કરવું પડે છે. લોકો ભલે ગમે તેટલા સમજુ અને વિદ્વાન હોય, પણ તેમની વચ્ચે ઘરમાં મતભેદ હોઈ શકે, પિતા અને પુત્ર વચ્ચે, પતિ અને પત્ની, સાસુ અને વહુ તથા ભાઈ અને બહેન વચ્ચે પણ આ મતાંતર હોઈ શકે. લોકો બધું પોતાની રીતે થાય તેમ ઇચ્છતા હોય છે. અને આ જ કૌટુંબિક સંઘર્ષનું મૂળ કારણ છે. માત્ર પ્રેમ જ સંઘર્ષ દૂર કરી શકે. યુવાન અમેરિકન લેખક જોનાથન સેફ્રન ફોઅર પોતાની નવલકથા 'એવરીથિંગ ઇઝ ઇલ્યુમિનેટેડ' માં ખૂબ સુંદર રીતે લખે છે : 'એક દિવસ તું મારા માટે એ બધું જ કરીશ જેને તું ધિક્કારે છે, આને જ કુટુંબભાવના કહેવાય છે.' બધા જ ઝઘડા - ખાસ કરીને કૌટુંબિક ઝઘડાઓમાં અહંકાર મુખ્ય ભૂમિકા ભજવે છે. પોતાનો વાંક ન હોય તો પણ વ્યક્તિએ ભૂલી જવું અને માફ કરી દેવું જોઈએ. વ્યક્તિએ સ્વસ્થતા કેળવવી જોઈએ. ગંભીરતા, સ્થિરતા અને માનસિક સંતુલન જાળવવું જોઈએ, નહીંતર શાંતિ જળવાય નહીં. પ્રમુખસ્વામીજી કહે છે કે આ પ્રકારની સાચી સમજ જ આનંદ તરફ લઈ જાય છે. જો વ્યક્તિમાં સાચી સમજ હોય તો ગરીબમાં ગરીબ માણસ પણ આનંદ અનુભવે છે, અને તેના અભાવે અમીર વ્યક્તિ પણ બેચેન રહે છે. કૌટુંબિક સમજણ ક્યારે આવે? જ્યારે આખું કુટુંબ સાથે જમે અને માથે પ્રાર્થના કરે! પ્રમુખસ્વામીજીએ આ સંગાથને 'ઘરસભા' નામ આપ્યું અને તેને તમામ વિવાદોનો ઉકેલ દર્શાવ્યો. તેમણે પોતે ૭,૦૦,૦૦૦ થી વધુ પત્રો વાંચીને જવાબ આપ્યા હોવાના કારણે, પ્રમુખસ્વામીજી અંગત અને કૌટુંબિક પ્રશ્નોની ઊંડી સમજણ ધરાવે છે. એક વખત, પ્રમુખસ્વામીજી હરિભક્તોને પત્રોના ઉત્તર આપતા હતા, જે રોજની જેમ અંગત અને કૌટુંબિક સમસ્યાઓથી ભરપૂર હતા. બાજુમાં બેઠેલા કોઈએ જોયું કે સ્વામીજીએ હજી પત્રોનો મોટો ઢગલો વાંચીને તેના ઉત્તરો આપવાના બાકી છે. તેમણે તે ઢગલા પર હાથ મૂકીને પૂછ્યું : 'સ્વામીજી! આ સમસ્યાઓને અટકાવવા અને પત્રોના ઢગલાને ઓછો કરવા માટે શું કરી શકાય?' પ્રમુખ સ્વામીજીએ ખૂબ જ દીર્ઘદષ્ટિયુક્ત ઉત્તર આપ્યો : 'જો પ્રત્યેક કુટુંબ દરરોજ સાથે બેસે, સાથે જમે અને પ્રાર્થના કરે તો આવી સમસ્યાઓ નહીં સર્જાય.' આ શબ્દોને કારણે બી.એ.પી.એસ. સંસ્થાનો એક સૌથી મહત્ત્વનો અને સફળ ઉપક્રમ શરૂ થયો : ઘરસભા, આ દૈનિક પારિવારિક મુલાકાતમાં ઘરના સભ્યો સાથે પ્રાર્થના કરે, ધર્મગ્રંથો વાંચે, મૂલ્યોની ચર્ચા કરે અને મતભેદોને શાંતિપૂર્ણ રીતે દૂર કરે. પ્રમુખસ્વામીજીએ પાંચ સિદ્ધાંતો રજૂ કર્યા છે, જે કૌટુંબિક એકતાને પ્રોત્સાહન આપે છે : એકબીજાને મળો : એકબીજાની પ્રશંસા અને કદર કરો, પરિવારના સભ્યો - ખાસ કરીને બાળકોની આવડત અને સદ્‌ગુણોને ઓળખો અને પ્રોત્સાહન આપો : એકબીજાની મદદ કરો અને બધાથી પર થઈ, માફ કરતાં શીખો. વ્યક્તિએ બીજાને તેમની ભૂલો, ખામીઓ કે કસૂર માટે માફ કરવા જોઈએ. તમે માફી આપો છો ત્યારે તમે ભૂતકાળને તો બદલી શકતા નથી, પણ તમે ભવિષ્ય ચોક્કસપણે બદલી શકો છો. સાચી વાત એ છે કે જ્યાં સુધી તમે જતું નથી કરતા-પોતાને માફ નથી કરતા, સંજોગોને માફ નથી કરતા અને સમજશો નહીં કે વાત પૂરી થઈ ગઈ છે - ત્યાં સુધી તમે આગળ નહીં વધી શકો. તમારા પરિવારને જોડતી સાચી કડી એ લોહીની નહીં પણ એકબીજાનાં જીવનમાં દર અને આનંદની છે. આ આધુનિક વિશ્વમાં, એક જ કુટુંબના સભ્યો ભાગ્યે જ એક છત નીચે મોટાં થાય છે. કુટુંબોનું નિર્માણ હૃદયમાં થાય છે. જ્યારે હૃદયમાં રહેલું આ જોડાણ તૂટી જાય છે, ત્યારે કુટુંબ સાવ નકામું થઈ જાય છે. જો તમે આ જોડાણ તોડો તો એ લોકો તમારા કુટુંબમાં રહેતા નથી. જો તમે એ જોડાણ બાંધો છો, તો એ લોકો તમારું જ કુટુંબ છે. અને જો તમે એ જોડાણને ધિક્કારશો તો પણ તે લોકો તમારા કુટુંબનો હિસ્સો જ રહેશે, કારણ કે તમે જે કંઈ ધિક્કારશો એ હંમેશાં તમારી સાથે રહેશે.'' (પૃ. ૧૫૦-૧૫૧) ''એક યુવતીએ આઈન્સ્ટાઈનને પૂછ્યું કે તમે પરમેશ્વરમાં માનો છો? તેના જવાબમાં આઈન્સ્ટાઈને લખ્યું છે કે 'જેઓ વિજ્ઞાનની સંનિષ્ઠ સાધના કરતા હોય તે દરેક વ્યક્તિએ સ્વીકારવું જોઈએ કે સૃષ્ટિના નિયમમાં દિવ્ય તત્ત્વ રહેલું છે આ દિવ્ય તત્ત્વ વ્યાપકરૂપે માણસ કરતાં ચડિયાતું છે.' આ ઉપરાંત, ધર્મ અને વિજ્ઞાન વચ્ચેના સંબંધ અંગે 'યુનિયન થિયોલોજિકલ સેમિનાર' માં યોજાયેલી ચર્ચામાં આઈન્સ્ટાઈને જાહેર કર્યું કે 'આ પરિસ્થિતિને એક તસવીર દ્વારા સમજી શકાય : ''ધર્મ વગરનું વિજ્ઞાન પાંગળું છે અને વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે.'' (પૃ. ૧૭૨) ''સત્યની શોધનો ચોક્કસ અર્થ શો છે? કોઈ વ્યક્તિ કેવી રીતે સત્યનો સાધક બની શકે? આપણે સૌએ શાંતિ લાવવા માટે એક થવાની જરૂર છે. આને જ આપણે સત્યની શોધ કહી શકીએ. કોઈપણ દૃષ્ટિએ આ કામ સહેલું નહીં હોય. આપણે એટલા લાંબા સમય સુધી અંધકાર અને ભયમાં જીવ્યા છીએ કે અવિશ્વાસ આપણો બીજો સ્વભાવ બની ગયો છે. હિંસા સર્વત્ર છે. ગુના અપેક્ષિત છે, દુષ્ટતા સહન કરી લેવામાં આવે છે, પરંતુ આ બધું બદલવું જ પડશે. ધીમા, પરંતુ સભાન પ્રયાસથી આપણે જરૂર સત્ય પામીશું. આપણે આપણો ભય ગુમાવી શકીએ છીએ અને આપણામાંની દરેક વ્યક્તિ પોતાની પૂર્ણતાના પ્રકાશમાં આગળ વધી શકે છે. પ્રમુખસ્વામીજીએ આ કાર્ય કર્યું છે અને તેમના શિષ્યો તથા ભક્તો દ્વારા પણ તેમ કરાવી રહ્યા છે. પ્રમુખસ્વામીમાં મને આ અજોડ વિશેષતા જોવા મળી છે અને તે બાબત આપણા શિષ્યત્વ માટેનો પાયો બની છે.'' (પૃ. ૨૪૬-૨૪૭)

આવા તો અનેક અમૂલ્ય અવતરણો અને આશીર્વચનો આ પુસ્તકમાં જોઈ-જાણી ઉતારી શકાય તો સુખમય શાંતિમય જીવન માટે 'અપીલ' તો કરે જ છે. આ પુસ્તક એ પુસ્તક માત્ર નથી પ્રમુખસ્વામી મહારાજે અબ્દુલ કલામજીને મોકલાવેલ દિવ્ય આશીર્વાદ છે - સંદેશ છે. એ રીતે આ પુસ્તક માત્ર ધર્મ કે આધ્યાત્મિક વિષયની ચર્ચા જ નથી કરતું પણ સુખી-શાંત જીવન જીવવા માટેની પ્રેરણા પણ આપે છે.

અબ્દુલ કલામજીના આ પુસ્તકમાં પ્રમુખસ્વામીજી સાથેના અનુભવો, તેમના કાર્યો અંગેનું ચિંતન તથા તેમના સંસર્ગ

દરમ્યાન અનુભવેલા રૂપાંતરણને નોંધવા માટે લખ્યું છે. કહે છે મેં પ્રમુખસ્વામીજીમાં ગુણાતીત સ્વરૂપ મૂર્તિમંત નિહાળ્યું છે. આ પુસ્તકના સમાપન માટે આલ્બર્ટ આઈન્સ્ટાઈનના નીચેના શબ્દોથી વધારે સારા શબ્દો મને મળતા નથી. જુઓ-

"આ પૃથ્વી પર આપણી સ્થિતિ બહુ વિચિત્ર છે. આપણામાંના દરેક અહીં ટૂંકી મુસાફરી માટે આવ્યા છીએ, શા માટે એ આપણે જાણતા નથી, આમ છતાં, ક્યારેક આ મુસાફરી પાછળના દિવ્ય હેતુની પ્રતીતિ થાય છે. જોકે રોજિંદા જીવનનાં બિંદુએથી એક વાત આપણે જાણીએ છીએઃ આપણે અહીં અન્ય લોકો માટે આવ્યા છીએ...સહાનુભૂતિની સંવેદનાથી આપણે જે અગણિત અજાણ્યા આત્માઓ સાથે જોડાયેલા છીએ તેમના માટે આપણે આવ્યા છીએ. દિવસમાં હું ઘણી વાર અનુભવું છું કે મારું આંતરિક અને બાહ્ય જીવન, અન્ય જીવંત અને દિવંગત માનવીઓના પરિશ્રમના આધારે ટકી રહ્યું છે. અને મારે પણ મેં અત્યાર સુધી જે કાંઈ પ્રાપ્ત કર્યું છે અને હજુ પણ હું પ્રાપ્ત કરી રહ્યો છું તેટલા જ પ્રમાણમાં પાછું વાળી આપવા માટે ખંતપૂર્વક પ્રયાસ કરવા જોઈએ." (પૃ. ૨૯૨)

'પરાત્પર' પુસ્તકમાં ચિરંતન આશાવાદ બંધાવતાં અબ્દુલ કલામજી કહે છે 'ભારત બધું કરી શકે છે' અને પ્રમુખ સ્વામીમહારાજ જાણે તેને પ્રમાણિત કરતાં કહે છે 'ભગવાન હોય ત્યાં બધું જ શક્ય છે.' (પૃ. ૬૧) ('પરાત્પર' ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ-અરુણ તિવારી સાથે અનુવાદ-અજય ઉમટ, હાર્વર કોલિંસ પબ્લિશર્સ ઇન્ડિયા, કિંમત : ૨૫૦) ■

## અનુભૂતિ અને જ્ઞાનપ્રાપ્તિનો આનંદ એટલે પ્રવાસ

(અનુસંધાન : પાના નં.-૫૩ ઉપરથી ચાલુ)

અનુભૂતિઓ આત્મસાત્ કરી શકે છે. તેથી જ પ્રવાસેથી પરત ગામ આવતો માનવી નવી તાજગી મેળવી પોતાની જિંદગીમાં ઓતપ્રોત થાય છે.

આજના સમયમાં યાત્રા પહેલાંના જેવી મુશ્કેલ નથી રહી. ચિંતા અને તનાવ ભરેલી નથી રહી. યોગ્ય આયોજન કરવાથી જે તે સ્થળ માટે ટ્રેન અથવા બસનું રિઝર્વેશન કરાવી શકાય છે. વિવિધ સ્થળ માટે પેકેજ ટૂર પણ અસ્તિત્વમાં છે. પ્રવાસ દરમિયાન અથવા વિવિધ સ્થળે પૌષ્ટિક ખાણીપીણી ઉપલબ્ધ હોય છે. પ્રવાસીએ જાતે ક્યાંક રાંધવાની તકલીફ વેઠવી પડતી નથી. અલગ અલગ શહેરના જોવાલાયક સ્થળના દર્શન એક જ દિવસમાં સરળતાથી થઈ શકે છે. કુટુંબ સાથે આરામદાયક રીતે પ્રવાસનો આનંદ માણી શકાય છે. વધુ જ્ઞાન પ્રાપ્ત કરવા સાથે વિવિધ વિસ્તારની સંસ્કૃતિને જાણી શકાય છે. દેશના વિવિધ સ્થળના પ્રાકૃતિક સૌંદર્યને માણવાની સાથે વ્યક્તિ પોતાના જીવનને પણ અલગ સૌંદર્યથી ભરી શકે છે.

*ગાંધીનગર (મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮)*

## સિગ્નલ વગરની જિંદગી

(અનુસંધાન : પાના નં.-૩૪ ઉપરથી ચાલુ)

છોકરીની મા પણ નથી આપતી. પણ એના હાથેથી એ ક્યારેક લસણ તો ક્યારેક લવિંગ તો ક્યારેક સૂકા મરચાં આપી દે છે અને ભક્તો એને પ્રસાદ સમજી સાજા થઈ જાય છે. ક્યારેક તો પથારીવશ જ, મા ચમત્કાર બતાવે છે પણ એ પથારી હવે મખમલી થઈ ગઈ છે. ડાંબાના આ નાનકડા કસ્બામાં આ મંદિર સહેલાણીઓનું પણ આકર્ષણ બની ગયું છે પણ જુવાન થતી છોકરી દેવી બની પૂજાવા નથી માગતી. એને લગ્ન કરવા છે અને બાળકો પેદા કરવાં છે જેમ એક સમયે કેથરિન ચાહતી હતી. પણ માનો પ્રસાદ અહીં કેમ કામ નહિ કરતો હોય? પ્રકૃતિનાં નિયમો બધે જ અલગ અલગ હોય છે. પોલે રિસર્ચ કરી કે એનાકોન્ડાના પ્રજનન કાળમાં બહુ બધા નર એક જ માદા સાથે પ્રજનન ક્રિયા કરે છે. આ રીસર્ચનું વિડિયો પ્રસારણ જોર્ડનમાં ભોંયરામાં છૂપાયેલા એક ઘાતકી બળાત્કારી સુધી પહોંચે છે તો એ મૂછમાં હસે છે કે આ જ કૃત્ય અમે કર્યું તો અમારી પાછળ આખી સરકાર પડી છે? ત્યારે પેલો રાજા છેલરાવનો કાકો કબરમાંથી એને કોસતો રહે છે. 'છટ રે પાપી તું તો એ સ્ત્રીનો રક્ષક હતો!' કહેવાય છે એ પોતે પણ છેલરાવનો રક્ષક જ હતો. આવું જ એક પ્રસારણ જોઈને એક ગરીબ ચોરને પોતાની જિંદગીનો મહામૂલો ખજાનો હાથ લાગે છે. ચોરને સપનું આવે છે કે જો પિરામીડમાં સૂતેલા મમીની એક નાની એવી વીંટી પણ વેચું તો જિંદગી આખી આરામથી વીતી જાય. આ વાતનો સંકેત મમીને પહોંચે છે અને તે કબરમાં પડખું ફરે છે. આ વાત હોલીવુડનાં એક પ્રતિભાશાળી ડાયરેક્ટરને મગજમાં બત્તી કરતી જાય છે.

પેલી તિબેટિયન છોકરી વરી હશે? અને મગરિબને તો હજુયે ચાર કલાકની વાર છે. પણ છોકરો એકીટશે બ્રેડ સામે જુએ છે. ગિલ્ટમાં ભાગેલો કિશોર કઈ દિશામાં વળ્યો હશે? પોલને દુનિયાનો સૌથી મોટો એનાકોન્ડા મળશે? મિ. દેવદૂત શું જવાબ આપશે? છેલરાવને ન્યાય મળશે? અને ચોરને વીંટી? એ જાણવું આપણા માટે જરૂરી પણ નથી કારણ કે આ વાર્તા આ બધા માટે નથી લખાઈ. આ વાર્તા તો નન્દુમૂરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમની છે.

આપણી જાણ ખાતર, નન્દુમૂરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમ હવે રજનીકાંતને નથી માનતો, પણ આજકાલ બાહુબલી પ્રભાસને માને છે. એક દિવસ કોઈ બાહુબલીનું પોસ્ટર એની બંધ દુકાનની બહાર ચોંટાડી ગયું. બીજા દિવસે ઘરાકી એટલી વધી કે રાતોરાત લક્ષ્મીનું ખાબોચિયું તળાવ બની છલકાઈ પડ્યું અને પછી તો આપણો હીરો પોતાની કાળાશ, મોટાપો અને લોકલ ભાષાને સમજે એવી સ્ત્રીથી પરણી પણ ગયો. એનું નામ લક્ષ્મી નન્દુમુરી કટપ્પા બોડુ નાગાર્જુના લિંગમ આજે ખુશમખુશ છે અને એ ખુશ તો આપણેય. ■



આસ્વાદ

# મને ગમતાં પાંચ શ્રેષ્ઠ પુસ્તકો

માવજી કે. સાવલા

મને ગમી ગયેલ કોઈ એક જ પુસ્તકનું નામ આપવાનું મને કહેવામાં આવે તો હું 'સિદ્ધાર્થ' નું જ નામ આપું. કોઈ જિજ્ઞાસુ જીવનમાં માત્ર એક જ પુસ્તક વાંચવાની ઈચ્છા દર્શાવે અને મને પૂછે તો હું એને 'સિદ્ધાર્થ' વાંચવાનું જ કહું 'સિદ્ધાર્થ' વાંચ્યે ત્રણ દાયકાથી વધુ સમય થઈ ગયો, પછી તો એની અંગ્રેજી આવૃત્તિ પણ વાંચી અને ઠેઠ મુંબઈ સુધી ૫૦-૧૦૦ મિત્રોને પણ મેં આ લઘુનવલ વંચાવી.

હા, આ નવલકથા છે, ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર નથી; ભગવાન બુદ્ધના પ્રણાલિકાગત જીવનચરિત્ર પર આધારિત પણ એની કથાવસ્તુ નથી. બૌદ્ધ દર્શનનાં ગૂઢ રહસ્યો, સિદ્ધાંતોને પારદર્શી શૈલીમાં સ્ફુટ કરતી આ રસકથા છે. એક અત્યંત રસાળ, સૌંદર્યપૂર્ણ, ચિત્તવેધક, ભાવવાહી નવલકથા તો છે જ; સાચે જ એક ભાવભંગિમાયુક્ત શિલ્પકૃતિ જેવી એક અદ્‌ભુત કલાકૃતિ.

અહીં કથાનાયક તો સિદ્ધાર્થ છે. છતાં ભગવાન બુદ્ધ, ગૌતમ બુદ્ધનું સ્વતંત્ર પાત્ર પણ આમાં ગૂંથાયું છે. કમલા નામની જાજવલ્યમાન વેશ્યા, હોડીવાળો વાસુદેવ અને બ્રાહ્મણપુત્ર સિદ્ધાર્થ એમ ત્રણ મુખ્ય પાત્રોની મારફતે કથા પ્રવાહ જોબનવંતી નદીના વેગવંતા અનેક વળાંકો લેતા પ્રવાહની જેમ વહેતો જાય છે.

સોહામણા બ્રાહ્મણપુત્ર - પંડિતપુત્ર સિદ્ધાર્થનો મિત્ર ગોવિંદ જાણતો હતો કે, સિદ્ધાર્થ એક સામાન્ય ક્રિયાકાંડી પુરોહિત તરીકે જીવવા સર્જાયો જ નથી અને એક સાંજે ધ્યાન પછી સિદ્ધાર્થે ગોવિંદને કહ્યું, 'આવતીકાલે સિદ્ધાર્થ શ્રમણસંઘમાં પ્રવેશે - એ શ્રમણ થશે!'

સિદ્ધાર્થ શ્રમણસંઘ પાસેથી ઘણું શીખ્યો, મનોનિગ્રહપૂર્વક સ્વેચ્છાએ દુઃખ વેઠીને ભૂખ તરસ અને થાક સહેવાનું એ શીખ્યો, પરંતુ આ બધાને અંતે એને લાગ્યું કે, આ બધુ આત્માથી જીવનથી પલાયન જેવું છે. ગાડું હાંકનારો પણ આ રીતે થોડાક આસવના પ્યાલા ગટગટાવીને વાસ્તવિકતાથી દૂર નાસે છે. અસંતોષથી ભભૂકતી પોતાની જિજ્ઞાસા સિદ્ધાર્થ ભગવાન બુદ્ધ સમક્ષ ઠાલવે છે, પછી કહે છે, 'હવે હું મારે માર્ગે જઈશ. મારે અન્ય કોઈ શ્રેષ્ઠ ધર્મ કે સિદ્ધાંત શોધવો નથી, કારણ કે એવો કોઈ ધર્મ કે સિદ્ધાંત છે જ નહીં' અને સિદ્ધાર્થ ચાલી નીકળે છે.

એક હોડીવાળો એને નદી પાર કરાવી સામે કાંઠે એક નગરમાં પહોંચાડે છે. નગરના ઉપવન આગળ પરિચારિકાઓથી ઘેરાયેલી કમલાને એ નીરખે છે. બીજે દિવસે સ્નાન કરી, કંઈક વ્યવસ્થિત થઈને, ઉપવનના પ્રવેશદ્વારે પાલખીમાંથી ઊતરતી કમલાને અભિવાદન કરીને મળે છે અને નિવેદન કરે છે, 'તું નારાજ ન થાય તો જે કળામાં તું પ્રવીણ છે, તેમાં મારા મિત્ર થવા, મારા ગુરુ થવા પણ મારે તને કહેવું છે.' કમલાએ આગલે દિવસે એને શ્રમણના વેશમાં લઘરવઘર જોયો હતો. હસીને કમલા કહે છે, 'એ માટે તો અંગ પર સુંદર વસ્ત્રો, સુંદર ઉપાનહ અને ખિસ્સામાં નાણાં હોવાં જોઈએ. કમલાને આપવા ભેટ-સોગાદ હોવાં જોઈએ. એ બધું મેળવવા માટે જે આવડતું હોય એ કાર્ય કરવું જોઈએ.'

સિદ્ધાર્થ કહે છે, 'હું વિચારી શકું છું, ધીરજ રાખી શકું છું, ઉપવાસ કરી શકું છું...હા, હું કાવ્ય રચી શકું છું. તું કાવ્યના બદલામાં મને ચુંબન આપે ખરી? સિદ્ધાર્થ કમલાના સૌંદર્યનું વર્ણન કરતું એક કાવ્ય શીઘ્ર રચીને સંભળાવે છે. શ્રમણ સિદ્ધાર્થ જીવનના પરમ સત્યને પામવા ખુદ જીવનને જ પૂર્ણપણે જીવવાના, ભોગ-વિલાસના પ્રયોગમાં દાખલ થાય છે.

ધન-સંપત્તિ, રંગ-રાગ, સુરા-સુંદરીઓ અને એ બધાના કેન્દ્રમાં કમલા. સિદ્ધાર્થ શું પૂરેપૂરો, ખરેખર સંસારમાં ડૂબી ગયો છે? તે કમલાના ઘેર નિયમિત જતો, પ્રેમકળાના નિતનવા પાઠો તેની પાસેથી શીખતો. કોઈ પણ સાધના કરતાં વધુ આ કળામાં હું - તું ના ભેદ ભૂંસાઈ જતા. એક વાર સિદ્ધાર્થે કમલાને કહ્યું, 'તું મારા જેવી છે, લોકો કરતાં જુદી છે, મારી માફક તું પણ તારા અંતરમાં રહેલી સ્વસ્થતા તરફ, તેના વિશ્રામસ્થાન તરફ પ્રયાણ કરી શકે છે.' કમલા એને કહે છે, 'તારા જેવો શ્રેષ્ઠ પ્રેમી આજ લગીને મને મળ્યો નથી...સિદ્ધાર્થ, એક દિવસે તારાથી હું બાળક મેળવીશ અને છતાંય તું હજી શ્રમણ જ છે. તું સાચેસાચ મને ચાહતો નથી, તું કોઈને પણ ચાહતો નથી; ખરી વાતને?'

અંતરાત્માનો અવાજ સાચો હતો. મુક્તિ કોઈ ગુરુ દ્વારા શક્ય નહોતી, તે એને સમજાઈ ગયું હતું. એ સમજવા માટે સંસારમાં ફરીથી જઈને સત્તા, સંપત્તિ, સ્ત્રી વગેરેમાં જાતને ડૂબવા દીધી. અંતરમાં રહેલ પુરોહિત અને શ્રમણને નિઃશેષ કરવા શ્રેષ્ઠી, જુગારી, શરાબી, ધનવાન અને વિલાસી બનવાનું આવશ્યક થયું હતું. નવો સિદ્ધાર્થ હવે નિદ્રામાંથી જાગૃત થવાનો હતો.

પછી કમલાનું શું થયું, કમલા - સિદ્ધાર્થના સંતાનનું શું થયું - એ બધી વાતો તો લાંબી છે અને એ માટે તો ૧૩૬

પાનાંની આ કલાકૃતિ એકી બેઠકે - ખરેખર તો એકી શ્વાસે વાંચવી રહી.

'સિદ્ધાર્થ' પાસેથી મને જીવનના સર્વગ્રાહી પાઠો શીખવા મળ્યા છે. માત્ર પ્રેમ શાસ્ત્રનાં રહસ્યો જ નહીં, બિઝનેસ મેનેજમેન્ટ, મનોવિજ્ઞાન અને દર્શનશાસ્ત્રોમાં ગૂઢ રહસ્યો એક પછી એક આ લઘુનવલ સ્ફુટ કરી આપે છે.

[*'સિદ્ધાર્થ'.* મૂળ લેખક : હર્મન હેસ, અનુવાદક : નીરુ દેસાઈ, પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ પ્રા.લિ. ગાંધીરોડ, અમદાવાદ-૧. પ્રથમ આવૃત્તિ : મે-૧૯૫૮. પૃષ્ઠ સંખ્યા : ૧૩૬ + ૧૬ (આ આવૃત્તિ ઘણા સમયથી અપ્રાપ્ય થતાં કેટલાંક વરસો પૂર્વ રવીન્દ્ર ઠાકોરે કરેલ અનુવાદ ગૂર્જર પ્રકાશન તરફથી પ્રકાશિત થયો છે.)]

***'તન્મયતાની તલાશમાં' – કેરળ રંગ દર્શન :*** માલતી પરીખ લબ્ધપ્રતિષ્ઠ નૃત્યકળાકાર છે, એટલું જ નહીં પણ પ્રાચીન નૃત્ય પરંપરાનાં ઊંડાં અભ્યાસી છે. તરલા મહેતા અભિનય ક્ષેત્રે પ્રસિદ્ધ કળાકાર છે. નાટ્યશાસ્ત્ર એ તેમનો અભ્યાસ-વિષય છે. નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટસ-મુંબઈમાં એમણે 'કુટીઆટ્ટમ' નો નાટ્ય પ્રયોગ જોયો. આ કળાનાં મૂળ એનાં બધાં જ ઇવોલ્વીંગ ફોર્મમાં સાથે જોવા, સમજવા, માણવા અને અભ્યાસવા આ બન્ને લેખિકાઓ એ કળાની મૂળભૂમિ કેરળના પ્રવાસે નીકળી પડે છે. પ્રવાસનાં બરાબર અઢાર વર્ષ બાદ આપણને સાંપડે છે, એમની શોધયાત્રાનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે કંઈક અનોખું એવું આ પુસ્તક.

કથન સામગ્રી શાસ્ત્રીય સંશોધન પ્રકારની હોવા છતાં પણ અત્યંત રસાળ અને લાઘવપૂર્ણ શૈલીમાં આ બંને લેખિકાઓએ પોત-પોતાની ડાયરીઓના આધારે જ માત્ર નહીં, પણ ડાયરી સ્વરૂપે જે Alternate થતાં પ્રકરણો પોતાની શોધયાત્રાનાં અહીં રજૂ કર્યા છે. પરિણામે એક બેનમૂન જીવંતતા, સહજતા અને સચ્ચાઈનો રણકાર શબ્દે-શબ્દમાં જોવા મળે છે. અભ્યાસનો વિષય પ્રાચીન નાટ્ય-નૃત્ય પરંપરાનો હોવા છતાં પણ ત્યાંનું કુટુંબજીવન, રીત-રિવાજો, સામાજિક પ્રસંગો વગેરે બધું જ એમણે પોતાની આગવી નજરથી નોંધ્યું છે. કેરળની કેટલીક જ્ઞાતિઓમાં આજે પણ અકબંધ જળવાઈ રહેલ માતૃતંત્રી કુટુંબ સંસ્થા વિશે પણ આપણને આશ્ચર્યજનક હકીકતો અહીં જોવા મળે છે. માલતીબહેનની પૃચ્છાના પ્રત્યુત્તરમાં એમના યજમાન પ્રા. રાજા કહે છે, 'મારું ઘર લ્યો ને, હું અહીં મારા સાસરે રહું છું, એ તો તમે જોયું. લગ્ન વિધિમાં ન કોઈ મંત્રોચ્ચાર, ન સપ્તપદી, ફક્ત સ્ત્રી અને પુરુષ વચ્ચેનો એ સામાજિક કરાર...વરરાજા ત્રણ-ચાર મિત્રો સાથે કન્યાના ઘેર જઈને એને એક સાડી આપે એટલે બસ...સ્ત્રીને ન ફાવે ત્યારે પુરુષનાં પગરખાં ઘરની બહાર મૂકી દે એટલે સંબંધ તૂટી ગયો ગણાય.'

આ આખીય શોધયાત્રામાં સાથે વહેતા વાચકના ધ્યાન પર એક વાત અવશ્ય આવશે : એ છે લેખિકાઓનો આત્મસંયમ. પોતાની જાતને ગોપવીને માત્ર લક્ષ્ય તરફની જાણે કે, ઉપનિષદ રીતિની અધ્યાપનનિષ્ઠા. ક્યાંય એમણે પોતાની અંગત સિદ્ધિઓ, સફળતાઓ, પ્રસિદ્ધિ કે સ્ટેટસની વાત નથી કરી. પોતે બીજાઓ કરતાં - 'વન-અપ' હોવાની આછકલાઈનું ક્યાંય નામનિશાન નથી. બહુ ઓછા સર્જકો-કળાકારો આવો સંયમ વર્તી શકે. માત્ર ક્યાંય અનિવાર્ય સંદર્ભોને કારણે એમના બે-ચાર શબ્દો થકી જ આપણે જાણી શકીએ કે, કળાભ્યાસ સંદર્ભે તેઓ દેશ-વિદેશ ફર્યાં છે. આભારદર્શનની નોંધમાં લેખિકાઓએ ડ્રાઈવર એન્તોનનું નામ પણ મૂક્યું છે, એટલું જ નહિ પણ યાત્રાની પૂર્ણાહુતિના દિવસે યજમાન પરિવારને વિદાયનું નમન ડ્રાઈવર એન્તોન પણ કરે છે, એ વાતની નોંધ ડાયરીમાં લેવાઈ છે. પ્રસ્તાવનારૂપ 'રમ્યાતી વીક્ષ્ય...' શીર્ષક હેઠળ સિતાંશુ યશચંદ્ર જ્યારે લખે છે, 'સુયશ અને સદ્‌લક્ષ્મી બન્નેને સ્વાધિકારે મળેલાં...બન્નેનું શીલ પણ સરખું, નીવડેલ સર્જકતા અને ઉષ્માભરી ભાવકતા...ત્યારે' એમાં અતિશયોક્તિ નહિ, પણ અલ્પોકિત હોવાનું કહેવું પડે.

'તન્મયતાની તલાશ' એવા શીર્ષકનો હવે છેલ્લે અહીં આપણે માલતી પરીખના શબ્દોમાં જ અહેસાસ કરીએ :

"શા માટે નૃત્ય કરું છું? માનવજાતિએ આ નૃત્યનું માધ્યમ શા માટે અપનાવ્યું?... શું કળા કે શું ધર્મ કે શું વિજ્ઞાન કે પછી અર્થશાસ્ત્ર કે રાજ્યશાસ્ત્ર જાણે કોઈ અનેક પાસાંવાળા કાચમાંથી આપણે આપણને કે સમગ્ર માનવસમાજને, તેના માનવીય પરિવેશને, કુદરત અને ઈશ્વરની સામે બાખડતા માનવીને સમજવાનો પ્રયત્ન તો નથી કરતા? ક્યાં છે નૃત્યનો કે આ સૌ માનવ એષણાઓનો સ્રોત?

[***'તન્મયતાની તલાશમાં'*** લે. તરલા મહેતા, માલતી પરીખ. પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ - ૧; ૧૯૯૮, ડે. ૧૪૩; પૃષ્ઠ મૂલ્ય : એકસો રૂપિયા.]

***'વિરાટ'*** : કેટલીક નવલકાથાઓ બાહ્ય ક્લેવરમાં ભલે એક વેધક અને રસપ્રદ કથાનક લઈ આપણી સમક્ષ આવે. પરંતુ એ કથાનકની સાથોસાથ આપણને સાંપડે છે, જીવનનાં અનેક ગૂઢ રહસ્યોનું માર્મિક ઉદ્‌ઘાટન. સ્ટીફન ઝવાઈગની લઘુનવલ 'વિરાટ' એક આવી કૃતિ છે. વળી એની વિશેષતા તો એ છે કે ભારતીય તત્ત્વજ્ઞાન અને ભારતીય પૃષ્ઠભૂમિ પર આ કથાનું આલેખન છે. ભારત દર્શન કરીને ભારતીય આદર્શો અને તાત્ત્વિક સિદ્ધાંતોને આત્મસાત કરનાર ઓસ્ટ્રિલયાના આ યહુદી લેખકે 'વિરાટ' ના પાત્ર દ્વારા પોતાના અંતરાત્માની ખોજને પ્રતિધ્વનિત કરેલ છે. ૬૦ વર્ષની ઉંમરે પોતાની પત્ની સાથે સ્ટીફન ઝવાઈગે વિષપાન કરીને સ્વેચ્છાએ આત્મહત્યા કરી.

વિરાટ રાજાનો વિશ્વાસુ અને માનીતો સેવક છે. આંતરવિગ્રહ પ્રસંગે રાજાને વફાદાર રહીને રાતોરાત ઝપાઝપીમાં

તે રાજાને અને રાજ્યને તો બચાવી લે છે, પરંતુ રાત્રીના અંધકારમાં એ લડાઈમાં એના હાથે એનો સગો ભાઈ કપાઈ જાય છે. સવારમાં પોતાના ભાઈની જાણે કે, એની સામે તાકી રહેલ સ્થિર આંખો એના હૃદયમાં જડાઈ જાય છે અને આરંભ થાય છે એના જીવનનાં પરિવર્તનોના વળાંકોની અંતર્યાત્રા. રાજા તરફથી ઉચ્ચ હોદ્દાઓનો તે વિનયપૂર્વક અસ્વીકાર કરે છે, પણ રાજાના પ્રેમાગ્રહથી વિરાટ રાજ્યના ન્યાયાધીશ બનવાનું આખરે સ્વીકારે છે, પરંતુ એક આરોપીએ પોતાને થયેલ સજાના પ્રત્યુત્તરમાં વિરાટને સ્પષ્ટ સંભળાવ્યું :

"ન્યાયદાતા, એવું કયું ત્રાજવું છે, એનાથી તમે બરાબર તોળો છો? જાતે કોરડાનો માર ખાધા વગર તમને કેવી રીતે ખબર પડે કે, કોરડાનો માર કેવો હોય? તમારી આંગળીઓના વેઢા પર તમે વરસની ગણતરી એવી રીતે કરી નાખો છો કે, દિવસના પ્રકાશમાં વ્યતિત થયેલાં વરસ અને ઘોર અંધારી ધરતીની અંદર કારાવાસમાં વીતાવેલાં વરસમાં જાણે કંઈ જ તફાવત ન હોય. તમે જેલમાં ગયા છો કોઈ વાર કે તમને ખ્યાલ આવે કે, મારા જીવનની કેટકેટલી વસંત તમે છીનવી રહ્યા છો?...સૌથી ભયંકર અપરાધી તો તમે છો, કારણ કે જ્યારે મેં હત્યા કરેલી ત્યારે હું ક્રોધે ભરાયેલો હતો, આવેશમાં જકડાયેલો હતો, પરંતુ તમે તો ઠંડા મગજથી મારી રહ્યા છો."

પછી તો રાજા પાસેથી થોડા દિવસનો એકાંતવાસ માગીને વિરાટ રાત્રિના અંધકારમાં એ બંદીવાન કેદની જગ્યાએ જાત અનુભવ મેળવવા પોતે કેદી બનીને રહે છે. નિર્ધારિત સમયે નક્કી થયા મુજબ એ કેદી રાજા આગળ ઉપસ્થિત થઈને વિરાટની બધી વાત કરે છે. રાજા આગળ અને પ્રજામાં વિરાટનું માન અને લોકપ્રિયતા ઊલટાની વધી જાય છે.

સ્વગૃહે પાછા ફર્યા પછી ઘરમાં જ પોતાના દીકરાઓ દ્વારા ગુલામો ઉપર થતાં જુલ્મો વિરાટ કેવી રીતે સહન કરી શકે? આમ, સંઘર્ષોની પરંપરા વચ્ચેથી આત્મખોજની આ એક અનોખી દાસ્તાન છે. આપણે અહીં માત્ર આરંભમાં અનુવાદિકા મંજુ ડગલીએ સ્ટીફન ઝવાઈગ વિશેના ચરિત્રલેખમાં છેલ્લા ફકરાના થોડાક શબ્દો પર એક નજર કરી લઈએ.

"પોતાના વર્તનથી કોઈને લેશ પણ દુઃખ ન પહોંચે એવું નિષ્પાપ જીવન જીવવા માટેની ઊંડી સંવેદનાભરી સમજ, સૂક્ષ્મ મનોવિશ્લેષણ દ્વારા જે ઊંચાઈએ પહોંચે છે ત્યાં ઇસુનો પ્રેમ, બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા અને ગાંધીની સત્ય માટેની પ્રયોગશીલતા એ બધું એકાકાર થઈ, એક સુંદર કલાકૃતિ બને છે."

[*'વિરાટ'* લેખક સ્ટીફન ઝવાઈગ; યશપાલ જૈનના હિન્દી અનુવાદના આધારે, ગુજરાતીમાં અનુવાદ : મંજુ ડગલી, મુખ્ય વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૨, પૃષ્ઠ સંખ્યા : ૮૫, કિંમત : એકવીસ રૂપિયા.]

***'રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો'*** દુલેરાય કારાણી : એક કિશોર પોતાના પિતા આગળ ગામમાંથી પસાર થતા યોગીઓ સાથે હિંગળાજ યાત્રાએ જવાની હઠ પકડે છે. પિતા કિશોરને સમજાવતાં કહે છે : "આ જોગીઓ અને એમની યાત્રા ખોટી. અલ્લા તો બધે જ છે તો પણ આ બધા હિંગળાજ પર એને મળવા નાહક જઈ રહ્યા છે."

કિશોર પોતાના પિતાને પ્રત્યુત્તરમાં કહે છે : "આ સાધુઓ સાચા છે અને એમનો માર્ગ - એમની યાત્રા પણ સાચી. અલ્લા તો બધે જ છે, પણ એમને એ હિંગળાજમાં જડ્યો."

આ કિશોર એટલે પાછળથી સિંધમાં સૂફી સંત તરીકે પ્રસિદ્ધ થયેલ મહાન વિભૂતિ શાહ અબ્દુલ લતીફ ભિટાઈ. આજે પણ સિંધમાં એક છેડેથી બીજે છેડે સુધી અને દુનિયામાં ગમે ત્યાં કોઈ સિંધ પરિવાર વસતો હોય - પછી ભલે તે હિંદુ હોય કે મુસ્લિમ હોય, શાહ અબ્દુલ લતીફ ભિટાઈનું નામ ત્યાં હૈયે અને હોઠે અવશ્ય હોવાનું જ. આપણે ત્યાં જેમ તત્ત્વજ્ઞાન કે ધર્મની ચર્ચામાં વારંવાર ગીતા કે રામાયણનો હવાલો અપાય તેવું જ 'શાહ સાહેબ' નામનું છે. 'જુઓ, શાહ સાહેબે કહ્યું છે' એમ કહીને ડગલ-પગલે શાહ સાહેબના બેતો ટાંકવામાં આવે. 'બેત' એટલે પદ્યરચનાની - કવિતાની એક કડી.

શાહ સાહેબની સમગ્ર વાણીનો સંગ્રહ "શાહ જો રિસાલો" તરીકે જગપ્રસિદ્ધ છે. અંગ્રેજી ઉપરાંત દુનિયાની કેટલીક ભાષાઓમાં એના અનુવાદો થઈ ચૂક્યા છે. 'રિસાલો' એટલે સંગ્રહ. ૫૦૦૦ બેતોનો આ રિસાલો છે. દુલેરાય કારાણીના આ પુસ્તકમાં હજારેક બેતોનો અનુવાદ છે. ગુજરાતી લિપિમાં મૂળ સિંધી ભાષામાં બેતો મૂક્યા છે, એ એનું જમા પાસું છે. 'શાહ જો રિસાલો' એ કંઈ શુષ્ક ઉપદેશવાણી જેવો વેરવિખેર બેતોનો સંગ્રહ નથી. એ તો એક અદ્દ્ભુત, રસછલકતો ગ્રંથ છે, જેમાં સિંધ અને પંજાબની અનેક લોકકથાઓ - પ્રેમકથાઓને આધ્યાત્મિક ગૂઢાર્થમાં ગૂંથી લેવામાં આવી છે. પ્રત્યેક પ્રકરણને શીર્ષક તરીકે સંગીતના કોઈ એક રાગનું કે, પ્રેમકથાનાં નામ આપવામાં આવેલ છે. 'શાહ જો રિસાલો' ની ગાયકીની એક આગવી-પોતીકી પરંપરા છે, જે થકી સિંધની લોકધૂનોની એક

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

અનોખી એવ 'સિંધિયત' ની એમાં છટા છે. સિંધની એક લાક્ષણિક ભૂમિગત સુગંધ એમાં છે. અહીં આપણે માત્ર નમૂના તરીકે થોડાંક બેતનો આસ્વાદ કરીએ :

સૂર યમન કલ્યાણ નામના બીજા પ્રકરણમાં સૂફીનાં લક્ષણો વર્ણવતો આ બેત જુઓ :

*"સૂફી સાફ કે ઓ, ધૂઈ વરક વજૂદ જો;*
*તેહાં પોહે થીઓ જીરે વસણ પિરીજો."*

અર્થાત્, સૂફીએ પોતાનાં તન-મનનાં પાનાંઓ ધોઈને સ્વચ્છ કર્યા; પછી જ તેને જીવતે જીવ પ્રિયતમનાં દર્શન થયાં.

'સુંહલી - મેહાર' ની પ્રેમકથાનો એક બેત છે, તેનો ભાવાર્થ છે : "મૃત્યુની દરકાર કર્યા વગર હાથમાં ઘડો લઈને કૂદી પડી. બિચારીએ દરિયામાં ઘણી બૂમો પાડી. હાથ થાક્યા. હવે શક્તિ રહી નથી. ઓ જ્યોતિર્મય સાહડ! હવે તું નજર કર તો હું સાગર પાર કરી શકું."

શાહ સાહેબનો આ રિસાલો એટલે 'ઇશ્કે મિજાજી' થી 'ઇશ્કે હકીકી' ની એક આધ્યાત્મિક યાત્રા છે. ભક્તિયોગનાં ગૂઢ રહસ્યો- ખાસ કરીને પ્રેમલક્ષણા ભક્તિનાં રહસ્યો અહીં પુષ્પોની માફક ખીલતાં-મહોરતાં રહે છે. તત્ત્વજ્ઞાનની અનેક જટિલ સમસ્યાઓ આ બેતોમાં સહજ સરળ રૂપે પ્રકાશિત થતી રહી છે. શાહ સાહેબનું અવસાન સને ૧૭૫૨ માં સિંધના કોટડી ગામ નજીકની એક ટેકરી પરના એમના સ્થાનકે થયું.

[*'રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો.'* દુલેરાય કારાણી, પ્રકાશક : પોતે, ૯ પંડિત દિનદયાળ સોસાયટી, અમદાવાદ - ૧૪, પૃષ્ઠ સંખ્યા : ૩૦૪. ક્રાઉન, પાકું પૂંઠું; મૂલ્ય : દસ રૂપિયા.]

***'મુમુક્ષુ યાત્રિક યા ચાઠાંવાળાનાં સંસ્મરણો' - મીખીલ નેઈમી :*** મોં પર શીળીના ચાઠાં વાળો એ કોણ હતો? ઇ.સ. ૧૯૧૬ ના ઓક્ટોબરની એક બપોરે મેનહટનની સિરિયન લોકોની વસતિવાળા ભાગમાંથી પોતાના મિત્ર સાથે જઈ રહેલા લેખક મીખીલ નેઈમી એક કૉફી હાઉસમાં જઈ ચડે છે અને ત્યાં લેખકને ચાઠાંવાળાના જીવન અને ચિંતનની દાસ્તાન જડી જાય છે. અહીં આપણે એ ચાઠાંવાળાના ચરિત્રલેખની વિગતોમાં ઊતર્યા વગર માત્ર એની વાણીની થોડીક છાલકોથી શીતળતાનો એક ગહન અહેસાસ કરીએ :

*"મૌનમાં મળતી મધુર શાંતિનો મને અનુભવ થયો હોવાથી મેં તો જાતે જ મારા હોઠ પર તાળું માર્યું છે. બોલનારને બોલબોલ કરવાનો એટલો નશો ચડ્યો હોય છે કે મૌનમાં મળતી શાંતિનો અનુભવ કરી જોવાની પણ એમને ઇચ્છા થતી નથી."*

*"એમને મન હું મૂર્ખ માણસ છું, પણ મારા મૌનરૂપી બુરખાની મદદથી એમના હૃદયના ભાવો અને મનના વિચારો હું ખુલ્લી ચોપડીની માફક વાંચી શકું છું."*

*"માણસ જાણતો નથી, પણ હજુ એની શક્તિઓ તોતડું બોલતા બાળકની કરતાં વધારે ખીલી નથી."*

દરેક લખાણ પર, પાનાં પર લેખનનો દિવસ-વાર જણાવેલ છે, પણ તારીખ-વર્ષ કશું નથી લખેલ.

"હું આજે મારી જાતને જ પૂછું છું કે, ચાઠાંવાળા, તું છે કોણ? લાંબો વખત મૌન ફક્ત મૌન; એ જ જવાબ."

"માણસો જે જગ્યાએ જન્મ્યા હોય એને પોતાનો દેશ અથવા માતૃભૂમિ કહી એને પવિત્ર માનવા જેટલા ગાંડા થઈ જાય છે."

"ચાઠાંવાળા, જિંદગીના આ સમયે, આ કૉફી હાઉસમાં નોકરી કરવાનો વખત શાથી આવ્યો છે?

ગલીચ ભાષા બોલતા, મિથ્યા રકઝક કરતા આ કૉફી હાઉસની ઘરાકોની ગાંડીઘેલી ઇચ્છાઓ પૂરી કરવા જેવી નોકરી કરવા તારે કેમ આવવું પડ્યું છે?"

"ચાઠાંવાળા, જેમ જીભ પર અંકુશ રાખે છે તેમ જ કલમ પર પણ રાખતો જા."

[*'મુમુક્ષુ યાત્રિક યા ચાઠાંવાળાનાં સંસ્મરણો'* લેખક : મીખીલ નેઈમી. ભાવાનુવાદક વિમળા સેતલવડ, પ્રકાશક : બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ - ૧, પૃષ્ઠ સંખ્યા ૧૬૪ : મૂલ્ય : સાત રૂપિયા (૧૯૭૭)]

(આ ગુજરાતી અનુવાદ રજનીકાંત મારુએ કરેલ સંક્ષેપ પુસ્તિકા તરીકે વલ્લભવિદ્યાનગરની સંસ્થા ક્રેસ્ટ એસોસિએટ્સ તરફથી સુરેશ પરીખે પ્રગટ કર્યો છે. શીર્ષક છે - 'એક મુમુક્ષુ યાત્રિકની અપૂર્વ રહસ્યકથા')

*એન-૪૫, ગાંધીધામ-૩૭૦ ૨૦૧. (કચ્છ)*

## મંગલ મંદિર

મંગલ મંદિર છે આ આપણું
એકતાની અગરબત્તીથી મહેકાવીએ.

વિકાસની રૂડી કેડી કંડારીને,
સાથે મળી એના પર ચાલીએ.

હોય ભલે વિચાર ને કાર્ય અલગ,
મનને મત એક કરીને સંપીએ.

ના બનીએ કંટક કદી સન્માર્ગના,
ફૂલ બની આ માર્ગને પમરાવીએ.

દ્વાર ખુલ્લાં છે એનાં સૌને માટે,
સાથે મળી સૌને આવકારીએ.

*મહેન્દ્ર મહેતા - અમદાવાદ (ભુજ)*



# આદર્યાં અધૂરાં રહ્યાં...

સમાજ ચિંતન

ઇલા કે. શાહ

લગ્ન માટે તૈયાર થયેલ કોડભરી કન્યાનું હૈયું જ્યારે એકાએક ભાંગી પડે ત્યારે તેની વેદના કેવી હશે તે કુમળી કન્યાનું હૃદય જ અનુભવી શકે. નીરા અને નેહા બંને બહેનોનાં સાથે જ લગ્ન લેવાયાં. માતા-પિતાના હૈયે આનંદ સમાતો નહોતો. ભાઈ-ભાંડુની ખુશીની કોઈ સીમા નહોતી. દીકરીઓનાં લગ્નના મંડાણ ટાણે માતા-પિતા હૃદયપટ પર શાંતિ સામ્રાજ્ય જમાવવા તત્પર હોય છે. બંને બહેનોના લગ્નનાં દિવસોમાં માત્ર એક અઠવાડિયું જ બાકી રહે તેવું અંતર રાખેલું હતું.

ઘર આંગણે ભવ્ય સુશોભિત માંડવો બંધાયો. આસોપાલવનાં તોરણ બંધાયાં. રંગબેરંગી લાઈટોનાં પ્રકાશથી આંગણું શોભી રહ્યું. સુગંધિત ફૂલોની મીઠી સૌરભ સૌનાં હૈયાને મઘમઘાવી રહી. લાઉડ સ્પીકરમાંથી રેલાંતાં અવનવાં હૃદયસ્પર્શી ને આનંદિત ગીતોથી સૌનાં મન ડોલી રહ્યાં. બેન્ડવાજા અને મીઠી શરણાઈએ પણ સૂર છેડવામાં કાંઈ જ બાકી ન રાખ્યું.

મોટીબહેન નેહાનાં લગ્નનો શુભ દિન આવી પહોંચ્યો. ઘર આંગણે આવી પહોચેલ જાનૈયાઓનો સત્કાર કર્યો. વિધિપૂર્વક બેન નેહાના લગ્ન સંપન્ન થયાં. ભારે હૈયે તેને વિદાય આપી. નેહા સ્વજનોને છોડવાનાં દુઃખ સાથે અને પ્યારાં પ્રિયતમને મળવાનાં આનંદ સાથે સાસરે સિધાવી.

હવે એક મોટું કામ જાણે સારી રીતે પૂર્ણ થયાંનો દરેકને સંતોષ થયો. નીરાનાં લગ્નની બધાં આતુરતાથી રાહ જોતાં તૈયારી કરવા માંડ્યા. નીરાંના મુખ પર આનંદનો ભાવ લીંપાવા લાગ્યો. લગ્નના માંડ બે જ દિવસ બાકી રહ્યાં. સૌ પોતપોતાની દોડધામમાં મશગૂલ હતા. નીરાને બેદિવસ અગાઉ હાથમાં મહેંદી રંગવાની હતી.

સરખી સહેલીઓ મશ્કરી કરતાં કહેવા લાગી : "અલી નીરા, તારા વરનું નામ લખવા દેજે હોં..." તો બીજી સખી બોલી : "જો રંગ બરોબર ચડશે તો સમજજે કે તારા વરનો પ્રેમ ખૂબ છે." નીરા શરમાઈ ગઈ. એક હાથે મહેંદી રંગવાની શરૂઆત થઈ. નીરા ભૂતકાળમાં પ્રેમભર્યાં માણેલાં સ્મરણો તાજાં કરવામાં ખોવાઈ ગઈ.

નીરાને નીરજનાં શબ્દો યાદ આવ્યા, "નીરા, તારા હાથે જ્યારે મહેંદી ચડશે ત્યારે તે કેટલા ખૂબસૂરત લાગશે? એ મહેંદીના ઘેરા રંગ જેવો જ ગાઢ પ્રેમ આપણે રહેશે ખરું ને?"

નીરાની સગાઈ થયે છ મહિના થયા હતા. એ ગાળા દરમિયાન તેઓએ ખૂબ મજા માણી હતી. નીરા શ્વસુરગૃહે અનેકવાર જઈ આવેલી હતી, તેથી દરેકથી પૂરતી પરિચિત હતી. તેને મન હવે સાસરું નવું નહોતું. નીરજનો તો પૂર્ણ પરિચય થઈ ગયેલો. સાથે પિક્ચરો જોયેલાં, બાગ-બગીચાઓમાં ફરેલાં, ફોટા પડાવેલા, ભેટ વગેરેની આપ-લે પણ થયેલી. નીરા સ્વપ્નોની દુનિયામાં ખોવાઈ ગઈ. તેની સાહેલીએ તેને ઢંઢોળી, "અરે, નીરા, નીરજમાં ગૂમ થઈ ગઈ લાગે છે? ખરું ને?"

નીરા સહેજ હસી. તેના મહેંદીવાળા હાથમાં નીરજની તસ્વીર દેખાતી હતી. એક દિવસ નીરજ ફોટા પડાવવા માટે જીદે ચડેલો. ત્યારે નીરાએ ના પાડતાં મજાક કરેલી કે ફોટો પડાવ્યા પછી તું મને ભૂલી જાય તો?

નીરજે મીઠા ઠપકા સાથે કહ્યું હતું કે "જા રે ગાંડી, એવું તે હું કરતો હોઈશ? હવે તને ન છોડાય." અને નીરાને ફોટો પડાવવા જવું પડેલું.

નીરાનો એક હાથ મહેંદીથી રંગાઈ ગયો, બીજા હાથમાં મહેંદી મૂકવાની તૈયારી હતી ત્યાં જ...

એક ભેદી ફોન આવ્યો... "નીરાનાં લગ્ન અમને મંજૂર નથી." બાપ રે! અરે, કોઈ ધ્યાનપૂર્વક સાંભળો, આવું ન હોય, કોઈક મજાક કરતું લાગે છે. આવી અનેક બૂમો પડવા માંડી. પણ ના, એ હકીકત હતી. છેલ્લા મહિનાના ગાળા દરમિયાન એકબીજાથી અત્યંત નિકટ આવી રહેલાં, પરસ્પર પ્રેમ, સમર્પિત કરી ચૂકેલા એવા આ નીરજને થયું શું? નીરા તો ચીસ પાડી ઊઠી. તેનો બીજો હાથ મહેંદી વગર અધૂરો રહ્યો. આવું કેમ બન્યું? શા માટે બન્યું? મારો નીરજ આવો હોઈ શકે જ નહિ. ના કહેવી હતી તો આટલા દિવસ શા માટે ફર્યો? ફોટા શું કામ પડાવ્યા? તેનું હૈયું ઊકળી ઊઠ્યું. તેનાં કલ્પાંતને કોઈ જોઈ ન શકે. તેની વેદનાને કોણ વાચા આપે? તે તો આ સાંભળી વિચારોમાં તમ્મર ખાઈ ફસડાઈ પડી. બેભાન થઈ ગઈ. તેને સાચવવી ભારે હતી. દોડાદોડ થઈ ગઈ. વડીલો તેના ઘરે પહોંચ્યા. પણ નીરજ ન મળ્યો, કોણ જાણે હવે નીરજ ના પાડે છે, અમને કારણ ખબર નથી તેમ કહી તેઓએ નારાજગી દર્શાવી. આખરે તેને પકડ્યો, ધમકાવ્યો, "પણ મને હવે લગ્ન મંજૂર નથી. મારો ભાઈ બદચલન ને ઝઘડાખોર છે તેથી મન

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૪ ઉપર)



# વિશ્વાસપાત્ર એક જ શબ્દ : આત્મવિશ્વાસ

પ્રેરણા

શ્વેતા શરદકુમાર ચૌહાણ

*એક અજોડ આત્મશક્તિ...*
*મનોમંથન કરાવનાર...*
*પળે પળનો સાથીદાર...*
*સાક્ષાત્ હાજરા હજુર...*
*આત્મ સર્જન કરનાર...*
*સફળતાના શિખરો સર કરાવનાર...*

***એક જ શબ્દ-આત્મવિશ્વાસ.***

સજીવસૃષ્ટિની ઉત્પત્તિ સાથે જ મનુષ્યને ઈશ્વરની મળેલ ભેટ છે આત્મવિશ્વાસ. જે થકી જ મનુષ્ય ભવસાગર પાર કરી શકે છે. અને તે પણ તેની ઈચ્છા પ્રમાણે. મનુષ્ય થકી જ સમાજનું નિર્માણ થયેલ છે. સમાજના નવનિર્માણ માટે વ્યક્તિત્વ વિકાસ આવશ્યક છે. શિક્ષક સમાજ જીર્ણોદ્ધારક છે. પોતાના વિદ્યાર્થીઓને કેવા બનાવવા એ શિક્ષકના હાથમાં છે. આવનાર નવી પેઢી કે જે દેશનું ભવિષ્ય છે તે આત્મવિશ્વાસુ બને તે અનિવાર્ય છે. વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ ધરાવનાર બને, આત્મમંથન કરતા થાય તે અનિવાર્ય છે. વિષયના જ્ઞાન સાથે કેળવણી પણ એટલી જ જરૂરી છે. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીના આત્મવિશ્વાસને જગાડવાનું છે.

બ્રિટનની જલસેના માટે સૈનિકોની ભરતી કરવા માટે એક ઇન્ટરવ્યુ ચાલતો હતો. પસંદગી સમિતિના અધ્યક્ષે એક ઉમેદવારને પૂછ્યું 'તમે કોઈ જહાજમાં સફર કરી રહ્યા હો અને એકાએક સમુદ્રમાં તોફાન ચડે તો તમે શું કરશો? સાહેબ! હું તરત જ લંગર નાખી દઉં.' 'અને જો થોડીવારમાં જ બીજી વાર તોફાન ચડે તો શું કરશો?' 'તો હું બીજીવાર લંગર નાખી દઈશ.' 'અને જો ફરીવાર તોફાન ચડે તો તમે શું કરશો?' 'તો ફરી વાર લંગર નાખી દઈશ.' નવ યુવાનની આ મક્કમતા જોઈને અધ્યક્ષ હસ્યા અને એમણે છેલ્લે પ્રશ્ન કર્યો : 'નવયુવાન? આટલા બધા લંગર તું ક્યાંથી લાવીશ?' નવયુવકે વિનમ્રતાથી જવાબ આપ્યો : 'સાહેબ આપ જ્યાંથી આટલા બધા તોફાન લઈ આવશો ત્યાંથી હું પણ આટલા બધાં લંગર લઈ આવીશ.' એ યુવક હતા માઉન્ટ બેટન.

આ સંપૂર્ણ વાત મનુષ્યના આત્મવિશ્વાસને પ્રાધાન્ય આપે છે. માનવસર્જન હારવા, નાસીપાસ થવા સર્જાયો નથી, તે રાજ કરવા સર્જાયો છે અને આ કાર્ય પાર પાડવા જરૂરી છે આત્મવિશ્વાસ. વિદ્યાર્થીઓને સમજાવવું જરૂરી છે કે આપણા પ્રશ્નોના ઉત્તર આપણી પાસે હોય જ છે. પરંતુ ચિંતાને કારણે એ વિચારની દિશા તરફનું ચિંતન આપણે કરી શકતા નથી. આત્મવિશ્વાસ જીતવા તરફની દિશામાં પ્રયાણ કરવા સતત પ્રેરે છે.

જીવનમાં મુખ્ય શું પ્રાપ્ત કરવું છે તેની સમજ મળે ત્યારપછી જ આત્મવિશ્વાસ થકી તે દિશામાં કાર્યરત થઈ શકાય છે. આત્મવિશ્વાસની અજોડ શક્તિ મનુષ્યને વિચાર તરફ દોરે છે. ક્યારેક આપણી આવડત પણ આપણને સાથ ન આપે ત્યારે આત્મવિશ્વાસ જ આગળ આવે છે. આત્મવિશ્વાસ ગુમાવનાર વ્યક્તિને જીવનમાં બીજું કશું ગુમાવવાનું રહેતું જ નથી. એ જીવિત - મૃત સમાન જ છે. આત્મવિશ્વાસ તમને હંમેશાં જીવંત રાખે છે.

જીવનમાં સમસ્યાનું હોવું આવશ્યક છે જે થકી જ આત્મમંથન થાય છે. દૂધમાં દહીં, માખણ હાજર જ હોય છે. પરંતુ જ્યાં સુધી દહીંને વલોવાય નહિ ત્યાં સુધી તેમાં રહેલ માખણ મળતું નથી અને માખણને ગરમ કરવામાં ન આવે ત્યાં સુધી ઘી મળતું નથી. જે દૂધ કરતાં પણ વધુ કિંમતમાં વેચાય છે. મનુષ્યને પોતાનું મૂલ્ય વધારવું હશે તો આત્મવિશ્વાસ અનિવાર્ય છે. તકલીફ, સમસ્યા જ આત્મમંથન પ્રદાન કરે છે અને ત્યારે જ નવસર્જન થાય છે. મનુષ્યના કંઈ જ નહિ થઈ શકેના વિચાર સમયે આત્મવિશ્વાસ થકી જ કંઈક નવું કરવાની આત્મસૂઝ એક ઝબકારાની જેમ પ્રગટ થાય છે; જે ઊર્ધ્વ દિશામાં ગતિ કરાવે છે. તમે જ તમને મદદ કરી શકો છો તમે જ; અન્ય કોઈ પણ નહિ. કારણ કે એ લોકો પણ તમારા જેવા જ પ્રશ્નોમાં રોકાયેલા છે. ઘણીવાર તો પ્રશ્ન શું છે? એ પણ સમજાતું નથી.

સ્વજનો, ધર્મગુરુઓ, મિત્રો મારા મતે જો કોઈ મુખ્ય કાર્ય કરતા હોય તો તે તમારો આત્મવિશ્વાસ વધારે છે. અને એ થકી તેમજ તમારા કાર્યો કરો છો જેમાં પ્રથમ તમે નિષ્ફળ રહ્યા હતા. નાનું બાળક ચાલવાનું શીખે ત્યારે પડી જાય છે, રડે છે અને પાછું હસતું ઊભું થઈ ખુશીથી ચાલે છે. તેની આ સ્થિતિ જોઈને ઘરના સભ્યો કંઈ વધુ વિચારતા નથી. જ્યારે મોટા થઈ કંઈ કાર્ય કરતાં હારી જઈએ કે સફળતા ન મળે તો કેમ રડીએ છીએ અને બેસી રહીએ છીએ? લોકો કેમ હસે છે તેના ઉપર? નાનપણની સહજ વાત મોટા થયા પછી ગંભીર શા માટે બનાવીએ

છીએ? પડી જવાય તો કંઈ નહિ ફરી ઊભા થઈ જવાનું. જે ચાલે તે જ પડે બાકી બેઠા રહેનારને તો આવું કશું નડે જ નહિ. તે ફક્ત બીજાને જોતા જ રહી જાય. આપણી આસપાસના વ્યક્તિઓનું નિરીક્ષણ કરીએ તો કામ કરનાર એક કે બે જ હોય બાકી બધા તેમના નિર્ણયો પર પોતાના મંતવ્યો આપનાર જ હોય છે. જેમાંથી કંઈ મળવાનું ન હોય તો આવા માટે કેમ વિચારવું?

વડીલો એટલે જ કહે છે કે 'જ્યારે મને જગત નડે છે, ત્યારે મને મારામાં કશુંક નવું જડે છે.' આ વાત આપણા આત્મવિશ્વાસની તરફ દોરે છે. સમસ્યા નવસર્જનનું પ્રતીક છે. 'કેટલાકને મન રમાડે છે, અને કેટલાક મનને રમાડે છે.' આ વાત પણ નિત્ય વિચારવા જેવી છે. મન હાર માને ત્યારે તેને નકારી કાર્ય કરવું પડે જે આત્મવિશ્વાસ થકી જ થાય જેને કોઈ ખરીદી કે વેચી શકે નહિ. આપણો પોતાનો, પોતાના માટે જ સર્જાયેલ છે આત્મવિશ્વાસ. જે આપણી યાત્રાને યોગ્ય દિશા પ્રદાન કરે છે. ધાર્યું કામ કરવા મદદરૂપ થાય છે. સફળતાની દિશામાં પ્રયાણ કરાવે તે છે પોતાનો જ પોતાના પરનો વિશ્વાસ.

તો ચાલો, આપણે સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આત્મમંથનની દિશામાં ગતિ કરી પ્રગતિના પંથે આત્મવિશ્વાસ સાથે આગળ વધી આપણા દેશને સર્વોચ્ચ સ્થાન પ્રદાન કરાવીએ.

*અધ્યાપિકા, બાવીસગામ બી.એડ. કૉલેજ,*
*વલ્લભવિદ્યાનગર, મો. ૯૯૧૩૦ ૦૯૮૪૬*

# ઇન્કમટેક્ષ માહિતી

૧૯૬૧માં મુક્તિ મર્યાદા : રૂ.૩,૦૦૦/- (એક બાળક હોય તો : રૂ. ૩,૩૦૦/-, બે બાળક હોય તો : રૂ. ૩,૬૦૦/)
૧૯૬૫માં મુક્તિ મર્યાદા : રૂ. ૪,૦૦૦/-

| વર્ષ | મુક્તિ મર્યાદા | મહત્તમ કર |
|---|---|---|
| ૧૯૭૩-૭૪ | રૂ. ૫,૦૦૦ | રૂ. ૨ લાખ ઉપર ૯૭.૭૫% |
| ૧૯૭૬-૭૭ | રૂ. ૮૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૬૬% |
| ૧૯૮૧-૮૨ | રૂ. ૧૨,૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૬૬% |
| ૧૯૮૨-૮૩ | રૂ. ૧૫,૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૬૬% |
| ૧૯૮૬-૮૭ | રૂ. ૧૮,૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૫૦% |
| ૧૯૯૩-૯૪ | રૂ. ૨૮,૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૪૪.૮% |
| ૧૯૯૫-૯૬ | રૂ. ૩૫,૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૪૦% |
| ૧૯૯૯-૨૦૦૦ | રૂ. ૫૦,૦૦૦ | રૂ. ૧ લાખ ઉપર ૩૦% |
| ૨૦૦૬-૦૭ | રૂ. ૧,૦૦,૦૦૦ | રૂ. ૫ લાખ ઉપર ૩૦% |
| ૨૦૦૯-૧૦ | રૂ. ૧,૫૦,૦૦૦ | રૂ. ૫ લાખ ઉપર ૩૦% |
| ૨૦૧૦-૧૧ | રૂ. ૧,૬૦,૦૦૦ | રૂ. ૫ લાખ ઉપર ૩૦% |
| ૨૦૧૧-૧૨ | રૂ. ૧,૬૦,૦૦૦ | રૂ. ૮ લાખ ઉપર ૩૦% |
| ૨૦૧૩-૧૪ | રૂ. ૨,૦૦,૦૦૦ | રૂ. ૧૦ લાખ ઉપર ૩૦% |
| ૨૦૧૭-૧૮ | રૂ. ૨,૫૦,૦૦૦ | રૂ. ૧૦ લાખ ઉપર ૩૦% |

૧૯૭૩-૭૪માં આવકવેરા મુક્તિ મર્યાદા રૂ. ૫,૦૦૦ હતી અને ૨,૦૦,૦૦૦થી વધારે આવક હોય તો ટેક્સનો દર હતો ૮૫%. સરચાર્જ હતો ૮૫ ટકાના ૧૫ ટકા. એટલે દર ૧૦૦ રૂપિયે રૂ. ૮૫ ટેક્ષ અને રૂ. ૧૨.૭૫ સરચાર્જ. આમ કુલ રૂ. ૯૭.૭૫ ટેક્ષ થતો. ઉપરાંત ૨૦ લાખથી વધારે વારસામાં મિલ્કત મળે તો ૨૦ લાખ સુધી ૬,૭૨,૦૦૦ વારસા વેરો થતો. અને ૨૦ લાખ ઉપર ૮૫ ટકા ટેક્ષ થતાં ઉપરાંત ૧ લાખથી વધારે મિલ્કત હોય તો વેલ્થ ટેક્ષ લાગતો અને ૧૫ લાખ ઉપર મિલ્કતની કિંમતના ૮ ટકા ટેક્ષ લાગતો. ઉપરાંત ૨૦,૦૦૦થી વધારેની બક્ષીસ અપાય તો લઘુત્તમ ૫ ટકા ટેક્ષ લાગતો અને ૨૦ લાખથી વધારાની બક્ષીર પર ૭૫ ટકા ટેક્ષ લાગતો.

આજની તારીખે માત્ર ઇન્કમટેક્ષ છે. જેમાં મર્યાદા ૨,૫૦,૦૦૦/- છે. ૧૦ લાખ ઉપર ૩૦ ટકા, ૫૦ લાખ ઉપર ૩૦ ટકા + ટેક્ષના ૧૦ ટકા અને એક કરોડ ઉપર ૩૦ ટકા + ટેક્ષના ૧૫ ટકા સરચાર્જ એમ ૩૪.૫% ટેક્ષ લાગે છે.

**આધાર : સમાચાર પત્રો**

**પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ) - અમદાવાદ (મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮)**



# ભારતમાં આધુનિક વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતનું યોગદાન

જ્ઞાન વિજ્ઞાન

કમલનયન ન. જોષીપુરા

ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખ ભારતભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાનદિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે અથવા તેની આસપાસ શાળા કોલેજોમાં વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો તો યોજાય છે, પરંતુ તેની સાથે આપણા દેશમાં વિજ્ઞાનની પ્રગતિ વિશે ચિંતન કરવાનો એક અવસર પણ પ્રાપ્ત થાય છે. તે અનુસાર ભારતમાં વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં જે વિકાસ થયો છે તેમાં ગુજરાતના પ્રદાન વિષેનો એક ચિતાર આપવા અહીં પ્રયત્ન કરેલ છે. આપણી વાતનો આરંભ કરીએ ભારતની આઝાદીના એકાદ વર્ષ પૂર્વે મધ્ય ગુજરાતમાં સ્થપાયેલી ત્રણેક સંસ્થાઓથી કે જે આગળ ઉપર સ્વતંત્ર ભારતમાં વિજ્ઞાન શિક્ષણ - સંશોધન અને એક વિશેષ ટેકનોલોજિકલ ક્રાંતિના આરંભમાં પાયારૂપ બની. ૧૯૪૬ ના લગભગ એકાદ વર્ષના ગાળામાં પ્રથમ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના થઈ તો બીજી બાજુ ખેતીવાડી કૉલેજ (બી.એ. કૉલેજ ઓફ એગ્રિકલ્ચર) અને ત્રીજા પરિણામરૂપે અમૂલ ડેરીની નાનકડી શરૂઆત થઈ. અમુલ ડેરી હવે ભારતમાં શ્વેત ક્રાંતિની જનેતા તરીકે જાણીતી બનેલ છે.

અહીં મુખ્યત્વે વાત કરીએ વિજ્ઞાનના વિષયોની કે જેમાં ગણિતને પણ આવરી લેવામાં આવે છે. અત્રે ગણિતનો વિશેષ ઉલ્લેખ કરવાનું એક કારણ એ છે કે, ૨૦૧૭-૧૮ નું વર્ષ પ્રસિદ્ધ ગણિતજ્ઞ અને શિક્ષણકાર પ્રો.પી.સી. વૈદ્યનું જન્મશતાબ્દિ વર્ષ છે. તેઓ પોતાનાં વ્યાપક સાપેક્ષવાદ (જનરલ રિલેટિવિટી) અંગેના સંશોધનોથી દુનિયાભરમાં પ્રસિદ્ધ થયા હતા. તેઓનું મૂળ સંશોધન આઝાદી પૂર્વેના થોડાં વર્ષોમાં આરંભાયેલું. આમ જોઈએ તો આપણા દેશમાં વૈજ્ઞાનિક સંશોધનો તેમજ વિકાસનો એક તબક્કો ઘડાયો ૧૯૨૦-૩૦ ના દસકામાં, કે જે ભારતમાં આધુનિક વિજ્ઞાનના વિકાસ માટે એક સોનેરી દાયકો સાબિત થયો. ૧૯૨૮માં થયેલ પ્રાયોગિક શોધ માટે પ્રો. સી.વી. રામનને ૧૯૩૦ માં નોબેલ પારિતોષિક મળ્યું, તો સાથોસાથ પ્રો. મેઘનાદ સહા અને પ્રો. એસ.એન. બોઝની સૈદ્ધાંતિક શોધો જગપ્રસિદ્ધ બની. પ્રો. રામને આપણા દેશમાં જ રહીને બેંગ્લોર ખાતે વૈજ્ઞાનિક સંશોધનો ચાલુ રાખવા ઉપરાંત કેટલાક યુવા વિજ્ઞાનીઓને પણ તૈયાર કર્યા, જેમાં ડૉ. હોમી ભાભા અને ડૉ. વિક્રમ સારાભાઈનો સમાવેશ થાય છે. ડૉ. વિક્રમ સારાભાઈએ કૉલેજ કક્ષાનું વિજ્ઞાન શિક્ષણ અમદાવાદની ગુજરાત કૉલેજમાં મેળવેલ કે જ્યાં ત્યાર પછીથી પ્રો. વાય. જી. નાયકના વડપણ હેઠળ ભૌતિક વિજ્ઞાનનાં સંશોધનો થતાં રહેતાં. ગુજરાતમાં યુનિવર્સિટીઓની સ્થાપના થઈ તે અગાઉ કૉલેજોમાં વિજ્ઞાન શિક્ષણની સાથોસાથ સંશોધનો પણ એક શિરસ્તો રહ્યો હતો. વિક્રમ સારાભાઈએ ધાર્યું હોત તો તેઓ ઇંગ્લેન્ડમાં જ રહીને વિશ્વકક્ષાના સંશોધનો ચાલુ રાખી શક્યા હોત, પરંતુ તેઓએ અમદાવાદમાં સ્થાયી થઈને કાર્ય કરવાનો નિર્ધાર કર્યો. આર્ષદ્રષ્ટા વિક્રમભાઈએ ૧૯૪૮ ના અરસામાં અમદાવાદની એમ.જી. સાયન્સ કૉલેજના એક નાના ઓરડામાં કોસ્મિક કિરણો સંબંધી શોધખોળો હાથ ધરી. આગળ ઉપર આ બીજ એક વટવૃક્ષમાં પરિણમ્યું અને અમદાવાદમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પી.આર.એલ.) ની સ્થાપના થઈ. આજે તો તે સંસ્થા માત્ર ભારતમાં જ નહીં પણ આખી દુનિયામાં ખૂબ જાણીતી છે. આરંભ બાદના સમયમાં આ સ્થળે પ્રો. સુધીર પંડ્યાના નેતૃત્વમાં ન્યુક્લિયર ફિઝિક્સ અંગેના સંશોધનોનું કામ હાથ ધરવામાં આવ્યું. આ સંસ્થામાંથી તૈયાર થયેલા સંશોધકો અધ્યાપકોનો લાભ ગુજરાતને તેમજ ભારતભરને મળવા લાગ્યો.

આપણા રાજયમાં દરિયાકાંઠાના વિસ્તારમાં દરિયાઈ રસાયણો સંબંધી શોધખોળ શરૂ થાય તે હેતુસર ૧૯૫૪ માં ભાવનગરમાં સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (સીએસએમસીઆરઆઈ) શરૂ થઈ, જેની સ્થાપના માટે તે સમયની સૌરાષ્ટ્ર રાજ્યની સરકારે ખૂબ ઉપયોગી પહેલ કરી હતી. 'સોલ્ટ ઇન્સ્ટિટ્યૂટ' તરીકે જાણીતી આ સંસ્થા અત્યારે કાઉન્સિલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ - સીએસઆઈઆર હેઠળની એક મહત્ત્વની રાષ્ટ્રીય પ્રયોગશાળા છે. આ સંસ્થામાં અન્ય રાસાયણિક સંશોધનો ઉપરાંત દરિયાના પાણીને મોટે પાયે ક્ષારમુક્ત કરી ચોખ્ખું પાણી મેળવવાની ટેકનોલોજી પણ વિકસાવવામાં આવેલ છે.

૧૯૬૦ ના દાયકાના પ્રારંભથી સમયનાં નવાં વહેણોને પારખીને ડૉ. વિક્રમ સારાભાઈએ પી.આર.એલ.માં અવકાશ (અંતરિક્ષ) સંશોધન અંગેની કામગીરી હાથ ધરી અને આ સંબંધે રોકેટ પ્રક્ષેપણ માટે વૈજ્ઞાનિક કારણોસર કેરાલાનું થુંબા નામનું સ્થળ પસંદ કરવામાં આવ્યું. ભારતીય અંતરિક્ષ વિજ્ઞાન કાર્યક્રમોનું પારણું બંધાયું અમદાવાદમાં પી.આર.એલ. ખાતે અને આજે જેને ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન - ઇસરો કહે છે તેની સ્થાપના ૧૯૭૦ માં થઈ. ડૉ. વિક્રમભાઈએ, આજની ભાષામાં જેને સ્ટાર્ટ-અપ કહીએ એ પ્રકારનું અંતરિક્ષ વિજ્ઞાન અને ટેકનોલોજી અભિયાન

હાથ ધર્યું. કમનસીબે ૧૯૭૧ માં તેઓનું અવસાન થયું પરંતુ આજે તેમનાં વૈજ્ઞાનિક સ્વપ્નો સાકાર થઈ રહ્યાં છે અને આપણે ડૉ. વિક્રમભાઈ સારાભાઈને ભારતીય અંતરિક્ષી કાર્યક્રમોના પિતામહ તરીકે ઓળખાવીએ છીએ. તેઓએ રોકેટ લોન્ચિંગના કાર્યક્રમો હાથ ધરવા ઉપરાંત તેજસ્વી વિજ્ઞાનીઓને પણ તૈયાર કર્યા અને આમ આપણા દેશને ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, ડૉ. યુ.આર.રાવ અને અન્ય અતંરિક્ષ વિજ્ઞાનીઓ પ્રાપ્ત થયા. આ તમામ વિજ્ઞાનીઓએ ઈસરોને વિશ્વની એક સર્વ શ્રેષ્ઠ અંતરિક્ષ વિજ્ઞાન સંસ્થા બનાવવામાં ખૂબ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ભારતમાં વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતનો ફાળો હજુ આજે પણ ખૂબ મહત્ત્વનો રહ્યો છે. અંતરિક્ષમાં તરતા મૂકવામાં આવતા ઉપગ્રહોમાં વૈજ્ઞાનિક સંશોધનના જે સાધનો ગોઠવવામાં આવે છે તેને Payload કહે છે. ઉપગ્રહ સફળતાપૂર્વક અવકાશમાં તરતો મૂકવો અને તેની કામગીરી પૂરતા સમય સુધી ચાલુ રહે તેવું આયોજન કરવું એ અભિયાનના ટેકનોલોજીકલ હેતુઓ છે, જ્યારે ઉપગ્રહ દ્વારા અવલોકનો તેમજ વૈજ્ઞાનિક માહિતી (data) એકત્ર કરી ધરતી પર રહેલ સ્ટેશનને પહોંચાડવાનું કામ તેના વૈજ્ઞાનિક હેતુમાં મુખ્ય છે. ૨૦૦૮ માં આપણા ચંદ્રયાન-૧ અને ૨૦૧૩ માં મંગળયાન (MOM) નાં વૈજ્ઞાનિક ઉપકરણોની સંકલ્પના તેમજ આયોજનમાં પીઆરએલના વિજ્ઞાનીઓ ઉપરાંત અમદાવાદના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર (Space Applications Center, SAC) ના વિજ્ઞાનીઓએ પણ મહત્ત્વનું યોગદાન આપેલ.

આપણને જાણીને આનંદ થાય કે, મંગળયાનના કેટલાક કલપૂર્જાઓ આપણા ગુજરાતના જ કેટલાક જાણકાર ઇજનેરોએ તૈયાર કરીને ઇસરોને પૂરા પાડ્યા હતા.

અમદાવાદ એ આખા દેશમાં જાણીતી ગુજરાતની વિજ્ઞાન રાજધાની છે. પૃથ્વીની આસપાસ ઘૂમતા ઉપગ્રહોની ભાળ મેળવતા રહીને સંદેશાની આપલે કરવા માટેનું એક કેન્દ્ર ૧૯૬૬ માં અહીં શરૂ થયું, અને ૧૯૭૨ માં ઇસરોના એક મહત્ત્વના અંગ તરીકે અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર (SAC) નો આરંભ થયો. અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીની વિવિધ કામગીરીઓ માટે જાણીતાં આ કેન્દ્રમાં એક વિશેષ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી કે જે આધુનિક ગુજરાતના ઇતિહાસમાં પણ એક સીમાચિહ્ન બનેલ છે. ૧૯૭૫ માં નાસા-યુએસએ અને ઇસરોના સંયુક્ત ઉપક્રમે Satellite Instructional Television Experiment (SITE) નામનો એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો, જેનો હેતુ ગુજરાત અને અન્ય કેટલાંક રાજ્યોમાં ઉપગ્રહોની મદદથી સંચાર વ્યવસ્થા ઊભી કરીને સામાજિક-આર્થિક પ્રગતિની દિશામાં આગે કદમ માંડવાનો હતો. અમેરિકન ATS ઉપગ્રહની મદદથી આ કામગીરી પાર પાડવા માટે ખેડા જિલ્લાના પીજ ગામે એક નાનકડું ટીવી મથક સ્થાપવામાં આવ્યું. અને આમ આપણા રાજ્યે ટેલિવિઝન આધારિત માહિતી અને મનોરંજનના એક નવા યુગમાં પ્રવેશ કર્યો. યાદ રહે, એ જમાનો હતો બ્લેક એન્ડ વ્હાઈટ જૂની ઘરેડના ટેલિવિઝનનો...આ પ્રોજેક્ટ હેઠળ કૃષિ અને પશુપાલન વિશેની વૈજ્ઞાનિક માહિતી રજૂ કરવામાં આવતી તો સાથોસાથ નાટકો અને મનોરંજન કાર્યક્રમો પણ પ્રસારિત થતા હતા.

અમદાવાદની SAC સંસ્થામાં કેટલાયે ગુજરાતી વિજ્ઞાનીઓએ અગત્યની કામગીરીઓ બજાવેલ છે. આ સંસ્થામાં એક એવું સંશોધન ચાલી રહેલ છે કે જેમાં પૃથ્વીના ધ્રુવ પ્રદેશોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે છે અને તે માટે ખાસ કરીને દક્ષિણ ધ્રુવના એન્ટાર્કટિકા પ્રદેશમાં સંશોધન મથકો પણ ઊભા કરવામાં આવેલ છે. આ સંસ્થાના એક ગુજરાતી વિજ્ઞાનીએ એન્ટાર્કટિકા ઉપરાંત ઉત્તરધ્રુવના આર્કટિક પ્રદેશમાં પણ વૈજ્ઞાનિક સાહસયાત્રા (Scientific Expedition) કરીને એક નવો વિક્રમ સ્થાપ્યો છે. વધુમાં ઉમેરીએ કે આ સંસ્થાની બે ગુજરાતી મહિલા વિજ્ઞાનીઓએ ૨૦૧૬ માં એન્ટાર્ટિકાની વૈજ્ઞાનિકયાત્રા કરીને એક વિક્રમ સ્થાપ્યો છે. વ્યાપકપણે કહીએ તો સૅક-ઇસરોની કામગીરીનો મુખ્ય હેતુ ઉપગ્રહો દ્વારા તેમજ અન્ય રીતે જનસામાન્યને ઉપયોગી એવી ટેકનોલોજી વિકસાવવાનો છે. આ અંગે વિશેષ ઉલ્લેખ કરીએ તો જેને દૂરસંવેદન કહે છે, તેમાં કુદરતી સંસાધનોનું સર્વેક્ષણ તેમજ ખેતરોના પાકો પરની દેખરેખ વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં આ સંસ્થાના વિજ્ઞાનીઓ હવામાનશાસ્ત્ર, સમુદ્રવિજ્ઞાન અને પર્યાવરણ સંબંધે શોધખોળોમાં પણ અગ્રેસર રહે છે.

અમદાવાદમાં પીઆરએલ અને SAC ઉપરાંત ત્રીજી વિજ્ઞાન સંસ્થા છે, ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ (આઈપીઆર) જેનો જન્મ પણ ૧૯૮૬ ના અરસામાં પીઆરએલમાંથી થયો હતો. પ્લાઝમા એ દ્રવ્યનું ચોથું સ્વરૂપ ગણાય છે અને તે કુદરતમાં, ખગોળીય પદાર્થોમાં અને પ્રયોગશાળામાં મળી આવે છે. પ્લાઝમા અવસ્થાના મૂળભૂત સંશોધનો ઉપરાંત અહીં તેને લગતા ટેકનોલોજીકલ તેમજ ઔદ્યોગિક ઉપયોગો અંગે સંશોધનો થતાં રહે છે. જગતના સાત દેશોમાં આજકાલ ઇન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરીમેન્ટલ રીએક્ટર (ITER) નામનો એક અતિ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જેનો હેતુ પ્લાઝમા પ્રણાલી દ્વારા ન્યુક્લિયર ફ્યુઝનની પ્રક્રિયા મારફત ઊર્જા મેળવવાનો છે. આ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટમાં આઈપીઆર સંસ્થા મારફત ભારત પણ જોડાયેલ છે. જે પ્રકારે કુદરતી રીતે સીર્યના ગર્ભમાં ઊર્જા ઉત્પન્ન થતી રહે છે કંઈક તેવી રીતે પ્રયોગશાળામાં ન્યુક્લિયર ફ્યુઝનથી ઊર્જા ઉત્પન્ન કરવાનું એક સ્વપ્ન વર્ષોથી વિજ્ઞાનીઓ સેવી રહ્યા છે અને હજુ પણ તે સાકાર થવામાં સમય લાગે તેમ છે. આઈપીઆરના નેજા હેઠળ, ફેસીલીટેશન સેન્ટર ફોર ઇન્ડસ્ટ્રીયલ પ્લાઝમા ટેકનોલોજી (FCIPT) નામની ગાંધીનગર ખાતે આવેલી સંસ્થા અન્ય એક મહત્ત્વની દિશામાં કામગીરી કરે છે. અહીં પ્લાઝમા ટેકનોલોજીનો આધાર લઈને વિશેષ દ્રવ્યોની રચના કરવાનું તેમજ પર્યાવરણની જાળવણી માટે નક્કર ઉપાયો યોજવાનું કાર્ય થઈ રહેલ છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૮ ઉપર)

શિક્ષણ



# ઉચ્ચશિક્ષણમાં વિલુપ્ત કડી : મૂલ્ય શિક્ષણ

ડૉ. મમતા શર્મા

કેળવણીની જ્યારે ચર્ચા થાય ત્યારે હંમેશાં 'કેળવે તે કેળવણી' જેવા સુવાક્યો દ્વારા ગાંધીજી અને ટાગોર જેવા કેળવણીકારોના શબ્દોને બિરદાવીએ છીએ. એમ પણ કહીએ છીએ કે માત્ર અક્ષરજ્ઞાન મળી જવાથી કેળવણીનું કામ પૂરું થઈ જતું નથી. આજે કેળવણી એટલે અક્ષરજ્ઞાન એવો સામાન્ય અર્થ લોકોમાં પ્રચલિત છે. કેળવણીનો અર્થ બીજી રીતે આધુનિક સમયમાં શિક્ષણ એવો થઈ રહ્યો છે અને શિક્ષણ એટલે શાળાઓ કોલેજોમાં જે કંઈપણ શીખવાડવામાં આવે એવું સમજાય છે.

સ્પષ્ટ છે કે આ શિક્ષણ માણસને કેટલેક અંશે સભ્યતા શીખવાડે, પરંતુ આજે આપણે સૌ આજની આ શિક્ષણ પ્રથાથી કેટલા સંતુષ્ટ છીએ? ભલેને બાળકો તકનીકી ક્ષેત્રમાં ખૂબ જ આગળ પહોંચી જાય. આ શિક્ષણથી કંઈક અર્થોપાર્જન કરી શકાય, પરંતુ કંઈક ખૂટતું હોય તેમ હંમેશાં લાગ્યા કરે છે.

આજે શિક્ષણનું સ્વરૂપ બદલાયું છે. શિક્ષકો અને માતા-પિતાને કહેતા સાંભળીએ છીએ કે બાળકો આધુનિક થઈ ગયા છે, પરંતુ આધુનિકતાની આ દોટમાં આપણે સાચી કેળવણી શીખ્યા નથી. પરંતુ વિચાર ક્યારેય એવો કર્યો છે કે જો કેળવણીને ખરેખર કેળવવા માટે જે ખૂટે છે તે શું છે? અહીં ખરેખર જે ખૂટે છે તે છે મૂલ્યશિક્ષણ. ઉચ્ચશિક્ષણના ક્ષેત્રમાં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા અધ્યાપક બનવા માટેની NET (નેશનલ એલીજીબિલિટી ટેસ્ટ) ની પરીક્ષામાં મૂલ્યશિક્ષણ નામની વિદ્યાશાખાનો કોઈપણ ઉલ્લેખ નથી. આશ્ચર્યની વાત તો એ છે કે વાતો આપણે કેળવણીની કરીએ છીએ અને જેના થકી મનુષ્ય કેળવાય છે તે મૂલ્યોની વાત જ શિક્ષણમાં ક્યાંય દેખાતી જ નથી.

## ● મૂલ્ય એટલે શું?

મૂલ્ય જીવનની સુંદરતા અને વરદાન છે. જે આપણને મૂલ્યવાન બનાવે છે. સારા નરસાનું ભાન કરાવે છે. મૂલ્ય જીવનના આદર્શ છે, સિદ્ધાંત છે, જીવનનું યોગ્ય સ્તર છે. એક સામાજિક પ્રાણી હોવાના નાતે જીવન જીવવા માટેના જે સિદ્ધાંતો અને આદર્શોનો જીવનમાં સમાવેશ કરવો જરૂરી છે તેને મૂલ્ય કહેવાય છે. મૂલ્ય ખોટા કાર્યોની વિરુધ્ધ લડવાની શક્તિ પ્રદાન કરે છે. મૂલ્યો માનવને લાલચ, ભ્રમ અને નકારાત્મકતાથી દૂર રાખે છે. મૂલ્યો આપણી આંતરિક શક્તિઓને વધારે છે. નિર્બંધન બનાવે છે. અનેક સમસ્યાઓથી દૂર રાખે છે. ભૌતિકવાદથી વિમુખ કરે છે. પરમસત્તા સાથે જોડા કરાવે છે. જીવનને ખુશહાલ બનાવે છે. આવા મૂલ્યો માનવતાના ઉત્થાન માટે આવશ્યક છે. તેથી જ પ્રાચીન કાળમાં મૂલ્યોને શિક્ષણ સાથે જોડવામાં આવતા.

મૂલ્યોનો સ્પર્શ થતાં જ મનુષ્યની બુદ્ધિ સ્થિર બને છે. સ્થિર બુદ્ધિનો પ્રવાહ સત્ય તરફ વળે છે. પરિણામે મનુષ્ય નિરાશાઓ, હતાશાઓથી દૂર થાય છે. તેનામાં તેજસ્વિતાનો સંચાર થાય છે, "જેના થકી મનુષ્યનું ચારિત્ર્યબળ વધે છે. સત્યનિષ્ઠા વધે છે. અંગ્રેજી લેખક હક્સ્લીએ કહ્યું છે કે, તે માણસને ખરી કેળવણી મળી છે કે જે માણસનું શરીર એવું કેળવાયેલું છે કે જે તેના અંકુશમાં રહી શકે, એટલે કે જેની ઇન્દ્રિયો પોતાના વશમાં છે. જેનું મન વિશુદ્ધ છે, જે પોતાના સરખા બીજાને ગણે છે આવો માણસ ખરો કેળવાયેલો ગણાય કેમ કે તે મૂલ્યોનો વરેલો છે."

આજે બારમું ધોરણ ભણીને વિદ્યાર્થીએ કોઈ વિદ્યાશાખામાં પ્રવેશ લેવો તેના માટે કાઉન્સેલિંગ કરવું પડે છે. અનેક વિદ્યાશાખાઓનો રાફડો ફાટ્યો છે. માતા પિતા વિચારે છે કે કયા ક્ષેત્રમાં બાળકોને નોકરી ઝડપથી મળશે. આજે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે શિક્ષણ આપવા માટે અનેક યુનિવર્સિટીઓ પોતાની વિદ્યાશાખાઓનો પ્રચાર કરી રહી છે, પરંતુ મૂલ્ય શિક્ષણને અલગ વિષય તરીકે ભણાવતી યુનિવર્સિટીઓ કદાચ જ હોય. ઇનોવોશેનની વાતોમાં ક્યાંય મૂલ્યશિક્ષણ નથી. સારા નાગરિક બનવા માટે ખરેખર પાયાનું મૂલ્યશિક્ષણ હોવું જોઈએ એવું નહિંવત હશે.

વર્તમાન શિક્ષણ ભૌતિક વિકાસ અને અર્થોપાર્જન પર જ વધુ કેન્દ્રિત છે, એટલે એવી ભ્રામક અવધારણા પ્રચલિત થઈ ગઈ છે કે માનવીય કે નૈતિક મૂલ્યોના શિક્ષણની કોઈ જ જરૂર નથી. કદાચ એટલે જ આપણે આજે શિક્ષણના વેપારીકરણની વાતો છાશવારે સાંભળીએ છીએ કે કહીએ છીએ, પરંતુ આ અંગે ગંભીરતાથી વિચાર નથી કર્યો.

## ● મૂલ્ય શિક્ષણ શા માટે જરૂરી?

આજે દરેક ક્ષેત્રમાં અશાંતિ, હિંસા, શોષણ વધી રહ્યા છે. સંશોધનો અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રાપ્ત કરવા છતાં માનવજીવનમાં શાંતિ અને ખુશીની ઉણપ વર્તાય છે. સમાજમાં કાયદાઓ હોવા છતાં ભ્રષ્ટાચાર, જાતિવાદ, ઘુસણખોરી વગેરે વધી ગયા છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આપણી વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં કોઈ મહત્ત્વપૂર્ણ આયામ ચોક્કસ વિલુપ્ત છે, જે માનવ મનમાં સકારાત્મક વિચારોના આધારે શ્રેષ્ઠ ભાવનાઓનું નિર્માણ કરવામાં

અસમર્થ છે. વર્તમાન સમયમાં સૂચના કેન્દ્રિત શિક્ષણ છે. વર્તમાન શિક્ષણ પ્રણાલીએ વિવિધ વિષયોમાં તથ્યાત્મક સૂચનાઓને વૈજ્ઞાનિક સાધનો અને વિધિઓના માધ્યમથી પોતાની વિશ્વસનીયતાને પ્રમાણિત કર્યું છે. પરંતુ સૂચના આધારિત જ્ઞાન માનવીય ચેતનાને શ્રેષ્ઠ બનાવવામાં અસમર્થ બન્યું છે. મોબાઈલ અને ઇન્ટરનેટના આધારે જ્ઞાન પ્રાપ્ત કરવાનો દંભ અને ભ્રમ આપણી સૌથી મોટી અજ્ઞાનતા છે. આ માત્ર સૂચનાઓના આદાન-પ્રદાનના સાધનો જ છે, જે માનવના વિચારો અને ભાવનાઓનું પરિષ્કરણ કરવામાં સંપૂર્ણ અસમર્થ છે.

મૂલ્યશિક્ષણ મનુષ્યની અંદર સકારાત્મક પરિવર્તન તથા આત્મિક ચેતનાના વિકાસની મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પહેલનો એક નવીનતમ અને બહેતર વિકલ્પ છે. મૂલ્ય શિક્ષણ આપણા જીવનમાં આધ્યાત્મિક જ્ઞાન અને વ્યવહારિક પ્રયોગ દ્વારા અજ્ઞાનતા, દુઃખ, માનસિક તાણ, આસ્વાદ અને માનસિક બીમારીઓ અને સમસ્યાઓને દૂર કરીને સકારાત્મક ચિંતન, શાંતિ, ખુશી, આનંદ અને સંપન્નતાનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. મૂલ્ય શિક્ષણ આત્મિક અનુભૂતિના ફલકને વ્યાપક બનાવીને જીવનમાં ઉમંગ-ઉત્સાહ વધારીને ઉન્નતિની નવીન સંભાવનાઓ પેદા કરે છે, જેનાથી જીવનમાં સ્થિરતા, ભટકાવ, દબાણ અને માનસિક તાણ સમાપ્ત થઈ જાય છે.

શિક્ષણનો એ જ ઉદ્દેશ્ય છે કે માનવ મનની સંપૂર્ણ સારી બાબતોને બહાર કાઢી તેના ચારિત્ર્યનું નિર્માણ કરવું. આનાથી મનુષ્યનું સશક્તિકરણ, વ્યક્તિકરણ, વ્યક્તિત્વ વિકાસ, માનસિક દક્ષતા, આંતરિક પરિવર્તન, સર્જનશીલતા દ્વારા મૂલ્યનિષ્ઠ સમાજની સ્થાપના થશે અને સાચા અર્થમાં મૂલ્યશિક્ષણ દ્વારા જ 'સા વિદ્યા યા વિમુક્તયે' નો સિદ્ધાંત સફળ થશે. વર્તમાન સમયની આ માંગ છે. એટલે જ શિક્ષણમાં મૂલ્ય શિક્ષણની વિલુપ્ત કડીને ઉમેરીએ જેથી લોકોમાં શિક્ષણ પ્રત્યેની ભાવના સુદૃઢ બને. શિક્ષણ શ્રેષ્ઠ બને. જેના થકી માનવ જીવન શ્રેષ્ઠ બને.

*પ્રિન્સિપાલ - વિવેકાનંદ કોલેજ ઑફ આર્ટ્સ,*
*રાયપુર દરવાજા, અમદાવાદ-૨૨*

## હોય છે

સાચું - ખોટું ક્યાં ચહેરા મહીં દેખાતું હોય છે,
માનવદિલ મહીં શું છે ક્યાં દેખાતું હોય છે.

શ્રી ગણેશાયનમઃમાં સવાઈથી ચોપડા લખાતા હોય છે
સાચા-ખોટા નામે ગરીબનાં રક્ત ચુસાતાં હોય છે.

આંખમાં સ્નેહભાવના પરોપકારી હોય છે,
સાવ સાદગીભર્યા માનવીની સેવા સુવાસ હોય છે.

સેવા ભાવના દીપી ઊઠે 'દિલકશ' એવું જીવન હોય છે,
સાચું - ખોટું શું જોવા માનવ હૃદયે ક્યાં બાકી હોય છે.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ભારતમાં આધુનિક વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતનું યોગદાન

**(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)**

આમ તો સૂરજની ઊર્જા અખૂટપણે આપણને મળતી રહે છે અને તે બાબતમાં ભારત એક ભાગ્યશાળી દેશ છે. સૌર ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરવાનું વિજ્ઞાન સહેલું છે પણ તેમાં સવાલો ટેકનોલોજીકલ પ્રકારના હોય છે. મકાનની અગાશી ઉપર કે છાપરાં પર સોલર પેનલો લગાવીને વિજળી ઉત્પન્ન કરવાની બાબતમાં સમગ્ર દેશમાં જાગરૂકતા આવેલ જણાય છે, અને તેમાં ગુજરાત અગ્રેસર છે. ઊર્જા, પર્યાવરણ અને અન્ય ક્ષેત્રોમાં યશસ્વી કામગીરી માટે વલ્લભ વિદ્યાનગરના ટેક્નોક્રેટ, શ્રીલાલ (રાજુ) જહાને ગુજરાત રાજ્યનો વિક્રમ સારાભાઈ ઍવોર્ડ તેમજ રાષ્ટ્રપતિ (તત્કાલીન) ડૉ. એ.પી.જે. અબ્દુલકલામને હસ્તે એક પારિતોષિક પ્રાપ્ત થયેલ છે.

ગુજરાતના એક અનોખા ગૌરવનો ઉલ્લેખ કરીએ તો ૧૯૭૧ ના અરસામાં ફિઝિક્સમાં બી.એસસી. થઈને એક પ્રતિભાવંત વિદ્યાર્થી વધુ અભ્યાસાર્થે અમેરિકા ગયો અને પીએચ.ડી. બાદ તેણે જીવવિજ્ઞાનના ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાની શોધખોળો શરૂ કરી. એ તેજસ્વી વિદ્યાર્થી કોણ, કે જેને ૨૦૦૯ ની સાલમાં રસાયણશાસ્ત્રના વિષયમાં નોબેલ પારિતોષિક મળ્યું?! હા, એ પ્રતિભાવંત વિજ્ઞાનીનું નામ પ્રો. વેંકટ રામન રામક્રિશ્નન જેને વડોદરાના વર્તુળોમાં 'વેંકી' કહે છે. નોબેલ વિજેતા વેંકી આજે પણ મ.સ. યુનિવર્સિટીના તેના શિક્ષકોને સાદર યાદ કરે છે. ગુજરાતભરની યુનિવર્સિટીઓમાં આ એક બહુ મોટી સિદ્ધિ ગણાય. ૧૯૯૦ ના અરસામાં નવાસવા શરૂ થયેલ ભાવનગર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગે Ferro-Fluids ના ક્ષેત્રમાં સંશોધન દ્વારા દુનિયામાં નામના મેળવી, એટલું જ નહીં પણ સ્થાનિક ઉદ્યોગો સાથે મળીને સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી) ની બાબતમાં નક્કર સિદ્ધિ હાંસલ કરી. યુનિવર્સિટીઓ અને ઔદ્યોગિક એકમો વચ્ચે પરદેશોમાં જે મજબૂત સહકાર અને આદાન-પ્રદાન જોવા મળે છે તેવું આપણા રાજ્ય કે દેશમાં ખાસ જોવા મળતું નથી. કોલેજ યુનિવર્સિટી કક્ષાએ સંશોધનની ગુણવત્તાના કેટલાક માપદંડો હોય છે; જેમાં મુખ્ય છે, ઉચ્ચકક્ષાના સંશોધન જર્નલોમાં પ્રકાશન અને દેશના તેમજ વિદેશના વિજ્ઞાનીઓ સાથે સંશોધન સહકાર. આ દિશામાં સરદાર પટેલ યુનિવર્સિટીના કેટલાક વિભાગોમાં સંશોધકોએ કોલેજના અધ્યાપકો સાથે મળીને સારી કામગીરી કરી બતાવેલ છે.

તો આ હતી આપણા દેશમાં વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતના યોગદાનની એક ઝલક. જેમાં શક્ય છે કે, કોઈ બાબત રહી જવા પણ પામી હોય. કદાચ આ વિષયમાં વિગતવાર અહેવાલ પણ તૈયાર થઈ શકે અને છેલ્લે...

**तुम भूल न जाओ इनको, इसलिये कही ये कहानी...!**

*નિવૃત્ત, પ્રોફેસર, ભૌતિકશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી,*
*૪, પુનીતપાર્ક સોસાયટી, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ.*



પર્યાવરણ

# પાણી બચતના નાના નુસખાનાં મોટાં પરિણામો

વાસ્યાંગ ડાંગર

પાણીના મહત્ત્વ વિશે કોઈને હવે ભાગ્યે જ કહેવાની જરૂર છે. બળબળતા ઉનાળામાં અને દુષ્કાળગ્રસ્ત વર્ષમાં પીવાના પાણીથી માંડી ખેતીકામમાં ઉદ્યોગોમાં વગેરે જગ્યાએ જે પાણીની અછત અનુભવાઈ રહી છે. ત્યારે માત્ર એકબીજા ઉપર દોષારોપણ કરવાને બદલે આપણે તમામ આપણાથી શક્ય એટલું પાણી બચાવીશું અને આવનાર ચોમાસામાં તેનો સંગ્રહ કરીશું તો આપણે ઓછા દુઃખી થઈશું અને બીજાને પણ ઓછા દુઃખી કરીશું. તો ચાલો આપણે કઈ રીતે આમાં શું કરી શકીએ તેનો વિચાર કરી અમલવારી કરી, સારી માનવસેવા કરીએ.

**પૃથ્વી ઉપર પાણીની ઉપલબ્ધિ**

આપણી પૃથ્વી પર ૨/૩ ભાગ પાણીથી ઘેરાયેલો છે. જેના,

★ ૯૭ ટકા દરિયાનું પાણી

★ ૨ ટકા પાણી બરફ અને હિમશિલાઓ

★ ૧ ટકા પાણી પીવાલાયક

★ પૃથ્વી પર પાણી આપણને ત્રણ સ્વરૂપે ઉપલબ્ધ છે.

★ વાયુ-બાષ્પ

★ પ્રવાહી-પાણી

★ ઘન-બરફ

## પાણીની ઉપયોગિતા

**પાણીની અગત્યતા :**

★ શરીરનું તાપમાન જાળવી રાખે છે.

★ પૃથ્વીને વધુ પડતી ગરમી કે ઠંડી થતી અટકાવે છે.

★ માણસના મગજમાં, હાડકામાં, કિડનીમાં, સ્નાયુમાં, લોહીમાં પાણી હોય છે.

★ ખેતીમાં સિંચાઈ માટે પાણી વપરાય છે.

- ઉદ્યોગોમાં પાણી પુષ્કળ વપરાય છે. જેમ કે, પેટ્રોલ, કાગળ, સિમેન્ટ, ચોખા, લોખંડ વગેરે ઉત્પન્ન કરવામાં પુષ્કળ પાણી વપરાય છે.

પાણી વગર આપણું જીવન અશક્ય છે. આપણી રોજિંદી જિંદગીમાં વિવિધ રીતે પાણીની જરૂરિયાત ઊભી થાય છે. જેમ કે,

૧. પીવા માટે તેમજ રસોઈ માટે

૨. નહાવા માટે તથા રોજિંદી દિનચર્યા માટે, કપડાં, વાસણ સાફ કરવા તથા અન્ય ઘર વપરાશ માટે

૩. જંગલો/ખેતી/ઉદ્યોગો માટે

૪. પશુઓને પીવા માટે

૫. આગ ઓલવવા વગેરે માટે

પાણી બચાવવાના નાના ઉપાયો...જેનાં ખૂબ મોટાં પરિણામો

**સામાન્ય રીતે દરેક વ્યક્તિ કરી શકે તેવા ઉપાયો**

★ સવારમાં ઊઠીને દાતણ કરવાથી ૪૦% પાણી ઓછું વપરાય છે.

★ ચાલુ નળે બ્રશ કરવા કરતાં જરૂર પડ્યે જ નળ ચાલુ કરીએ, તો ૫૦ % પાણી બચે.

★ નળ ચાલુ કરીને ડોલ મૂકી નહાવા કરતાં - ડોલ ભરી નળ બંધ કરી નહાવાથી ૪૦% કરકસર થાય છે.

★ નહાવામાં મોટાને બદલે નાના મગ/ડબલાથી ૨૫% પાણી બચે છે.

★ દાઢી કરતી વખતે પેસ્ટ કે સાબુ વાપરવા કરતાં ફોમ વાપરવાથી અને નળ બંધ કરી માત્ર છેલ્લે રેઝર સાફ કરવામાં ૬૦% પાણીની બચત થાય.

★ દિવસ દરમિયાન જેટલી વખત પાણી પીએ તે ગ્લાસમાં પાણી એઠું ન મૂકીએ તો દિવસમાં ૪-૫ ગ્લાસ પાણી સરેરાશ દરેક વ્યક્તિ બચાવી શકે.

★ પીવાનું પાણી લેતી વખતે અડધો ગ્લાસ પાણી ભરીએ, ઊંચેથી પાણી પીએ. જેથી, વધેલા પાણીનો ઉપયોગ કરી શકાય.

★ બાથરૂમ ગયા પછી ફ્લશના ઉપયોગને બદલે ડોલ ભરી પાણી વાપરીએ.

**જમવામાં –**

★ થાળીમાં એંઠવાડ ન મૂકીએ તો થાળી/વાડકા સાફ કરવામાં ઓછું પાણી વપરાય અને ૮૦% પાણી બચાવી શકાય.

★ એંઠવાડ ન મૂકીએ તો જરૂર પૂરતી રસોઈ થતાં વધારાના અનાજ-શાકભાજી વગેરે તમામ ચીજોના ઉગાડવામાં, પરિવહનમાં, સાચવવામાં સાફ કરવામાં વપરાતું પુષ્કળ

પાણી બચાવી શકાય.

★ એંઠા વાસણ સુકાય તે પહેલાં સાફ કરવાથી પાણીની બચત સારી થાય છે.

**સ્ત્રીઓ રોજબરોજનાં કામમાં પાણીની કરકસર કેવી રીતે કરી શકે?**

★ માટલું વીછળતી વખતે માટલામાં વધેલા પાણીથી પાણીનો જગ કે ખાલી બોટલો ભરીએ ત્યારબાદ માટલું વીછળીએ. જેથી, શુદ્ધીકરણ કરેલ પાણીની બચત કરી શકીએ.

★ કપડાં ધોતી વખતે કે તારવતી વખતે નળ ખુલ્લો ન રાખતાં શક્ય હોય તો પાણીની ડોલમાં જ કપડાં તારવીએ ને સાબુવાળા પાણીનો બાથરૂમ કે વોશબેસીન ધોવા માટે કે પોતાં કરવામાં વાપરીએ. અથવા તો વધારાનાં કપડાં બોળવામાં ઉપયોગ કરીએ. વોશબેશીનનાં આઉટલેટ પાઈપમાંથી નીકળતા વેસ્ટ પાણીથી બાથરૂમ કે ફળિયું ધોવામાં વાપરીએ.

★ વાસણ માંજતી વખતે ખુલ્લા નળ નીચે એંઠવાડ ન કાઢતા, પ્રથમ એંઠવાડ કાઢીને વાસણ માંજીએ. જેથી, વાસણ સાફ કરવામાં પાણી ઓછું વપરાય અને એંઠવાડ અલગ કાઢ્યો હોય તો વોશબેશીન કે ફ્લોર વધારે ચીકાશવાળી ન થાય. જેથી, તેની સફાઈ પાછળ પાણી અને સમય બંનેની બચત થઈ શકે.

★ શક્ય હોય તો બ્રશ, દાંતિયો, કાચની વસ્તુઓ ખુલ્લા નળ નીચે સાફ ન કરતાં ભરેલા પાણીમાં સાફ કરીએ.

★ ઘરવપરાશની દરેક વસ્તુ નિયમિત જાળવણી કરીએ. જેથી, લાંબા સમયે વસ્તુની લાઈફ પણ વધે અને સફાઈ પાછળ વપરાતા પાણી અને સમયની બચત કરી શકીએ.

★ રોજબરોજના કામને ક્રમશઃ ગોઠવીએ અને તેની અમલવારી કરીએ. જેથી, પાણીની બચત શક્ય તેટલી વધારે કરી શકીએ. દા.ત. પ્રથમ બગીચામાં પાણી પાઈએ. છોડને પાણી છાંટીએ, ત્યારબાદ ફળિયું ધોઈએ, પ્રથમ પ્લેટફોર્મનાં વાસણ સાફ કરીએ ત્યારબાદ પ્લેટફોર્મ લૂછીએ.

★ બાથરૂમની સવારે સફાઈ ન કરતાં નિત્યક્રમ પતાવ્યા બાદ બાથરૂમની સફાઈ કરીએ.

★ કપડાં ધોયેલાં - વધેલા પાણીને અલગ ભરી રાખી વાસણ માંજીએ. ત્યારબાદ વધેલા પાણીથી ફ્લોરની સફાઈ કરીએ.

★ વાસણમાં વધેલા એંઠવાડને થાળીમાં ન રહેવા દેતાં પોલીથીન બેગમાં એકઠો કરીને કચરાપેટીમાં ફેંકીએ. જેથી, વાસણની, ચોકડીની, કચરાપેટીની અને શેરીની સફાઈ પાછળ વપરાતા પાણીની અને સમયની બચત કરી શકીએ.

★ દાળ-ભાત-શાક ધોતી વખતે તેની નીચે વોશબેશીનમાં માંજવાનાં વાસણો રાખીએ. જેથી, વેસ્ટ પાણીથી વાસણ પલળી જાય અને સફાઈ કરવામાં સમય અને પાણી બંનેની બચત થઈ શકે.

★ રસોડામાં ખુલ્લાં રહેલાં વાસણ, કુકર, ડબા, ક્રોકરી, મિક્ષ્ચરનાં બાઉલ, તપેલાં, ડબ્બાનાં ઢાંકણાંને ખુલ્લાં ન રાખતાં ટ્રાન્સપરન્ટ પોલીથીન વાપરીએ. જેથી, તેની સફાઈ પાછળ વધારાનું પાણી અને સમયની બચત થાય.

ઉપરોક્ત દરેક નાની નાની બાબતોની ટેવ સાથે મદદરૂપ થતા માણસો, નોકરો, કામવાળામાં આવી ટેવો પાડીએ. જેથી, મૂલ્યવાન પાણીની બચત કરી શકીએ. સાથે સાથે એના કરતાં પણ સમયની બચત કરી શકીએ. જેનો સદ્ઉપયોગ ઘણી સારી જગ્યાએ કરી સુખી થઈએ.

**મેળાવડા તથા પ્રસંગોમાં પાણીની બચત :**

★ જમણવાર વખતે હાથ ધોવામાં તથા વાસણ ધોવામાં પાણીના બગાડ સાથે એંઠવાડ કરી ખૂબ ગંદકી કરીએ છીએ. તેમાં શક્ય તેટલા સંયમથી પાણી વાપરીએ તો ગંદકી અને બગાડ બન્ને અટકે.

★ મેળાવડા વખતે જે કચરો ગમે ત્યાં ફેંકવામાં આવે છે, તેને લીધે તેની સાફ-સફાઈમાં ખૂબ સમય અને પાણીનો વ્યય થાય છે તે અટકાવીએ.

**ખેડૂત પાણી ક્યાં બચાવી શકે?**

પાકને વૈજ્ઞાનિક રીતે જરૂરિયાત હોય તેટલું જ અને ત્યારે જ પાણી પાઈએ. ધોરિયા અને ક્યારા પદ્ધતિથી પાણી જમીનમાં ઊંડે ઉતરી જાય છે. ખેતીમાં સેન્દ્રીય ખાતરો, વનસ્પતિનાં પાંદડાં વગેરે પાણીને રોકે છે. ખેતીના એવા પાક પસંદ કરીએ કે જે ઓછા પાણીએ થાય. જેમ આપણને તરસ લાગે ત્યારે પાણી મળે અને તરસ જેટલું પાણી પીએ છીએ. તેમ પાકને પણ જરૂરી સમયે જરૂરી જથ્થામાં પાણી અપાય તો જ સાર્થક થાય. તેમજ, જમીન, પાણી અને સમયની બચત થાય. પાક મૂળ દ્વારા જમીનમાં રહેલા ભેજમાંથી પોષક તત્ત્વો મેળવતા હોય. મૂળ પહોંચની બહાર જમીનમાં ઊતરતું પાણી માત્ર ને માત્ર બગાડ છે. તેથી ખેતીનાં પાક પ્રમાણે ફુવારા કે ટપક સિંચાઈ ખૂબ અગત્યની અને ઓછું નીંદામણ કરતી પદ્ધતિ છે.

ખેતીના પાકો મૂળ દ્વારા પોષક તત્વો મેળવતા હોઈ ઉપરથી આપવામાં આવતાં રાસાયણિક કે અન્ય ખાતરો કે તેનાં પોષક તત્ત્વો પાણીની સાથે જમીનમાં મૂળથી ઊતરી જાય તો પાકને તેનો લાભ મળી શકતો નથી. ખુલ્લા કાચા ધોરિયાઓમાં લાંબે સુધી પાણી લઈ જવા કરતાં પાકા ધોરિયાઓ અથવા તો પાઈપલાઈનો દ્વારા લઈ જવાથી પાણીનો ખૂબ મોટો વ્યય થતો રોકી શકાય છે. ક્યારા ખૂબ પહોળા ને લાંબાને બદલે સાંકડા અને ટૂંકા કરવાથી પાણીની બચત સાથે સાથે પાકને સારું પોષણ મળી શકે છે. ખેતરના શેઢે-પાળે વાડ કે વૃક્ષો હોય તો પવનથી

ઊડી જતો ભેજ ઓછો ઊડે તો બે પાણ વચ્ચે સમય વધે છે. બે પાણ વચ્ચેનો સમય વધતાં પાણી, વીજળી અને સમયની બચત થાય છે.

આગળ થવાની દેખાદેખીમાં કે બીજાની પાછળ રહેવાની ભીતિમાં બિનજરૂરી પાણી ન પાઈએ. પરંતુ, આપણી જમીન, આપણો પાક, આપણા ખેતરને ખેડ, ખેડની ઊંડાઈ, ક્યારાની લંબાઈ, પહોળાઈ અને પાકની જરૂરિયાત મુજબ નિર્ણય લઈ પાણી પાઈએ. ખાસ કરીને કેનાલની પિયતવાળા ખેડૂતો પાણીને જે રીતે રેઢું મૂકે છે કે ઉપરા-ઉપર પાણી પાયે રાખતા હોય. રસ્તા બગાડતા હોય છે. તેમજ, જમીનમાંથી ક્ષાર બિનજરૂરી ઉપર આવે છે અને જમીન બગડે છે. જમીન બગડવા ઉપરાંત પાકમાં ઉત્તરોત્તર-ઘટાડો થતો જાય છે.

### એક ડ્રાઈવર કેવી રીતે પાણી બચાવી શકે?

★ મોટરથી ડાયરેક્ટ કાર ધોવાથી ૧૫ થી ૨૫ ડોલ પાણીનો ઉપયોગ થાય છે. પરંતુ, તેની જગ્યાએ ડોલથી મોટર/કાર ધોવામાં આવે તો ૨ ડોલમાં કાર ધોઈ શકાય છે. આજ રીતે સ્કૂટર વગેરેમાં પણ કરવાથી પાણી બચાવી શકાય છે.

★ કાચમાં ઓછું પાણી અને પસ્તીના કાગળથી સાફ કરવામાં આવે તો સારી રીતે ઓછા પાણીએ કાચ સાફ થાય છે.

### ઉદ્યોગો પાણીનો કઈ રીતે કરકસરપૂર્વક ઉપયોગ કરી શકે?

★ ઉદ્યોગોમાં અપાતું પાણી જે તે ઉદ્યોગો પોતાની રીતે સ્ટોર કરે. તેમજ, સતત ચાલુ મોટરો ચાલુ રાખવાને બદલે સમયસૂચકતા વાપરીને પાણીનો ઉપયોગ કરે. દા.ત. લોખંડની ભઠ્ઠીમાં લોખંડને પ્રથમ ઠરવા દેવામાં આવે પછી જ પાણીમાં બોળવું. તેમજ, કટિંગ કરતી વખતે સતત ચાલુ મોટરો રાખવાન બદલે ડબલાથી વચ્ચે વચ્ચે પાણી રેડવાથી પણ રિઝલ્ટ મળતું હોય તો તેમ કરવાથી પાવર, પાણી, મશીનરી વગેરે બચાવી શકાય છે.

★ ઉદ્યોગોમાં વાપરવામાં આવતા પાણીનો બગાડ એટલે કે ફરી વખત ઉપયોગ થતો નથી. તો તે જ પાણી ફરી કોઈ ઉપયોગમાં લેવાય તેવું કરવું જરૂરી બને છે.

★ ઉદ્યોગોમાં આપવામાં આવતું પાણી આપણે આપણા પીવાના સોર્સમાંથી આપીએ છીએ. ખરેખર તે પાણીના બદલે બીજું ઓછું ગુણવત્તાવાળું પાણી આપવામાં આવે તો એક સાથે માણસો અને ઉદ્યોગો બંને હેરાન, પરેશાન ન થાય.

★ પાણીને રિસાઈક્લિંગ કરી ગંદુ અથવા બિનવાપરવા લાયક શુદ્ધ કરી એ જ પાણીનો વારંવાર ઉપયોગ કરવામાં આવે.

★ ઔદ્યોગિક કચરો શોર્ટિંગ કરી નિકાલ કરવામાં આવે તો સાફસફાઈ પાછળ વપરાતું પાણી સારું એવું બચાવી શકાય.

### પાણીનો સંગ્રહ :

★ પાણીનો એકમાત્ર સ્રોત વરસાદ હોઈ, વરસાદી પાણીને જેટલું વધારે સંગ્રહી શકાય તેટલું વધારે વાપરવા માટે મળી શકે છે. માટે વરસાદી પાણીના શક્ય તેટલા સંગ્રહ ઉપર ભાર મુકાય તે જરૂરી છે.

★ વરસાદી પાણીનો ઘર, ફેક્ટરી, સ્કૂલ, કોલેજો, સંસ્થાઓ, સરકારી મકાનો વગેરેમાં વરસાદી પાણીમાં સંગ્રહ માટેના પાકા ટાંકા કરી તેમાં મહત્તમ પાણી સંગ્રહી વાપરી શકાય. જે પાણી વાપરવા પીવા માટે ઉત્તમ છે.

★ વરસાદી પાણી ગામ, સોસાયટી કે શહેરથી બધે વહી ન જાય તે માટે નીચાણવાળી જગ્યાએ કે સોસાયટીના કોમન પ્લોટમાં કે ગામની ભાગોળે કે શહેરમાં સરકારી જમીનોમાં તળાવો કરી વરસાદી પાણીનો સંગ્રહ કરીએ. જેથી, પાણી જમીનમા ઊતરતાં કૂવા, બોર, ડંકીમાં ફરી વાપરી શકાય. તે જ રીતે ફેક્ટરીના કમ્પાઉન્ડમા ફેક્ટરીનું જ પાણી રિચાર્જ બોર કે નાના તળાવ દ્વારા સંગ્રહ કરી શકાય.

★ પાકાં ફળિયા, પાકા/ડામર રોડને લીધે વરસાદનું પાણી જમીનમાં ઊતરતું નથી. તે માટે શક્ય હોય ત્યાં બોરમાં કે તળાવમાં પાણી ઉતારીએ.

★ વરસાદથી વહી જતા પાણીને જમીનમાં ઉતારવા માટે કુદરતે કરેલી વ્યવસ્થા મુજબ ખુલ્લી જમીનો કે ખેતર, નદી, નાળાં, ખરાબાના શેઢા, પાળા વગેરેમાં ઘાસ, અન્ય જાતના નાના છોડ તથા વૃક્ષો વાવીએ તો પાણીનું વહેણ અઠકવાની સાથે જમીનનું ધોવાણ રોકી શખાય અને પાણી કુદરતી રીતે જમીનમાં સંગ્રહાય તો વરસાદ પછી આ જ પાણી જુદા સ્વરૂપે કે તળમાં સચવાઈને ભવિષ્યમાં કામ લાગે છે. (દા.ત. જંગલોની આસપાસના વિસ્તારોમાં અન્ય વિસ્તાર કરતાં પાણી વધારે સંગ્રહાય છે. ઉદાહરણ રૂપે તાલાલા, કોડીનારનાં ગીરનાં જંગલોની બાજુના વિસ્તારો)

★ વહેતા પાણીને અટકાવવા અને રોકવા નદી, નાળા, કેનાલોમાં જમીનની પ્રત પ્રમાણે ખેત તલાવડી, તળાવો કે પાકા ચેકડેમો કે ભૂગર્ભ ચેકડેમો વગેરે કરી શકાય.

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072



રેખાચિત્ર

# પુરુષોત્તમ પોસ્ટમેન

ડૉ. સુધીર ચી. મોદી

લગભગ ૪૨ વર્ષ પહેલાંની વાત છે. મારા દવાખાને જુદા જુદા વર્ગના, જ્ઞાતિના, ઉંમરના તથા વ્યવસાયના દર્દીઓ આવે. મોટા વેપાર ધંધાવાળા, પાનના ગલ્લાવાળા, પાથરણાવાળા તેમજ કંપનીમાં સર્વિસ કરનાર, સરકારી કર્મચારીઓ અથવા ઘરકામ કરનારા વગેરે આવે. તેવી જ રીતે તવંગર, મધ્યમ વર્ગના કે ગરીબો પણ આવે. આ રીતે બધી જાતના દર્દીઓને સારવાર આપવાનો લાભ મળે. વારંવાર આવે ત્યારે તેમની સાથે નાતો પણ બંધાય છે. જો થોડો રસ લઈએ તો તેમના જીવનના જુદા જુદા રંગઢંગ, વ્યવહારો, રિવાજો વગેરે જોવા મળે છે.

આવી જ રીતે પોસ્ટ ખાતામાં નોકરી કરતો પોસ્ટમેન પુરુષોત્તમ આવે. જુવાની હતી એટલે થોડી બેફિકરાઈ, મોજશોખની ટેવ અને લહેરીપણું પણ ખરા. યુવાનીમાં આવું હોય તેમાં કાંઈ ખોટું નથી. પરંતુ નોકરીમાં બેફિકરાઈ કે લહેરીપણું ના હોવા જોઈએ. પરંતુ સરકારી નોકરીવાળા ઘણી વખત આવું કરતા હોય છે કારણકે દર મહિને પગાર તો આવવાનો જ છે. પછી ભલે ને નોકરીમાં થોડા ધાંધિયા કરીએ અથવા વ્યવસ્થિત કામ ના કરીએ તો ચાલે, તેવી મનોદશા તેનામાં હતી. બીમાર પડે ત્યારે મારી પાસે સારવાર માટે આવે. કોઈ વખત હું પણ રસ લઈને એની પાસેથી પોસ્ટ ખાતાની વાત જાણું તેમજ પોસ્ટમેન તરીકે નોકરીમાં કેવું રહે છે તે જાણવા પ્રયત્ન કરું.

એક વખત તે સારવાર માટે આવ્યો ત્યારે ખૂબ ઉદાસ લાગ્યો. તેની બીમારીની સારવાર આપી દીધા બાદ મેં પૂછ્યું, 'પુરુષોત્તમ, આટલો બધો ઉદાસ કેમ છે?'

આટલુ પૂછતામાં જ તેની આંખો ભરાઈ આવી. મેં પાણી મંગાવીને આપ્યું.

પુરુષોત્તમ બોલ્યો : 'મારાં કર્યાં જ મારા હૈયે વાગ્યાં છે.'

'પણ થયું છે શું તે તો કહે.'

'જવા દો ને વાત, સાહેબ! મારા કર્યાનું ફળ ભગવાને મને આપી દીધું. મારી એક મોટી બહેન નાના ગામડે પરણાવી હતી. ઘરમાં બધાને એટલી બધી વહાલી હતી કે ના પૂછો વાત. મારાથી મોટી હોવાથી તેણે મને બાળપણમાં ખૂબ જ સાચવ્યો હતો અને વહાલ કર્યું હતું. તે બધું યાદ આવતાં જ મારી આંખો ભરાઈ જાય છે. જ્યારે દૂર ગામડે પરણાવી ત્યારે હું ખૂબ જ રડેલો. મોટો સમજણો થયો ત્યારે પણ મારા મન હૃદયમાં મારી મોટી બહેન એટલે મોટી બહેન જ. ગામડે તેનું ઘર સામાન્ય હતું. મારા બનેવીને બહુ આવક ન હતી, પણ સારા હતા. મોટી બહેન પિયર આવે ત્યારે મારું ભાવતું કાંઈક બનાવીને જ લાવે. મને વહાલથી નવડાવી દે.

૨૦ દિવસ પહેલાં મારી બહેન બીમાર પડી. થોડી બીમારી વધી ગઈ એટલે મારા બનેવીએ ટપાલ લખીને જણાવ્યું કે આવી જાઓ તો સારું (તે સમયે એસ.ટી.ડી. કે મોબાઈલની સગવડ ન હતી.) મારી બહેનને નજીકના તાલુકા મથકના શહેરમાં લઈ ગયા હતા અને સારવાર કરાવતા હતા. પરંતુ તેમણે લખેલી ટપાલ અમને ના મળી. બહેનના પરમધામ ગયા બાદ અમને સમાચાર મળ્યા. અમે પહોંચ્યા ત્યારે તો ખૂબ મોડું થઈ ગયું હતું. મારા બનેવી કહે, 'તમારી બહેન બારણા તરફ નજર રાખી તમારી રાહ જોતી હતી. બધું એટલું ઝડપથી બની ગયું કે અમારા હાથની વાત ના રહી.' મને અમારા ટપાલ ખાતા પર એટલો બધો ગુસ્સો આવ્યો કે ટપાલ ના મળવાથી મારી બહેનને મળી ના શક્યો. આમ દુઃખ અને ગુસ્સામાં રડતો હતો ત્યાં મારા મનમાં આવ્યું કે હું પણ શું કરું છું? વધારે ટપાલ હોય ત્યારે હું પણ ઘણી ટપાલ કચરાના મોટા ડબ્બામાં પધરાવી દઉં છું જેથી મારે વધારે ઘરોએ ફરવું ના પડે. આવી કામચોરી કોઈક વખત કરતો હતો. ખાતામાં ક્યાં કોઈને ખબર પડવાની હતી? મેં પણ તે વખતે કોઈની ખૂબ અગત્યની ટપાલ નાખી દીધી હશે, જે તેમના ઘણા કામની કે મહત્ત્વની હશે. શું મારી જેમ બીજા કોઈ ટપાલીએ પણ મારી જેમ જ કર્યું હશે? મારાં કર્યાં મારા હૈયે વાગ્યાં. મને એટલો બધો પશ્ચાત્તાપ થાય છે સાહેબ, પરંતુ હવે ખૂબ મોડું થઈ ગયું. સાહેબ, આ વાત મેં આપની સમક્ષ જ કરી છે. બીજા કોની આગળ કહું?'

મેં કહ્યું, 'હશે! હવેથી તને પ્રામાણિકપણે કામ કરવાનો જિંદગીભર યાદ રહે તેવો પદાર્થપાઠ મળી ગયો. તું સાચા હૃદયથી પ્રાયશ્ચિત કરે છે. ભગવાન જરૂર તારી વહાલી બહેનને પરમધામ લઈ જશે.'

આંસુ લૂછતાં તે બોલ્યો, 'સાહેબ, હવેથી હું ખૂબ જ પ્રામાણિકતાથી કામચોરી વગર મારું કામ કરું છું. મને સરકારી નોકરી મળી છે તેમાં સરસ નિષ્ઠાથી કામ કરવું તે મારી ફરજ છે.'

હા, તારી વાત બિલકુલ સાચી છે.

પુરુષોત્તમના ગયા બાદ મને પણ વિચાર આવ્યો કે પોતે જ કરેલું કર્મ જીવનમાં બોધપાઠ આપી જાય છે.

સાથે સાથે પંક્તિઓ યાદ આવી :

*"હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે."*



# કચ્છના રણમાં સિંધી સાહિત્યનું ઉપવન

સાહિત્ય

પ્રો. રમેશ લુહાણા

કચ્છના ઐતિહાસિક નગર અંજાર અને એશિયાના પ્રથમ ક્રમના કંડલા બંદર વચ્ચેની અફાટ ભૂમિ પર આજથી સિત્તેર વર્ષ અગાઉ કોઈ પણ નગર કે માણસનું અસ્તિત્વ હતું જ નહીં. એ વેરાન ભૂમિ પર આજે લઘુ ભારત ગણાય છે તેવું કચ્છનું આર્થિક પાટનગર અને ઔદ્યોગિક નગર ગાંધીધામ ગર્વથી વિકાસની ડોક ઊંચી કરીને ઊભેલું છે. આ ગાંધીધામ એટલે શૈક્ષણિક નગર આદિપુર, વેપારી નગર ગાંધીધામ અને કંડલા પોર્ટની વસાહત ગોપાલપુરીનો ત્રિવેણી સંગમ છે. આ સંકુલના નિર્માણની પાયાવિધિ સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશનના બેનર તળે ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના દિવસે સ્વ. ભાઈ પ્રતાપરાય નાનવાણી તથા આચાર્ય જે.બી. કૃપાલાણીએ કરી હતી. ભાગલાને પગલે સિંધમાંથી ભારતમાં આવેલા નિરાશ્રિતોના પુનઃ વસવાટ માટે. આ સંકુલ પૂર્વ સાંસદો, કલા પારખુઓ, શિક્ષણશાસ્ત્રીઓ, રાજ્ય તેમજ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષકો, ગૌરવ પુરસ્કાર, સાહિત્ય અકાદમી વિજેતા તથા મિલેનિયમ પુરસ્કાર વિજેતા સાહિત્યકારોની કર્મભૂમિ પણ છે.

ગાંધીધામ સંકુલની વસતિ ત્રણેક લાખ તો ખરી અને એમાં સિંધીઓનો આંક ૭૦ હજાર જેટલો ગણી શકાય. આવડા આ નાના સંકુલમાં વસવાટ કરતા સિંધી સાહિત્યકારોની સંખ્યા અઢી ડઝનના આંકને આંબે છે! આ સંકુલ પર સરસ્વતી માતાની કૃપા છે એટલે તો અન્ય શહેરોની સરખામણીએ અહીં વસતિના પ્રમાણમાં સાક્ષરોની ટકાવારી વધારે છે!

આ સિંધી સાહિત્યકારોમાં નવોદિત વીસ વર્ષની કૉલેજ કન્યાથી માંડીને ૮૫ વર્ષના પાકટ વડીલનો સમાવેશ થાય છે. શબ્દોના આ શિલ્પીઓએ સાહિત્યની દરેક શાખા કવિતા, વાર્તા, નિબંધ, અનુવાદ, નાટક, નવલકથા વગેરેમાં કલમ દ્વારા ખેડાણ કર્યું છે. શબ્દો રોપ્યા છે અને પુસ્તકોનો ફાલ ઉતાર્યો છે. વિવિધ સ્તરીય માન-સન્માન-પુરસ્કારો પણ ખાસ્સી માત્રામાં પ્રાપ્ત કર્યા છે અને એમ માતૃભાષા પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. આ સાક્ષરો વિવિધ સ્થળોએ યોજાતા સાહિત્યિક મેળાવડાઓમાં સહભાગી બન્યા છે, તો સ્થાનિકે વાર-તહેવારે સાહિત્યિક બેઠકો - સેમિનારો - કાર્યશાળાઓના આયોજન કરવામાંયે પાછી પાની નથી કરી.

વડીલ સાહિત્યકારોની કૃતિઓમાં સિંધની માટીની મહેક, સિંધુ નદીના વહેણ, નગરો, સંસ્કૃતિ, સિંધી સભ્યતા, ભાગલાની વેદના, ભારતમાં સિંધીઓની શિબિરાર્થી તરીકેની પ્રારંભિક જિંદગી, રોટી-કપડાં-ઓટલા વગેરે માટેનો પરિશ્રમ અને ઠરીઠામ થયા પાછળના પુરુષાર્થની ઝલક જોવા મળે છે, તો આજની યુવા પેઢીના સાહિત્યકારોમાં ધરતી, આકાશ, વર્ષા, સિનેમા, કોમ્પ્યુટર, લેપટોપ, ફોન, ઈન્ટરનેટના વિષયોને સ્પર્શતા મુદ્દાઓનો સમાવેશ થયેલો છે. વિવિધ સામાજિક વિટંબણાઓ, સિંધી રીતરિવાજો, પ્રાકૃતિક સૌંદર્ય, માનવ મનની વ્યાકુળતા વગેરેનાં દશ્યો પણ આ સાક્ષરોની કલમે કંડારી જાણ્યા છે.

અનેક સાક્ષરો શિક્ષણ સાથે સંકળાયેલા છે. તુલસી આનંદાણી, સી.ટી. ગિયાનચંદાણી, તેજ કાબિલ, ઈન્દ્રા વાસવાણી, ડૉ. મોતી પ્રકાશ, સ્વ. પ્રો. હરીશ વાસવાણી, પ્રો. પ્રીતમ વરિયાણી, ડૉ. સતીષ રોહડા કૉલેજ તથા યુનિવર્સિટી ક્ષેત્રે સેવાઓ આપી ચૂક્યા છે તો અત્યારે ડૉ. વિમ્મી અને તેની બહેન ભારતી સદારંગાણી શિક્ષણ ક્ષેત્રમાં કાર્યરત છે. સ્વ. વલીરામ કિશનાણી, લાલ હોત ચંદાણી, રીતુ ભાટિયા, સ્વ. કાનજી માખીજાણી જેવા રચનાકારો કંડલા પોર્ટમાં હતા / છે. મુરલી ગોવિંદાણી ભારતીય ખાદ્ય નિગમમાં હતા. દાદા દુઃખાયલ, મુરલી ગોવિંદાણી, નિશા વાધવાણી, રીતુ ભાટિયા, પુષ્પા ભંભાણી જેવા રચનાકારોએ માતૃભાષાની સાથોસાથ રાષ્ટ્રીય ભાષા હિંદીની પણ સેવા કરી છે. એકાદ-બે નવોદિતોએ તો અંગ્રેજીમાં પણ રચનાઓ આપી છે. કેટલાક નવયુવાન લેખકો રોશન ગોપલાણી, મુકેશ તિલોકાણી, મંજુ મીરવાણી, મહેશ એન સંગીતા ખિલવાણી, રીતુ ભાટિયા, કોમલ દયાલાણીએ તો નાટ્ય ક્ષેત્રે પણ કાઠું કાઢ્યું છે. શ્રી ગોપલાણી તથા શ્રીમતી મિરવાણીએ તો સિંધી લઘુ ફિલ્મોની ડી.વી.ડી.ઓ પણ તૈયાર કરી છે. લગભગ બધા જ લેખકો આકાશવાણીના ભુજ કેન્દ્ર સાથે સંકળાયેલા છે. આ બધાથી દૂર બન્ની જેવા દુર્ગમ સ્થળ ગોરેવાલીમાં પણ એક સિંધી લેખક વસે છે. શ્રી કલાધર મુતવાએ પણ સિંધી સાહિત્ય જગતને સમૃદ્ધ કરવામાં કોઈ કસર બાકી નથી રાખી. બન્નીના લોક સિંધી સાહિત્યનું સંપાદન કરીને પુસ્તકો પણ પ્રકાશિત કર્યા છે.

નવલકથા ક્ષેત્રે પાંચ નામ જાણીતાં છે : શ્રીમતી કલા પ્રકાશ, લખમી ખિલાણી, તેજ કાબિલ, કલાધર મુતવા, હીરો જેઠાણી. પદ્ય ક્ષેત્રે સર્જકોનો ફાળો નોંધનીય છે. દાદા દુઃખાયલથી

માંડીને હમણાં છેલ્લે ભારતી સદારંગાણીના ફલક સુધીમાં ડઝનેક નામ સમાયેલા છે. નિવૃત્ત આચાર્ય પ્રો. આસન વાસવાણી તેર કાવ્ય સંગ્રહો સાથે અગ્ર સ્થાને છે. તેમને ૬ પુરસ્કારો મળેલા છે. સી.ટી. ગિયાનચંદાણી સાત કાવ્ય સંગ્રહો આપી ચૂક્યા છે. તે પ્રમાણે મુરલી ગોવિંદાણીના આઠ કાવ્ય સંગ્રહો પ્રગટ થયેલા છે. હમણાં છેલ્લે તેમણે કબીરના દોહાઓનો સિંધીમાં અનુવાદ કર્યો છે. લાલ હોત ચંદાણીના બે, મુકેશ તિલોકાણીના ત્રણ, ડૉ. સતીશ રોહડાનો એક, રોશન ગોપલાણીનો એક, સ્વ. હરિ દરિયાણીના આઠ સંગ્રહો પ્રકાશિત થયેલાં છે. કવિઓની સરખામણીએ કવિયિત્રીઓની સંખ્યા અડધી છે. તેમની રચનાઓ પણ ઝાઝી માત્રામાં નથી.

પુષ્પા ભંભાણીએ 'મુખડિયું' કાવ્ય સંગ્રહ ૨૦૧૨માં આપ્યો, તો તેમની દીકરી સીમાએ 'શબનમ' ૨૦૧૫માં આપ્યો અને મંજુ મીરવાણીએ ૨૦૧૩માં 'બરસાત' સંગ્રહ આપ્યો હતો. ભારતી સદારંગીને 'રેતીલો ચિટ' માટે સાહિત્ય અકાદમીનો યુવા સાહિત્ય પુરસ્કાર ૨૦૧૬માં મળ્યો હતો.

કવિતાઓ પછી સિંધી સાહિત્યકારોએ વાર્તાક્ષેત્રે સારું ખેડાણ કર્યું છે. પંદર જેટલા સિંધી સાક્ષરોએ લઘુ વાર્તાઓથી માંડીને મધ્યમ તથા દીર્ઘ વાર્તાઓનું સર્જન કર્યું છે. અનેક વાર્તાઓના અન્ય ભાષામાં રૂપાંતર પણ થયા છે. તો અમુક વાર્તાઓ અભ્યાસક્રમમાં પણ સ્થાન પામી ચૂકી છે. શ્રી ગિયાનચંદાણી, મુરલી ગોવિંદાણી, લાલ હોત ચંદાણી, લખમી ખિલાણી, કલાધર મુતવા, રીતુ ભાટિયા, પુષ્પા ભંભાણી, ઈન્દ્રા વાસવાણી વગેરે નામો ઉલ્લેખનીય છે.

નાટ્ય ક્ષેત્રે લખમી ખિલાણી, મંજુ મિરવાણી, સી.ટી. ગિયાનચંદાણી, મહેશ ખિલવાણી આ નવા યુગમાં સક્રિય છે. આ ઉપરાંત અમુક સાક્ષરોનાં સંશોધન પત્રો, અભ્યાસ લેખો કે નિબંધ સંગ્રહો પણ પ્રગટ થયેલા છે. આ ક્ષેત્રે શ્રી ગિયાનચંદાણી, પ્રો. પ્રીતમ વરિયાણી, ડૉ. રોહડા, પ્રો. આસન વાસવાણી, તેજ કાબિલ, મુરલી ગોવિંદાણી આગળ પડતા નામો છે.

અનુવાદની વાત કરીએ. સિંધી-હિંદી-ગુજરાતી ભાષાનો પરસ્પર સરસ પ્રણય ત્રિકોણ રચાયો છે. તેમાં હવે પંજાબી, કચ્છી અને અંગ્રેજી ભળતાં અનુવાદનું ક્ષેત્ર વિકસ્યું છે. આમાં લખમી ખિલાણી, સ્વ. પ્રો. હરીશ વાસવાણી, મુરલી ગોવિંદાણી, કલાધર મુતવા, નિશા વાધવાણીના નામો તરી આવે છે. પ્રો. રમેશ લુહાણાએ પણ બે અનુવાદો આપ્યા છે. લખમી ખિલાણીની ૨૧ વાર્તાઓનો ગુજરાતી અનુવાદ 'માટીની મહેક તથા અન્ય સિંધી વાર્તાઓ' તથા પ્રો. પ્રીતમ વરિયાણીની 'દસ લોક કથાઓ'ના એમ બે પુસ્તકો આપ્યા છે.

આ ઉપરાંત સ્વ. વલીરામ કિશ્નાણી, શ્રી ગિયાનચંદાણી, પ્રો. રમેશ લુહાણા વગેરેએ જીવન ચરિત્રોનાં પણ સર્જનો કર્યા છે. બાળ ગીતોનાં ક્ષેત્રે સ્વ. હરિ દરિયાણી, સ્વ. વલીરામ કિશ્નાણી, ડૉ. વિમ્મી સદારંગાણીએ બાળ માનસને કવિતાઓ - ગીતો દ્વારા સારી રીતે ઝીલ્યો છે. સંપાદન, પ્રવાસન, શબ્દકોશ, આત્મકથા વિષયે પણ કેટલાક સાહિત્યકારોએ નેત્રદીપક કાર્ય કરેલું છે. તેજ કાબિલ, વલીરામ કિશ્નાણી, પ્રો. રમેશ લુહાણા અમદાવાદથી પ્રકાશિત સિંધી દૈનિક 'હિન્દુ સિંધી' સાથે સંકળાયેલા હતા. લાલ હોતચંદાણી પણ 'જિંદગી' સાથે સંલગ્ન છે. પ્રો. હરીશ વાસવાણી 'કચ્છમિત્ર'માં ચાર કટારો ચલાવી ચૂક્યા છે. પ્રો. રમેશ લુહાણા 'કચ્છમિત્ર' સાથે છેલ્લા ૨૨ વર્ષથી સંકળાયેલા છે, ત્રણ કટારો લખી ચૂક્યા છે અને હાલે સિંધીયતના વિવિધ પાસાંઓ પર પ્રકાશ પાડતી તેમની ચોથી કટાર 'સિંધુ સરિતા' જાન્યુઆરી-૨૦૧૩થી ગતિમાં છે.

અત્યાર સુધી આઠ સાક્ષરો કેન્દ્રિય સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવી ચૂક્યા છે તથા ગુજરાત રાજ્ય સિંધી સાહિત્ય અકાદમીના 'ગૌરવ પુરસ્કાર' પણ આઠ સાક્ષરોને ફાળે ગયેલાં છે. રાષ્ટ્રીય સિંધી ભાષા વિકાસ પરિષદ (ન્યુ દિલ્હી)ના ઉપક્રમે સાહિત્યની સેવા બદલ ડૉ. સતીષ રોહડા અને શ્રી લખમી ખિલાણીને 'લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડ'થી પણ સન્માનવામાં આવ્યા છે.

સિંધી સાહિત્ય ક્ષેત્રે નવા નવા સાક્ષરોનો ઉદય થતો જ જાય છે એટલે સિંધી સાહિત્યનું ભવિષ્ય નિરાશાજનક નથી. હા, એટલું ખરું કે આજની યુવા પેઢી સિંધીની અરબી લિપિને સ્થાને દેવનાગરી લિપિ અપનાવતી જાય છે.

*મો. ૯૪૨૮૪ ૭૩૩૭૦*

*ઈ-મેઈલ : ramluhana1953@gmail.com*

---

## આદર્યાં અધૂરાં રહ્યાં

**(અનુસંધાન : પાના નં.-૬૨ ઉપરથી ચાલુ)**

માનતું નથી.'' તેમ કહી દીધું. નીરાનો ભાઈ ચીડાયો. તેને બે તમાચા ચોડી દીધા. આવી પહેલેથી ખબર નહોતી? છેક છેલ્લી ઘડીએ આમ સૂઝે છે! લગ્ન કરવાં કોઈ ઢીંગલા-ઢીંગલીના ખેલ નથી સમજ્યો?'' પણ તેને કોઈ અસર ન થઈ. તેને મન તો સ્ત્રી એક રમકડું જ હશે ને? એટલે છોડી શકાય.

પાછાં ફરેલાં નીરાનાં કુટુંબીજનોનાં ચહેરા પર ચિંતાની લાગણી લીંપાયેલી હતી. પ્રત્યેકના હૈયે હજુ બહેનનો, દીકરીનો ભાર હતો. ફરીથી આ શુભ ઘડી ક્યારે આવશે? શું થશે? ની શોકમય વ્યથા સૌને ઘેરી વળી, આનંદનાં માંડવે ગમગીનીના ઘેરાં વાદળ છવાઈ ગયાં. નીરાનો મહેંદી રંગ્યો હાથ અધૂરો રહ્યો. તેનાં અરમાનોનો ભૂક્કો થઈ ગયો.

'સંબંધોનાં સથવારે' માં આ લગ્નસંબંધ પણ એક અનોખો છે. પ્રભુતામાં પગલાં માંડતા પહેલાં શું યુવકોને ભાવિ પત્ની બનાવતાં કોઈ વિચાર નહીં આવતો હોય? પત્તાના મહેલની જેમ સંબંધોને તોડવા તે યોગ્ય ન ગણાય. 'ઘાયલ કી ગત ઘાયલ જાને' તે ઉક્તિ પ્રમાણે સ્ત્રીનાં હૃદયને પુરુષ સમજી ન જ શકે ને? આખરે આદર્યાં અધૂરાં રહ્યાં. ■



સંશોધન

# કચ્છના રણમાં મીઠી વીરડીની સંભાવના

દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ)

કચ્છના મોટા રણમાં મીઠા પાણીની કલ્પના કેવી આનંદદાયક વાત છે. આ સાંભળી કચ્છના લોકોની આંખોમાં ચમક આવી જાય અને ચહેરા પર અકલ્પનીય આનંદની લકીરો જોવા મળે.

કચ્છની પાણી તૃષાને ધ્યાનમાં રાખી પાણી પુરવઠા વિભાગ, કેન્દ્રીય ભૂગર્ભ જળ બોર્ડ દ્વારા તેમજ ગૂગલ નકશાના આધારે હાથ ધરાયેલા અત્યંત ગુપ્ત રાહે રણની કાંધી વચ્ચે કરવામાં આવેલ મોજણીના પ્રાથમિક સર્વેમાં હાઇડ્રોલોજિસ્ટના તારણ પ્રમાણે રણના પેટાળમાં સરસ્વતી અને સિંધુ નદીનું મીઠું જળ વહેતું હોવાની પૂરતી સંભાવનાઓ જોવા મળતાં નજીકના ભવિષ્યમાં હાઇડ્રોલોજિસ્ટની ટુકડીએ બી.એસ.એફ.ની ત્રણ સીમા ચોકીઓ પાસે બોર બનાવવાનો નિર્ણય કર્યો છે. પ્રથમ આયોજન ફેબ્રુઆરીમાં થશે. જો આ પ્રોજેક્ટમાં સફળતા મળશે તો કચ્છ માટે મીઠા પાણી અંગેના આ સંશોધનાત્મક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગણાશે તેમાં બેમત નથી. ગૂગલ દ્વારા થયેલ સેટેલાઇટ ઇમેજ દ્વારા જણાયું કે કચ્છ સરહદથી ૪.૫૦ કિ.મી. દૂર સામે પાર આવેલ પાકિસ્તાનમાં સિંધુ નદીના પાણીમાંથી ખેતી થાય છે.

કચ્છનો ઇતિહાસ કહે છે કે ૧૬ જૂન, ૧૮૧૯ના મહા વિનાશક ધરતીકંપ પહેલાં કચ્છના લખપત સહિતના સરહદી વિસ્તારમાંથી સિંધુ નદી વહેતી હતી. પરંતુ ભૂકંપના કારણે પેટાળમાં થયેલ હલચલના કારણે જમીન ઊંચી થતાં ૭ કિ.મી. પહોળી એક અભેદ દીવાલ રચાઇ હોય તેમ બંધ બંધાઈ ગયો. જેને અલ્લાબંધ તરીકે ઓળખવામાં આવે છે. જેથી કચ્છમાં આવતા સિંધુ નદીના પાણી પાકિસ્તાન તરફ ફંટાઈ ગયા.

સંશોધનાત્મક પ્રયત્નોના આધારે પાણી પુરવઠા બોર્ડના હાઇડ્રોલોજિસ્ટની તાંત્રિક ટુકડીએ બે સદીના વહાણા વીતી ગયા બાદ કચ્છ માટે મીઠાં જળની આશા જગાવી છે. કચ્છની રણસીમાએ જો બોર કરવામાં આવે તો પાણી મળી શકે છે.

ટેકનોલોજી અને ગૂગલ દ્વારા સર્વેની મદદથી ઇજનેરોને ભારત - પાકિસ્તાનના ગૂગલ નકશામાં ત્યાંના પાણીના આંકડાઓ તપાસતાં લાંબા સમય બાદ સફળતા મળી છે. પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઇજનેર એ.જે. લધીર, કે જેમણે અત્યંત ખાનગી રાહે ગૂગલના દસ્તાવેજી પુરાવા સાથે તેમજ હાઈડ્રોલોજિસ્ટે આપેલ સાબિતી મુજબ ક્યાં ક્યાં પાણી મળી શકે તેમ છે, તેની માહિતી રજૂ કરેલ હતી. વધુમાં જણાવેલ કે સતીષ ચોકી પાસે આવેલ બે કિ.મી. વિસ્તારમાં પથરાયેલ જળાશયને શકુર લેક તરીકે ઓળખવામાં આવે છે. આ જળાશયના પાણીમાં શિયાળા દરમિયાન મીઠાશ હોય છે.

કાર્યપાલક ઇજનેર એ.જે. લધીરના જણાવ્યા મુજબ બાવલા બેટ અને બિહાર બેટના ભૂગર્ભમાંથી સિંધુ નદીના પાણી વહે છે તેવું હાઇડ્રોલોજિસ્ટ નરેશ ગોર દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલમાં જાણવા મળ્યું છે.

શકુર લેકના પાંચ લાખ લિટર પાણીને આર.ઓ. પ્લાન્ટ વડે શુધ્ધ કરવાની યોજના અંગે પૂનાથી આવેલ નિષ્ણાત હાઇડ્રોલોજિસ્ટ સુલક્ષણા દેશમુખે મુલાકાત લીધી હતી. તેમના રિપોર્ટ અને તેની રાહ જોવાઈ રહી છે. તેના આધારે શકુર લેકના પાણીને કચ્છ સરહદ સાથે જોડાયેલ ૪૦ બી.એસ.એફ. ચોકીના જવાનો માટે ૪ કરોડના ખર્ચે બનનારા આર.ઓ. પ્લાન્ટ દ્વારા શુધ્ધ મીઠું પેય જળ મળી શકશે.

આ ફેબ્રુઆરી મહિનામાં પ્રથમ તબક્કે ગેંડા પોસ્ટની ચોકી પાસે બોર કરવાની તમામ તૈયારીઓ ચાલે છે.

કચ્છના દૂધઈ - ખીરસરા પાસેના રણ વિસ્તારમાં ભૂગર્ભ બેલ્ટમાં મીઠું પાણી નીકળે છે. આ વિસ્તારમાં એક હજાર જેટલા બોર છે. સેન્ટ્રલ વોટર બોર્ડના તારણ દ્વારા જણાયું છે કે ગેંડા પોસ્ટ અને ખીરસરાના સામેના રણ પછી જે પાકિસ્તાની વિસ્તાર છે તે કંગની વિસ્તારમાં ૪૦૦ ફૂટે બોર છે. જે કચ્છ સરહદથી માત્ર ૪.૫૦ કિ.મી. દૂર છે. અલ્લાબંધ રચાયા પછી પાકિસ્તાન વિસ્તારમાં સિંધુના જે પાણી ભરાય છે તે પાણી પણ ચોમાસા દરમિયાન કચ્છ તરફના સિંદરી લેકના વહેણમાં આવતા હોવાની માહિતી રજૂ કરવામાં આવી હતી.

આ બધી કવાયત સફળ થાય તો કચ્છનું રણ નવપલ્લવિત થવામાં કોઈ બાધા નહીં રહે અને કચ્છને પીવાના પાણીની મુશ્કેલી પણ દૂર થશે.

*(આધાર : સમાચાર પત્રો)*

*૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્સ, આંબાવાડી સર્કલ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : હવર મડે ગાલ ગાલમેં રિસાઇકલિંગજી ગાલીયું કંઇયેંતા... પણ હી રિસાઇકલિંગમેં મુંકે કીં ખબર નતી પે... સે જરા મુંકે સમજાજે ઇં સમજાઇજ...

બચુડો : નેર્યો અધા, આંઇ પેલા સાઇકલ હકલ્યાંતે તેંસે આંજા પગ બોરા દુઃખધાવા... અતરે આંઇ બાઇક આના... પોય બાઇક હકલે હકલે આંજી કમરમેં બોરી પીડા થઇતે સે બાઇક છડેને આંઇ મોટર ગેને આવ્યા ને ઇ હકલેજો ચાલુ ક્યાં અનજે કારણે આંજો પેટ વધે વ્યો અને ડૉક્ટર આંકે જિમ વેનેજો ચ્યાં. પોય જિમ મેં આંકે બઇયાર સાઇકલ હકલેજી ચેમે આવઇ ને આંઇ સાઇકલ ગેણા. હી મેડે થ્યો અનકે ચોવાજે રિસાઇકલિંગ... હાણે સમજ પઇ?

અધા : હા પુત્તર બચુડા, હાણે મુંકે ભરાભર સમજાજે વ્યો.

## ખિલજા મ ભલા

પતિ : હે પ્રિયા, આ સવારના ચાર વાગ્યામાં જ ચાવીનો જુડો મોંમા નાખી કટર કટર કરી મારી ઊંઘ કેમ બગાડે છે? તારા મોઢે તાળું નથી માર્યું અને સાવ ખુલ્લું જ હોય છે.

પત્ની : હું બધું કામ બરાબર જ કરું છું. તમને ખબર ન પડે... કાલે જ ડૉક્ટ પાસે નવું ચોકઠું બેસાડ્યું છે એટલે ડૉક્ટરે જ કહ્યું છે કે ચોકઠું બરાબર ફીટ થઈ જાય માટે ચાવીને ખાજો. બસ, હવે ચૂપચાપ સૂઈ જાવ અને મને ચાવી ચગળવા દો.

☺ ☺ ☺ ☺ ☺

દાંતના ડૉક્ટર : (દર્દીને) સાહેબ તમે પરણેલા છો કે કુંવારા?

દર્દી : દાંત પડાવવા માટે આ પૂછવાની શું જરૂર છે?

દાંતના ડૉક્ટર : પરણેલા પુરુષોનું મોં મોટેભાગે બંધ જ રહેતું હોય છે. એટલે મોં ખોલાવવામાં ચાર પાંચ વખત કહેવું પડે છે. જ્યારે કુંવારાને એક જ વાર કહીએ તો મોં ખોલી દે છે.

☺ ☺ ☺ ☺ ☺

છગન : (છબીલીને) તારાં લગ્ન થયે ૪૦ વર્ષ થઈ ગયા તો પણ બીજા પુરુષોને કેમ તાકી તાકીને જોયા કરે છે?

છબીલી : એવું ક્યાં કોઈએ કહ્યું છે કે ઉપવાસ હોય ત્યારે વાનગીનું મેનુ પણ નહીં વાંચવાનું...

☺ ☺ ☺ ☺ ☺

રોમિયો : હાય ડાર્લિંગ, આઈ લવ યુ...

છોકરી : મોઢું જોયું છે અરીસામાં?

રોમિયો : જોયું છે ને... એટલે જ તો તને આઇ લવ યુ કહ્યું. નહિતર તો કેટરીના પાસે ન જાત?

☺ ☺ ☺ ☺ ☺

પ્રિન્સિપાલ : અમારી સ્કૂલમાં એડમિશન લેવા માટે આપ સૌ વાલીઓનો ખૂબ ખૂબ આભાર. પણ અમારા નિયમ મુજબ તમારે બધું સ્કૂલમાંથી જ લેવાનું રહેશે : બુક્સ, નોટબુક્સ, સ્ટેશનરી, બુટ, મોજા, ટાઇ, સ્વેટર, સ્કૂલ બેગ અને સ્કૂલ બસમાં જ બાળકોને મોકલવા પડશે.

એક વાલી: બાળકો અમારાં લાવવાનાં કે એ પણ સ્કૂલમાંથી જ લેવાનાં?

☺ ☺ ☺ ☺ ☺

રાજકારણી : પ્રજાજનો, જોયો વિકાસનો વેગ? ભારતના ઇતિહાસમાં પહેલીવાર ટમેટા અને સફરજનનો ભાવ સરખો થઇ ગયો.

પ્રજાજન : ગરીબના ટામેટાનો વિકાસ કરાવી સફરજનના લેવલ સુધી પહોંચાડવા બદલ સરકારનો ખૂબ આભાર.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ગાય, ભેંસ, હાથી વગેરે પાસેથી શું શીખવા મળે છે?

પર્વ : એ જ કે ઘાસ અને શાકભાજી ખાઈને ચાલ ચાલ કરવા છતાં વજન ઘટતું નથી.

☺ ☺ ☺ ☺ ☺

પ્રેયસી : શું મસ્ત મોસમ છે. ડાર્લિંગ, તારો શું પ્લાન છે?

પ્રેમી : મારો તો એ જ છે ૧૭૮ રૂપિયામાં ૧ જીબી ૨૮ દિવસ માટે.

પ્રેયસી : જા મર, તારા મોબાઇલ પાછળ.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : હું સિંહથી જરા પણ ડરતો નથી. હું તો બસ ચપટી વગાડીને સિંહને ભગાડી દઉં.

બંટી : જો જંગલમાંથી ભાગીને સિંહ ગામમાં ઘૂસી આવ્યો છે. તો હવે તું ચપટી વગાડીને સિંહને ભગાવ.

મોન્ટુ : એમાં શું, ચાલો બધા મારી સાથે. ગામવાળા બધા મોન્ટુ પાછળ ચાલ્યા અને સિંહની નજીક પહોંચ્યા એટલે મોન્ટુએ એક... બે... ત્રણ... ચપટી વગાડી પણ પછી બૂમ પાડી અલ્યા ભાગો, આ સિંહ બહેરો છે!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# આંજો કાગર

મારા મિસિસ ૨૬ જાન્યુઆરીએ સિનિયર સિટીઝનના કાર્યક્રમમાં ગયેલ. તેઓ નેહા પારેખની એક આધુનિક ટૂંકી વાર્તાઓની બુક લઈ આવ્યા હતા. તે ચોપડી મેં થોડી વાંચી અને ખૂબ પ્રભાવિત થયો છું.

નેહા પારેખને આ આધુનિક ટૂંકી વાર્તાઓની બુક લખવા બદલ મારા ખૂબ ખૂબ અભિનંદન. તેઓ તેમની લખાણ પ્રવૃત્તિ ચાલુ રાખે.

*ધીરજલાલ કરશનજી સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૬૮૧૦૮૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભાવનગર કચ્છ સમાજ : માં આશાપુરા મંદિરનો ૧૧મો પાટોત્સવ હાર્દિક નિમંત્રણ

ભાવનગર કચ્છ સમાજ નિર્મિત માં આશાપુરા મંદિરને મહા વીદ બીજ તા. ૨-૨-૨૦૧૮ને શુક્રવારના રોજ ૧૧ વર્ષ પૂરા થાય છે અને ૧૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આ નિમિત્તે અગિયારમો પાટોત્સવ ઉજવવા આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે "માતાજીનો અભિષેક", રામ દરબાર તથા મંદિરની ધ્વજા બદલાવવામાં આવશે.

## મહાવીર જૈન વિદ્યાલય - વડોદરાના કન્યા છાત્રાલયનું કાર્ય સંપન્ન

ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી વડોદરા મુકામે કન્યા છાત્રાલય શરૂ કરવાનું સ્વપ્ન સાકાર થયું છે.

શનિવાર, તા. ૨૯-૭-૨૦૧૭ના મંગળ દિને વિદ્યાલયની ૧૨મી શાખા, શ્રીમતી ચંદ્રાબેન પ્રવીણભાઈ મહેતા હીરાબા કન્યા છાત્રાલયનું લોકાર્પણ સંપન્ન થયું. છાત્રાવાસમાં ૩૬ રૂમમાં ૧૦૮ વિદ્યાર્થિનીઓ માટે સુવિધા ઉપલબ્ધ છે. આ વર્ષે વડોદરા કન્યા છાત્રાલયમાં ૩૧ વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપી શુભ શરૂઆત કરેલ છે.

સમાજના ઉત્થાન માટે પોતાની સંપત્તિનો સદુપયોગ કરવાની નિર્મળ ભાવનાવાળા દાતાશ્રીઓની ઉદાર સહાયતાથી લગભગ રૂા. ૬ કરોડના ખર્ચે ફક્ત એક વર્ષમાં કન્યા છાત્રાલયનું કાર્ય પૂર્ણ થયેલ છે.

## કણમાં મણ

★ પરમાત્માના પડકારોનું 'ચિંતન' એજ સાચી પ્રાર્થના.
★ દુઃખદાયી ગ્રહો : આગ્રહ, વિગ્રહ, પૂર્વગ્રહ, દુરાગ્રહ, હઠાગ્રહ અને સંગ્રહ.
★ 'ઝગડો' અને 'ઝરણું' બન્નેનું મૂળ નાનું હોય છે પણ ધીમે ધીમે તે વિશાળ બને છે.
★ વ્યક્તિનો પરિચય તેના ચહેરા પરથી થાય છે પણ તેની ઓળખ તો તેની વાણીથી જ થાય છે.
★ સંસ્કારો ભેગા થાય તો સંવાદ કરે છે અને સંસારીઓ ભેગા થાય તો વિવાદ કરે છે.
★ ભગવાનને હવે 'તથાસ્તુ' કહેતા ડર લાગે છે કારણ કે માણસો બે ફૂલ ચઢાવી આખો બગીચો માંગી લે છે.
★ જે 'સ્વ' માં સ્થિર થાય છે તેજ 'સ્વસ્થ' રહી શકે છે.
★ સદાચાર એટલે પ્રભુ સમીપ થઈ જનારો 'આચાર.'


## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮

**૧. પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો :** માસિક

**૩. મુદ્રકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૫. સંપાદકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૬. અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, પ્રતાપ નારાણજી દંડ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

*અમદાવાદ* **પ્રતાપ નારાણજી દંડ**
*માર્ચ ૨૦૧૮* *પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

શાકભાજીમાં સરગવો એટલે પ્રોટીન અને ખનીજનો રાજા. ભરપૂર પોષણયુક્ત સરગવાને તમે શાકભાજીનો રાજા ગણાવી શકો. સરગવો મુખ્યત્વે બે રીતે ખવાય છે : એક તો એની શિંગ અને બીજા એના પાંદડાં.

ઘણાને પ્રશ્ન થશે કે સરગવાની શિંગનું ચણાના લોટવાળું શાક ખાધું છે, સરગવાની બાફેલી શિંગો ખાધી છે, સરગવાની શિંગને સાંભાર કે કઢીમાં નાખીને ખાધી છે પરંતુ સરગવાના પાન ખાધા નથી. સરગવાના પાન પોષણનો ભંડાર છે. જે લોકો એના પોષણનું મહત્ત્વ સમજે છે તેઓ આ પાનનો મુઠિયા - થેપલામાં નાખીને ઉપયોગ કરે છે. ઘણા આયુર્વેદિક કે નેચરોપથીવાળા લોકો આ પાનનો પાઉડર બનાવીને વેચે છે. તો ઘણા લોકો જ્યુસના રૂપમાં પણ એને પીએ છે. સરગવાના પાન એવા છે જેમાંથી પ્રોટીન પણ મળે છે.

સામાન્ય રીતે શાકભાજીમાંથી પ્રોટીન મળતું નથી પરંતુ સરગવામાંથી દૂધ કરતાં પણ વધારે પ્રમાણમાં પ્રોટીન મળે છે.

૧૦૦ મિલિલિટર દૂધમાંથી ૪ ગ્રામ પ્રોટીન મળે છે જ્યારે ૧૦૦ ગ્રામ સરગવાના પાનમાંથી ૧૦ ગ્રામ પ્રોટીન મળે છે. ફક્ત પ્રોટીન જ નહીં, દૂધ કરતાં પણ વધુ સારું કેલ્શિયમ સરગવામાંથી મળે છે. આ ઉપરાંત સરગવામાં ખૂબ વધુ માત્રામાં આયર્ન પણ મળે છે.

ગાજર કરતાં વિટામિન-એ, પેરુ જેટલું વિટામિન-સી, કેળા કરતાં વધુ ફોસ્ફરસ તેના પાનમાં હોય છે. વળી આ બધા જ પોષક તત્ત્વો સોલ્યુબલ ફોર્મમાં હોય છે. મતલબ કે એ શરીરમાં જઈને પચશે જ અને શરીરને લગભગ પૂરી માત્રામાં મળશે જ એની ગેરન્ટી હોય છે.

બીજા શાકભાજીમાં આવા ગુણ બહુ ઓછા જોવા મળે છે.

સરગવાની શિંગમાંથી પણ આ બધા જ પોષક તત્ત્વો મળે છે, પરંતુ પાન કરતાં શિંગમાં એનું પ્રમાણ ઘટી જાય ચે.

આમ પાન વધુ ગુણકારી છે, પરંતુ શિંગ પણ બીજી શાકભાજી કરતાં વધુ ગુણકારી છે.

સરગવાની શિંગ તો આપણે અલગ અલગ રીતે ખાઈએ જ છીએ, પરંતુ સૌથી શ્રેષ્ઠ રીત છે સરગવાની શિંગ અને દૂધીનો જ્યુસ. આમાં સરગવાની શિંગને બાફીને દૂધીની સાથે ક્રશ કરીને જ્યુસ બનાવવામાં આવે છે. શિંગને ખાલી બાફેલી ખાવામાં આવે તો પણ એ ઘણી જ ગુણકારી સાબિત થાય છે.

**સરગવાના પાનને કઇ રીતે ખાવા જોઈએ?**

નિષ્ણાતો કહે છે કે જે રીતે આપણે પાલકની ભાજીનો ઉપયોગ કરીએ છીએ એવી જ રીતે આપણે સરગવાનાં પાનનો ઉપયોગ પણ કરી જ શકીએ. સરગવાનાં પાન ચડતા વાર લાગે છે અને એનો સ્વાદ ખાસ હોતો નથી. જો એ ખોરાકમાં ઉપયોગમાં લો તો મસાલેદાર વાનગીમાં કરવો જેથી એનો સ્વાદ અલગથી ન આવે. જો વાનગી ન બનાવો તો સરળ જ્યુસ બનાવી નાખો. દરરોજ ૧૫ મિલિલિટર જેટલો સરગવાના પાનનો જ્યુસ ખૂબ જ ગુણકારી રહેશે.

● **ફાયદા શું છે?**

સરગવાની શિંગ અને પાન ખાવાથી વ્યક્તિને શું ફાયદા થઈ શકે છે એ જાણીએ નિષ્ણાત ડાયેટિશિયન પાસેથી.

★ સરગવાના પાન અને સરગવાની શિંગ ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી મહિલાઓ, મેનોપોઝ ચાલતો હોય તેવી મહિલાઓ, ટી.બી.ના દર્દીઓ, રૂમેટોઇડ આર્થરાઇટીસના દર્દીઓ, કોઈ પણ જાતની માંદગીમાંથી ઊભા થયા હોય તેવા લોકો માટે અક્સીર સાબિત થઈ શકે છે.

★ જે કોઈને પાચનને લગતા કોઈ પ્રોબ્લેમ હોય, ગેસ, એસિડિટીની તકલીફ હોય તેમને પણ સરગવાથી ઘણો લાભ થાય છે.

★ સરગવામાં રહેલાં પોષક તત્ત્વો વ્યક્તિનો રેઝિસ્ટન્સ પાવર વધારે છે. જેથી તેની રોગ પ્રતિકારક શક્તિ પ્રબળ બને છે અને રોગો સામે લડી શકવા તે વધુ સક્ષમ બને છે.

★ સરગવાના સેવનથી નાડીને લગતા પ્રોબ્લેમ જેવા કે ખાલી ચડી જવી, મેમરી લોસ, સ્ટ્રેસ કે ફ્રસ્ટ્રેશન જેવી માનસિક બીમારીઓમાં પણ રાહત મળે છે.

★ ડાયાબિટીસના દર્દીઓ માટે એ અત્યંત ફાયદાકારક છે.

★ સરગવો આંખને સતેજ બનાવે છે, હાડકાંને મજબૂત બનાવે છે.

★ જાતજાતના બેક્ટેરિયલ અને વાઇરલ ઇન્ફેક્શન સામે એ રક્ષણ પણ આપે છે. જેને કારણે ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકન ગુનિયા કે સ્વાઇન ફ્લુ જેવા રોગોથી બચી શકાય છે.

★ સરગવો વેઇટલોસ માટે પણ ખૂબ ઉપયોગી છે કારણકે એ ખાવાથી શરીરનું મેટાબોલિઝમ સુધરે છે, પાચનક્રિયા સુધરે છે અને ફેટ્સ બળવાનું શરૂ થાય છે.

★ સરગવો કેન્સરના દર્દીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે કારણકે કેન્સરમાં કેમોથેરપી દ્વારા જે સાઇડ ઈફેક્ટસ વ્યક્તિને નડે છે એ સાઇડ ઈફેક્ટ્સમાં સરગવાથી ઘણો ફાયદો થાય છે.

★ સરગવો ડિટોક્સિફિકેશન માટે પણ અત્યંત ઉપયોગી છે. એ શરીરમાં ફરતા નકામા કચરા જેને ફ્રી રેડિકલ્સ કહે છે, એને બાંધે છે અને શરીરમાંથી દૂર કરે છે. આથી ત્વચા અને વાળને થતું નુકસાન પણ અટકે છે. ■

## NanoNine® શબ્દ રમત-૧૩૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ■ | ૬ | ૭ | ■ |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ |
| | ■ | ૧૩ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ■ | ૧૬ | | |
| ■ | ૧૭ | | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | ૨૧ | ■ | ■ | |
| ■ | ૨૨ | | | ■ | ૨૩ | | | | ■ | ૨૪ | |
| ૨૫ | ■ | ૨૬ | | | | ■ | ૨૭ | | ■ | | ■ |
| ૨૮ | ૨૯ | ■ | | ■ | ૩૦ | ૩૧ | ■ | | ■ | ૩૨ | |
| ૩૩ | | ૩૪ | | | ■ | ■ | ■ | ■ | ૩૫ | | ■ |
| ■ | ૩૬ | | ■ | ■ | ૩૭ | | ૩૮ | ૩૯ | ■ | ■ | ■ |
| ૪૦ | ■ | ૪૧ | | ૪૨ | | ■ | ૪૩ | | ૪૪ | | ૪૫ |
| ૪૬ | ૪૭ | | ■ | ૪૮ | | | ■ | ૪૯ | | ■ | |
| ૫૦ | | ■ | ૫૧ | | | ■ | ૫૨ | | ■ | ૫૩ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૩-૨૦૧૮)*

### આડી ચાવીઓ

૧. રક્ષણ માટે ભૂગર્ભમાં કરવામાં આવતું આશ્રય સ્થાન (૩)
૩. ધોલ, આડા હાથની થાપટ (૪)
૬. દાન આપનાર, દાનવીર (૨)
૮. ફળની અંદર રહેલો ગર્ભ (૨)
૯. સરળ, સહેલું (૩)
૧૦. બળદ હાંકતાં કરાતો અવાજ, વલંદો (૨)
૧૧. રાશ (દોરડું), નૌટંકી, એક લોકનૃત્ય (૨)
૧૪. રસ્તા બનાવવામાં વપરાતો મોટો ગોળ પથ્થર, રોલર (૩)
૧૬. દાંત ઘસવાની ભૂકી, માંજવું તે (૩)
૧૭. વ્યવસ્થા, અનુકૂળતા, જોગવાઈ (૪)
૧૮. વટ, વડવાઈવાળું ઝાડ (૨)
૧૯. દાઢી કરવા માટેની બ્લેડને ગુજરાતીમાં કહેવાય, ધાતુનો નાનો પાતળો કકડો (૩)
૨૨. સ્વાર્થ, જરૂર, ખપ (૩)
૨૩. આક્રંદ, કલ્પાંત (૪)
૨૪. ઘરની બાજુની દીવાલ, _____ યા મરો (૨)
૨૬. ઝાડોની લાંબી હાર (૪)
૨૭. મેળાવડો, પરિષદ, મંડળી (૨)
૨૮. દડો (ઈં), શબ્દ, વચન (૨)
૩૦. ગંજીફાના પત્તાની એક રમત (૨)
૩૨. દેખાવ, સૌંદર્ય, _____ તેરા મસ્તાના (૨)
૩૩. અણસમજુ, મૂર્ખ (૫)
૩૪. દુષ્યંત અને શકુંતલાનો પુત્ર, કૈકેયીનો પુત્ર (૩)
૩૫. વર્તમાનપત્ર, ન્યુઝ પેપર (૨)
૩૬. દૂધની મલાઈ (૨)
૩૭. એક શાકની સીંગ (૪)
૪૧. થાણાનો અમલદાર, ફોજદાર (૪)
૪૩. જનરલ ડાયરે સ્વાતંત્ર્ય સેનાની પર ગોળી છોડી હતી તે અમૃતસરનું સ્થળ, _____ બાગ (૫)
૪૬. બ્રાહ્મણની એક પેટા જ્ઞાતિ (૩)
૪૮. અળખામણું, અણગમતું (૩)
૪૯. પાટિયું, મંડળ (૨)
૫૦. કામદેવની સ્ત્રી, કામક્રીડા (૨)
૫૧. ચિંતા, દુઃખ, ભય વગેરે બતાવતો ઉદ્‌ગાર(૩)
૫૨. પાણી, વારિ (૨)
૫૩. બરણી, જુવાર (૨)

### ઊભી ચાવીઓ

૧. સ્ત્રીઓનું કાંડે પહેરવાનું કાચનું કે ધાતુનું ઘરેણું (૩)
૨. જકાત, વેરો (૨)
૩. સગવડથી ઊલટું, મુશ્કેલી (૪)
૪. એક સુગંધીદાર વનસ્પતિ (૩)
૫. ઝાડનો મૂળ જાડો ભાગ (૨)
૭. ખેદાનમેદાન, જમીનદોસ્ત, ફના (૩)
૮. કપડાની ગેડ (૨)
૧૧. રાજ્ય (૨)
૧૨. આંખથી કરેલો ઈશારો (૪)
૧૩. પગના ચાલવાનો અવાજ (૪)
૧૪. વડવાઈવાળું ઝાડ (૨)
૧૫. મોટી ટોપલી (૩)
૧૭. શગ, દીવાની જાત (૨)
૧૮. વજનવાળું, આબરૂદાર (૫)
૨૦. શોધખોળ, ખોજ (૩)
૨૧. ચાલચલણ, વર્તણૂક (૪)
૨૩. પ્રધાન, શતરંજનું એક મહોરું (૩)
૨૪. કૂબડું, બેડોળ (૪)
૨૫. (પાણીમાં જન્મતું) કમળ (૩)
૨૮. ભાર (૨)
૨૯. લડાઈ (૩)
૩૧. વીજળી માપવા માટેનું યંત્ર (૩)
૩૨. સોના ચાંદી જેવી એક ધાતુ (૨)
૩૪. પતિ, ભર્તા (૪)
૩૭. સરોવર (૪)
૩૮. લંબાઈ માપવાનું સાધન, હાથી, માતંગ (૨)
૩૯. એક મોટા દડાની રમત (૪)
૪૦. દાડમ (૩)
૪૨. દાદરો, નિસરણી, ચામડીનો એક રોગ (૩)
૪૪. ત્રણ ફૂટનું માપ, વાડો, રેલવે ઊભી રહે તે જગ્યા (૩)
૪૫. નિરૂપાય, વિવશ, ગરીબ (૩)
૪૬. સ્ત્રી, નારી (૨)
૪૭. ચાલ, ઝડપ (૨)
૪૮. કીડીને રહેવાનું ઘર (૨)
૪૯. દડો (ઈં) (૨)

*સંબંધો ત્યારે નબળા પડે છે જ્યારે એકમેકને 'પામવા' નીકળેલા બે જણા એકબીજાને 'માપવા' લાગે.*

## NanoNine® શબ્દ રમત-૧૩૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | મા | નં | દ | ■ | ચા | લ | બા | જ | ■ | ને | ક |
| જા | ■ | દ | ર | વા | ન | ■ | મ | ગ | ર | મ | ચ્છ |
| પુ | તિ | ન | ■ | ચ | કી | ન | ■ | ■ | સ | રા | ■ |
| રી | ■ | વ | ખા | ર | ■ | મ | હે | લ | ■ | જુ | ડો |
| ■ | કા | ન | ન | ■ | સા | ક | ર | ■ | અ | લ | ક |
| આ | બુ | ■ | દા | મિ | ની | ■ | ત | ર | સ | ■ | ■ |
| જ | લ | પા | ન | ■ | ધ | રા | ■ | મ | ર | મ્મ | ત |
| કા | ■ | ને | ■ | અ | પ | હ | ર | ણ | ■ | મી | ણ |
| લ | ઘુ | ત | મ | ■ | મ | ત | ■ | ■ | ગ | ■ | ખો |
